
અતરાપી
ધ્રુવ ભટ્ટ

VISIT…

LANZAROTE Caliente.COM

અતરાપી

ધ્રુવ ભટ્ટ

Atarapee
by Dhruv Bhatt

dhruv561947@gmail.com

This eBook Edition: 2017

ISBN: 978-93-84604-16-5

eBook by





www.e-Shabda.com

અતરાપી

•

ધ્રુવભટ્ટ



આ લખાણ લખી રહ્યા પછી મેં તે ફરી વાંચ્યું ત્યારે મારા મનમાં ઊઠેલા અનેક પ્રશ્નોના મને ત્રણ જવાબો મળ્યા છે:

એક: તેમ કરવું મને જરૂરી લાગતું નથી.

બે: હું જાણતો નથી.

ત્રણ: તેવું હોઈ પણ શકે.

ગુજરાતી વાચકોએ મને પ્રેમ આપ્યો છે; પણ મને ક્યારેય, ક્યાંય બાંધ્યો નથી. આ બંધનરહિત પ્રેમના અનુભવે જ મને મારી આ વાત રજુ કરવા પ્રેર્યો છે.

– ધ્રુવ ભટ્ટ

1, ગોપાલનગર,

સ્ટેશન રોડ,

કરમસદ - 388 325

|| 1 ||

योन्तः प्रविष्य मम वाचमिमां प्रसुत्पाम्
सञ्जीवयत्यखिलशक्तिघरः स्वघाम्ना|
अन्यश्चहस्तचरणश्रवणत्वगादीन्
प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम्||1

ગાંતુ ગાતું કોઈ આવ્યું તેના શબ્દો સાંભળી શકાયા. કોઈનાં પગલાંનો થડકાર અનુભવી શકાયો અને તેના જ તાલમાં કોઈ મધુર રણકાર પણ બેઉએ સાંભળ્યો. તેઓ જુદી જુદી ગંધ અનુભવતાં હતાં, ધરતીના સ્પર્શને, માના હુંફાળા સ્પર્શને, વાતાવરણની થિજાવી નાખતી ઠંડીને અને દેહમાં જાગતા જતા ચેતનને અનુભવી શકતાં હતાં; પરંતુ દૃશ્યજગત હજી તેમના અનુભવ-ક્ષેત્રની બહાર હતું. બેઉની આંખો હજી ખૂલી ન હતી.

પોતે જે કાંઈ અનુભવે છે તે અને પોતાના નાના નાના પગ હલાવીને માની સોડમાં ઘૂસવાની પ્રેરણા. આનાથી વધારે કંઈ આ અંધકારભર્યા વિશ્વમાં હોઈ શકે તેની તેમને ખબર ન હતી.

તેઓ પોતાની જગ્યાએથી ખસ્યા અને માના પડખામાં ભરાયા તે સમયે પેલા અવાજે કહ્યું, ‘સંજય,જલદી અહીં આવ. જો, સદ્‌ભાવિનીને બે ગલૂડિયાં થયાં છે.’

કોઈ દોડીને આવ્યું અને કુમળા સ્વરે બોલ્યું, ‘ફોઈ, એક હું લઈ જઉં. હું સાચવીને રાખીશ.’

ફરી છમ્મ, છમ્મ રણકાર પોતા તરફ આવતો બેઉ ગલૂડિયાંએ અનુભવ્યો અને શબ્દો સાંભળ્યા, ‘હજી તો સાવ નાનાં છે. એમની આંખો પણ નથી ખૂલી. પાસે જઈશ તો એની મા કરડી બેસશે.

---

1 જે, અખિલાઈના ધારક, પોતાના સ્થાનેથી મારી ભીતર પ્રવેશીને મારી સુષુપ્ત વાણીને અને મારા હાથ, પગ, શ્રવણ, ત્વચા, પ્રાણ આદિને સજીવન કરે છે તે પરમપુરુષને હું નમું છું.

મોટાં થાય પછી તારા ફુઆને પૂછી જોજે અને તે આપે તો લઈ જજે'

'પણ નામ તો પાડી દઈએ.' બીજા અવાજે કહ્યું.

પહેલો અવાજ કહેતો સંભળાયો, 'આ જરા મોટું દેખાય છે તેનું નામ કૌલેયક અને નાનું છે તેનું નામ સારમેય. હવે ચાલ સદ્ભાવિનીને ખાવાનું આપવું પડશે અને ગલૂડિયાં માટે પણ પથારી જેવું કંઈક મૂકી દઈએ. જા, અંદર મારો જૂનો કામળો છે તે લઈ આવ.'

થડકારા દોડી ગયા.

સારમેય. નાનકડું ગલૂડીયું. પોતાની બંધ આંખો બહાર એક અજાણ્યું વિશ્વ પણ છે તેવો આછો અણસાર પામીને તેને ઓળખવા મથામણ કરતું હોય તેમ નાનકડી ડોક ઊંચી કરીને ચારે તરફ ફેરવતું રહ્યું. થોડા ઊંહકારા કર્યા.અને થોડી પળો પછી ફરી શાંતિથી નિદ્રામાં સરી ગયું.

સમય વીતતો ગયો. ધીમે ધીમે બેઉ ગલૂડિયાંની ચેતના વિકસતી ગઈ. શક્તિઓ ખીલતી ગઈ. અંતે એક વહેલી સવારે તેમનાં પોપચાં પાછળ સંતાઈ રહેલું જગત ખૂલ્યું.

સારમેય અપાર વિસ્મયથી ઊગતા સૂર્યને,ઘાસને, ઝાકળને જે જે નજર સામે આવ્યું તેને અને પોતાની મા તથા ભાઈને જોઈ રહ્યો. આ બધું શું છે તે સમજવા મથતો હોય તેમ પોતાની નાનકડી ડોક ઘુમાવતો રહ્યો. ઘડીભર તે ભૂલી ગયો કે તેણે મોટા ભાઈની જેમ માને વળગીને દૂધ પીવાનું શરૂ કરવું જોઈએ.

વધુ દિવસો ગયા, પોતાની નાનકડી દુનિયા છોડીને બેઉ ગલૂડિયાં થોડે દૂર સુધી જવા માંડ્યાં. બધાંને ઓળખવા માંડ્યાં. ઘરમાં નાનાં બાળકો ખાસ ન હતાં. પહેલો સાંભળેલો તે અવાજ એક સ્ત્રીનો હતો. તે સ્ત્રીના નામ વિશે કંઈ નક્કી થઈ શકે તેમ ન હતું. ગલૂડિયાંએ સાંભળેલો બીજો અવાજ જે છોકરાનો હતો તે છોકરો, સંજય પેલી સ્ત્રીને ફોઈ કહેતો. મા તે સ્ત્રીનો ઉલ્લેખ

માલિકણ કહીને કરતી. એક દમામદાર પુરુષ માલિક કહેવાતો. એક માળી,બે જણા દરવાન, બે મહારાજ અને બીજા બધા નોકરો કહેવાતા. ગલૂડિયાં   આ બધું શીખવ્યા વગર જ જાણતાં થઈ ગયાં.

સંજય હવે બેઉ ગલૂડિયાંને તેડતો.પૂંછડી ખેંચીને થોડું પજવતો પણ ખરો. સદ્ભાવિનીને બધી વાતે ચિંતા રહેતી. તેને લાગતું કે સંજયને ગલૂડિયાં રમાડવાની પૂરતી કેળવણી મળી નથી અને ગલૂડિયાંની કેળવણી તો હજુ શરૂ જ ક્યાં થઈ હતી? પણ તેની ચિંતા લાંબી ટકી નહીં.

એક સાંજે સંજય ગલૂડિયાંને છેલવેલું રમાડીને ગાડીમાં બેઠો. ફોઈ-ફુઆને આવજો કરતી વેળાએ તેણે ફોઈના કાન પાસે મોં લઈ જઈને કહ્યું, 'પૃથાફોઈ, મને એક ગલૂડિયું લઈ જવા દોને!'

'હજી બહુ નાનાં છે બેટા,થોડાં મોટાં થાય પછી લઈ જજે. તારા ફુઆ જરૂર આપશે હોં.' પૃથાએ જવાબ આપ્યો.

તે જ સાંજે સદ્ભાવિનીએ પોતાના પુત્રોને કહ્યું, 'માલિક કહેતા હતા કે કાલથી તમારા માટે શિક્ષક આવશે. તે તમને નવું નવું શીખવશે.'

'હું તો રોજ કંઈનું કંઈ શીખું જ છું.' સારમેયે ઝટ દઈને કહ્યું.

'જાતે કોઈ દિવસ શિખાય નહીં. શિક્ષક રોજ અહીં આવશે. તમને ભણાવશે. તમે બેઉ જાતવાન ગલૂડિયાં છો. તમારે સારા અને હોશિયાર શ્વાન બનવું છે ને? તો પછી માસ્તર કહે તેમ કરજો.' મા જરા કડક સ્વરે બોલી.

કૌલેયકે માતાની વાતને સંમતી આપી દીધી હોય તેમ તે મૌન રહ્યું,પણ સારમેયના નાનકડા મગજમાં માની વાતથી આશ્ચર્ય પ્રગટ્યું. આ સુસંસ્કૃત જગતને કંઈ પણ શીખવા માટે શિક્ષકની જરૂર શા માટે પડવી જોઈએ તેવો સવાલ પણ ઊઠ્યો. પોતાની મૂંઝવણ માને શી રીતે

સમજાવવી તે ખબર ન પડતાં તેણે માને પૂછ્યું, 'હું શ્વાન તો છું જ. કદાચ ગલૂડીયાં હોઈએ ત્યાં સુધી અમને શ્વાન ન કહેવાય તેવું હોય તો પણ હું મોટો થઈશ ત્યારે આપોઆપ શ્વાન થવાનો. પછી શિક્ષક પાસે...'

'મા સામે દલીલો ન કરાય.તે કહે તે સાંભળ અને તેમ કર.' કૌલેયકે મોટા હોવાની ફરજ અદા કરતાં કહ્યું, 'તું મોટો થઈશ એટલે શ્વાન ભલે થવાનો,પણ ભણેલા અને હોશિયાર શ્વાન થવું તે જુદી વાત છે.'

'આપણે જે હોઈએ તે જ થવા માટે બીજા પાસે કંઈ શીખવું શા માટે પડે તે મને સમજાયું નહીં એટલે પૂછું તો ખરોને?' સારમેયે મોં ફુલાવીને જવાબ આપ્યો. પછી ચર્ચા માંડી વાળીને ત્યાંથી દૂર જઈ રમવા લાગ્યો.

બીજી સવારે બધાએ બાગમાં એકઠા થવાનું હતું. સદ્‌ભાવિની બન્ને ગલૂડિયાંને લઈને ત્યાં પહોંચી. લીલા ઘાસથી છવાયેલ ભૂમિ ફરતે રંગ-બેરંગી કુંડાં મૂક્યાં હતાં. માલિક કહેવાતો માણસ ઘાસ પર ખુરશી મુકાવીને બેઠેલો હતો. સારમેયે જોયું કે પેલી ઝાંઝર પહેરેલી, ફોઈ કહેવાતી સ્ત્રી પણ ત્યાં હતી. તેને બતાવીને માએ સારમેયના કાનમાં કહ્યું, 'માલિકણ ઘરમાં સૌથી ભલાં છે. તેનું કહેવું દર વખતે માનજે.'

'બીજાનું નહીં માનવાનું!' સારમેયને મજા પડી ગઈ.

'બધાનું માનવાનું જ વળી.' સદ્‌ભાવિની સહેેજ ચિડાઈને બોલી, 'પણ આ માલિકણનું તો ખાસ માનવાનું જ.'

સારમેયને આ ગૂંચવણભર્યો જવાબ સમજાયો નહીં,પણ પોતે ફરી પૂછશે તો મા વધુ ચિડાશે તેમ વિચારીને તે ફૂલોના કૂંડા તરફ ગયો. કૌલેયક મા પાસે બેસી રહ્યો.

‘સાંભળ્યું? પેલો નાનો કૂંડાં ફોડશે, તેને આ તરફ ખેંચી લાવો.’ માલિકે પત્નીને ઉદ્દેશીને કહ્યું.

તે સ્ત્રીનું નામ ‘ફોઈ’ છે, ‘માલિકણ’ છે કે ‘સાંભળ્યું?’ તે સારમેયને સમજાયું નહીં. તે કાન સતેજ કરી, આંખો વિસ્તારી, ઘડીક આમ, ઘડીક તેમ ડોક નમાવીને માલિકણ તરફ જોઈ રહ્યો. તે સ્ત્રી પોતાને ખેંચી જવા આવે તેની રાહ જોઈ. અંતે તે નહીં આવે તેવું લાગતાં સારમેય જાતે જ તેની પાસે ગયો અને તેના પગ પાસે બેસી ગયો.

થોડીવારે શિક્ષક આવ્યા. તેમણે બન્ને ગલૂડિયાંને ચમકતાં બક્કલવાળા, લાલ રંગના પટ્ટા પહેરાવ્યા અને બેઉને થાબડ્યાં. સદ્‌ભાવિની પોતાનાં સંતાનોનાં ગળામાં નવાં ઘરેણાં જોઈને હરખનાં આંસુ વહાવતી રહી. શિક્ષક તરફ આભારભરી દૃષ્ટિ કરીને તે પોતાનાં સંતાનોને ઉદ્દેશીને બોલી, ‘ખૂબ ભણો, આગળ વધો અને પટ્ટાની લાજ રાખો.’ સદ્‌ભાવિની જેવી મા આથી વધુ તો શું કહે!

‘આ જરા ખૂંચે છે.’ સારમેય બબડ્યો,પણ કોઈએ તેની વાત સાંભળી નહીં. પછી શિક્ષકે પાઠ શરૂ કર્યો. પહેલાં કાપડની લાંબી પટ્ટીઓ વીંટીને દડો બનાવ્યો અને ગલૂડિયાંને બતાવીને કહ્યું, ‘સાંભળો, હવે તમારે દડો લઈ આવવાની તાલીમ લેવાની છે.’ પછી થોડી સૂચનાઓ આપી.

દડો રમવાનું તો સાવ સહેલું હોય છે તે સારમેયનો આજ સુધીનો અનુભવ હતો. પોતે કપડાની પટ્ટીના દડાથી હજી સુધી રમ્યો ન હતો તેથી તેને ઉત્તેજના થઈ; પણ મૌન રહીને તે હવે પછી શું બને છે તે જોતો રહ્યો.

શિક્ષકે દડો ફેંક્યો, પછી કૌલેયકના પટ્ટામાં સાંકળ નાખીને તેને લગભગ ખેંચીને દડા પાસે લઈ ગયા. દડો ઉઠાવવા ખાસ શબ્દોમાં હુકમ કર્યો. બિચારા કૌલેયકને દડો પકડવા માટે પોતાનાં જડબાં જરા વધારે ખોલવા પડ્યાં, થોડું દુખ્યું તો પણ તે દડાને સંભાળીને લઈ આવ્યો. શિક્ષકે તરત જ તેને થાબડીને શાબાશ કહ્યું અને બે બિસ્કિટ ખાવા આપ્યાં.

સારમેયનો વારો આવ્યો ત્યારે શિક્ષક કંઈ કહે, કરે તે પહેલાં જ તેણે દૂર ગબડતા દડા પાછળ દોડવાનું શરૂ કરી દીધું. દડો રોકાયો એટલે થોડીવાર સારમેય તેને નવાઈથી જોઈ રહ્યો. પછી જાણે શૂરાતન ચઢ્યું હોય તેમ બે પગ વડે દડો પીંખી નાખ્યો અને લહેરાતી પટ્ટીઓમાં આળોટ્યો. કેટલીક પટ્ટીઓ મોંમા લઈને આખા બાગમાં ગોળ ગોળ દોડ્યો. કૌલેયકને પણ સારમેય સાથે જવાનું અને પટ્ટાનો બીજો છેડો પકડીને ખેંચવાનું મન થઈ આવ્યું. તે પણ ઊભો થવા જતો જ હતો કે શિક્ષકે તેને પકડી રાખ્યો.

થોડીવારે સારમેય મોંમા કપડાંની પટ્ટીઓ પકડીને પાછો ફર્યો. આવતાં જ તેણે શિક્ષકને કહ્યું, ‘અમે દડાથી રમીએ ત્યારે તો તેમાંથી આવી પૂંછડી નીકળતી નથી. આ દડો તો તમે ચીંથરાનો બનાવેલો એટલે કદાચ...’

‘તમે જે રીતે રમતા હો તે રીતે. અહીં આ બધું ચાલવાનું નથી. ભણવામાં શિસ્ત જાળવવી પડશે. જે કરવાનું નથી તે નથી જ કરવાનું. હું સમજાવું તેમ જ કરો. તમે સમજ્યા હો તેવું કરશો તો પાસ નહીં થાઓ. અહીં હું શીખવું છું, તમે નહીં. શિક્ષક હું છું તે યાદ રાખજો.’ પ્રથમ પાઠમાં જ એક નાનાં ગલૂડિયાએ પોતાની અવજ્ઞા કરી તેથી શિક્ષકને ક્રોધ આવ્યો. માલિકણ હાજર ન હોત તો તેણે સારમેયને માર્યું પણ હોત.

‘મેં શું કરવાનું કહ્યું હતું?’ શિક્ષકે હાથમાંની સોટી હલાવતાં સારમેય સાથે વાત કરવાનું ચાલુ રાખ્યું.

‘તમે કશું કહ્યું નહોતું. હા દડો ફેંકેલો.’ સારમેયે સરળતાથી કહ્યું.

માલિકણ જોર જોરથી હસી પડી. માલિકે શિક્ષક સામે જોયું. શિક્ષક કંઈક અસમંજસથી અને થોડી નિરાશાથી સારમેયને જોઈ રહ્યા.

બધાને હસવું આવે છે તો પછી શિક્ષક હસવાને બદલે આટલો ગુસ્સો શા માટે કરે છે તે

સારમેયને ન સમજાયું. તેથી તેણે હસવું દબાવી રાખ્યું.

‘એટલે તું મને પણ સામા જવાબ આપે છે? શિક્ષકે પૂછ્યું.

‘ના.પણ...’

‘શું ના પણ?’ શિક્ષકે સારમેયને આગળ બોલવા ન દીધો અને માલિક તરફ ફરીને કહ્યું, હી ઈઝ અ પ્રોબ્લેમ પપ્પી. એને થોડો પ્રસાદ આપવો પડશે, નહીંતર કંઈ શીખે તેવું લાગતું નથી.’

‘ના, ના. એને મારીને કે સજા કરીને કંઈ શીખવવાની જરૂર નથી. ભલે ન શીખે.’ પૃથાએ વચ્ચે જ કહ્યું.

માલિકે કંઈ બોલ્યા વગર હથેળીઓ ફેલાવી. પછી ધીરેથી ઊભાં થતાં કહ્યું, ‘શિક્ષક તમે છો. તમે નક્કી કરો. મને લાગે છે કે ધીરે ધીરે શીખી જશે. આમ તો પ્રોબ્લેમ - ગલૂડિયું જ કહેવાય...’

સારમેયને માત્ર એટલી ખબર પડી કે આ બધા પોતાને વિશે કંઈક ગંભીર વિચારે છે; છતાં તેણે વાતમાં ખાસ ધ્યાન આપવું જરૂરી ન માન્યું.

શિક્ષક રોજ તાલીમના સમયે આવતા. તેમની આજ્ઞા ઉઠાવવામાં કૌલેયક ઝડપ કરવા માંડ્યો હતો. સારમેય ક્યારેક હાજર હોય તો અનેક પ્રશ્નો કરતો અને હાજર ન હોય તો બગીચાને ખૂણે ઝાડીમાં માળીની ઝૂંપડી પાસે છોડવાઓ પર પતંગીયાં, જીવડાંઓને આશ્ચર્યથી જોતો.

સારમેયની ગેરહાજરી તરફ શિક્ષકે એક-બે વાર તેનું ધ્યાન ખેંચ્યું પછી તેના જેવા નકામા વિદ્યાર્થીની ગેરહાજરી વિશે ખાસ ચિંતા કરવી છોડીને પોતાના, ભાવિમાં મહાન બનનારા,પ્રિય વિદ્યાર્થી કૌલેયક પર જ વધુ ધ્યાન આપવાનું તેમણે ઉચિત માન્યું.

બગીચો પૂરો થાય ત્યાં ઘરને ફરતી મોટા કોટ જેવી દીવાલ આવી જતી. એ   દિવાલ પાછળ શું હશે તે જાણવાની ઈચ્છા સારમેયને થયા કરતી; પરંતુ આગળના ભાગે દરવાજામાંથી બહાર

નીકળીને ત્યાં જઈ શકાય છે તેની તેને હજી ખબર ન હતી. તેનું નાનકડું વિશ્વ મોટા જબરા બાગમાં જ સમાઈ જતું. શણના કોથળાનો ટુકડો કે નાળિયેરનું છોડું જડી આવે ત્યારે રમકડાંનો ખજાનો મળી ગયો તેમ તે છોડિયું કે કોથળાનો લીરો મોંમાં લઈને તે આખા બાગમાં દોડાદોડી કરી મૂકતો. માળીએ ગોડેલા કે નવા બનાવેલા ક્યારા અને કુંડાંની ચિંતા પોતે કરવી જોઈએ એવું ભાન હજી તેને ન હતું.

માળી ઘણીવાર તેને પકડતો, 'હવે તો તને બાંધી જ મૂકું' કહેતો દોરી પણ લઈ આવતો; પરંતુ છેવટની ઘડીએ બાંધવાનું માંડી વાળીને 'હવે ફરી તોફાન કરીશ તો ...' સુધી મુલતવી રાખતો અને હસી પડતો. પછી સારમેય અને માળી એકબીજા સામે જોઈ રહેતાં.

એક વખત સારમેય પોર્ચ પાસે ઊભો હતો અને માલિકની ગાડી બહારથી આવી. ગાડીની પાછળની બારી તરફ નજર પડતાં જ સારમેયને આશ્ચર્ય થયું. ત્યાં,બારીમાં, આગળના બે પગ ટેકવીને, બારીમાંથી મોં બહાર રાખીને કૌલેયક ઊભો હતો.

'હેય, તું ત્યાં કેવી રીતે ગયો?' સારમેયે ઝડપથી ગાડી પાસે જતાં પૂછ્યું. તે જ સમયે શૉફરે ગાડીનો પાછલો દરવાજો ખોલ્યો. અંદર ભૂરી ચમકતી રેશમી ગાદી જોઈને સારમેયના મનમાં નવો પ્રશ્ન જાગ્યો, 'તને આવી નરમ ગાદીમાં નખોરિયા ભરાવવાનું મન નથી થતું?'

'તે પોચી-પોચી તો છે જ. તું કહે છે તેવું કરવાનું મન પણ મને ખૂબ થાય છે.' કૌલેયકે નીચે ઊતરતાં કહ્યું, 'પરંતુ હું ક્યારેય એવું કરતો નથી. આપણને મન થાય તે ન કરીએ તેને મનનો નિગ્રહ કર્યો કહેવાય.'

'ક્યારેય નથી કરતો એટલે કે તું કાયમ ત્યાં બેસે છે?' સારમેયે નવાઈથી પૂછ્યું. તેને કુદીને ગાદી પર પડવાનું મન થયું, પણ ત્યાં સુધીમાં કૌલેયક નીચે આવી ગયો કે તરત જ ગાડીનો દરવાજો બંધ કરી દેવાયો હતો.

'ઘણીવાર. અમે બજારમાં જઈએ ત્યારે. ત્યાં બધી વસ્તુઓ મળે. ક્યારેક અમે મંદિરે પણ આમાં બેસીને જઈએ છીએ. ત્યાં પ્રવચનો થાય. પેલી મનના નિગ્રહવાળી વાત મેં મંદિરના પ્રવચનમાં જ સાંભળી છે.'

'નિગ્રહ,બજાર, મંદિર, પ્રવચન. વાહ! તને તો ઘણું આવડી ગયું. મને લાગે છે કે મને બહુ આવડતું નથી.' સારમેય જરા ઢીલે અવાજે બોલ્યો.

'એમ જ છે. હવે તારે ડાહ્યા થવું જોઈએ. થોડું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. જો, માલિક હવે મને ઘરની અંદર પણ લઈ જાય છે. તને ઘરનું એક પગથિયું પણ ચડવા ન દે. આ હું મારી મોટાઈ નથી કરતો; પણ આવું શાથી છે તેનો તું વિચાર કરે તે માટે કહું છું. જાતવાન શ્વાન બનવું કંઈ સહેલું નથી. તે માટે કેટલુંય ત્યાગવું પડે છે.તમે કંઈક ત્યાગો તો જ કંઈક પામો' મોટા ભાઈ ચતુર વાણી બોલ્યા.

સારમેય ગંભીર વિચારમાં પડી ગયો હોય તેમ થોડી વાર ત્યાં જ ઊભો રહ્યો. પછી મા પાસે જઈને પૂછ્યું, 'બજાર કેવું હોય મા, અને મંદિર?'

'કહીને સમજાવી શકાય તેવું ન હોય. તું જાતે જા તો તને સમજ પડે.' સદ્ભાવિનીએ જવાબ આપ્યો.

'હું એમ જ કરીશ. જઈને જોઈ આવીશ. કાલે જઈશ. દરવાન ઊભો રહે છે તે દરવાજામાંથી જવાતું લાગે છે. કૌલેયકને ગાડીમાં બેસીને ત્યાંથી જ આવતો મેં જોયેલો.' સારમેયે કહ્યું.

'ઓ મા રે! તું એકલો ક્યાંય ન જતો. તું જરાક ડાહ્યો થા અને તોફાન ઓછાં કર તો માલિક તનેં બજારે લઈ જશે. મંદિરમાં વ્યાખ્યાન સાંભળવા પણ લઈ જશે. ત્યાં કેવી સરસ સરસ વાતો સાંભળવાની હોય છે! એકલો બહાર ન જતો. ત્યાં તો કેટલાંય કૂતરાં તારી પાછળ પડશે.'

‘બહાર બીજા શ્વાનો અને તેમનાં ગલૂડિયાં પણ હોય?’ સારમેયે આનંદથી પૂછ્યું. તેનું મન બહાર જવા તલપી ઊઠ્યું.

‘બહાર શ્વાન ન હોય. બહાર હોય તેને કૂતરાં કહેવાય. જો, સાંભળ, આપણે તો ઉચ્ચવર્ણના છીએ તેથી શ્વાન કહેવાઈએ છીએ.’ માએ કહ્યું.

‘કંઈ વાંધો નહીં. તો હું કૂતરાંનાં ગલૂડિયાં સાથે રમીશ. ત્યાં ગલૂડિયાં હશે તો તો મજા જ પડશે. અમે બધાં સાથે જ બજાર જોવા જઈશું.’ માની ચિંતાને બરાબર સમજ્યા વગર સારમેય આનંદથી બોલતો ગયો.

સદ્‌ભાવિની નિરાશ થઈ ગઈ. બજાર જોવા માટે માલિકની ગાડીમાં બેસીને જવાને બદલે રસ્તા પરનાં રખડુ ગલૂડિયાં સાથે જવાનું મન સારમેયને કેમ થયું તે ન સમજાતાં તેણે બીજી વાત કરી, ‘આપણાથી રખડેલ કૂતરાઓ સાથે રમવા ન જવાય. આપણે જાતવાન શ્વાન છીએ તે યાદ રાખ.’

આ વાતનો સારમેયે કંઈ જવાબ ન આપ્યો. શ્વાન અને કૂતરા વચ્ચે કંઈ ફરક હશે તો તે કેવો હશે તે જાણવાની તેને ઇચ્છા થઈ. તે માળી પાસે ગયો અને પોતાની શંકા વિશે પૂછ્યું.

માળી હસવા માંડ્યો. પછી ગંભીર થઈને કહે, ‘અગર તેરી મા યે કહતી હૈ તો ઉસે સમજાના પડેગા. મુઝે તો લગતા હૈ અબ ફૂલ ઓર પુષ્પ ભી અપને કો અલગ બતાને લગેંગે.’ કહીને માળી અટક્યો. પછી સારમેયને પોતાની પાસે ખેંચીને ખોળામાં બેસાડીને માથે હાથ ફેરવીને કહ્યું, ‘યે સબ બાતોં કે લીએ તૂ છોટા હૈ. પર એક બાત યાદ રખના. ફરક તો માલી ઔર સારમેય મેં ભી નહીં હૈ. લેકિન સબકો અપની અપની સોચ હૈ. તૂ ઈસમેં મત પડ. યાદ રખ તૂઝે કહીં બંધના નહીં હૈ.’

સારમેય માળીના ખોળામાંથી ઊતરીને ઝાડીમાં જઈને શાંતિથી બેઠો. થોડો મોટો થતાં જ પોતે દરવાજામાંથી બહાર જવાનો, બજાર જોવા જવાનો,મંદિર પણ જવાનો તેવું નક્કી કરીને સૂઈ

ગયો.

સવારે સારમેય આગળના ભાગે ગયો ત્યારે માલિક કારમાં બેસીને સામે ઊભેલી સદ્ભાવિનીને કહેતા સંભળાયા, ‘ત્રણ મહિનાનો કૂતરો કંઈ નાનો ન કહેવાય. ડૉગ-હાઉસ તમારા માટે જ બનાવ્યું છે. ત્યાં જ બેસવા, સુવાનું તેને શીખવી દે. પોતાની જગ્યા છોડીને ગમે ત્યાં ભટકશે તો તેને સાંકળે બાંધવો પડશે...’

મામલો પોતાનો લગતો છે તે સારમેય સમજી ગયો, પણ તે કંઈ ખુલાસો કરે તે પહેલાં માલિક હંકારી ગયા. સારમેયે મા સામે જોયું. કોઈ અજબ દીનતાથી તે સારમેય સામે જોઈ રહી હતી. પૃથા પગથિયે ઊભી રહીને તે શ્વાન માતા-પુત્રના આ મૌન વ્યવહારને નીરખતી હતી. નીચે ઊતરીને તેણે સદ્ભાવિનીને થાબડી અને સારમેયને તેડીને ઘરમાં જવા વળી.

‘ક્યાં હતો રાત્રે?’ સારમેયને ખોળામાં રાખીને ખુરશી પર બેસતાં પૃથાએ પૂછ્યું. તેના સ્વરમાં રહેલી વહાલભરી કડકાઈ સારમેય પારખી ગયો; પણ તેને આ કડકાઈથી ડર ન લાગ્યો.

‘માળીને ત્યાં.’ સારમેયે ગંભીર રહીને જવાબ આપ્યો અને વળતી જ પળે તેની પરાણે જાળવેલી ગંભીર મુખમુદ્રા બદલાઈ ગઈ અને ઉત્સાહથી ઊભરાઈને તે કહેવા માંડ્યો ‘તમને ખબર છે? માળીના ઘર પાસે સરસ પોચી જગ્યા છે. કૂણું ઘાસ પણ છે. ત્યાં પેલાં લાલ રંગના રેશમી જીવડાં....’ સારમેય અટક્યા વગર તેની ગમતી જગ્યાનું વર્ણન કરતો ગયો અને વાત પૂરી કરીને ઉમેર્યું, ‘હું તો માળીને કોઈ વાત પૂછવા ગયો હતો પછી ત્યાં જ રહી પડ્યો. કેવું મજાનું કાં!’

‘મજાનું તો ખરું જ,’ પૃથાએ કહ્યું, ‘પરંતુ સવારે ખાવાના સમયે પણ તું આવ્યો નહીં. ખાવાના સમયે તો દરેક શ્વાન હાજર થઈ જતા હોય છે.’

‘હું તો ભુલકણો પણ લાગું છું,નહીં? કે પછી ક્યારેક મને ભૂખ નહીં લાગતી હોય?’ પછી અટકીને કહે, ‘થોડું એવું પણ હોય કે માળીને ત્યાં ખાઉં છું તો તે મને પૂંછડી હલાવવાનું નથી કહેતો.’

'અને અહીં તો પૂંછડી હલાવો નહીં તો ખાવાનું ન મળે કેમ?' માલિકણ હસી પડીને બોલ્યાં.

'સાવ એમ તો નહીં, પણ અહીં માલિક ઊભા હોય ત્યારે હું પૂંછડી હલાવ્યા વગર ખાઉં તે તેમને નથી ગમતું.' કહીને સારમેય પણ હસી પડ્યો.

'તો તને પૂંછડી હલાવવાનું પસંદ નથી કેમ?'

'એવું નથી, પણ ક્યારેક મારી પૂંછડી જાતે જ હલવા માંડે છે! જેમ કે માનું દૂધ પીતો હોઉં તો.' સારમેયે સંકોચ વગર કહ્યું.

માલિકણે સારમેયને ખોળામાંથી ઊંચકીને સામેની ખુરશી પર બેસાર્યો અને પોતે ખાવાનું લેવા ગઈ. સારમેયને લાગ્યું કે ખુરશીની ગાદી કારમાં જોયેલી ગાદી કરતાં પણ વધારે નરમ અને સુંવાળી છે; પરંતુ કોણ જાણે કેમ તેને આ ગાદી પર કૂદવાનું કે નહોર ભરાવવાનું મન થયું જ નહીં. સારમેયને લાગ્યું કે મન થયું તે સારું જ થયું છે, નહીંતર તેણે મનનો નિગ્રહ કરવો પડત. અને એ કેવી રીતે કરાય તે તો પોતાને આવડતું જ નથી. તે અકારણ હસી પડ્યો, પછી મોટું બગાસું ખાઈને તેણે ગાદી પર ગરદન ઘસીને લંબાવ્યું. ઊંધા થઈને પગ છત તરફ લંબાવ્યા અને મોટું બગાસું ખાધું.

પૃથા ખાવાનું લઈ આવી. સારમેય ખુરશી પરથી ઊતરીને ખાવા લાગ્યો. પૃથાએ તેના નાનકડા દેહ પર પ્રેમથી હાથ ફેરવ્યો તે સમયે સારમેયની પૂંછડી સહેજ હલી ઊઠી.

સવારે સ્ફુર્તિથી ઊભરાઈને દોડાદોડી કરતો સારમેય બપોરે અને સાંજે પ્રમાણમાં શાંત રહેતો. એ સાંજે વરસાદ ન પડ્યો હોત તો તેને દોડવાનું મન ભાગ્યે જ થયું હોત; પરંતુ વંટોળ અને વરસાદનાં ઝાપટાંએ સારમેયમાં નવો પ્રાણ પૂરી દીધો હોય તેમ તે આખો બાગ ખૂંદી વળ્યો.

જે સ્થળેથી પોતે રોજ કુદતો તે જગ્યાએથી આજે કૂદ્યો ત્યારે સારમેયને ખબર ન હતી કે ત્યાં

માળીએ નવાં કૂંડાં ગોઠવ્યાં છે. તે કૂદીને પડ્યો તે સાથે જ ત્રણચાર કૂંડાં ગબડીને ફૂટી ગયાં. કૂંડાંમાં વાવેલા છોડવા અને માટી ચારે તરફ વેરાઈ ગયાં. સારમેય ત્યાં જ ઊભો રહી ગયો. હવે શું કરી શકાય તેનો વિચાર કરે તે પહેલાં તો માળી એક હાથમાં લાકડી અને બીજામાં દોરડી લઈને દોડતો આવી લાગ્યો.

'મરેગા રે તૂં.' આવતાંવેંત માળીએ લાકડી ઉગામી, પણ મારતાં અટકી ગયો. લાકડી ફેંકીને ગુસ્સામાં જ તેણે મોટેથી કહ્યું, 'દિનભર ભાગતે રહતે હો, ઔર દેખતે નહીં. અંધે હો?'

'કદાચ એવું પણ હોય.' સારમેય નરી સચ્ચાઈથી ઉત્તર આપ્યો, 'અમારા માસ્તર એક વાર માલિકને કહેતા હતા કે, કૂતરાંની દૃષ્ટિ ટૂંકી હોય છે. જોકે તેમની સાંભળવાની અને સૂંઘવાની શક્તિ ખૂબ તેજ હોય છે; પરંતુ નજર બહુ નબળી હોય છે. આમ, અમે બિલાડીઓ જેટલું સરસ જોઈ નથી શકતાં. દરેકનું બધું એકસરખું કેમ નથી હોતું તે માસ્તરે કહ્યું નથી.'

સારમેયની વાત સાંભળતાં જ માળીનો ગુસ્સો ઓગળી ગયો. દોરડી એક બાજુ ફેંકતાં તેણે કહ્યું, 'બસ, તુજમેં યહી તો એક બાત હૈ કે તું મેરે સે બચ નિકલતા હૈ.' પછી નવાં કૂંડાં તૈયાર કરવા માટે છોડ-માટી ભેગાં કરતાં ઉમેર્યું, 'તું કહેતા હે કી કુત્તે અચ્છા સુન લેતેં હૈ,હમસે કઈ જ્યાદા, તો સુન યે પૌધે ક્યા કહતે હૈ સુન.'

ફૂલછોડ કંઈ બોલતાં હોય તે સારમેયને ખબર ન હતી. તેણે મા અને કૌલેયકને પૂછ્યું તો બેઉએ કહ્યું કે ઝાડ-પાન કદી બોલે નહીં. 'જેમને મોઢું ન હોય તે બોલે કેવી રીતે?' જવાબ તો સાવ સીધો હતો, પણ સારમેયને ગળે ન ઉતર્યો. તેણે બીજા કોઈને પૂછવાનું નક્કી કર્યું.

સારમેયને શ્રધ્ધા હતી કે માળી જુઠ્ઠું તો ન જ કહે. રાત ઢળતાં તે માલિકણને પૂછવા ચાલ્યો. પૃથા પોર્ચમાં જ ખુરશી નાખીને બેઠી હતી. સારમેયે તેને પૂછ્યું, 'ફૂલ-ઝાડ કંઈ બોલે? એમને મોઢું ન હોય તો પણ? માળી કહે છે કે તેઓ બોલે.'

‘સારમેય, અહીં આવ. બેસ મારી પાસે’ પૃથાએ તેને પાસે બોલાવ્યો અને કહ્યું, ‘માળી કહે છે તે માળીનો અનુભવ હશે. મને ખબર નથી.’

‘અનુભવ એટલે શું?’ સારમેય માટે આ નવું કંઈક બનતું જતું હતું.

‘પોતે જાણવું, પોતે સમજવું તેવું કંઈક’ પૃથાએ પોતાને આવડ્યું તે રીતે સમજાવવા પ્રયત્ન કર્યો. પછી સારમેયને પોતાના પડખામાં રાખીને તેના શરીરે ક્યાંય સુધી હાથ ફેરવ્યા કર્યો અને કહ્યું, ‘તું વિચારી જો, એવું કેમ ન બને કે વાત કરવાની કોઈ બીજી રીત પણ હોય!’

‘બીજી કોઈક રીત હોવાની મને જાણ નથી. મને લાગે છે કે મારે જાતે જ સમજવું પડશે, તમે કહો છો તેમ અનુભવવું પડશે.મારે તપાસ કરવી જોઈએ.’ કહીને સારમેય બાગ તરફ ચાલ્યો. ફરી વવાયેલા, છતાં છોડવા હજી મુરઝાયેલા જ હતા. સારમેયે ધ્યાન દઈને તેમની પાસે કાન ધર્યા, પણ કંઈ સંભળાયું નહીં. થોડીવાર ત્યા ઊભા રહીને સારમેયે વિચાર્યા કર્યું. પછી ત્યાં જ પગ લંબાવીને છોડવાઓ સામે મોં કરીને બેસી રહ્યો. થોડી જ પળોમાં તે સ્થિર, અરે પૂંછડી સુધ્ધાં જમીન સાથે ચિપકાવીને, કાન સતેજ કરીને તન્મય થઈ ગયો. જાણે તે પથ્થરનું શિલ્પ માત્ર છે.

આખી રાત ગઈ તો પણ સારમેયને કંઈ સંભળાયું નહીં. સવારે તેણે જોયું કે પેલા છોડ હજુ તાજા થયા ન હતા. તે નિરાશ થઈને ચાલ્યો ગયો. ઘડીભર માળીની વાત ખોટી હશે તેવું માની લેવાનું તેને મન થઈ આવ્યું. તે સાથે જ માળી જુઠ્ઠો હોય તેવું માની લેવું તેને યોગ્ય પણ ન લાગ્યું. કદાચ પોતાના પ્રયત્નમાં કંઈક ખામી હશે તે વિચારે તેણે હજી એક પ્રયત્ન કરવાનું નક્કી કર્યું. તે પાછો પોતાની જગ્યાએ જઈ બેઠો.

બપોરે ખાઈને પાછો ત્યાં જ આવ્યો અને પોતાના મનમાં ઊઠેલા સંશયનો પાર પામવા તલ્લીન થઈને બેઠો.

પછી તો કેટલો સમય ગયો હશે તેનું સારમેયને ભાન ન રહ્યું. અવાજો શમી ગયા. દીવા પ્રગટ્યા

અને બુઝાઈ પણ ગયા. પૃથ્વી આદિકાળથી નક્કી થયેલા પોતાના માર્ગે સરકતી રહી. અનાદિકાળથી ધબકતા પરમચૈતન્યે અનુભવ્યું કે આ અસીમ બ્રહ્માંડના એક ખૂણે એક નાનકડું ગલૂડિયું પોતાના સ્વભાવ વિરુદ્ધ, એકધ્યાન થઈ, પાષાણવત્ સ્થિર બેઠું છે.

વાતાવરણમાં ઠંડી વધી. પરોઢની નીરવ શાંતિમાં અચાનક ક્યાંકથી કોઈક અજાણ્યો, સુક્ષ્મ સ્પંદન સમો, અશ્રાવ્ય સ્વર આવતો તેણે અનુભવ્યો. તે સ્વરને કોઈ દિશા કે ભાષા ન હતાં. છતાં પણ સારમેયને લાગ્યું કે કોઈક તેની સાથે વાત કરવા માગે છે. ક્યાંય સુધી તે પેલા સ્વરને સાંભળતો રહ્યો. પૂર્વમાં ઉજાસ પથરાયો. સારમેય પેલાં કૂંડાંઓને સ્પષ્ટ જોઈ શક્યો. મુરઝાયેલા હતા તે બધા જ છોડવાઓ ફરી તાજાં થઈને મહોરી ઊઠ્યાં હતાં.

સારમેયના આનંદનો પાર ન રહ્યો. તે છોડવાઓ પાસે ગયો. તેમને વહાલ કરતો હોય તેમ ગળું લંબાવીને અડ્યો. ભાગ્યે જ હલાવતો તે પોતાની નાનકડી પૂંછડી હલાવી.

|| 2 ||

સારમેયની દોડવાની કે ધમાલ કરવાની ટેવ ઓછી થઈ ગઈ તેની માળી અને માલિકણ સિવાય બધાને નવાઈ લાગતી. હવે તે શાંતિથી જોઈ-જાળવીને ચાલતો, જ્યાં-ત્યાં ખાડા ન ખોદતો. છેલ્લા એક મહિનાથી તેણે એક પણ કૂંડું પછાડ્યું ન હતું.

'મોટો થતો જાય છે તેમ તેમ સમજ આવતી જાય છે' સદ્ભાવિની વિચારતી. તે મોટો થશે ત્યારે ભલે ભણ્યો નહીં હોય તો પણ માલિક તેને ખેતરે કે ગોડાઉન પર કોઈ જવાબદારીભર્યું કામ સોંપે તેવો તો તે થશે જ તેવું આશ્વાસન પણ મા લેતી.

માની આવી બધી ચિંતાથી અજાણ સારમેય બાગમાં રમતો રહીને દીવાલની પારની કે દરવાજા બહારની દુનિયા વિશે ઘણું વિચારતો રહેતો. માએ બહારના ગલૂડિયાંઓ સાથે રમવાની મનાઈ કરેલી તે આ જાતવાન શ્વાનબાળને યાદ હતું; પણ અમસ્તું જ બહાર ડોકું કાઢી લેવામાં કે થોડે સુધી ફરી આવવામાં પોતે શ્વાન મટીને કૂતરો થઈ જશે એવું તે માનતો નહીં. બીજા સાથે ભળવાથી કે વાતો કરવા માત્રથી કોઈ બદલાઈ જાય તેવું કે કંઈ હોય!

તે દિવસે તે દરવાજા પાસે જ રમતો હતો. દરવાન સહેજ આડો-અવળો ગયો હશે કે સારમેયે દરવાજામાંથી ડોકું બહાર કાઢ્યું. તેના આશ્ચર્યની સીમા ન રહી. બહાર આવડું મોટું વિશ્વ પથરાયું હશે તેની તેણે કલ્પના પણ નહીં કરેલી. કોઈ અજાણ આકર્ષણનો ખેંચાયો હોય તેમ તે બહાર આવી ગયો અને અંતહીન દેખાતા માર્ગ પર, અજાણ ભાવિ તરફ ચાલવા માંડ્યો. પાછળ ફરીને જોવાનું અને નિશાન કરવાનું ભાન પણ ન રહ્યું.

શહેર તરફ જતો માર્ગ ખૂબ લાંબો હતો. બન્ને તરફ વૃક્ષોથી છવાયેલા માર્ગ પર રાત્રે પડેલા વરસાદની ભીનાશ પથરાઈ હતી. ધોવાઈને વધુ લીલાંછમ્મ લાગતાં, નવા વાવેતરથી ઊભરાતાં ખેતરો, કૂણું મજાનું ઘાસ, પતંગિયાં, પ્રકૃતિ એક પછી એક રહસ્યો ખોલતી ગઈ. સારમેયની

જિજ્ઞાસા વધતી રહી.

કેટલુંય ચાલ્યા પછી એક મોટો, જાળીવાળો દરવાજો દેખાયો. સારમેય તે દરવાજે જઈને અંદર જોવા લાગ્યો. ત્યાં પણ પોતાના ઘરે હતો તેવો જ બાગ હોય તેવું લાગ્યું. તે વધુ વિગતે જુએ ત્યાર પહેલાં તો ભયાનક અવાજે ભસતો, એક કાબરચીતરો પૂંછકટ્ટો શ્વાન દરવાજે આવી ગયો.

'તમે તો ઘણું મોટેથી ભસી શકો છો ને કંઈ!પણ કાનને ગમે નહીં તેવું. મારી મા ધીમેથી ભસે છે. અને સરસ પણ. મારો ભાઈ પણ બરાબર ભસવાની તાલીમ લે છે. જોકે મને ભસવાનું ખાસ ફાવતું નથી.' સારમેય એક શ્વાસે બોલી ગયો પછી ભોટની જેમ ઊભો રહ્યો. પછી કહે, 'હું અંદર આવું કે તમે બહાર આવો તો આપણે સાથે રમીએ.'

'તું અહીંથી ચાલ્યો જા' પેલા પૂંછકટ્ટાએ ખિજાઈને કહ્યું.

'કેમ? તમે ઉચ્ચવર્ણના શ્વાન છો? આમ તો અમે પણ શ્વાન છીએ. મારી મા કહેતી હતી, ઉચ્ચવર્ણના.' સારમેયે રજુઆત કરી.

પેલો વધુ ખિજાયો અને જોર જોરથી ભસવા માંડ્યો. તેને સતત ભસતો સાંભળીને એક માણસ દોડતો ત્યાં આવ્યો. પૂંછકટ્ટાના ગળામાં સાંકળ લગાવીને તેને ખેંચતાં સારમેયને ઉદ્દેશીને કહ્યું, 'કેમ ચીડવે છે રૉમીને? ચાલ્યો જા અહીંથી'

'કેમ?' સારમેય ભોળપણે પૂછ્યું.

'કેમ તે? આ મારો ઈલાકો છે.' રૉમીએ ઉશ્કેરાટથી કહ્યું.

'ઈલાકો એટલે?' સારમેયે અજ્ઞાન દર્શાવ્યું. 'હું બહુ ભણ્યો નથી એટલે આવા અઘરા શબ્દોની મને ખબર પડતી લાગતી નથી.'

‘આ મને છોડે તો તને હમણાં જ ખબર પાડી દઉં કે ઈલાકો એટલે શું. તું જરા અંદર તો આવી જો. બધી ખબર પડી જશે.’

‘ઓહ,સમજ્યો.’ સારમેયે હસતાં હસતાં કહ્યું, ‘જેને છોડીને બહાર જવું સલામત ન ગણાય તેને તમે લોકો ઈલાકો ગણો છો. ખરું ને?’

‘ના. રૉમીનો ઈલાકો એટલે અહીં એકલો રૉમી જ રહી શકે. બીજાથી અહીં ન અવાય. સમજ્યો?’ પેલા માણસે જવાબ આપ્યો.

‘તમે કદાચ એવો અર્થ કરતા હશો, પણ મને તો જે સમજાયું છે તે જ મેં કહ્યું.’સારમેયે જવાબ આપ્યો.

પેલા માણસને જરા ગુસ્સો આવ્યો. તેણે કહ્યું, ‘ઈલાકો એટલે માલિકીનો પ્રદેશ. આ તારા ગળામાં પટ્ટો છે ને? તે પટ્ટાવાળા શેઠનું ઘર તે તારો ઈલાકો કહેવાય. તારો ઈલાકો છોડીને તારે બહાર ન નીકળવું જોઈએ.’

સારમેય હસી પડ્યો અને બોલ્યો, ‘જુઓ, હવે તમે જ કહ્યું કે ઈલાકો છોડીને બહાર જઈ શકાતું નથી.’

પેલાએ હવે હાથ ઊંચો કરતાં કહ્યું, ‘જલદી ભાગ અહીંથી. નહીં તો હમણાં દરવાજો ખોલીને રૉમીને છોડી મૂકીશ તો તને ફાડી ખાશે.’

કોઈને પોતાનો ઈલાકો શા માટે હોવો જોઈએ અને સાવ કારણ વગર પેલો પૂંછકટ્ટો પોતાને ફાડી શા માટે ખાય? તે રહસ્ય ન સમજાતાં સારમેયે આંખો બંધ કરી, ખોલી, ભવાં ચડાવ્યાં અને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

રૉમી જોર જોરથી ભસવા માંડ્યો. પેલો માણસ પણ એટલા જ જોરથી ‘રોમી, રોમી,’ કહીને

તેને ખેંચવા માંડ્યો.

‘હું અહીં ઊભો છું તેથી તમને બેઉને અગવડ પડતી લાગે છે. ચિંતા ન કરો. હું ચાલ્યો જઉં છું.’ કહીને સારમેય આગળ વધ્યો. બપોર થતાં સુધીમાં તે શહેરમાં આવી ચડ્યો. ચારે તરફ કોલાહલ, માણસો, વાહનો, દુકાનો. થોડીવાર સારમેય ચકિત થઈ ગયો; પરંતુ તે પછી તેને બધું લગભગ એકસરખું લાગવા માંડ્યું. એક પછી એક ગલી વટાવતો તે આગળ જતો ત્યાં સામે એવાં જ મકાનોવાળી ગલીઓ જોવા મળતી ગઈ. આકાશ તો જાણે ક્યાંક ગાયબ થઈ ગયું હતું. સારમેયને થાક લાગ્યો. ભૂખ પણ લાગી. તેણે પાછળ જોયું અને તેને લાગ્યું કે ઘરે પાછા જવાનો માર્ગ તે યાદ રાખી શક્યો નથી.પોતે જ્યાંથી આવ્યો હતો તે રસ્તે થોડું ચાલીને તે ઊભો રહ્યો. હવાને સૂંઘી જોઈ. પોતે સાચારસ્તે જ છે તેની ખાતરી વગર તેણે ચાલ્યા કર્યું.

એક ગલીમાં તે વળ્યો તો સામે છેડે મકાનોને બદલે આકાશ દેખાયું. દૂર ઓટલા પર બેસીને એક સ્ત્રી કૂતરાંને બોલાવતી હોય તેવું લાગતાં સારમેય તેની પાસેં ગયો. બીજાં કૂતરાં પણ ત્યાં આવી ચડ્યાં અને સારમેય તરફ ઘુરકિયાં કરવા લાગ્યા. પેલી સ્ત્રીએ પોતાની પાસેનો ડંગારો મોટા કૂતરાંને બતાવ્યો એટલે તે બધાંએ શાંત રહીને સારમેયને ખાવા દીધું. પેલી સ્ત્રીએ સારમેયને પોતાના હાથે ખવડાવ્યું. અને તેના ગળા પરના પટ્ટાને ઢીલો કરતાં બોલી, ‘અરે રે! કેવો કઠણ બાંધ્યો છે? મરી ન જાય બિચારું!’

સારમેયને કોઈ પજવે નહીં તેથી તે સ્ત્રીએ બીજાં કૂતરાંને હાંકી કાઢ્યાં પછી જ તેને જવા દીધો. જતાં જતાં સારમેયે કહ્યું, ‘તમે મારો પટ્ટો ઢીલો કર્યો છે. તે હું હંમેશાં યાદ રાખીશ. ભૂલી નહીં જઉં.’

ગલીને છેડે પહોંચીને સારમેય ઊભો રહ્યો. સામે જ તેણે ક્યારેય જોયો ન હતો તેટલો મોટો જળપ્રવાહ વહી જતો હતો. ઘાટ પર થોડી હોડીઓ બાંધેલી હતી. થોડાં બાળકો રમતાં હતાં

તેમનો કલબલાટ, એકાદ બે સ્ત્રીઓ કપડાં ધોતી હતી તેમના ધોકાઓનો તાલબદ્ધ ધ્વનિ, ઘાટ સાથે અફળાતા તરંગોનો એક લય. તે સિવાય દૂર સુધી વ્યાપેલી નીરવતા.

સારમેય આ નવા જગતને આશ્ચર્યથી જોઈ રહ્યો. તેની નજર સામે જ વહેતા અગાધ જળરાશિએ તેને સૌથી વધુ વિસ્મયમાં ડુબાડ્યો. આજ પહેલાં તેણે ઘરના બગીચામાં માળીએ છોડેલા કે એકાદ વરસાદી સાંજે વહેતી નીકનાં પાણી સિવાય વહેતું જળ જોયું ન હતું.

ઘાટ પર ચણેલી છત્રી તળે જઈને સારમેય પગ લંબાવીને બેઠો. ધીમે ધીમે વાતો પવન તેને નિદ્રામાં ખેંચી ગયો. ઊંઘમાં જ સારમેયને લાગ્યું કે પેલો અજાણ્યો સ્વર તો તેને અહીં પણ સંભળાય છે. તેને પણ તે અણજાણ મિત્ર સાથે વાત કરવાનું મન થયું; પણ તે તેમ ન કરી શક્યો. તે જાગ્યો ત્યારે જોયું કે કેટલીક હોડીઓ ઘાટથી દૂર જઈ રહી હતી. કેટલીક આવતી હતી.

એક કાળા રંગનો શ્વાન પગથિયાં ઊતરીને હોડી તરફ જઈ રહ્યો હતો. સારમેયને જોઈને તે છત્રી તરફ આવ્યો.તેને પોતાની તરફ આવતો જોઈને સારમેય પણ ઊભો થઈને સામે ગયો.

‘તું ભૂલું પડી ગયું છે?’ કાળાએ પ્રેમથી પૂછ્યું.

‘એમ બન્યું પણ હોય. મને મારા ઘરનો રસ્તો યાદ નથી આવતો.’ સારમેયે ચારેતરફ જોતાં કહ્યું.

‘કંઈ વાંધો નહીં. સમય થયે યાદ આવી જ જશે. તું ડરીશ નહીં.’

‘ હું બીતો તો નથી, પણ ઘરનો રસ્તો યાદ આવે ત્યાં સુધી મારે શું કરવું? તેનો વિચાર કરું છું.’

‘આમ તો તારે રસ્તો યાદ કરવા પ્રયત્ન કરવો એ જ એક સાચો ઉપાય છે; પણ તું બહું નાનું છે. વળી, મને પણ તારું ઘર ખબર નથી એટલે શું થાય?’ કાળો વિચારમાં પડી ગયો. પછી કહ્યું, ‘એક ઉપાય છે; તું મારી સાથે ચાલ. હું સામે કિનારે જઉં છું.ત્યાં અમારી બાજુના ખેતરમાં હમણાં

કોઈ કૂતરો નથી. ત્યાં તને મજા પડશે.તેમને એક નાનકડી દીકરી પણ છે.'

'મને ગમશે તો હું ત્યાં રહીશ' સારમેયે કહ્યું અને કાળા સાથે હોડીમાં ચઢ્યો. મુસાફરો પાટિયા પર અને હોડીની ધાર પર બેઠાં હતાં. કાળો, સારમેય અને થોડાં બકરાં હોડીના તળિયા પર ઊભાં રહ્યાં. નાવ પૂરી ભરાઈ એટલે નાવિકે સઢ ખોલ્યો. જરા ઝોક ખાઈને નાવે તટ છોડી દીધો.

કેટલાક જણે બહારની તરફ નમીને પાણીનો સ્પર્શ કર્યો. સારમેય એમ કરવા હોડીની દીવાલ તરફ ગયો ત્યાં એક યુવતીએ તેને તેડીને તેના પગ પાણીમાં બોળાવરાવ્યા અને કહ્યું, 'પહેલી વાર હોડીમાં બેઠો છું ખરું, ડૂબી જવાની બીક લાગે છે ને?'

'મને પાણીની બીક નથી લાગતી. મને તો લાગે છે કે હું અને કાળો હોડી વગર પણ સામે પાર જઈ શકીએ.' સારમેયે જવાબ આપ્યો અને સામું પૂછ્યું, 'તમને બીક લાગે?'

'થોડીક. તમને જન્મથી જ તરતાં આવડે તેવું અમને ન આવડે. અમારે શીખવું પડે. કોઈ શીખવે તો આવડે.' યુવતી સસ્મિત બોલી.

'કોઈના શીખવવાથી પણ આવડી જ જાય તેવું નથી. હોતું. અમારા શિક્ષકનું માનવું છે કે તે જે શીખવે છે તેમાંથી હું ખાસ કંઈ શીખવાનો નથી.' સારમેયે ભોળી આંખો પટપટવતાં કહ્યું.

'તારું શું માનવું છે?'

'કદાચ એમ જ હોવું જોઈએ. શિક્ષકો કંઈ જુઠ્ઠું બોલે તેવા તો નથી હોતા.' સારમેયે કહ્યું. કાળો અને બીજા પ્રવાસીઓ હસી પડ્યાં. બકરીઓએ એકબીજા સામે જોઈને બેં, બેં કહીને માથાં હલાવ્યાં. દૂરના છેડે એક સફેદ વસ્ત્રધારી યુવાન બેઠો હતો તેણે સારમેય સામે જોયું અને આંખો ઝીણી કરી. સારમેયમાં તેને રસ પડ્યો હોય તેની તેની દરેક હિલચાલને તે નીરખી રહ્યો.

પેલી યુવતીને સારમેયના ઉત્તરથી મજા પડી. તેણે વાત આગળ ચલાવી, 'તને ખબર છે? હું પણ

શિક્ષક છું. સામે પારની એક નિશાળમાં બાળકોને ભણાવું છું.'

'તેથી કંઈ હું મારી વાત બદલીશ નહીં' સારમેયે કહ્યું, 'મારા શિક્ષક મારા વિશે જે માને છે તે મેં તેમને કહ્યું.'

'એ બરાબર, પણ તારા કે કોઈના પણ શિક્ષકને કેટલીક બાબતોની જાણ ન હોય તેવું ન બને?' શિક્ષિકાએ વાત આગળ ચલાવી.

'કદાચ એમ પણ હોય' સારમેય વિચારમાં હોય તેમ બોલ્યો. પછી થોડી પળો મૌન રહીને તેણે પૂછ્યું. 'જાણ એટલે શું?'

હવે શિક્ષિકા મૂંઝાઈ. બાકી બધાં હસી પડ્યાં. પેલો સફેદ વસ્ત્રધારી યુવાન સારમેયને બરાબર જોઈ શકાય તેમ ઊભડક પગે થયો.

બુઢ્ઢો નાવિક સઢ ખેંચવા હોડીની ધાર પરથી પસાર થતો હતો. તેણે કહ્યું, 'જાણ એટલે જાણ. જો આ નદીનું નામ જીવનધારા છે તે હું જાણું છું. તે જન્મગિરિ નામના પહાડમાંથી નીકળે છે તે હું જાણું છું. તે અનાદિકાળથી વહી રહી છે તે પણ હું જાણું છું. હા, તે ક્યાં જાય છે અને હાજી કેટલો સમય વહેવાની છે તે હું નથી જાણતો'.

'એટલે જાણ્યા પછી પણ કંઈક જાણવું તો બાકી જ રહેતું હોય છે. કેવું મજાનું!' સારમેયે કહ્યું અને નાવિક છોભીલો પડી જાય તેટલું હસ્યો.

'ખરું.' સારમેયની વાત ધ્યાનથી સાંભળતા પેલા યુવાને કહ્યું. પછી હોડીમાં મૌન છવાયું.

સારમેયે 'નદી' શબ્દ પહેલી વાર સાંભળ્યો હતો. તેના અર્થ વિશે પોતે પૂછવું જોઈએ કે નહીં તે નક્કી કરતાં પહેલા તેણે નાવિકે જે કંઈ કહ્યું તેના પર વિચાર કર્યા કર્યો. પારદર્શક જળ પર નાવ સામા કિનારા તરફ સરકતી જતી હતી. નાવના મોરા પર અફળાતાં પાણીનો કલકલ નાદ

સારમેયના વિચારવિશ્વમાં ખલેલ પહોંચાડી ન શક્યો. શિક્ષિકા અને પેલો યુવાન સારમેયના મુખભાવોમાં આવતા પલટા જોતાં રહ્યાં. સામા કાંઠે પહોંચતાં જ હોડી રેતીમાં ખચકાઈને ઊભી રહી. ધક્કા સાથે સારમેયની વિચારધારા તૂટી હોય તેમ તે સફાળો પૂછી બેઠો, 'અરે, પણ નદી એટલે શું. તે ક્યાં છે?'

હોડીમાંથી ઊતરતાં અને ઊતરી ગયેલાં તમામ હસી પડ્યાં. નાવિક મોટેથી હો...હો..હો કરતાં હસીને બોલ્યો, 'લ્યો, કરો વાત. અલ્યા આખી નદી પાર કરીને આવ્યો ને હવે પૂછે છે કે નદી ક્યાં છે?'

'એમ હસી નાખવાની જરૂર નથી નાવિક, જવા દે એને ક્યાં છે નદી?' પેલા યુવાને હોડીમાંથી કૂદીને ઊતરતાં કહ્યું.

નાવિકે નદી તરફ જોયું. પછી કંઈક સમજાયું હોય તેમ ચમક્યો. તેની આંખોમાં વિશાદ છવાયો. તેણે રેતી તરફ નજર રાખીને સારમેયને કહ્યું, 'હે શ્વાનબાળ, હું જે સમજ્યો છું તે જવાબ તું સાંભળતો જા, મેં તને નાવમાં બેસાર્યો ત્યારે હતી તે, જેને પાર કરીને આપણે આવ્યા તે, આ પળે આપણે જેની વાત કરીએ છીએ તે નદી અત્યારે અહીં નથી.'

'તારી વાત મેં સાંભળી છે. સમજવા માટે મારે અનુભવવું પડે.' સારમેયે કહ્યું, ઘડીભર નાવિક સામે પછી પેલા યુવાન તરફ જોયું અને કાળા સાથે ચાલતો થયો.

થોડે આગળ જતાં પેલો યુવાન તેમની સાથે થઈ ગયો. તેણે સારમેયને પૂછ્યું, 'ગલૂડિયા' તું મારી સાથે રહીશ?. હું અહીંથી થોડે દૂર ટેકરી પરના મહાદેવનો પૂજારી છું. એકલો જ રહું છું. મારે તારા જેવા સાથીની જરૂર છે. હું તેને સાચવીને રાખીશ. તું મારો પાળીતો થા.'

'પાળીતા થવું મને જરૂર લાગતું નથી. વળી, હમણાં તો હું આમની સાથે જઉં છું. ત્યાં એક નાનકડી છોકરી છે. તેની સાથે મને મજા પડશે તેમ આમણે કહ્યું છે.' સારમેયે કાળા તરફ ઈશારો

કરતાં કહ્યું.

‘ભલે, તને મજા પડવાનું બંધ થાય ત્યારે આવજે.’ પૂજારીએ કહ્યું અને પોતાને રસ્તે ગયો.

સારમેય અને કાળો આગળ ચાલ્યાં. આખે રસ્તે સારમેયે નદીની, નાવિકની અને શિક્ષિકાની વાત પર વિચાર્યા કર્યું. પોતે ઘરે પાછો જવાનો માર્ગ યાદ કરવાનો છે તેનો વિચાર પણ તેને આવી ગયો.

‘તારી મા તારી ચિંતા કરતી હશે.’ કાળાએ કહ્યું, ‘તારે તારા ઘરનો રસ્તો તો યાદ કરવો જ પડશે.’

‘મા ઉપરાંત માળી અને માલિકણ પણ મને શોધશે, પણ તેઓ કંઈ કાયમ મારી રાહ જોવાનાં નહીં. કેવી નવાઈ, જ્યારે તેઓ મને શોધે છે ત્યારે મને ઘર યાદ નથી આવતું. તેઓ રાહ જોવાનું છોડી દેશે ત્યારે કદાચ હું ત્યાં પહોંચી જઈશ.’ સારમેય બોલ્યો.

‘તારી મા રાહ જોવાનું છોડી નહીં દે.’ કાળાએ કહ્યું, ‘તું તારી મા સાથે જ રહ્યો હોત તો જરા મોટો થતાં જ તે તેને ભસીને કાઢી મૂકત; પણ તું નાનો છે ને ખોવાઈ ગયો છે એટલે વાત જુદી છે.’ કાળાએ કહ્યું.

‘આવું શા માટે થવું જોઈએ?’ સારમેયે પ્રશ્ન કર્યો. કાળો કંઈ જવાબ ન આપી શક્યો એટલે તેણે પોતે જ જવાબ શોધ્યો, ‘ઘણી વાતો ન સમજાય તેવી હોય છે. તેવું જ આ વાતનું પણ હશે.’

પછી વાતો અટકી ગઈ. સૂર્ય પશ્ચિમ તરફ સરકતો જતો હતો. બેઉ શ્વાનોએ ચાલ્યા કર્યું.

|| 3 ||

માલિકે ખૂબ ગુસ્સામાં આવીને સદ્ભાવિનીને ધમકાવી, 'હું એને બરાબર જાણું છું. એ સ્વભાવે જ રખડેલ હતો. જો આ કૌલેયક. મને, પૂછ્યા વગર ફળિયામાં પણ ક્યાંય જતો એને જોયો છે? ને પેલો સારમેય! ઘરમાંથી, દરવાજેથી નીકળીને બહાર જાય છતાં માલિકને તો ઠીક, છેવટે માળી કે દરવાનને જણાવવાનું પણ એને જરૂરી ન લાગ્યું!'

'તમે કહો છો તે સાચું જ છે.' માલિકની વાત સ્વીકારતાં સદ્ભાવિની માંડ માંડ બોલી.

આ નિષ્ઠુર જગતમાં પોતાનું નાનકડું ગલુડિયું ક્યાં ચાલ્યું ગયું હશે તેની ચિંતા, દુ:ખ, પરિતાપ, વિડંબણા કે અસહ્ય વેદનાની લાગણી માતાને થવી જોઈએ તેવી સમજ સદ્ભાવિનીને પડતી ન હતી. તેને તો માત્ર એટલી પ્રેરણા થતી હતી કે પોતાના આટલા નાના ગલૂડિયાને માની નજર સામે જ અથવા ગંધ પહોંચી શકે તેટલા વિસ્તારમાં જ રહેવું જોઈએ અને અત્યારે તેમ નથી. આથી, તેણે જુદા જુદા સ્વરે ઊંહકારા કર્યા, થોડું ભસી અને છેવટે આકાશ તરફ મોં કરીને લાંબા સ્વરે સાદ કર્યો.

'ચૂપ કર. અત્યારે રાત્રે રડવા બેસવાની જરૂર નથી.' માલિકે કહ્યું.

'તો પછી આવું બને ત્યારે શું કરાય?' સદ્ભાવિનીએ પૂછ્યું.

'તપાસ કરાવાય. સવારે આપણે પોલીસને જણાવીશું. બીજે તપાસ કરાવીશું. મળી જશે. હવે જા દરવાજે બેસ.' માલિકે કહ્યું.

સદ્ભાવિની ચાલી ગઈ. પોલીસ સારમેયને કઈ રીતે શોધી શકશે તે પ્રશ્નનો જવાબ તેની પાસે ન હતો. તે જતી હતી ત્યાં એક નોકરાણીએ તેને રોકીને કહ્યું, 'સાંભળ, કાલ એક જોષી મહારાજ માલિકના કામે અહીં આવવાના છે. તું કહેતી હો તો તેને પૂછી જોઉં કે સારમેય ક્યાં ગયો છે.'

'વારું, પૂછી જોજે' સદ્‌ભાવિનીએ સાંશક જવાબ આપ્યો.

બીજે દિવસે પણ સારમેય ન મળ્યો, ન એના પાકા ખબર મળ્યા. હા, પેલા જ્યોતિષીનો જવાબ મળ્યો. 'સારમેય દક્ષિણ તરફ ગયો છે અને દક્ષિણના પંથો શ્રેયકર નથી હોતા છતાં માતા-પુત્રનો મિલન - યોગ તો છે જ. ક્યારેક તે જાતે જ પાછો આવી ચડશે.'

સદ્‌ભાવિની મૌન રહી. દક્ષિણના અનર્થોનો ભય તેના મનમાં વ્યાપ્યો; પરંતુ દક્ષિણમાં પણ કોઈક તો સુપથ હશે જ તેવી આશા કરતી રહી. હવે તેણે ભસવાનું, ઊંહકારા કરવાનું કે લાંબા સાદ કરવાનું બંધ કર્યું અને કૌલેયકને પાસે રાખીને બેસી રહેતી.

સારમેય નહીં જ આવે તેવું લાગતાં તેના શિક્ષકે સદ્‌ભાવિનીને કહ્યું, 'જો તેણે મારી પાસે બરાબર તાલીમ લીધી હોત તો તે નાસી ન જાત.'

કેટલાક કર્મચારીઓ પણ સદ્‌ભાવિની પાસે ગયા. જે વાતો થઈ તેનો સૂર આવો હતો: 'આના કરતાં ભણ્યો હોત તો!..' 'નાનપણથી મંદિરે લઈ જવો હતો...' 'જોને આ કૌલેયક કેવો હોશિયાર થઈ ગયો છે? આશ્રમના લોકો કહેતા હતા કે થોડા વખતમાં તે આખું વિષ્ણુસહસ્રનામ મુખે કરશે...'

સદ્‌ભાવિની દરેકની વાત સાંભળીને પણ મૌન સેવી રહી રહી.

રોજ ખાવાનો સમય થયે ખવાયે ગયું, મંદિરોમાં સમયસર આરતી થતી રહી, દિવસે સૂર્ય અને રાત્રે અંધારઘેર્યા આકાશમાં તારાઓ પોતાના નિયત માર્ગે ચાલતા રહ્યા. સવારે પ્રભાતિયાં ગવાતાં રહ્યાં, ઉનાળો ઊતરતાં વાદળો ઘેરાયાં અને વરસાદ પણ આવ્યો.

આવી જ રીતે ક્યારેક પેલા જોષી મહારાજની વાણી સત્ય થવાની હશે તો થશે તેમ વિચારીને સદ્‌ભાવિનીએ એક સત્ય સ્વીકારી લીધું કે આ મહાવિચિત્ર જગતમાં જે બધું થવાનું હોય તે થયા

જ કરે છે; કોઈ કશું કરતું નથી. તેણે કૌલેયકમાં જ મન પરોવવા વિચાર્યું.

કૌલેયક ગલૂડિયું હોવા છતાં પોતાને જરા મોટો માનવા માંડ્યો હતો. તે મા પાસે બહુ રહેતો નહીં. તેને લાગતું કે પોતાને હવે જવાબદાર અને વિશ્વાસુ શ્વાન તરીકે કામગીરી કરવા જવાનો વખત આવી રહ્યો છે. માનું શું થશે? - તે વિચાર તેને બહુ સતાવતો નહીં; કારણ કે તેને ખાતરી હતી કે મા જે રીતે સારમેયને ભૂલીને પોતાની ફરજોમાં પડી ગઈ છે એમ એક દિવસ પોતાને પણ ભૂલી જશે.

તેના શિક્ષકે કૌલેયકને બીજી પરીક્ષામાં પણ ઉત્તીર્ણ જાહેર કર્યો ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો. તેણે દોડતાં જઈ સદ્ભાવિનીને ખબર આપ્યા. માએ આશીર્વાદ આપ્યા, તે હસી પણ ખરી; પણ વળતી પળે તે ઉદાસ થઈ ગયેલી લાગી. કૌલેયકે વિચાર્યું કે શુનીઓ ક્યારેક અકારણ ઉદાસ શા માટે રહેતી હશે તે સમજવાનો પાઠ હજી ચાલવાનો બાકી છે.

આશ્રમવાસી ગુરુજી કોઈક વાર માલિકને ત્યાં પધારતા. આ વખતે તેઓ પધાર્યા ત્યારે માલિકે કૌલેયકને બોલાવ્યો અને તેના વિકાસની વાત ગુરુજીને કરીને કહ્યું, ‘છે જાતવાન. આપના આશ્રમે શોભે તેવો છે. મોટો થાય ત્યારે સારા સંસ્કાર પણ પામે અને બીજા શ્વાનોને તાલીમ આપવામાં તેનો વિનિયોગ થઈ શકે.’

‘તેનો વિકાસ થતો હોય તો ભલે. અહીંની તાલીમ પૂરી થાય એટલે મોકલ.’ ગુરુજીએ કહ્યું. ‘બીજી વાતોમાં મને રસ નથી. હા, મને એ કહે કે દરેકમાં વિનિયોગ-ક્ષમતા શોધવાની ટેવ તું ક્યારે તજવાનો છું?’

કૌલયેકે આ સાંભળ્યું. માલિકની વાત તેના મજગમાં ઊંડે સુધી ઊતરી પ્રસ્થાપિત થઈ. પોતે આશ્રમે જશે, ગુરુની સેવા કરશે અને પોતાના જાતભાઈઓને સન્માર્ગે વાળવા પ્રયત્નશીલ રહેશે તેની કલ્પનાએ તેને અદમ્ય ઉત્સાહ પ્રેર્યો. ‘ઓહ! કેટલું રોમાંચક!’ તે કંઈ બોલી ન શક્યો.

ગુરુજીના પગ સામે નમીને તે મા પાસે દોડી ગયો.

ગુરુ રોકાયા ત્યાં સુધી કૌલેયક રોજ તેમની ચરણવંદના માટે જતો. તેમની વિદાય પછી કૌલેયક આશ્રમે જવાની લાયકાત કેળવવા મથતો રહ્યો. પોતાના શિક્ષકને હવે બાકીના પાઠો ઉતાવળે પૂરા કરવાની તાકીદ કરવા લાગ્યો. અંતે તેને ઘરે અપાતી તાલીમની છેલ્લી પરીક્ષા પણ લેવાઈ ગઈ અને તેને આશ્રમે રહેવા જવાનો દિવસ આવી લાગ્યો.

'તારા માટે જે શ્રેયકર હોય તે તને મળો' પૃથાએ શુભેચ્છા આપી અને વહાલ કર્યું. 'અહીં આવતો રહેજે અને તારી માની સંભાળ લેતો રહેજે'

સદ્‌ભાવિનીએ તેને હસીને વિદાય આપી. સારમેય ગયો ત્યારે બે દિવસ સુધી ગુમસૂમ રહીને ઊંહકારા કરતી રહેલી મા પોતાને વિદાય કરતાં હસી તે કૌલેયકને ગમ્યું નહીં, પણ તે કંઈ બોલ્યો નહીં. માલિકની સાથે ગાડીમાં બેસીને તેણે વિદાય લીધી.

આશ્રમમાં અનેક સાધકો હતા. કૌલેયકને એ જાણીને નવાઈ લાગી કે દરેક સાધક ગુરુ વિશે, તેમના કથન વિશે, જ્ઞાન વિશે, પોતાની ગુરુભક્તિ વિશે અને સ્વવિકાસના તબક્કા અંગે જુદા જુદા અભિપ્રાયો ધરાવતો હતો. સૌથી વધુ નવાઈની વાત તો એ હતી તેમાંના કોઈનો પણ અભિપ્રાય કૌલેયકના અભિપ્રાય સાથે મેળ ખાતો ન હતો.

એક સાધકના કહેવા પ્રમાણે તેને મૂંઝવતી ઘણી બાબતોમાં મનનું સમાધાન થાય તેવા જ ઉત્તરો ગુરુજી તેને આપતાં; પણ કૌલેયકે જ્યારે ગુરુને પ્રણામ કરીને પોતાનો વિકાસ થવાનો હતો તે ક્યારે શરૂ થશે તેમ પૂછ્યુંતો કશો જવાબ ન મળ્યો. ગુરુજીએ સામે જોઈ સ્મિત કર્યું. બસ આટલું જ.

થોડો સમય તો કૌલેયકને આ સ્થળ જ રહસ્યમય લાગ્યું. અહીં કોઈ દડા ફેંકતું ન હતું. કંઈ લઈ આવવા-મૂકવા જવાનું ન હતું. સૂંઘીને યાદ રાખવાનું, અજાણ્યાને ભસવાનું, મોટા અક્ષરો

ઓળખવાનું કંઈ પણ ન હતું. 'મારે શું કરવાનું છે?' તે પ્રશ્નનો ઉત્તર ગુરુજી આપતા ન હતા.

આ સંજોગોમાં સાધકો પાસે શ્રવણ કરીને વિદ્યાભ્યાસ કરવા સિવાય કૌલેયક પાસે બીજો માર્ગ ન હતો. મોટાભાગના સાધકો પોતાપોતાનાં વાંચન, વિચારણામાં અને માન્યતામાં મસ્ત રહેતા. એકાદ બે જણે કૌલયેકના પ્રશ્નો સાંભળવાની, થોડા ગ્રંથો જોઈ જતાં શીખવવાની, કેસેટ પર પ્રવચનો સંભળાવવાની અને અઘરા શબ્દોના અર્થ સમજાવવાની તૈયારી બતાવી.

જે-જે સાધકે કૌલેયકને મદદ કરી તેમને લાગ્યું કે પૃથ્વી પર કૌલેયક સમાન કોઈ શિષ્ય હોવો સંભવ નથી. તે ઘણું ઝડપથી ગોખીને યાદ રાખવા માંડ્યો. ગીતા, ઉપનિષદ - કંઈ કેટલુંય તેને કંઠસ્થ થઈ ગયું. ધર્મની સૂક્ષ્મ વ્યાખ્યાઓ પણ તે બોલી શકતો થયો. આ પૃથ્વી પર આવો શ્વાન થયો હોય તેવું કોઈએ સાંભળેલું નથી. કોઈ ગ્રંથમાં પણ આવો ઉલ્લેખ નથી!

શ્રીકૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈશુ કે મહમ્મદસાહેબ કેવા ધ્યેય અર્થે જીવન ખર્ચી ગયા, તેઓની વિચારધારા કેવી હતી, આવા અઘરા વિષયો પર પણ તે મનનીય વાતો કરી શકવા માંડ્યો. તેને સાંભળનાર બે ઘડી ઊભા રહી જતાં અને એક શ્વાનને આટલી ઊંચાઈએ પહોંચેલો જોઈને નવાઈ પામતાં.

માલિક આશ્રમે આવતા ત્યારે કોઈને ને કોઈને અચૂક સાથે લાવતા, કૌલેયકની મુલાકાત કૌલેયકની મુલાકાત કરાવતા અને છેલ્લે મહેમાનને કહેતા, 'મૂળે એ અમારો. ગુરુજીને આશ્રમમાં એક શ્વાન રાખવો હતો તે આપી દીધો, શું?'

સદ્ભાવિનીને આ બધા સમાચાર મળતા. પુત્રે આટલી પ્રગતિ કરી છે તે જાણીને તેને સંતોષ થયો. ક્યારેક તેને આશ્રમે જવાનું મન પણ થતું, પરંતુ કોઈ અકળ કારણે તે જવાનું માંડી વાળતી.

એક વખત આશ્રમે કોઈ પ્રસંગે સ્વયંસેવકોની જરૂર ઊભી થઈ એટલે માલિકે ઘરના કર્મચારીઓને ત્યાં જવાનું કહ્યું. બધાં જવા તૈયાર થયાં ત્યારે પેલી નોકરાણીએ સદ્ભાવિનીને

પૂછ્યું, ‘ચાલ, તારે આવવું છે?’

‘મને મન તો થાય છે, પણ રહેવા દે.’ સદ્‌ભાવિની બોલી, ‘મોટો તો હવે મહાશ્વાન થઈ ગયો હશે. હા, તે તને મળે તો તેને પૂછી જોજે કે નાનાની કોઈ ખબર...’

‘આ કૌલેયકે તારું નામ ઉજાળ્યું છે એટલી ભગવાનની દયા માન. “નાનો-નાનો” કહીને મરવાની જરૂર શી છે? વારુ, તું કહે છે તો હું પૂછીશ. સાંભળ્યું છે કે કૌલેયક જ્ઞાની બન્યો છે. ટીપણું ઉકેલીને તે જરૂર કંઈક જાણી શકશે.’ નોકરાણીએ પોતાની રીતે જ્ઞાનની વ્યાખ્યા કરી અને ગઈ.

સાંજે કામની ધમાલમાંથી નવરાશ મળી એટલે તેણે કૌલેયકને મળી માનો સંદેશો કહ્યો અને ઊમેર્યું, ‘તારી મા નાનાને યાદ કરે છે. તે હવે તો સાવ એકલી પડી ગઈ છે. નાનાને તો માની કંઈ પડી નથી. ક્યારેક તું જરા ખબર લેતો રહે તો બિચારીને સારું લાગે.’

‘હું આવીશ.’ કૌલેયકે કહ્યું, ‘અને મારી ઓળખાણો હવે ઘણી છે. એટલે મારી રીતે હું નાનાની તપાસ કરાવી શકીશ.’

|| 4 ||

હોડીના મુસાફરો પોત પોતાના રસ્તે ચાલ્યા ગયા. કાળો અને સારમેય ખેતરો વચ્ચે ચાલતાં રહ્યાં. આકાશ ઘેરાયેલું હતું.

'હવે ચાલવામાં ઝડપ રાખ. અંધારું થવાને વાર નથી. આપણે પહોંચીશું ત્યાં સુધીમાં રાત પડી જશે.' કાળાએ સારમેયને ઉતાવળ કરવા કહ્યું અને ઉમેર્યું, 'એવું થાય તો રાતે તું મારી સાથે જ રોકાઈ જજે. સવારે હું તને શકુને ત્યાં મૂકી જઈશ.'

'શકુ?' સારમેયે પૂછ્યું.

'હા, મેં નાનકડી છોકરીની વાત કરેલી તે. એને ગલૂડિયાં બહુ ગમે છે. એવી એ નિશાળે પણ જાય છે. તને મજા પડશે.' કાળો બોલ્યો. બેઉ શ્વાનોએ ઝડપ વધારી.

કાળાએ કહ્યું હતું તેમ જ બન્યું. અંધકાર છવાયો ત્યારે તેઓ વાડીએ પહોંચ્યા.

'ગમાણ પાસે રહેવાનું તને ફાવશે? વરસાદ આવે તો ગમાણમાં ઘૂસીને ઘાસ પર બેસવાનું. ત્યાં ગાયો રહે છે, પણ મને ભગાડતી નથી. શાંત રહીશ તો તને પણ ખાસ પજવશે નહીં.' કાળાએ સારમેયને કહ્યું.

અડધી રાત્રે વરસાદ પડવો શરૂ થયો. બેઉ શ્વાનો ગમાણમાં પેઠા. ગાયોને ફૂંગરાઈને તેમને ચેતવણી આપવાથી વિશેષ કોઈ ઉપદ્રવ ન કર્યો.

'તું તો પહેલી વાર વરસાદ જોતો હોઈશ.' કાળાએ સારમેયને કહ્યું.

'ના, પહેલાં પણ એક-બે વાર આવો જ વરસાદ આવેલો.' સારમેયે જવાબ આપ્યો અને પૂછ્યું, 'વરસાદ સાંજે અને રાતે જ પડે?'

'ના ગમે ત્યારે પડે.' કાળાએ કહ્યું. તેમની વાતોથી દખલ થાય છે એવું દર્શાવવા માગતી હોય તેમ ગાયોએ ડોકાં હલાવીને ઘૂઘરાં રણકાવ્યા. બેઉ શ્વાનો ચૂપચાપ બેઠાં બેઠાં વરસાદ અને વીજળીનું તાંડવ જોતાં રહ્યા.

વરસાદ પછીની મનોહર સવાર થઈ. બેઉ શ્વાનો ગમાણમાંથી નીકળીને શકુની વાડીએ પહોંચ્યા.

સામે જ ગારમાટીનું મકાન હતું. એક તરફ છાપરી બનાવીને ગાય અને વાછરડું બાંધેલાં હતાં. એક પુરુષ બે બળદોને વાવણીએ જોડતો હતો. એક સ્ત્રી ઘરની બહાર બેસીને ચૂલે તાવડી માંડીને રોટલો શેકતી હતી.

પેલી સ્ત્રીની નજર કાળા પર પડતાં જ બૂમ પાડીને બોલી, 'શકુડી, આ કાળો આવ્યો. હાલ, રોટલો નીરી દે.' બોલતાં જ તેનું ધ્યાન સારમેય પર ગયું. સફેદ દૂધ જેવા, રૂંછડાંવાળા સારમેયને જોતાં જ તે અડધી ઊભી થઈ ગઈ અને બોલી 'આને વળી ક્યાંથી હારે લઈ આવ્યો?'

'નદી પારથી. તે ભૂલો પડી ગયો છે. મને થયું કે અહીં તેને ફાવશે.' કાળાએ ઉત્તર આપ્યો. પેલા પુરુષનું ધ્યાન પણ હવે સારમેય તરફ ગયું. તેણે તેને ઊંચક્યો અને બોલ્યો, 'કાળો તો તને પટ્ટા હારે લાવ્યો છે ને કાંઈ! લાગે છે ઊંચી ઓલાદનો.'

સારમેયે છટપટિયાં માર્યાં અને છૂટવાની કોશિશ કરી. તેને જમીન પર મૂકતાં પેલાએ બૂમ લગાવી, 'શકુડી, જો તારા માટે ગલુડિયું આવી ગયું.'

તેના શબ્દો હજી પૂરા પણ નહોતા થયા તે શકુ બારણામાં આવી. તેણે ઉપરના ભાગે સફેદ અને નીચેથી લીલું ળોક પહેર્યું હતું. નાકમાં વાળી, તેલ નાખીને ચપોચપ ઓળેલા વાળ. એક થેલીમાં ચોપડીઓ ભરવાની કોશિશ કરતી તે બહાર આવી તે જ ક્ષણે તેની નજર સારમેય પર પડી.

આનંદથી નાચી ઊઠીને શકુ ચોપડા અને થેલી ઓટલા પર ફેંકીને સારમેય તરફ દોડી. શકુને થેલી

ફેંકતી અને આનંદથી ઊભરાતી જોઈને સારમેયને પણ શૂરાતન ચડ્યું. તે ઓટલા પરથી થેલી મોંમાં ઉઠાવીને ભાગ્યો.

'ઊભો રેય તારી જાતના' કહેતી શકુ તેની પાછળ દોડી. છેક વાડ પાસે પહોંચીને સારમેય અટક્યો. શકુ આવી. પરસ્પર પહેલી જ વખત મળતાં બે જીવો વર્ષોપુરાણા મિત્રો હોય તેમ એકમેકમાં ઓતપ્રોત થઈ ગયાં.

'તારાં રૂંછડાં કેવા ધોળાં ધોળાં છે કાં?,' શકુએ વાત શરૂ કરી, 'રામજી મંદિરમાં ઓલા હિમાલયવાળા સ્વામીજી આવે છે, બરાબર એમની દાઢી જેવા. એના ગળામાં લાલ સોગઠાંવાળી માળા હોય. તારા ગળામાં પટ્ટો.' શકુએ હસતાં હસતાં કહ્યું અને અચાનક કંઈક યાદ આવ્યું હોય તેમ બોલી, 'તારું નામ સ્વામી રાખીએ'

'કોઈકે મારું નામ તો સારમેય રાખેલું જ છે.'

'ભલે, તોય હું તો 'સ્વામી' જ રાખવાની.' શકુએ કહ્યું.

સારમેયે નવા નામનો ખાસ વિરોધ ન કર્યો. શકુએ પોતાનું આખું ખેતર સ્વામીને બતાવ્યું. લીમડાની બખોલમાં પોપટનાં બચ્ચાં છે તેને ખાવા નાગ આવે છે તે પણ કહ્યું. પછી પોતાની રોજિંદી પ્રવૃત્તિની વાતો કાઢી.

'મને વાસણ ઘસતાં, રોટલો શેકતાં, વાસીદું કરતાં અને છોડવા વાવતાં - બધું જ આવડે છે. તને આવડે?'થી માંડીને પોતે ચોથું ધોરણ ભણે છે, પોતાને કેટલી ખાસમખાસ બહેનપણીઓ છે, નિશાળમાં ક્યા છોકરા તોફાની છે તે અને બધાએ ભેગા થઈને ક્યા માસ્તર કે બહેનની શી ખીજ પાડી છે. આવી તમામ હકીકત તેણે સ્વામીને જણાવી દીધી.

સવારથી ખેતરમાં દોડી ગયેલાં બેઉ મિત્રો પાછાં ઘર પાસે પહોંચ્યાં ત્યારે શકુના બાપુ અડધું

ખેતર વાવી આવીને બળદો છોડતા હતા. માએ રોટલા-શાક બનાવીને ચૂલો ઠારી નાખ્યો હતો.

‘કાળો ક્યાં ગયો?’ શકુએ માને પૂછ્યું.

‘કાળો તો ખાઈને ગયો એને ઘેર. તારાં ઠેકાણાં ન હોય એટલે બધાને એવું થોડું હોય? આજે પાછી નિશાળ પાડી. હાલ, હવે ખાઈ લે અને કૂતરાનેય નીરી દે.’ શકુની માએ કહ્યું.

‘એનું નામ સ્વામી રાખ્યું છે.’ શકુએ છાશમાં રોટલો ભાંગીને સ્વામીને આપતાં કહ્યું. પછી પોતે પણ ખાવા બેઠી.

બપોરે મિત્રો આંબા તળે રમ્યાં. સાંજે શકુએ પોતાની ચોપડીમાંથી સ્વામીને ચિત્રો બતાવ્યાં. અક્ષરો ઓળખાવ્યાં. વાર્તાઓ - કવિતાઓ વાંચી સંભળાવી. પછી તો આ સિલસિલો ચાલુ જ રહ્યો.

શકુ નિશાળેથી આવે તેની રાહ જોતો સ્વામી છેક તળાવની પાળ સુધી સામે જતો. ત્યાં શકુ અને તેની મિત્રો સ્વામીને ઘેરી વળીને થોડું રમતાં. ઘરે આવીને થોડું ખાઈ લીધા પછી શકુ પોતે જે ભણી હોય તે સ્વામીને જણાવતી.

નિશાળમાં વૅકેશન પડ્યું. અને શકુ મામાને ત્યાં જવા નીકળી ત્યારે સ્વામી પણ ગાડા પાછળ ચાલતો સાથે ગયો. હવે તે ગલૂડિયું મટીને મોટો શ્વાન લાગવા માંડ્યો હતો. તેનો ભરાવદાર સ્નાયુબદ્ધ દેહ, તીક્ષ્ણ દાંત, લાંબી કાકરિયાળી જીભ, ઘાટીલી પીઠ, નહોરદાર પગ, ઉન્નત્ત પૂંછડી અને આજસુધી તેણે જે જોયું-વિચાર્યું હતું તેને પ્રતિબિંબિત કરતી મુખમુદ્રા સ્વામીને કોઈ નવું જ રૂપ પ્રદાન કરતાં હતાં.

રસ્તામાં મળતા બીજા શ્વાનો સ્વામીને ભસતા, પણ નજીક આવીને હુમલો કરતાં અચકાતા. એકાદ બે સ્થળે કેટલાક મોટા કૂતરાઓનો ભેટો થયો ત્યારે સ્વામી નીડર રહીને સામો ફરીને

ઊભો. પાછલા પગે ધૂળ ઉડાડીને હરીફને ચેતવણી આપી. તેથી વિશેષ કંઈ તેણે કરવું પણ ન પડ્યું.

મામાને ઘેર તો સ્વામીને જોવા પાડોશના છોકરાં-છોકરીઓ પણ ભેગાં થઈ ગયાં.

બાળકોમાં સાચીખોટી ચર્ચા ચાલી.

'એક સાધુમા'રાજે આ કૂતરો શકુને આપ્યો છે એટલે જ એનું નામ સ્વામી પાડ્યું હશે.'

'અમારા ફુઆ ઈને ઠેઠ નદી પારથી લઈ આવ્યા છે. બોલ, ઈના આવ્યા કેડે શકુની વાડીયે કોઈ દી ચોરી નથી થઈ.' મામાનાં બાળકોએ ભાઈબંધોને માહિતી આપી.

'એને બાપુ નથી લાવ્યા. એ એની મેળે જ આવેલો.' શકુ બોલી.

'શકુ, આવડો આ કહેતો'તો કે તારા બાપુએ સ્વામીને સૂવા ખાસ ખાટલી બનાવી છે ઈ સાચું?' એક બાળાએ અગાઉ થયેલી વાતની સચ્ચાઈ જાણવા શકુને પૂછ્યું.

'હા.' શકુએ જવાબ આપ્યો.

'કેવો દેવાંશી કૂતરો છે નહીં?' કોઈ બોલ્યું.

સ્વામી બધાનો માનીતો થઈ પડ્યો. છોકરાંઓ તેને સીમમાં ફરવા પણ લઈ ગયાં. સ્વામી બીજા કૂતરાને પીંખી નાખે તેવું જોવાની ઇચ્છા બધાને ખૂબ હતી. આ માટે તેઓ હૂ...હૂ... કરીને સ્વામીને ઉશ્કેરતા પણ ખરાં, પરંતુ સ્વામી અને શકુ બન્ને, કારણ વગર કોઈને પજવવાની સ્પષ્ટ ના પાડી દેતાં. આથી સ્વામી પર કોઈ હુમલો નથી કરી શકતું તેને જ તેની બહાદુરીનું પ્રમાણ ગણીને છોકાંઓએ સંતોષ માનવો પડતો.

મામાના ઘેરથી પાછા ફરીને શકુને શાળાના નવા વરસની તૈયારી કરવા પુસ્તકો લેવાનાં હતાં.

'સ્વામી, આ વખતે મંદિરમાંથી ચોપડા મળવાના છે. હાલ, આપણે નામ લખાવી આવીએ' કહીને તે સ્વામીને મંદિરે લઈ ગઈ.

ભણવાનાં પુસ્તકો ઉપરાંત મંદિરમાંથી બીજાં કેટલાંય પુસ્તકો વાંચવા માટે અપાય છે. તે જાણીને સ્વામીએ શકુને કહ્યું, 'તું રોજ એક પુસ્તક લઈ આવે તો તું નિશાળે જાય તે વખતે હું એ પુસ્તક જોઈશ.'

'એક દહાડામાં એક ચોપડી તું જોઈ જઈશ?'

'કદાચ. અને અધૂરી રહે તે વારે નહીં બદલવાની.' સ્વામીએ જવાબ આપ્યો. 'અને તારે વાંચવી હોય તો એનાથી પણ મોડી બદલાવવાની.'

દિવસો પસાર થતા રહ્યા. શકુ નિશાળેથી આવીને સ્વામીને પોતે ભણી હોય તે જણાવતી રહી. સ્વામી પોતે જે નવું પુસ્તક કે દૃશ્ય જોયું હોય તેમાંથી વાતો કરતો. સ્વામી સૂચવે તે પુસ્તકો શકુ વાંચતી ગઈ. પરસ્પર આદાનપ્રદાનનો ક્રમ ચાલ્યો. માત્ર 'ક્ષ' વાળું ગણિત સ્વામી કે શકુ બેમાંથી કોઈને બહુ ગમતું નહીં.

એક રજાના દિવસે શકુની એક મિત્ર શકુને ત્યાં આંબા તળે બેસીને નાની ચોપડીમાં જોઈને બોલતી હતી:

स्थितप्रज्ञस्य का भाषा समाघिस्थस्य के शव |
स्थितघिः किं प्रभाषेत कि मासित व्रजेत कि म् ||

'અલી, તું કોને પ્રશ્નો પૂછે છે?' સ્વામીએ નવાઈ પામીને પૂછ્યું.

'કોઈને નહીં' પેલી છોકરીએ જવાબ આપ્યો. 'અર્જુને ભગવાનને પૂછેલું તે વાચું છું. જવાબમાં ભગવાને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો કહ્યાં છે, તે ગોખીએ તો પુણ્ય મળે. ગીતા મોઢે કરે તેને ઈનામ

પણ મળવાનું છે.'

'પુણ્ય માટે માત્ર સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ગોખવાનાં હોય તો પછી સવાલવાળો શ્લોક યાદ રાખવાની શી જરૂર છે?

'ગાંડા, તો તો ગીતા અધૂરી કહેવાય. પાપ લાગે.' પેલી મિત્રે સારમેયના અજ્ઞાન પર હસતાં કહ્યું.

'એવું કોણે કહ્યું?'

'કથાવાળા મહારાજે વળી, બીજા કોણે?' છોકરીએ જવાબ આપ્યો.

'તું મને તે મહારાજ પાસે લઈ જઈશ?' સ્વામીએ પૂછ્યું.

'હા, શકુની હારે કાલ કથામાં આવજે. કાલ ને કાલ જ. પછી તો મહારાજ બીજે ગામ જતા રહેવાના છે. કથા પૂરી થાય એટલે તરત શકુ તને મહારાજ પાસે લઈ જશે.'

'હું શા માટે? તું જ લઈ જજે' વચ્ચે શકુએ કહ્યું.

'ના. બા, મને તો શરમ આવે. તું આવીશ તો જ.' બહેનપણી બોલી.

બીજે દિવસે કથાસ્થાને શ્વાનની હાજરીથી થોડો અજંપો ફેલાયો. જેની પાસે સ્વામી બેઠો હતો તે પ્રથમ ચમક્યો. એકાદ પળ મૂંઝાયો, બીજી જ પળે સ્વામીનો દૂધિયો રંગ, લાંબા વાળ, આગળના પર લંબાવી તેના પર ઢાળેલું મોં, બંધ આંખો, અને કથા સાંભળવાની ધગશ જોઈને તેને લાગ્યું કે સામાન્ય સંજોગોમાં શ્વાનો પ્રત્યે અપાય તેવો પ્રતિભાવ આ શ્વાન પ્રત્યે ન આપવો જોઈએ. તેણે માત્ર પોતાની બાજુમાં બેઠેલા બીજા શ્રોતાનું ધ્યાન દોર્યું અને કર્મસંતોષ માન્યો.

કોઈ શ્વાને કથામંડપમાં બેસીને કથાશ્રવણ કરી હોય તેવું કોઈએ કદી સાંભળેલું નહીં. જેણે જેણે સ્વામીને જોયો તે બધા નજરે દેખાવા છતાં માની ન શકાય એવી ઘટનાને અવાક્ બનીને જોઈ

રહ્યા. પછી પોતાની પાસેના શ્રોતાનું ધ્યાન સ્વામી તરફ દોરવા લાગ્યા. ધીમે ધીમે સભામંડપમાં સિસકારા અને પછી ગણગણાટ ફેલાયો. લોકો ઊંચા થઈ થઈને કોઈ ચમત્કારિક બનાવ જોતાં હોય તેમ જોવા લાગ્યા.

કથામાં થોડો વિક્ષેપ પડ્યો એટલે કથાકારનું ધ્યાન પણ ખેંચાયું. કશું આશ્ચર્ય અનુભવ્યા સિવાય વ્યાસપીઠ પર બેઠાં બેઠાં જ તેમણે હોઠ પર આંગળી મૂકીને શ્રોતાઓને શાંત રહેવા સૂચન કર્યું અને આકાશ તરફ આંગળી ચીંધી અને કથા યથાવત્ આગળ ચલાવી.

મોટાભાગના શ્રોતાઓએ આ ઈશારાનો અર્થ એવો કર્યો કે ગયા જન્મનો કોઈ યોગભ્રષ્ટ આત્મા મહારાજશ્રીની કથા સાંભળીને મુક્તિ મેળવવા આવી ચડ્યો લાગે છે. કોઈકે વિચાર્યું કે મહારાજ સૂચવે છે કે ઈશ્વરની કથામાં બેસનાર સૌ સમાન છે માટે ચર્ચા ન કરવી.

આ બધાથી અજાણ સારમેય એટલે કે સ્વામી આંખો બંધ રાખીને કથા પૂરી થાય એટલે મહારાજને મળીને પોતાનો પ્રશ્ન રજૂ કરવાનું વિચારી રહ્યો હતો.

કથા પૂરી થઈ કે ટોળું શકુને અને સ્વામીને ઘેરી વળ્યું. માંડ માંડ રસ્તો કાઢીને બેઉ જણાં મહારાજ પાસે પહોંચ્યા ત્યારે મહારાજ વ્યાસપીઠ પરથી ઊતરી રહ્યા હતા. સ્વામી અને શકુને પોતાની તરફ આવતાં જોઈને તેઓ ઊભા રહ્યા અને બેઉ સામે જોઈને સસ્મિત પૂછ્યું, ‘કંઈ કામ છે?’

સ્વામીએ શકુની મિત્ર ગીતા કંઠસ્થ કરે છે તે વાત કરી. પછી પોતાની શંકા રજૂ કરીને પૂછ્યું, ‘ગીતાનો ઉપદેશ વાંચી, સમજીને યાદ રાખવાનો હોય છે કે અર્જુનના પ્રશ્નો પણ વાંચવા અને કંઠસ્થ કરવા પડે?’

મહારાજ પળ-બેપળ સારમેય સામે જોઈ રહ્યા પછી બોલ્યા, ‘તું એમાંનું કંઈ નહીં કરે તો પણ ચાલશે.’ પછી ઉમેર્યું, ‘પ્રશ્નો તો ચિત્તમાં થવા જોઈએ, જાગવા જોઈએ, મનમાં ઊઠવા જોઈએ. પ્રશ્નો તો ઠીક, જવાબો પણ વાંચવા કે ન વાંચવા, કંઠસ્થ કરવા કે ન કરવા તે કોઈના પણ માટે

ત્યારે જ મહત્ત્વનું બને છે જ્યારે તેને પ્રશ્ન થાય. શું હું માનું કે મારું કહેવું તું સમજ્યો છે?'

'જી.' સ્વામીએ જવાબ આપ્યો.

શકુએ મહારાજને કહ્યું, 'તો પછી આપે ગીતા કંઠસ્થ કરવાનું શા..'

'હા મેં જ કહ્યું છે. તું તારી બહેનપણી વિશે થોડું વધુ વિચારીશ તો તને સમજાશે કે મેં એવું કેમ કર્યું.' કહીને મહારાજ વિદાય થયા.

એક કૂતરો મહારાજ સાથે જ્ઞાનચર્ચા કરે એ તો ઠીક, પણ મહારાજ અત્યંત ઉદાર રહીને કૂતરાને જવાબ પણ આપે તે ઘટના કંઈ નાનીસૂની ન કહેવાય.

વાયુવેગે ગામમાં વાત ફેલાઈ. ગામની કથામાં થયેલા આવા ચમત્કારને પૂરતી પ્રસિદ્ધિ મળે તે માટે કંઈક કરવું જોઈએ તે વિચાર ગામના લોકો ભેગા થયા. સૌપ્રથમ તો તે કૂતરો કોનો છે તે શોધવું પડે તેની ચર્ચા થઈ.

મહારાજ તો ગામ છોડીને બીજે જવા નીકળી ગયા હતા. સ્વામી તો સીમમાં જ હતો. ગામમાં થોડાક આગેવાનોનું મંડળ બનાવીને સ્વામીનું અને તેના માલિકોનું ભવ્ય સન્માન કરવાનું લોકોએ વિચારી નાખ્યું.

રાત્રે શકુના ઘરે થોડા માણસો આવ્યા. શકુ તેની મિત્રને ત્યાં ગઈ હતી. રાત્રે અજાણ્યા માણસોને ખેતરમાં પ્રવેશતા જોઈને સ્વામી તંગ થયો, ત્યાં જ શકુનાં મા-બાપુએ આગંતુકોને આવકાર્યા એટલે તે શાંત રહ્યો. બધા વાતે વળગ્યા અને આજે કથામાં જે બન્યું તું તેની વાત પણ થઈ. પછી પ્રશ્નો થયો 'એ કૂતરો તમારો જ હતો ને?'

'હા, અમારો જ વળી, આ સામે બેઠો ઈ જ' શકુના બાપુએ કહ્યું.

'અમારો' આ શબ્દ સાંભળીને સ્વામી જરા ચમક્યો.

તરત જ એક યુવાને પોતે ઊભા થઈને બીજા બધાને સ્વામી પાછળ જઈને લાઈનમાં ઊભા રહેવા કહ્યું. બધા ઊભા રહ્યા પછી પેલાએ ફ્લૅશ ચમકાવીને છાપામાં આપવા માટે ફોટા પાડ્યા. પછી બધા ગયા.

શકુ આવી ત્યારે તેના બાપુએ હરખભેર કહ્યું, 'શકુ, આ સ્વામીએ આપણને ઊજળા કર્યાં.' માતા પણ હરખભેર બોલી, 'ગામમાંથી મહાજન આવેલું. કાલ સવારે ગામ આપણું ને સ્વામીનું સામૈયું કરવાનું છે.'

હું સામૈયામાં નહીં આવું' શકુએ શાંતિથી કહ્યું.

'કેમ નહીં? આપણી હારે આપણા કૂતરાનો સામૈયો કાઢવાનો હોય પછી જાવું તો પડે ને? અને સ્વામી હારે તું તો હોય જ ને?

અત્યાર સુધી મૌન બેસી રહેલો સ્વામી ઊઠ્યો. શકુનાં મા-બાપ સામે જઈને બોલ્યો, 'મારે તમને બે સવાલ પૂછવા છે.'

પૂછ. તું તો મહારાજનેય પૂછી આવ્યો છે તો હવે અમને પૂછ.' શકુની માએ હસતાં હસતાં કહ્યું.

'હું તો તમારી સાથે લાંબા સમયથી રહું છું. આજ સુધી તમને ક્યારેય એવું લાગ્યું છે કે મારું સામૈયું થવું જોઈએ?'

'ના, આ તો તેં...'

'બસ. લાંબો ખુલાસો જરૂરી નથી. હવે મારો બીજો સવાલ સાંભળો,' સ્વામીએ કહ્યું, 'તમે ગામના માણસોને એવું કહ્યું કે હું તમારો કૂતરો છું. તો મને તમે એ કહો કે મારા કયા વર્તનથી કે વાતથી તમને એવું માનવાનું મન થયું કે હું તમારો કૂતરો છું.'

'લે વળી,' માતાપિતાએ જવાબ દીધો. 'અમે તને પાળ્યો છે, તને રોટલા નીર્યા, તું અમારા ઘરે

રહે છે. અમારો કૂતરો જ છે તું.'

'એવું તમે બે જણાં કહો છો. એ નિર્ણય પણ તમારો બેનો જ છે. શકુ તું શું માને છે?' સ્વામીએ પૂછ્યું.

શકુ ક્ષણભર મૌન રહી. પછી સ્પષ્ટ ઉત્તર આપતાં બોલી, 'તું અત્યારે અહીં છે. તેથી વધુ કશું જ નહીં. કોઈના બનવું કે કોઈના હોવું તો જીવના પોતાના નિર્ણયથી જ હોય છે. બીજાના નિર્ણયથી નહીં.'

સ્વામીએ આગળ કોઈ વાત ન કરી. તે શાંતિથી ગયો. પોતાને માટે બનાવાયેલી ખાટલીથી દૂર ભૂમિ પર જઈને બેઠો. રાત્રે તે જાગતો બેસી રહ્યો.

પરોઢે શકુ સ્વામી પાસે આવી. કંઈ બોલ્યા વગર તેણે સ્વામીના શરીરે હાથ ફેરવ્યો. તેની ગરદન પસવારી અને ધીરેથી તેના ગળામાં પટ્ટો ઉતારી લીધો. સ્વામી શકુ સામે જોઈ રહ્યો. થોડી વારે શકુ પટ્ટો લઈને ચાલી ગઈ.

'શકુ, તેં મને પટ્ટાથી મુક્ત કર્યો છે. તે હું હંમેશા યાદ રાખીશ. ભૂલી નહીં જઉં.' સારમેય બોલ્યો.

સવારે સામૈયા માટે હાજર થવાનું કહેણ આવ્યું ત્યારે આખું ખેતર સ્વામીને શોધતું હતું. માત્ર શકુ આંબા તળે ખાટલી પર શાંત બેસીને ક્ષિતિજ તરફ જોઈ રહી હતી.

|| 5 ||

પોતે બીમાર હતી તો પણ સવારનું છાપું ફેંકાયું એટલે સદ્ભાવિની ઊભી થઈ. રોજની માફક તે દોડી ન શકી. તેને લાગ્યું કે પોતે થાકી ગઈ છે; પણ તેણે છાપું મોંમાં લઈને, બગીચામાં જઈ માલિકને પહોંચાડવાનું હતું.

માલિક છાપું લઈ લે અને 'ગુડ ગર્લ' કહે. ખુશ હોય તો થાબડે કે બિસ્કિટ પણ આપે. સદ્ભાવિનીને ખાસ કંઈ ફેર પડતો નહીં. તે છાપું પહોંચાડીને થોડે દૂર જઈ ઘાસમાં બેસી જતી.

આજે એ ક્રમમાં ભંગ પડ્યો. છાપામાં કંઈક પરિચિત લાગતાં જ સદ્ભાવિનીએ પંજો મારીને છાપું ખોલી નાખ્યું અને પહેલે પાને છપાયેલા ફોટા તરફ એકીટસે જોઈ રહી. પછી વીંખાયેલા છાપાનાં, મોમાં આવ્યાં એટલા પાનાં લઈને તે દોડતી બાગમાં આવી. માલિક અને માલિકણ તેને આ રીતે આવતી નવાઈથી જોઈ રહ્યાં.

'ફોટા નીચે એનું નામ ભલે સ્વામી લખ્યું હોય, પણ આ ફોટો સારમેયનો જ છે' સદ્ભાવિનીએ છાપું માલિક સામે ધરવાને બદલે પૃથા સામે ધર્યું અને કહ્યું, 'તમે જ જોઈ લો. છે ને સારમેય?'

'પહેલાં તું બાકીનાં પાનાં લઈ આવ. 'માલિકે ઊગ્ર પ્રતિભાવ આપ્યો.

સદ્ભાવિનીએ માલીકની વાત સાંભળી ન હોય તેમ તે ત્યાં જ ઊભી રહીને આગળ બોલવા લાગી, 'તમે જુઓ, બરાબર જુઓ, એ થોડો મોટો થઈ ગયો છે; પણ હું એને ઓળખવામાં ભૂલ તો ન જ કરું. હવે સ્વામી કહેવાતો હશે, પણ ફોટામાં મારો નાનો જ છે.'

પૃથાએ સમાચાર ધ્યાનથી વાંચ્યા. ફોટો જોયો. પછી સદ્ભાવિનીને કહ્યું, 'હું આ છોકરી, શકુને ગામ જઈશ. આજે જ જઈશ. તારે પણ આવવું હોય તો આવજે. હવે જા, છાપાનાં બીજાં પાના લઈ આવ જોઉં.'

સદ્ભાવિનીએ આશ્વસ્ત થઈ બીજાં પાનાં લઈ આવીને માલિકને સોંપ્યાં.

બપોરે પૃથાએ સદ્ભાવિનીને સાથે આવવા કહ્યું તો તેણે જવાબ આપ્યો, 'મને લાગે છે કે હું વધારે માંદી છું. હું આવી નહીં શકું. તમે જ જઈને તેને લઈ આવશો?'

પૃથા એકલી શકુને ગામ જવા નીકળી ગઈ. સદ્ભાવિની દરવાજે ઊભી રહીને તેની ગાડીને જતાં જોઈ રહી.

બીજે દિવસે ખાલી હાથે પાછાં ફરીને પૃથાએ કહ્યું, 'તારી વાત સાચી હતી. છાપામાં ફોટો સારમેયનો જ છે, પણ અત્યારે તે શકુને ત્યાં નથી તે ક્યાંક ચાલ્યો ગયો છે.'

સદ્ભાવિનીએ શાંતિથી સાંભળી લીધું અને કંઈ બોલ્યા વિના બેસી રહી. બે-ત્રણ દિવસ પછી એક સાંજે અચાનક સારમેય દરવાજે આવીને ઊભો.

સદ્ભાવિની દોડી નહીં. સારમેયને ભેટીને રડવું પણ તેને ન સૂઝ્યું, તે ધીમેથી ઊઠી, માંડ ચાલતી હોય તેમ સારમેય સામે જઈને ઊભી અને પોતાની પૂંછડી હલાવી. સારમેયની અજેય પૂંછડી પણ હલી ઊઠી.

રાત્રે મા દીકરો વાતે વળગ્યાં. 'તું કહ્યા વગર જ અચાનક ચાલ્યો જાય તેથી મને કેટલું દુ:ખ થશે તેવો પણ તને વિચાર ન આવ્યો?' માએ વર્ષોથી મનમાં સાચવી રાખેલી ફરિયાદ કરી.

'કેમ? હું તો રોજ તને કહ્યા વગર જ બધે જતો હતો.' સારમેયને નવાઈ લાગી હોય તેમ તેણે સામે પૂછ્યું.

'ઓ મા રે!, હજુ પણ તું મૂર્ખ જ રહેવાનો?' સદ્ભાવિની આર્તભાવે બોલી, 'રોજ તો તું અહીં તહીં જ જતો, દૂર નહીં.'

'તું મને જોઈ ન શકે એટલે પહોચું પછી દૂર અને નજીકમાં શો ફરક પડે એ મને સમજાવ.' સારમેયે

કહ્યું.

સદ્‌ભાવિની પાસે સારમેયની આ વાતનો કોઈ સીધો ઉત્તર ન હતો. તેણે જવાબ વાળ્યો, 'કૌલેયક પણ ગયો છે, પરંતુ તે ક્યાં છે, કેમ છે તેની ખબર મને મળ્યા કરે છે. તે હવે તો મોટો સાધક થઈ ગયો છે. જ્ઞાની છે. મને ખબર મળ્યા છે કે થોડા સમયમાં તો તેના ગુરુની જેમ ભણાવવાનું પણ શરૂ કરશે. તારી બાબતમાં પણ આવું બધું જાણવા મળે તો મને સંતોષ થાય.'

'મારી બાબતમાં આવું કંઈ બને તેમ ન હતું. બન્યું હોત તો પણ હું તને ખબર પહોંચાડી શકત નહીં, કારણ કે મને તો ઘરનો રસ્તો જ ખબર ન હતો. આજે પણ માંડ જડ્યો.' સારમેયે કહ્યું.

સદ્‌ભાવિનીને લાગ્યું કે પોતે સારમેયને વધુ પડતું કહી નાખ્યું છે. તેનું મન દુ:ખી થઈ ગયું. તે બોલી, 'તારો ફોટો છાપામાં આવ્યો એનો મને ગર્વ છે. તું કૌલેયકને મળીશ તો એ પણ રાજી થશે. ગુરુજીના પ્રતાપે તે જ્ઞાની બન્યો છે. મને તો થાય છે કે તું એકવાર તેમને ત્યાં જા. મોડું તો ભલે મોડું, પણ થોડું જ્ઞાન મેળવ. તું ગુરુ પાસે રહે, ભણ. કહે છે, ગુરુ વિના જ્ઞાન મળતું નથી. તું જ્ઞાની બન. તું આશ્રમે જઈશ ને?'

સારમેયે પૂછ્યું, 'આ તારી આજ્ઞા છે?'

સદ્‌ભાવીનીએ ઉત્તર આપ્યો, 'આજ્ઞા નથી કરતી; પણ તું ત્યાં જાય તો મને ગમે ખરું.'

'તું કહે છે તો ક્યારેક આશ્રમે જઈશ, પણ હું ઉપદેશ ગ્રહણ કરી શકીશ કે કેમ તે હું નથી જાણતો. વળી કોઈ પાસે ઉપદેશ સાંભળીને જ્ઞાની થઈ શકાય કે નહીં તેની પણ મને ખબર નથી.' સારમેયે જવાબ આપ્યો.

'જરૂર થઈ શકાય.' સદ્‌ભાવિનીએ કહ્યું. તે હાંફી ગઈ.

'તને કંઈ થાય છે?' સારમેયે પૂછ્યું.

‘ઘરડી થઈ ગઈ છું. બીજું તો શું થવાનું?’ માએ કહ્યું, ‘તું મારી પાસે આવી ગયો. તારો ફોટો છાપામાં જોયો. તું હવે આશ્રમે જવાનો...’ સદ્‌ભાવિની ઊંઘમાં સરી ગઈ. પુત્રને વર્ષો પછી પણ મળી લીધાના સંતોષ સાથે તે થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘી ગઈ- એટલી નિરાંતે કે તેણે ફરી ક્યારેય જાગવું ન પડ્યું.

*

न हन्यते हन्यमाने शरीरे| કૌલેયક શ્લોક બોલતો હતો. સારમેયને ક્ષણભર લાગ્યું કે આંબા તળે બેસીને ગીતા સાંભળતી વેળાએ આ શ્લોકોના અર્થ જે રીતે સમજાયા હતા તેના કરતાં કંઈક જુદી રીતે અહીં સમજાય છે. તે વધુ વિચારવાનું છોડીને કૌલેયક પાસે બેસીને સાંભળી રહ્યો.

માના ગયા પછી બેત્રણ દિવસે માલિકે બેઉ શ્વાનોને બોલાવી પોતાની સામે ઊભા રાખ્યા. પછી કૌલેયકને ઉદ્દેશીને કહ્યું, ‘સાધક, તું અહીં રોકાઈ જા તો મારે જાતવાન શ્વાનની જરૂર છે જ. તારી મા હતી ત્યાં સુધી ચાલ્યું, હવે અજાણ્યાને લાવવા કરતાં તું જ રહી જા.’

‘મારી સાધના ચાલે છે તેમાં ભંગ ન થાય તેમ હું ઈચ્છું છું. વળી, મારે હવે મારા જાતભાઈઓ માટે જ્ઞાનકેન્દ્ર પણ કરવું છે, મને આશા છે કે મારી પ્રગતિ રૂંધાય તેવો આદેશ આપ નહીં કરો.’ કૌલેયકે કહ્યું અને આગળનો એક પગ સારમેય તરફ લંબાવીને કહ્યું, ‘આની પાસે હવે કોઈ કામ નથી. તે અહીં રહેશે તો ચોકી તો કરશે જ’

‘સારમેય!’ માલિકે કહ્યું, ‘આમ તો તે પણ જાતવાન છે, પણ ખેતરમાં રખડ્યા કરવા સિવાય કશું જ શીખ્યો નથી. પટ્ટાની પણ તેણે કંઈ કિંમત કરી નથી. એટલે એક રીતે તો તે વગડાઉ કૂતરાથી વિશેષ કંઈ નથી. તેને હવે તાલીમ આપીએ તો પણ શું વળવાનું?

કૌલેયક પોતાના ભાઈ વિશે આવા સીધા વાક્પ્રહારોથી દુઃખી થઈને નીચું જોઈ ગયો.

સારમેય કશા પ્રતિભાવ વગર નિર્વિકાર ઊભો રહ્યો. તેની આંખોમાં શરમ, દીનતા, હીનતાના કે બીજા કોઈ ભાવ ન આવ્યા. માલિક અને કૌલેયક બન્નેને લાગ્યું કે સારમેય કાં તો બહેરો થઈ ગયો છે કે પછી તે મીંઢો બની ગયો છે. માલિકે આગળ કંઈ ન કહ્યું એટલે બેઉ ભાઈઓ ત્યાંથી ચાલ્યા ગયા.

‘સારમેય, તારે માલિકને કહેવું જોઈતું હતું કે જો તેઓ તને અહીં રાખે તો તેઓ કહે તે શીખવાની તારી તૈયારી છે.’

‘એમ કરવું મને જરૂરી નથી લાગતું.’ સારમેયે વચ્ચે જ કહ્યું.

‘તો પછી તું મારી સાથે ચાલ, ગુરુજીને કહીને તને આશ્રમમાં રાખી શકીશ. ત્યાં તને જ્ઞાનપ્રાપ્તિ થશે. આમ પણ માની એવી આજ્ઞા હતી કે તું આશ્રમમાં આવે.’ કૌલેયકે કહ્યું.

‘માએ આવી કોઈ આજ્ઞા કરી હોવાની મને ખબર નથી; પરંતુ જો તેણે ઇચ્છા કરી હશે અને પૂરી થવાની હશે તો થશે જ. જ્ઞાન મેળવવા આશ્રમે આવવું તે પણ મને જરૂરી લાગતું નથી. મારા પ્રયત્નોથી મને જે મળશે તે મારા માટે પૂરતું છે તેમ મને લાગે છે.’ સારમેયે સ્પષ્ટ શબ્દોમાં શાંતિથી જવાબ આપ્યો.

‘એટલે તું અત્યારે મારી સાથે નથી આવતો એમ સમજું?’

‘એમ જ.’ સારમેયે કહ્યું.

‘તારી મરજી. માએ તને આશ્રમે જવાનો આદેશ આપ્યો છે તે જાણીને મને તો થયેલું કે તું ત્યાં જ આવશે. ભલે ભણે નહીં, જ્ઞાનીજનોનાં પ્રવચનો સાંભળીને તને ઊર્ધ્વમુખ થવાનું મન થશે. તને જ્ઞાન પ્રાપ્ત થશે તે તું બીજાને પણ આપી શકીશ. જેમ મારે હાથે થવાનું તેમ, ભવિષ્યમાં, તારા હાથે પણ આપણા જાતિભાઈઓનું કલ્યાાણ થશે.’

'હું હંમેશા વર્તમાનમાં જ જીવું છું.' સારમેયે કહ્યું અને ઉમેર્યું. 'હું અહીંથી જઈ રહ્યો છું. ક્યાં તે મને ખબર નથી. માએ મને કોઈ આદેશ આપ્યો હોય તેવું મને યાદ નથી. હા, તેણે મને આગ્રહભરી સલાહ આપેલી.'

'એટલે તું ઉદ્દેશહીન જીવન જીવવા ટેવાઈ ગયો છે.' કૌલેયકે કહ્યું. સારમેયે કંઈ જવાબ ન આપ્યો. બપોરે કોઈની પણ રજા લેવા રોકાયા વિના તે માલિકનું ઘર છોડીને ચાલી નિકળ્યો.

પોતે પહેલાં નીકળેલો તે જ માર્ગે સારમેય આગળ વધ્યો. રસ્તામાં તેણે પેલા પૂંછકટ્ટા રૉમીને એક ખેતરમાં ઘાસ પર આળોટતો જોયો. સારમેય તે તરફ ગયો તો રૉમી ગભરાઈને કાપયેલી પૂંછડી પગ વચ્ચે કરીને બોલ્યો, 'મને મારવો તે તારા જેવા બહાદૂર શ્વાન માટે શોભાસ્પદ નહીં ગણાય'

'રૉમી, હું તને મારવાનો નથી. તને યાદ હોય તો ઘણા સમય પહેલાં આપણે મળ્યા હતા. ત્યારે હું ગલૂડિયું હતો અને પેલા મહાલયના દરવાજાની અંદર રહીને તેં મારી સાથે વાત કરેલી.'

'ઓહ, તો તો મેં તને ધમકીઓ પણ આપી હશે. એ સમે હું બધાને એમ જ કરતો. મને માફ કરજે. ત્યારે મને ખબર ન હતી કે તું આવો રોફદાર અને બળવાન શ્વાન થવાનો છે. નહીંતર કોઈ એવું કરે ખરું?' રૉમીએ ભયથી થરથરતાં કહ્યું.

સારમેય પોતાને પીંખી નાખશે તે દહેશતથી રૉમી જમીન પર બેસી ગયો. નબળા દેખાતા શ્વાન પર ધાક જમાવવાનો આનંદ કોઈ બળવાન શ્વાન જતો કરે તેવી કલ્પના પણ રૉમીને આવે તેમ નહોતી.

'માફી માગવાની જરૂર નથી. તે સમયે તું જ કહેવા માગતો હતો તે મેં સાંભળેલું. આજે પણ તું જે કહે છે તે હું સાંભળું છું.' સારમેયે કહ્યું અને પૂછ્યું, 'પણ તું તારા ઈલાકાને છોડીને અહીં કેમ આવ્યો છે?'

'મને પેટ પર ખસની શરૂઆત થઈ છે. હવે આખા શરીરે થશે. તેનો ઉપાય હોય, પણ મારા દાક્તરે માલિકને સૂચવ્યું કે રોજ રોજ મારી સારવાર કરવી અને તે માટે ખોટો ખર્ચ કરવો તે કરતાં નવો જુવાન કૂતરો ખરીદવો તેમાં ડહાપણ છે. બસ, તે પછી મને દરવાજા બહાર તગેડી મૂક્યો. હું નવો ઈલાકો શોધવા નીકળ્યો. ઘણો માર ખાધો અને અંતે આ ખેતરમાં કોઈ ન હતું એટલે રહી પડ્યો.'

'એટલે હવે આ તારો નવો ઈલાકો છે!' સારમેય હસ્યો.

'માત્ર નામનો. અહીં આવીને મને મારી શકે તેવાં ઘણાં શ્વાનો આસપાસના ભાગોમાં રહે છે. બચીને રહું છું, પણ ખાવાની બાબતમાં ઝઘડો થાય છે.'

સારમેય કરુણાસભર આંખે રૉમીને જોઈ રહ્યો. 'હું આસપાસના વિસ્તારના શ્વાનોને સમજાવીશ કે તેઓ તને ન પજવે. તારે પણ ઝઘડાથી દૂર રહેવું, નાના-મોટા દરેકને પ્રેમથી મળવું. તેવું કર તો કદાચ તારી મુશ્કેલીઓ ઓછી થઈ શકે.'

કહીને સારમેય ત્યાંથી ગયો. આસપાસના ખેતરોમાં જે બળવાન શ્વાનો હતા તેમને મળીને રૉમીને પરેશાન ન કરવા સમજાવ્યા અને પછી શહેર તરફ ચાલ્યો.

તે ફરી એક વાર ઘાટ પર આવીને ઊભો ત્યારે સૂર્ય ડૂબવાની તૈયારી હતી. ઘાટ સાવ ખાલી હતો. માત્ર એક હોડીમાં છેલ્લા ફેરાના મુસાફરો ગોઠવાતા હતા. સારમેય તે તરફ ગયો. એક લવરમુછિયો નાવિક હોડીમાં ચડતા દરેક મુસાફરને કહેતો હતો: 'સાંભળો, તમે જે નદી પાર જાઓ છો તે નદી ક્યારેય હતી નહીં કે ક્યારેય હોવાની નથી.'

મુસાફરો સાંભળી લેતા. કેટલાક સામસામે જોઈને હસી લેતા. નાવિક આ સમજતો; પરંતુ કશું મન પર લાવ્યા વિના દરેક પ્રવાસીને આવાં વાક્યો કહેતો જ રહેતો.

નાવિકની વાત સાંભળતાં જ સારમેય વિચારમાં પડી ગયો. તેણે નાવિકને પૂછ્યું, 'આમ બોલીને

તું શું કહેવા માગે છે?'

'કંઈ જ નહીં' નાવિકે કહ્યું, 'આ તો એક મંત્ર છે. આ મંત્ર બોલવાથી મને લાભ થાય છે.

'શો લાભ?' સારમેયે પૂછ્યું.

'લાભ એટલે લાભ. નાવ બરાબર ચાલે. ઉતારુ સારા પૈસા આપે.'

'એ બધું આ મંત્રને કારણે?'

'હા.' નાવિકે કહ્યું, 'ચાર-પાંચ વર્ષ પહેલા મારા બાપુની નાવમાં એક ગલૂડિયું સામે પાર ગયેલું. તેણે નદી અંગે મારા બાપુને કંઈક પૂછેલું. તે વખતે એક પૂજારીજીએ બાપુને આ મંત્ર આપેલો.'

નાવિક મોજમાં આવીને કહેતો રહ્યો, 'તે પછી મારા બાપુ 'નદી તું ક્યાંથી આવે ને ક્યાં જાય છે...' એવાં ગીતો ગાયા કરતા અને મરતી વખતે મને કહેલું કે: "બેટા, નદીમાં નાવ ભલે ચલાવજે; પણ નદીના હોવા વિશે ભ્રમમાં ન રહીશ" હું જે કંઈ સમજેલો તે આટલું જ કે બાપુ કંઈક મંત્ર કહે છે. બસ ત્યારથી હું આ મંત્ર ભણ્યા કરું છું અને અમારો ધંધો પુરબહારમાં ચાલે છે.'

'ઓહ, ભાઈ, તારી નાવમાં ગયેલું ગલૂડિયું તે હું જ હતો. પેલા પૂજારીએ તારા બાપુને કોઈ મંત્ર આપ્યાનું મને યાદ નથી.' સારમેયે કહ્યું અને હોડી સામે કિનારે લાગતાં જ ઝડપથી ઊતરીને ચારે પગે ઊછળતો વનો તરફ દોડ્યો.

'અરે પણ જરા ઊભો તો રહે .....' નાવિકે બૂમ પાડી.

'વધુ અનર્થ થાય તે પહેલાં મારે તે પૂજારીને મળવું પડશે' સારમેયે દોડતાં રહીને જવાબ આપ્યો.

આસપાસ નાં ગામોમાં સારમેય શંકરનાં મંદિરોમાં ફરીને પૂજારીને શોધતો રહ્યો. લાંબી રઝળપાટને અંતે એક અરણ્યમાં વસેલા નાના ગામમાં ટેકરી પરના મંદિરે પહોંચ્યો ત્યાં તેણે પેલા

પૂજારીને જોયો.

‘એક દિવસ જે ગલૂડિયાને તમે અહીં આવવા કહેલું તે હું છું. અત્યારે તો હું તમને એક વાત પૂછવા આવ્યો છું.’ સારમેય શ્વાસભેર બોલી ગયો.

‘તું તો ઘણો મોટો થઈ ગયો છે.’ પૂજારીએ ઊભા થઈને સામે આવતાં જવાબ આપ્યો, ‘હાંફે છે તે થોડું બેસ, ખાઈ લે, પછી જે પૂછવું હોય તે પૂછ.’

‘ના. મારાથી બેસાય તેમ નથી. પેલા નાવિકને તમે નદી ક્યાં છે તેમ સમજાવેલું. તે વખતે નદી વિશે તમારી સમજણ શી બની હતી તે મને કહો.’ સારમેયે ઊભાં ઊભાં જ કહ્યું.

‘એટલી અમથી, જુની વાત તને છેક આજે ઓચિંતી યાદ આવી ગઈ!’ પૂજારીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘મને યાદ નથી આવી. પેલા નાવિકનો છોકરો હવે કંઈક મંત્રો બોલ્યા કરે છે. તેને કહેવા માટે મારે એ જાણવું છે કે તમે ખરેખર શું કહેલું.’

‘તો સાંભળ, નાવિકની વાતમાં મેં લીધેલો અર્થ માત્ર એ હતો કે નદી તો સતત વહેતી હોય છે. નદી અહીં છે - એટલું કહીએ તો ત્યાં નદી ચાલી ગઈ હોય... આજની નદી કાલે દરિયો બની ગઈ હોય, પછી વાદળ...’

‘બસ? તમે આટલું જ સમજ્યા હતા?’ સારમેય કહ્યું અને નદીકિનારે જવા પાછો વળ્યો.

‘મારી પાસે તેં જે ખુલાસો સાંભળ્યો છે તે તું નાવિકના છોકરાને સમજાવજે. તે તરત સમજી જશે.’ પૂજારીએ કહ્યું.

‘કોઈ પાસેથી સાંભળેલું અન્યને કેવી રીતે સમજાવી શકાય તે મને આવડતું નથી. હું તો મને જે સમજાયું છે તે જ કહી શકીશ.’ જતાં જતાં સારમેય બોલ્યો.

સારમેયની આ સાંભળીને પૂજારી તેની પાછળ દોડ્યો અને ટેકરીનો ઢોળાવ ઊતરતાં સારમેયને સંભળાય તેમ બૂમ પાડીને કહ્યું, 'એય, પાછો અહીં જ આવજે. મને મળ્યા વિના બીજે ક્યાંય જઈશ નહીં.'

'ભલે' સારમેયે પાછળ ફરીને જવાબ આપ્યો અને નદી તરફ ચાલ્યો.

નાવિકના છોકરા પાસે પહોંચીને સારમેયે કહ્યું, 'હું તારી હોડીમાં ત્રણ દિવસ રહેવા માગું છું. આ ત્રણ દિવસ હું કંઈ પણ બોલ્યા વગર માત્ર નદી અને નાવને અનુભવવા પ્રયત્ન કરીશ. તારે પણ મૌન સેવવું તેવું હું નથી કહેતો, પરંતું તું તારા પિતા અને નદીના સંબંધે વિચારી શકે તેવું સૂચવું છું.'

'ભલે હું પણ હોડીમાં રહીશ; પરંતું હું મૌન નહીં રહી શકું. મારે ગીતો તો ગાવાં જ પડશે. કોણ જાણે કેમ, મને ગાવાની બહુ મજા પડે છે.'

ત્રણે દિવસ હોડીમાં બેઉ સાથે જ રહ્યા. ચોથે દિવસે સવારે નાવિકની વિદાય લેતાં સારમેયે તેને કહ્યું, 'મારે તને કંઈ કહેવાનું નથી. તું કંઈ કહેવા માગતો હો તો કહે. કદાચ આપણે હવે ન પણ મળીએ.'

'દરેક દિવસે મને જુદી જુદી વાત સમજાઈ.' નાવિકે હલેસું બાજુ પર મૂકીને બેસતાં કહ્યું, 'પહેલે દિવસે સમજાયું કે જો નદી છે તેવું માનું તો હું નાવિક છું. આ નાવ છે અને તેને ચલાવ્યા કરવી તે મારો ધર્મ છે.

બીજે દિવસે સમજાયું કે જો નથી નથી તે સ્વીકારું તો હું નાવિક પણ નથી અને નાવ પણ નથી તેવું મારે સ્વીકારવું જોઈએ અને કંઈ ન હોવા છતાં પણ નાવ ચલાવ્યા કરવી તે મારો ધર્મ છે.

'ત્રીજે દિવસે મને એ જાણવાની તીવ્ર ઇચ્છા થઈ કે જેને નદી કહેવાય છે તે ખરેખર શું? તે ઘડીથી

આ નાવ નથી, હું નાવિક નથી, તું મુસાફર નથી, આ બધું શું છે? તે મારે શોધવું છે.'

નાવિકે બોલવું પૂરું કરીને થોડી વાર નદી તરફ જોયા કર્યું પછી ધીમેથી બોલ્યો, 'હે સારમેય, હવે પેલો મંત્ર બોલવો મને બંધનરૂપ લાગે છે'

'તને હોડી ચલાવવાનો આનંદ પ્રાપ્ત થાય તેવી મારી શુભેચ્છા' સારમેયે કહ્યું અને નાવિકને કિનારા પર છોડીને તે પાછો પૂજારીને ત્યાં જવા નિકળ્યો.

પૂજારી સારમેયની રાહ જોતો હતો. તેણે કહ્યું, 'તું નાનો હતો ત્યારની મને ઈચ્છા હતી કે હું તને અહીં રાખું. ગામ દૂર છે. નિર્જન માર્ગે આવતાં લોકો પણ અચકાય એટલે ભાગ્યે જ કોઈ દર્શને આવે છે. આ આખા વિસ્તારમાં હું એકલો જ રહું છું.'

'મેં જોયું કે ઢોળાવ પર એક ઘેટાં-બકરાંવાળો પણ રહે છે. તમે તેની દોસ્તી કરી શકો.' સારમેયે કહ્યું.

'કોણ, પેલો મામદુ?' પૂજારીએ આંખો વિસ્તારી અને હસીને બોલ્યો, 'હું અને એ ઘેટાંવાળો...? પણ જવા દે, કૂતરાઓને આવી ધાર્મિક બાબતોની સમજ ન હોય.'

'હોય જ. તમારી સમજ કરતાં જુદી હોય તે શક્ય છે.' સારમેયે કહ્યું અને પગ લંબાવીને આળસ મરડીને બોલ્યો. 'હું અહીં રહું તો મારી બે શરતો છે.એક તે મને મન થાય ત્યારે હું ચાલ્યો જઈશ અને બીજું કે જ્યારે મને લાગશે કે તમે હવે અહીં નથી ત્યારે હું પણ અહીં નહીં રહું.'

'ભલે, તે વખતે હું તને રોકીશ નહીં.' પૂજારીએ કહ્યું. 'પણ તું હોય ત્યાં સુધી મંદિરની અને મારા ઘરની રખેવાળી તો કરીશને!'

'હું રખેવાળી કરીશ નહીં. તે તો આપોઆપ થશે તો ઠીક છે.' સારમેય કહ્યું અને ઊભો થઈને મામદુના વાડા તરફ ચાલ્યો. ત્યાં પહોંચ્યો ત્યારે મામદુ હાથમાં ઊન વણવાની તકલી લઈને

ઝૂંપડીમાંથી બહાર નીકળતો હતો અને એક ભૂખરા રંગની પાતળી, ઊંચી,જંગલી લાગતી કૂતરી બકરીઓને વાડામાંથી બહાર કાઢતી હતી. ઘેટાં-બકરાં બેં... બેં... કરીને ઘોંઘાટ કરતાં હતાં.

'દેખ સરમા, તુઝે સાથી મિલ ગયા' મામદુએ પેલી શુનીને ઉદ્દેશીને કહ્યું. સરમાએ સારમેય સામે જોયું. સારમેયને પહેલી જ વાર જોતી હોવાં છતાં તે સ્વાભાવિક સ્વરે બોલી, 'આવ્યો જ છે તો ઊભો ન રહે, પેલી તરફ ઘેટાંને કેડી પર વાળ.'

સારમેયે જરા પણ ખચકાટ વગર સરમાની સૂચનાનું પાલન કર્યું. ઘેટાં-બકરાં આ નવા રોફદાર કૂતરાથી જરા દૂર રહી, સાચવીને ચાલ્યાં અને કેડી પર હરોળબદ્ધ ચાલવા માંડ્યાં.

વાડો ખાલી થયો એટલે સરમા બહાર આવી અને સારમેયને પૂછ્યું, 'અમારી સાથે આવવું છે?'

'આવું.' ટૂંકો જવાબ આપીને સારમેય સાથે ગયો.

મામદુએ સારમેય સાથે ચાલતાં નમીને તેને થાબડ્યો. સારમેયે તેની સામે જોયું. મામદુ સહેજ હસ્યો અને બોલ્યો, 'હોના થા તુમ સે મિલના, તો આજ મિલ ગયે.' અને પછી ખુલ્લા અવાજે ગીતો ગાવા લાગ્યો.

મેદાનમાં પહોંચીને ઘેટાં-બકરાં વીખરાઈને ચરવા માંડ્યાં. સરમા અને સારમેય આસપાસ રખડી આવ્યાં.

મામદુ છાંયડે બેસીને લલકારતો રહ્યો. સાંજે પાછાં ફરતાં મામદુએ ઘણી વાતો કહી, પણ સારમેયને તેના ઈલાકા કે ઘર વિશે, તેના અહીં આવવાના કારણ વિશે કંઈ પણ પૂછ્યું નહીં.

|| 6 ||

‘ગુરુજી, મને લાગે છે કે હું હવે થોડું ઘણું, બીજાને શીખવી શકાય તેટલું શીખ્યો છું. આપ જો રજા આપો તો હું આશ્રમના દરવાજાથી થોડે દૂર જે ચોક જેવું છે ત્યાં મારા જાતિભાઈઓ માટે એક અધ્યાત્મની તાલીમનો વર્ગ શરૂ કરવા માગું છું.’ એક સાંજે સાધક કૌલેયકે ગુરુને કહ્યું.

‘અધ્યાત્મની કોઈ તાલીમ આપી શકાતી હોય તો મને તેની જાણ નથી.’ ગુરુએ જવાબ આપ્યો,પરંતુ તારી એવી ઈચ્છા હોય તો કર. મને પૂછે છે માટે મારી સલાહ આપું છું કે આવું કંઈ કરતાં પહલાં તું થોડું તીર્થાટન કર તો યોગ્ય થશે.’

‘એનો અર્થ એવો કરું કે મારે આ વર્ગ ચલાવવા માટે બીજા કોઈ સ્થળે અનુકૂળતાની તપાસ કરવી?’

‘ના. તું તીર્થાટન કરી આવે પછી પણ તું તારા વર્ગો અહીં કરવાની ઈચ્છા રાખતો હોઈશ તો હું તને ના નહીં પાડું.’ ગુરુજીએ કહ્યું.

‘હું બહાર જઈને રખડું?’ કૌલેયકને ગુરુનું સૂચન ન ગમ્યું.

‘તીર્થાટન એ રખડવું નથી.’

‘આપ જાણો છો કે હું કંઈ ભટકતો કૂતરો નથી. સંસ્કારી અને જાતવાન છું. સારા શિક્ષક પાસે તાલીમ પામેલો, અહીં જ્ઞાન પામેલો શ્વાન છું. મારે મારા જાતિભાઈઓ માટે જ્ઞાનયજ્ઞ આરંભવો છે. એટલી જ તો વાત છે. આપ આ તીર્થાટન સિવાય, અન્ય કોઈ સૂચન ન કરી શકો?’ સાધકે દલીલ કરી.

‘તો બીજું સૂચન એ કે તારા વર્ગો ચલાવવા માટે તું સારમેયને શોધી શકે. સારમેય ન મળે કે આવવાની ના પાડે તો પછી તું ભ્રમણ કરી આવે તે જ યોગ્ય લાગે છે. નહીં તો પછી તારે જે કરવું

હોય તે કર. તારો નિર્ણય મને જણાવવાની જરૂર પણ હું નથી જોતો.' ગુરુજીએ કહ્યું.

સાધક સ્તબ્ધ બનીને સાંભળી રહ્યો. પોતે જે કામ કરવા માગે છે તે માટે સારમેય યોગ્ય હોવાની કલ્પના પણ તે કરી શકે તેમ ન હતું.

સાધક કૌલેયકને લાગ્યું કે ગુરુજીએ આવી વાત માત્ર તેને અહંભાવમાં સરી પડવાથી દૂર રાખવા જ કહી હશે. તે પળભર મૌન સેવી રહ્યો અને પૂછ્યું, 'તો પછી આપ આજ્ઞા કરો કે પ્રથમ મારે ક્યાં જવું?'

'તારે ચાર પગ છે.' ગુરુએ કહ્યું અને ત્યાંથી જતા રહ્યા.

સાધક કૌલેયકે રાતભર ગુરુજીની વાત પર વિચાર્યા કર્યું. સવારે તેને લાગ્યું કે ગુરુજીના સૂચનને પોતે અજમાવી જોવું તો જોઈએ જ. તે આશ્રમ ત્યજીને પૂર્વ દિશામાં ચાલતો થયો.

એક પછી એક ગામ વટાવતો તે ચાલ્યો જતો હતો. જ્યાં પણ રોકાવાનું થાય ત્યાં તે સારી ધર્મશાળાના ફળિયામાં કે મંદિરના ઓટલે જ રહેતો. તેનો દમામદાર દેખાવ, ગળામાં પટ્ટો, અને બોલ-ચાલની છટા જોઈને કોઈ તેને હાંકી કાઢતું નહીં. કેટલાક તો પ્રશંસાની નજરે જોતા. સાધક કૌલેયકને ખોરાકની સમસ્યા પણ આવાં જ કારણોસર ઊકલી જતી.

એક સવારે સાધક કૌલેયક પોતાના પાઠ બોલતો બોલતો નદી કિનારે ચાલ્યો જતો હતો. તે એક વાડી પાસેથી પસાર થયો ત્યાં વાડીના માલિક યુવાન ખેડુતે તેને રોક્યો, 'ભગત, જરા ઊભો રહે. આટલે આવ્યો છે તો મારી વાડીમાં આવ. આ મંત્રો બોલ્યે જાય છે તે અમારાં ગલૂડિયાંનેય કાંઈક શીખવતો જા.'

'હું ભગત નથી. સાધક છું.' કૌલેયકે જવાબ આપ્યો.

'એ બધું એકનું એક. મૂળે તો તું જાત્રાએ નીકળ્યો એટલે ભગત જ ગણાય. પાછો તું લાગે છે તો

જાણકાર, એટલે અમારાં વગડાનાં ગલૂડીયાંને તો જાણતલ ગુરુ મળ્યા જેવું થશે.'

પોતાને વિશે 'ગુરુ' શબ્દ સાંભળતાં જ કૌલેયક વિચારમાં પડી ગયો. સાધકમાંથી મુમુક્ષુ પણ બન્યા વગર જ સીધા ગુરુપદે પહોંચવાની અદમ્ય ઇચ્છા તેને થઈ આવી. 'ભલે.' તેણે કહ્યું અને વાડીમાં પ્રવેશ્યો.

કેટલાંક ગલૂડિયાં તેને જોઈને પહેલાં ઘૂરક્યાં, પછી પૂંછડી હલાવતાં નજીક આવ્યાં. પેલા ખેડૂતે ગલૂડિયાંને હરોળબદ્ધ ઊભાં રાખ્યાં અને કૌલેયકની ઓળખ આપતાં કહ્યું, 'આ તમારા ગુરુ છે. ચાલો પ્રણામ કરો જોઈએ.'

બિચારાં ગલૂડિયાંએ જે કદી પણ નહોતું કર્યું તે કરવાનો આદેશ કેમ પાળવો તેની મૂંઝવણ અનુભવતાં એકબીજા તરફ તાક્યા કર્યું.

'પ્રણામ એટલે શું અને તે કેમ કરાય એ હું તમને સમજાવું' સાધકમાંથી ગુરુ બનેલા કૌલેયકે કહ્યું અને આગળના બે પગ ઊંચા કરીને કરી બતાવ્યું.

તે પછી તે બધાં મજાનાં, નિર્દોષ, નાનકડાં ગલૂડિયાંએ, તેમણે ક્યારેય ન સાંભળેલી તેવી, પ્રણામના અર્થની, તેના ફાયદાની, તથા પ્રણામથી વર્તન અને વિચારોમાં થતા ફેરફારો માંડીને અહમ્‌ના નાશ સુધીની વિસ્તૃત કથા ગુરુમુખેથી સાંભળી.

એક પણ ગલૂડિયાંને પ્રણામ કરવા એટલે ઊંચા થઈ આગળના બે પગના પંજા ભેગા કરવા: તેથી વિશેષ કંઈ યાદ ન રહ્યું.

ગલૂડિયાંનું શિક્ષણ આમ અચાનક જ શરૂ થઈ ગયું. અને ગુરુ સામે ચાલીને અહીં આવી ચડ્યા તે પેલા ખેડૂતની નજરે તો ભાગ્યની વાત હતી. ગલૂડિયાંને પણ હવે પોતે ભણેલાં ગલૂડિયાં કહેવાશે તેનો આનંદ હતો. જો કે ગુરુજીની વાતો તેમને સમજાતી નહીં, પણ બીજી ન સમજાતી

વાતો જેવી જ તે સરળ લાગતી. આ વાતોનું મહત્ત્વ પણ એટલું જ રખાતું.

મૂંઝવણ માત્ર એટલી જ હતી કે ખેતરમાં દોડવું, નકામી વસ્તુઓ પગ તળે દબાવીને ફાડવી. અમસ્તાં જ ઉત્સાહમાં આવી જઈને, બીજાં ગલૂડિયાં પર કૂદી પડીને કુસ્તી કરવી તે બધું ખરાબ છે તેવું વારંવાર શા માટે ગોખવું પડે છે તે આ શ્વાનશિષ્યોને સમજાતું નહીં.

આમ છતાં સાધક કૌલેયક નિષ્ઠાપૂર્વક પોતાના વિદ્યાર્થીઓની એક પછી એક ટેવ બદલતો જતો હતો. તેઓ શિસ્તપૂર્વક બેસતાં શીખ્યાં, તેમની દોડમદોડી ઓછી થઈ, પાઠ ગાતાં થયાં પછી સાધક કૌલેયકને લાગ્યું કે આ બાળશ્વાનોને હવે અક્ષરજ્ઞાન આપવું પણ જરૂરી છે.

‘કમળનો ક આ રીતે કરાય’ એક સવારે સાધકગુરુ શીખવતો હતો.

‘કમળનો ક કરાય’ ગલૂડિયાં શીખ્યાં.

ખ,ગ...ય, જ્ઞ... એમ શીખવાડતાં શીખવાડતાં સાધકને ઓચિંતું એમ લાગ્યું કે એક નાના ગલૂડિયાનું ધ્યાન ભણવામાં નથી. તેણે પેલા બેધ્યાન ગલૂડિયાનું ધ્યાન ખેંચતાં પૂછ્યું, ‘હું શું કરું છું તેની તને ખબર છે?’

‘હા. ભણાવો છો.’ સદ્‌ભાગ્યે પેલાને એટલી તો ખબર હતી.

‘તો બોલ, કમળનું શું કરાય?’

‘......’ ગલૂડિયાએ ખેતરના છેડા સુધી દૃષ્ટિ દોડાવી, પણ ક્યાંયથી તેને જવાબ ન સાંપડ્યો. ગુરુએ બે પળ રાહ જોઈ અને ફરી પૂછ્યું, ‘કમળનું ન આવડે તો બોલ, તલવારનું શું કરાય?’

બે ત્રણ ગલૂડિયાંએ ‘ત્’ ‘ત્ત’ જેવા સિસકારા કરીને તેને મદદ કરી. પેલું ખાસ કંઈ સમજ્યા વગર બોલી ગયું ‘ત.’

‘સરસ, હવે કહે જોઉં સસલાનું શું કરાંય?’ ગુરુએ તેને ઉત્સાહ પ્રેર્યો.

ઓહ! આનો જવાબ તો સાવ સહેલો હતો. ગલૂડિયું આનંદમાં આવી ગયું, તેના શરીરમાં ઝણઝણાટી વ્યાપી, તેણે પોતાના સાથીઓ તરફ જોયું. બધાના મોં પર અદમ્ય ભાવો જોયા અને તે મોટા અવાજે બોલી પડ્યું, ‘ખવાય’

સતત ગોળ ગોળ ઘૂમતી રહેલી આ પૃથ્વી પર આવા અણધાર્યા જવાબો સાંભળવા પડે ત્યારે આઘાત પામનારા બીજા અનેક શિક્ષકો શું કરતા હશે તેનું કોઈ જ્ઞાન કૌલેયકને ન હતું. વળી, આવા આઘાતની પીડાને શમાવવાનું અને તેના પર વિજય મેળવવાનું કોઈ શાસ્ત્ર હોય છે કે કેમ તેની પણ તેને જાણ ન હતી. તેને કળ વળી ગઈ. તે સ્તબ્ધ થઈ ગયો.

ખોટા જવાબની પીડાં કરતાં પણ કૌલેયકને વધુ વેદના એ અચાનક થયેલા જ્ઞાનથી થઈ કે પોતે આજ સુધી શ્વાનને નહીં, રખડું, હલકા વર્ણના માંસભક્ષીઓને ભણાવ્યા છે. કર્ણને શૂદ્ર જાણીને આઘાત પામેલા પરશુરામની સ્થિતિ કેવી હશે તે આજે આટલા વર્ષે તે સમજી શક્યો.

અજાણતાં થયેલી ભૂલનું પ્રાયશ્ચિત કેમ કરવું તે વિચારતો કૌલેયક ત્યાંથી કંઈ બોલ્યા વગર ચાલતો થયો. એક ગલૂડિયા સામે શાસ્ત્રાર્થમાં હારી ગયેલા ગુરુને રોકવાની જરૂર ખેડૂતને કે બીજા કોઈને પણ ન લાગી.

|| 7 ||

સારમેય રહેવા માંડ્યો તેથી મંદિર આસપાસનો વિસ્તાર અને વગડાઉ માર્ગ થોડો સલામત ગણાવા લાગ્યા. હમણાં સુધી લગભગ ઉજ્જડ રહેતા મંદિરે ભક્તો અને યાત્રાળુઓની અવરજવર થવા લાગી.

સારમેય દિવસે વનોમાં, ગામ તરફના માર્ગે, તો ક્યારેક મામદુ અને સરમા સાથે ઘેટાં-બકરાંના ટોળાં ચરાવવા નીકળી પડતો. સાંજની આરતી સમયે તે અચૂક મંદિરે પહોંચી જતો અને પછી આખી રાત મંદિરના દ્‌વાર સામે આસન જમાવીને બેસતો.

એક સાંજે આરતી પૂરી થઈ અને શ્રદ્‌ધાળુઓ ગયા પછી પૂજારીએ સારમેયને કહ્યું, ‘એક-બે ભક્તો તારી ટીકા કરતા હતા. તું દિવસભર જંગલમાં રખડે કે ગામમાં જાય તેનો વાંધો નહીં, પરંતુ મામદુને ત્યાં અને સરમા સાથે જાય છે તે કેટલાક ભક્તોને નથી ગમતું’

‘મને ગમે છે.’ સારમેયે ટૂંકો ઉત્તર આપ્યો.

‘એ બરાબર, પણ વિધર્મી...’

‘હું ધર્મ વિશે માણસોની રીતે જાણતો નથી.’ સારમેયે કહ્યું અને આગળ કંઈ સાંભળવું ન હોય તેમ દૂર જઈને પોતાની જગ્યાએ બેસી ગયો.

રાતે તે પોતાની જગ્યાએથી ઊભો થયો. ટેકરીની ધાર પર જઈને બેઠો. નીચે વનો પર છવાએલી ચાંદની, દૂર ગામમાં અને તળેટીમાં મામદુના ઘરે બળતાં ટમટમિયાં જોતો રહ્યો.

ક્ષિતિજ પરથી તારાઓ, એક પછી એક ઊગીને આકાશ માર્ગે સરકતા રહ્યાં. પરોઢિયે સારમેયને અચાનક પેલો અજાણ્યો સ્વર સંભળાયો. મંદ, લગભગ અશ્રાવ્ય એ અવાજ શું કહે છે. તે સારમેય સમજી ન શક્યો, પરંતુ એ અણજાણ મિત્રનો અવાજ સાંભળીને તેને રોમાંચ થયો. તેના હૃદયમાં

આનંદનો એક ઉછાળ આવ્યો. તે ચારે પગે ઉછળતો, નાચતો નીચેના માર્ગે દોડી ગયો.

સારમેય આમ દોડતો મામદુના ઘર પાસેથી પસાર થયો. તેણે જોયું કે મામદુ પણ ઘરના ફળિયામાં ઢોલકી લઈને નાચે છે. સારમેય પણ મામદુના ઘર ફરતે વેગપૂર્વક દોડીને વગર કારણનો પોતાનો આનંદ વ્યક્ત કરતો રહ્યો. સૂર્યોદય થયો પછી તે અને સરમા ઘેટાં-બકરાં સાથે વનો તરફ નીકળી પડ્યાં.

નમતા બપોરની તોફાની હવા ફૂંકાઈ, કાળાં ડિબાંગ વાદળોથી આકાશ છવાઈ ગયું, અને વીજળીના કડાકા સાથે વરસાદ તૂટી પડ્યો. સારમેય અને સરમાની દોડદોડ છતાં ઘેટાં-બકરાંના ટોળામાં અરાજકતા સર્જાઈ. માંડ માંડ બધાંને ભેગાં કરીને તેઓ મામદુ સાથે ઘર તરફ પાછાં ફર્યાં.

ચોમાસું બેસી ગયાનો સંદેશ ટેકરીઓ, અરણ્યો અને વગડામાં દૂર દૂર સુધી વહેતો ગયો. ખળખળ દડતી ઝીણી ધારાઓ હવે મોટા પ્રપાત સ્વરૂપે ગર્જના કરતી થઈ. સારમેય ટેકરીને મથાળે ઊભો રહીને નજર પહોંચે ત્યાં સુધી વરસતા વરસાદને જોયા કરતો. રુંવાટીદાર દેહ ધ્રુજાવીને તે શરીર પરથી પાણી નિતારતો.

શરૂઆતના વરસાદમાં આવેલી માટીની સુગંધનું સ્થાન હવે કોહવાયેલાં પાંદડાં, નવાં ઊગી નીકળેલાં ફૂલ-વેલા, અને ઘેટાં-બકરાના પલળેલા ઊનની ગંધે લીધું. આવા ભીના વાતાવરણમાં સરમા સાથે સુદૂર વનોમાં રખડવા જવું તે સારમેયનો રોજનો ક્રમ થઈ ગયો.

ચોમાસાને કારણે ગામમાંથી આવતા ભક્તોની અવરજવર ઘટી હતી. વરસાદ વચ્ચે થોડા દિવસો રોકાતો અને માર્ગો ચાલવા જેવા થતા તો કોઈ કોઈ ભક્તો આવી ચડતા.

એક રાત્રે સારમેય મંદિરના પ્રાંગણમાં બેઠો હતો. અચાનક ટેકરીના ઢોળાવ તરફથી કોઈનો અણસાર પામીને તે સતર્કપણે ઊભો થઈ ગયો. થોડી વારે તેણે જોયું કે એક પુરુષ અને એક સ્ત્રી

મંદિર તરફ આવી રહ્યાં છે. તેમની હિલચાલમાં કશું અસામાન્ય ન લાગતાં સારમેય ભસ્યો નહીં છતાં તેમની સામે જઈને સલામત અંતરે પગ ખોડીને ઊભો. પાછલા પગે ધૂળ ઉડાડી અને આછો ઘુરકાટ કર્યો.

'અમારે મંદિરમાં જવું છે. તું જવા દઈશ?' પુરુષે ધીમા સ્વરે પૂછ્યું.

'મંદિરમાં રાત્રે કોઈ આવતું નથી; પણ આવે તોયે મંદિરમાં જતા ભક્તોને ભસવું-કરડવું નહીં તેવું મેં રાખ્યું છે. રાત કે દિવસ વિશે કોઈ ભેદ નથી રાખ્યો.'

'વિચિત્ર રીતે બોલે છે નહીં? સ્ત્રીએ પુરુષને પૂછ્યું અને સારમેય તરફ જોતાં ઉમેર્યું, 'અમે અંદર જઈશું પછી થોડીવારે પાછાં જતાં રહીશું. તારે કોઈને કહેવાનું નહીં કે અમે અહીં આવ્યાં હતાં.'

'મને કોઈ પૂછશે નહીં તો હું નહીં કહું.' સારમેયે જવાબ આપ્યો. મધરાત વીત્યા સુધી પેલાં બન્ને મંદિરમાં જ બેસી રહ્યાં.

સારમેય બહાર બેઠો રહીને હવા સૂંઘતો રહ્યો. પરોઢ થવામાં હતી અને પેલાં સ્ત્રી-પુરુષ વિદાય થયાં તેમની પાછળ જ સારમેય ટેકરી ઊતર્યો અને નીચે ઝરણાકાંઠે જઈ ભીના ઘાસમાં ટહેલતો દૂર નીકળી ગયો.

સારમેય પાછો ફર્યો તો તેણે જોયું કે મંદિરે માણસોનાં ટોળાં એકઠા થયાં હતા અને લોકો એકબીજાને મંદિરમાં પ્રગટ થયેલાં સુવર્ણપાત્રો વિશે જણાવતાં હતાં. 'આજે પૂજારીજીએ મંદિર ખોલ્યું તે ઘડીએ મહાદેવના થાળામાં જ સોનું, બોલો! આનું નામ ભગતી ને આનું નામ ભગવાનની કૃપા' એકે કહ્યું.

'ગામનું ભાગ્ય ખૂલી ગયું. મહાદેવ જાગતા થયા એ કંઈ ઓછો ચમત્કાર છે?' બીજાએ કહ્યું.

આમ, વાતો ફેલાતી ગઈ. કોઈને પણ એ ન સૂઝ્યું કે સારમેયને પૂછવું જોઈએ કે સવારના

પહોરમાં મંદિરમાં સુવર્ણપાત્રો કોણ મૂકી ગયું. બધાને શ્રદ્ધા હતી કે આ જરૂર પ્રભુએ સર્જેલાં પાત્રો જ છે.

ગુપ્ત રીતે સુવર્ણપાત્રોનું દાન કરે તેવા મનુષ્યો જગતપટ પર હોઈ શકે તેવી કલ્પના પણ કોઈને ન આવે એટલી ભક્તિનો પ્રભાવ ચોતરફ પ્રસરી રહ્યો હતો.

શરૂઆતમાં રોજ ભગવાનની પૂજા માટે આ પાત્રો વપરાવા લાગ્યાં. પછી સોમવારે જ આ પાત્રો કાઢવાનું નક્કી થયું. પછી અગિયારસે અને છેવટે માત્ર શિવરાત્રિએ જ આ વાસણો બહાર કાઢવામાં આવે તેવું ગોઠવાયું અને વાસણો વર્ષભર પૂજારીના ઘરમાં તાળામાં રહેવા લાગ્યાં. સારમેયને આ ગોઠવણ સામે પ્રતિભાવ આપવા જેવું ન લાગ્યું.

એકાદ વર્ષમાં તો મંદિર હવે પ્રખ્યાત થઈ ગયું. મંદિર-પરિસરના વિકાસનાં કામો માટે ગામે સમિતિ નીમી અને ટેકરીની આસપાસ થોડી વધારે જમીન મેળવવાની કામગીરી હાથ ધરાઈ.

આ કામ માટે ગામના સરપંચ શહેર જતાં અગાઉ મંદિરે આવ્યા અને પૂજારીને કહ્યું, ‘તમેય ચાલો સાથે. આપણે કાલ તો પાછા આવી જઈશું’

‘કાલ તો શિવરાત્રિ. ભગવાનને સુવર્ણપાત્રથી સ્નાન કરાવવાનું. સોનું બહાર કાઢ્યું હોય ત્યારે મારાથી તો કેમ અવાય? આ સારમેયને સાથે લઈ જાઓ.’ પૂજારીએ કહ્યું અને સારમેય સરપંચ સાથે ગયો.

બે દિવસ શહેરમાં જ ગયા. ત્રીજી સવારે સારમેય પરત આવ્યો ત્યારે મંદિર સૂમસામ દેખાયું.

પૂજારી ઓટલા પર નતમસ્તક બેઠો હતો. સારમેયને જોતાં જ તેણે કહ્યું, ‘સારમેય, પેલાં સુવર્ણપાત્રો ચોરાઈ ગયાં. મહાપૂજા પછી પરોઢે જરાક આડો પડ્યો ને જાગ્યો ત્યાં વાસણોની ચોરી થઈ ગઈ હતી.’

‘તમે મને એ સમજાવો કે મંદિરમાં ચોરી કેવી રીતે થઈ શકે?’ સારમેયે પૂછ્યું.

‘મુર્ખ’, પૂજારીએ ચિડાઈને કહ્યું, ‘આ વાસણો ગયાં તે રીતે. પોલીસ આવશે ને તપાસ કરશે ત્યારે સમજાશે’

સારમેય કંઈ બોલ્યો નહીં. ગામમાંથી આવતા માણસોને, સરપંચને, તપાસ કરતી પોલીસને બધાને સારમેયે એક જ વાત કહી, ‘વાસણો ક્યાં ગયાં છે તે હું નથી જાણતો. વળી, મંદિરમાં કંઈક આવી-જઈ શકે; પરંતુ ચોરાઈ કેવી રીતે?’

જેણે જેણે સારમેયની વાતો સાંભળી તે દરેકે માન્યું કે સારમેય પોતે હાજર ન હતો એટલે ચોરી થઈ તેવા આઘાતથી ભ્રમિત થઈ ગયો છે. થોડા દિવસમાં સ્વસ્થ થઈ જશે.

ત્રણચાર દિવસ પોલીસની પૂછપરછ ચાલતી રહી. એક સવારે સરમા આવી ચડી. સારમેય તેની સામે ગયો અને પૂછ્યું, ‘કેમ અત્યારે અહીં?’

‘મામદુને પોલીસના માણસો શહેર લઈ ગયા’ સરમા કહ્યું.

‘અહીંનું ઘેટાંનું સંભાળી લે, હું શહેર જઉં છું.’ સારમેયે કહ્યું અને તરત જ શહેર તરફ જવા નીકળી પડ્યો.

તે થાણે પહોંચ્યો ત્યારે જાણવા મળ્યું કે રાત્રે મામદુને દવાખાને લઈ જવો પડેલો અને ત્યાંથી તેનું પાર્થિવ શરીર તેના એક દૂરના ભત્રીજાને સોંપી દેવાયું છે.

સારમેય પાછો ફરીને સીધો જ પૂજારી પાસે ગયો અને મામદુ સાથે ઘટેલી ઘટનાની વાત કરી પછી પૂછ્યું, ‘હે પૂજારી, હવે તમે શું કહો છો તે મારે સાંભળવું છે.

‘મારે શું કહેવાનું?’ પૂજારીએ ઉત્તર આપ્યો, ‘તેણે ચોરી કરી હશે તેવી શંકાથી પોલીસે તેને પકડ્યો. તે માંદગીથી કે તપાસમાં વધારે પડતું કંઈક થઈ જવાથી મરી ગયો. એનું એવું નિમિત્ત હશે.

આપણે તેને પકડાવ્યો નથી. વાસણો ગુમ થાય એટલે ફરિયાદ તો લખાવવી જ પડે ને!'

સારમેય પૂજારી સામે જોઈ રહ્યો અને બીજો પ્રશ્ન કર્યો, 'હવે તમે મને એ જવાબ આપો કે એક સવારે તમે મંદિરમાં વાસણો પ્રગટ થયેલાં જોયાં હતા. બીજી કોઈ એક સવારે તે વાસણો અદૃશ્ય થયેલાં જાણ્યાં. આ બે સવાર વચ્ચે તમને ફરિયાદ કરવા જેવો મોટો ફરક શો લાગ્યો?'

પૂજારી આ પ્રશ્નથી ચમકી ગયો. જાણે ઊંઘમાંથી જાગતો હોય તેમ સારમેયને જોઈ રહ્યો. પછી આકાશ ભણી જોઈને નિ:શ્વાસ નાખ્યો અને અચકાતાં અચકાતાં ઊત્તર આપ્યો, 'સારમેય, તારી શરત હતી કે હું જ્યારે અહીં ન હોઉં ત્યારે તું અહીં નહીં રહે. હું અહીં છું તે અનુભવતાં મને હજી ઘણી વાર થશે. તું મને છોડી જઈ શકે છે, જા આમ તો હવે જ મને તારી ખરી જરૂર છે, પણ અત્યારે હું તને રોકવા સમર્થ નથી.'

પૂજારીને ત્યાંથી નીકળીને સારમેય સીધો જ મામદુને ઘરે ગયો. સરમા વાડો ખોલતી જ હતી. સારમેયે તેને કહ્યું, 'મામદુ હવે નથી. તું વાડો ખોલી નાખીને બકરાં-ઘેટાંને જ્યાં જવું હોય ત્યાં જવા દે.'

'ઓહ! આ પોલીસો...' સરમા ઘડીભર સમસમી ગઈ પછી અટકીને શાંતિથી ઊભી થઈ અને વાડો ખોલીને બોલી, 'મામદુ હવે આ દુનિયામાં નથી. અમે પણ અહીં રહેવાના નથી. તમે બધાં તમારે જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો.'

'તું શા માટે ચાલી જાય છે?' બેત્રણ બકરીઓએ પૂછ્યું.

'અહીં રહું તો પણ હું તમને સાચવી ન શકું. મારો રસ્તો હું શોધી લઈશ' સરમા બોલી.

ઘેટાં-બકરાં થોડાં મૂંઝાયાં, ગભરાયાં અને એકાદ તો બોલ્યું પણ ખરું, મામદુ નથી પછી સરમા વગર અમે સાવ એકલાં?'

સરમા હસી અને પ્રેમથી બોલી, 'મામદુ હતો, સરમા હતી તો પણ આપણે બધાં તો એકલાં જ હતાં એ તમને આજ સુધી ખબર ન પડી?'

ઘેટાં-બકરાં ખાસ કંઈ સમજ્યા નહીં. તે બધાં બૂમ-બરાડા કરતાં કરતાં ટેકરી ઊતરીને ગામ તરફ ચાલ્યાં.

'તું ક્યાં જવાની?' સારમેયે સરમાને પૂછ્યું.

'ખબર નહીં.' સરમા બોલી, 'તું જવાનો હો ત્યાં પણ આવી શકું.'

મારું કશું નક્કી નહીં. પણ એક કામ કરીએ; મારો ભાઈ એક સરસ જગ્યાએ રહીને સાધના કરે છે. મારે આમ પણ મારે તેને ત્યાં જવાનું ઘણા સમયથી બાકી છે. તું આવતી હો તો આપણે બેઉ ત્યાં જઈએ. પછી તને ત્યાં ગમે તો તું રોકાઈ જજે.' સારમેયે કહ્યું.

'ભલે, ચાલો ત્યાં.' સરમાએ કહ્યું અને બેઉ ત્યાંથી ચાલી નીકળ્યાં.

|| 8 ||

'હજી મને કેટલું ચલાવીશ? આપણે ભૂલા તો નથી પડ્યાંને' સરમાએ કહ્યું. ગાઢા અરણ્યમાં ચાલતાં તે હવે થાકી હતી.

'થોડું ચાલ. હવે આટલામાં જ એક ખુલ્લી જગ્યા આવશે. હું પહેલાં પણ અહીં આવી ગયો છું.' સારમેયે કહ્યું.

એ થોડું અંતર કાપતાં સાંજ ઢળી ગઈ. વાદળરહિત આકાશમાંથી નીતરતી ચાંદની સાથે ઠંડી રાત અરણ્યો પર છવાઈ. એક સ્થળે ઝાડીમાંથી ગરકીને બેઉ જણાં ખુલ્લા સ્થાનમાં આવ્યાં.

સામે જ ઊંચા પથ્થરો પર ધોધ રૂપે વહી આવતું નાનું ઝરણું, કિનારા પર ઊભેલાં વૃક્ષોના પાનને ચળકાવતી ચાંદની, નાનકડા ધોધનો ખળખળ અવાજ, ઓચિંતા જ સર્જાયેલાં કોઈ નવા જગતને જોતી હોય તેમ સરમા આશ્ચર્યમુગ્ધ બનીને જોઈ રહી.

'સામે કિનારે નાનકડી ગુફા જેવું છે. તેમાં આપણે બન્ને આરામથી રહી શકીશું.' સારમેયે કહ્યું અને ઝરણા વચ્ચે જરા ઊંચા દેખાતા પથ્થરો પર કાળજીપૂર્વક પગ મૂકતો સામે કિનારે પહોંચ્યો.

પાછળ સરમા આવી. ખડકાળ કિનારામાં પૂરના પાણીએ કોતરીને બનાવેલી બખોલમાંથી એક, થોડી ઊંચે આવેલી બખોલ પસંદ કરીને ત્યાં રોકાવાનું તેમણે નક્કી કર્યું.

બેઉ થાક્યાં હતાં. સરમા તો જાણે મરવા પડી હોય તેમ લાંબી સૂતી અને કહ્યું, 'મારાથી તો ઊભું પણ થવાય તેમ નથી. ખોરાકની કંઈક ગોઠવણ તારે જ કરવાની થશે.'

'ભલે. તો પછી હું કાંઈક ખાવાનું શોધી લાવું.' સારમેયે કહ્યું અને સરમાને એકલી છોડી વનમાં ચાલ્યો ગયો.

દોઢ-બે કલાકે તે નાનું સસલું પકડી શક્યો. સરમાએ તો મામદુને ત્યાં ઘણીવાર સસલાં-તેતર ચાખ્યાં હશે પણ રોજ રોટલા, ભાત કે ક્યારેક પ્રસાદના લાડુ ખાનાર પોતાને નવો સ્વાદ થશે; એવું વિચારતો તે સસલું લઈને પાછો ફર્યો ત્યારે સરમા એકલી ન હતી. તે ત્રણ નાનાં ગલૂડિયાંને ચાટતી બેઠી હતી.

‘હવે અહીં લાંબો સમય રોકાવું પડશે.’ સરમાએ કહ્યું.

‘ખેર, આ વનોમાં મારે થોડી વધુ હત્યાઓ કરવાની થશે.’ સારમેયે જવાબ આપ્યો પછી વેલા, ઝાંખરા લાવી તેણે બખોલનું મુખ ઢાંકી શકાય તેટલું ઢાંક્યું. પછી બન્ને જણાં ક્ષુધાતૃપ્તિ કરવા બેઠાં.

‘અચાનક દીપડો અહીં આવી ચડે તો આપણું શું થાય?’ સરમાએ ભય પામતી હોય તેમ પૂછ્યું.

‘આ સસલાનું જે થઈ રહ્યું છે તે.’

‘એમ દરેક વાત હળવાશથી ન લે. તને ખબર છે કે અત્યારે હું ભાગી શકું તેમ નથી અને મારાં ગલૂડિયાં...’ સરમાની આંખમાં આંસુ આવી ગયાં. તેની પૂંછડી ભય અને દુ:ખથી ઢીલી થઈ નમી પડી. પછી રોષમાં આવીને તે બોલી, ‘પોતે તો ચારે પગે દોડીને ભાગી જશે. અમારું શું થશે?’

‘હું પૂરી ગંભીરતાથી વાત કરું છું. અને હું ભાગી પણ નહીં જઉં. દીપડો આવે તો તારા પહેલાં મારો વારો આવશે તે ખાતરી રાખજે. સૌથી નાની ગલકૂડીનો વારો સૌથી છેલ્લે જ આવે એમ આપણે કરવું જોઈએ.’ સારમેયે કહ્યું, પછી સરમાની આંખોમાં જોતાં ફરી બોલ્યો, ‘તું વળી ડરવાનું ક્યાંથી શીખી? ગાડરમાં વરુ પડતો ત્યારે તો રણચંડી બની જતી.’

‘વરુ એટલે દીપડો નહીં. અને ત્યારે મારે ગલૂડિયાં ન હતાં.’ સરમાએ જરા અસ્વસ્થપણે જવાબ આપ્યો.

‘આજે પણ આ ગલૂડિયાં છે જ નહીં તેમ માનીને તું હુમલો ખાળે તો તું દીપડાને પહોંચી વળે, નહીં?’ સારમેયે સહજ પૂછ્યું. સરમા તરત કંઈ જવાબ આપ્યા વગર મૌન સેવીને વિચારતી રહી.

‘તને અમંગળ બોલતાં પણ કંઈ થતું કેમ નથી?’ સરમા બોલી પડી.

‘હું મંગળ અમંગળમાં ફરક વરતી શકતો નથી.’ સારમેયે શાંતિથી કહ્યું. સરમા કંઈ બોલી નહીં.

સમય જતો ગયો, તેમ તેમ નવા સ્થાનના વધતા પરિચયે સરમાની સ્વસ્થતા વધતી ગઈ.

ગલૂડિયાંની આંખો ખૂલી, ત્રણે ભાઈ-બહેન ચાલતાં શીખ્યાં, ધીમે ઝરણાં વચ્ચે જઈને નાનકડી જીભ લપકાવીને પાણી પીતાં થયાં. પથરા વચ્ચે ગબડી પડવાનું અને ક્યાંક ફસાઈ પડવાનું બનતું ત્યારે એકબીજાને મદદ કરતાં પણ થયાં.

સારમેય તેમની સાથે જ રહેતો. તે કોઈને કાંઈ શીખવતો નહીં. સરમા ખડકને મથાળે બેસીને ‘કંઈક શીખવ, કંઈક તો સારું શીખવ.’ એમ બોલ્યા કરતી, પણ સારમેય તો ત્રણેય ગલૂડિયાંની આંખોમાં જન્મતું અને સમગ્ર દેહમાં રુંવે રુંવે પ્રગટ થતું વિસ્મય જોયા કરવામાંથી ઊંચો જ ન આવતો.

‘ગલૂડિયાં હવે લાંબું ચાલી શકે તેવા થયાં છે. કાલે આપણે નીકળી જઈશું?’ એક સાંજે સારમેયે પૂછ્યું.

‘મને તો થાય છે કે અહીં જ રહીએ. શું દુ:ખ છે અહીં?’

‘કદાચ કોઈ દિવસ દીપડો...’ સારમેયે મજાકમાં કહ્યું. પછી ગંભીરતાથી ઉમેર્યું. ‘કારણ એ છે કે આ અરણ્યો સિવાયનું જગત પણ છે તે હજી ગલૂડિયાંને ખબર નથી.’

‘તારી આવી આડી-તેડી વાત મને ક્યારેય સમજાતી નથી. સારું, કાલે નીકળીશું.’ સરમાએ કહ્યું.

સવારે નીકળતાં અગાઉ સરમા ઝરણાંમાં આળોટીને નહાઈ, આસપાસના પથ્થરો ચડી-ઊતરી, અરણ્યોને છેલ્લી સલામ કરતી હોય તેમ પ્રેમથી ચારે તરફ દૃષ્ટિ કરી, ઊંચું મોં કરીને હવાને સૂંઘી પછી પોતાના દિવંગત્ માલિક જે રીતે ઘૂંટણભેર બેસી, હાથ ઊંચા કરી કરતો હતો તે રીતે બેસી, આગલા પગ ઉઠાવીને તેણે પ્રાર્થના કરી.

માનું જોઈને એની પાછળ બેઠાં બે ગલૂડિયાં નકલ કરતાં હતાં. સારમેય અને એક ગલૂડિયાએ ઊંચા ખડકની ટોચે પેટ ચપકાવી, પગ લાંબા કરી, જીભ લટકાવીને નિરાંતે બેઠાં બેઠાં નીચે ઝરણાં કિનારે ચાલતી ક્રિયાઓ જોયા કરી. બધા ખડકને મથાળે ભેગાં થયાં અને પાછળનો ઢોળાવ ઊતરવા માંડ્યાં.

સારમેય સરમાને, એક વધુ વાર ગમતું સ્થળ છોડ્યાના દુઃખ, ગલૂડિયાંને તેમનાં નાનાં નેત્રોમાં છવાયેલા વિસ્મય સાથે ખડકાળ અરણ્યો પાર મેદાનો તરફ દોરી ગયો.

ગલૂડિયાંએ સપાટ મેદાનો, ખેતરો, કામ કરતાં-જતાં આવતાં માણસો. આ બધું પહેલીવાર જોયું. કૂવાના થાળામાં ઢોળાયેલું પાણી પીતી વખતે પાણી સીંચતી સ્ત્રીઓ તરફ નજર રાખવી, કોઈએ પ્રેમથી નીરેલા રોટલા પણ માણસથી સલામત અંતરે રહીને ખાવા, બાળકો પૂંછડી ખેંચે તો માત્ર ઘૂરકિયાં કરી બિવરાવવા, કરડવું નહીં અને ગામના શ્વાનો સાથે સીધું યુદ્ધ નિવારી દૂર ચાલવું- આવું બધું તેમને, નિમિત્તે આપોઆપ આવડવા માંડ્યું.

ગામના પાદરે નિશાળોમાં પાઠ બોલતા છોકરાઓને ગલૂડિયાં એકીટસે જોઈ રહેતાં. ક્યારેક તેમના ચાળા પણ પાડતાં. સરમા તેમને ચૂપ રહેવા કહેતી તો ત્રણેય વધુ જોર જોરથી પાઠ બોલવા લાગતાં.

એક વખત ઘેટાં-બકરાંના ટોળાને બેં-બેં બોલતા પસાર થતું જોઈ ત્રણેય ગલૂડિયાંને ન જાણે શું સૂઝ્યું તે કહે, ‘ચલો, પેલાઓને ભૂલ પડાવીએ.’

‘ત્યાં ન જશો, ત્યાં ન જશો’ સરમા બોલતી રહી અને ગલૂડિયાં દોડતાં જઈ ગાડરના ટોળાં વચ્ચે અદૃશ્ય થઈ ગયાં. ‘તું જા જલદી,’ સરમાએ સારમેયને કહ્યું, ‘પેલાં ભરવાડિયા તેમને ફાડી ખાશે. તેં તો રોક્યા પણ નહીં?’

‘એમ કરવું મને જરૂરી ન લાગ્યું.’ સારમેયે સ્વસ્થ ચિત્તે ઉત્તર આપ્યો, સરમા ચિંતિત થઈ ગાડરના ટોળાં સામે અને વચ્ચે વચ્ચે ફરતા ભરવાડના મોટા શ્વાનો સામે જોતી રહી.

થોડીવાર તો કશું ન બન્યું પછી ગાડરમાં થોડી હલચલ મચી. અચાનક ભરવાડિયા કૂતરા ભસ્યા, દોડ્યા, ઘુરક્યા, ધૂળ ઊડી, ગલૂડિયાંનાં સામાં ઘૂરકિયાં અને વેદનાના ‘કાંઉં કાંઉં’ સ્વરો સંભળાયા.

ભરવાડ આગળ નીકળી ગયો હતો તે દોડતો પાછો તે સ્થળે આવ્યો અને પોતાના કૂતરાઓને વારતો હોય તેમ હોકારા કરતો બોલવા લાગ્યો.

થોડી ક્ષણો પછી ચૂંથાઈ ગયા જેવી સ્થિતિમાં ત્રણે ગલૂડિયાં ગાડરના ટોળામાંથી બહાર આવીને સારમેય અને સરમા બેઠાં હતાં તે તરફ ચાલ્યાં. સરમા ટટ્ટાર થઈ પાછલા પગે ધૂળ ઉડાડવા માંડી.

‘શું થયું?’ જાણતી હોવા છતાં સરમા ક્રોધિત સ્વરે પૂછી બેઠી. ‘હું ના પાડતી હતીને? પછી શા માટે ત્યાં ગયા? માનું કહ્યું ન માને તેની આવી દશા જ થાય.’

ત્રણેય ગલૂડિયાંએ એકબીજા સામે જોયું. હસવું આવતું રોકીને શરીર ઝટકોરતાં મોટાએ કહ્યું, ‘અમે તો ગાડર લોકો બેંબેં બોંબોં ના પાઠ કરતા હતા તેમાં ભૂલો પડાવવા કેટલાક જુદા પાઠ બોલતાં હતાં. બસ એટલું જ.’

‘એટલામાં પેલા ભરવાડિયા ડાઘિયાઓ અમારી સાથે લડી પડ્યા,’ બીજો જરા દબાયેલા અવાજે બોલ્યો.

‘એમના દાંત બહુ ધારવાળા હોય છે.’ નાનકી હસવું રોકી ન શકી.

‘એ આપણા કરતાં ઘણા મોટા હતા, નહીંતર ખબર પાડી દેત...’ પહેલું ગલૂડિયું બોલવા ગયું.

તે બોલી રહે તે પહેલાં જ સરમાએ કહ્યું, ‘નહીંતર શું ખબર પાડી દેત? એમને તમે કંઈ કરી ન શકો. એ બધાં કંઈ આપણા જેવા દયાવાન થોડા હોય છે?’

સારમેયના કાન ચમક્યા. તેણે સરમા તરફ જોતાં કહ્યું, ‘સરમા, તને કોણે કહ્યું કે આપણે દયાવાન છીએ?’

‘કેમ વળી, પેલી પનિહારી બાઈ બોલી હતી તે તેં સાંભળેલું નહીં? આ ત્રણેય ગલૂડિયાંને જોઈને તેણે કહેલું કે આ મોટાં થઈને ભલાં અને દયાવાન થશે. માણસ કૂવે, તળાવે, પાણી પાસે જુઠ્ઠુ તો ન જ બોલે.’

‘સરમા, સત્ય તો એ છે કે કૂતરાઓ કૂતરી તરીકે જ જન્મે-જીવે અને મરે છે. દયા બીજા કશાવાન થવું તે તેમના સ્વભાવમાં નથી. તેઓ માત્ર શ્વાન જ રહે છે. હા, માણસોએ દયાવાન, શ્રદ્ધાવાન, શીલવાન, ધાર્મિક, આધ્યાત્મિક વગેરે કેટલાંય નામનાં બંધનો શોધ્યાં છે. તેમાં બંધાય અને પછી મુક્તિ માટે તલસે છે. બાકી તો તમામ જીવો જન્મથી જ મુક્ત હોય છે.’

‘દયા, શ્રદ્ધા, શીલ, ધર્મ, અધ્યાત્મ આ તો જીવની ઊર્ધ્વયાત્રાનાં લક્ષણો ગણાય છે. એ બધાં લક્ષણોને તું જીવ માટે બંધનરૂપ ગણે છે?’ સરમા આશ્ચર્ય પામીને બોલી.

‘ના;’ સારમેયે કહ્યું, ‘પરંતુ આ લક્ષણો જીવમાં પ્રાકૃતિકપણે હોય તો જ તે જીવને બાંધશે નહીં. જે ક્ષણે જીવ કશાકવાન બને તે પળે જ તે બંધનને પણ સ્વીકારે છે. મુક્તિ તો ત્યારે જ શક્ય છે જ્યારે તમે માત્ર તમે હો, કશાવાન ન હો. સરમા, એક વાત સમજી લે, મુક્તિ માટે માત્ર હોવું જ જરૂરી છે. તું હાથે કરીને કશાકવાન બનીને તારું હોવું જ ગુમાવવા ઇચ્છે તો મને વાંધો નથી.

સરમા, તું જાણે કે આ રીતે ‘દયાવાન’ કે ‘ક્રૂર’ હોવામાં કોઈ ફરક નથી.’

સરમાએ થોડી વાર કંઈ ન કહ્યું. વિચાર્યા કર્યું. પછી કંઈક સમજાતું હોય તેમ તેની આંખો ચમકી અને ગલૂડિયાં તરફ જોઈને તેણે વાત બદલી, ‘હાં હવે કહો, તમે તેઓનો સામનો શી રીતે કર્યો?’

ત્રણેય ગલૂડિયાં પોતે હારેલાં તે છતાંય ઉત્સાહથી પળ-બે પળના યુદ્ધનું વર્ણન વિગતે કર્યું.

સરમાએ પણ પોતે ગાડરના ટોળામાં જતી ત્યારે કેટલીય વાર કેવા-કેવાં સંકટોમાં પડતી તેની વાતો કરી. ગલૂડિયાં માની વાતો સાંભળતા આગળ-પાછળ દડબડ દોડતાં રહ્યાં.

દૂરથી આશ્રમ દેખાયો. એક સફેદ, ફૂંછાદાર સારમેય જેવો જ શ્વાન દરવાજા પર ઊભો હતો. સારમેયને દૂરથી આવતો ભાળીને કૌલેયક સામે આવ્યો.

‘આ સરમા છે.’ કૌલેયક સાથે પાછા ફરતાં આશ્રમને દરવાજે ઊભા રહીને સારમેયે સરમાનો પરિચય કરાવ્યો, ‘હું જે મંદિરમાં રહેતો તે ટેકરી નીચે એક મામદુ રહેતો તેને ત્યાં સરમા રહેતી.’

‘એટલે!’ કૌલેયકે પૂછ્યું.

‘એટલે કંઈ નહીં. સરમા મામદુને ત્યાં ઘેટાં-બકરાં સાચવતી તેવું મેં કહ્યું.’ સારમેયે શાંતિથી ઉત્તર આપ્યો અને પોતે સરમાને ક્યારે અને ક્યાં મળ્યો, અહીં આવતાં રસ્તામાં ક્યાં રોકાયાં અને વનમાં સસલાં, તેતર ખાઈને કેવી રીતે રહ્યાં તે પણ કહ્યું.

‘તો તેં એક યાવની જીવ સાથે સંબંધ બાંધ્યો. માંસભક્ષણ પણ કર્યું. આપણે ઉચ્ચવર્ણના શ્વાન છીએ એ પણ તું ભૂલી ગયો?’

‘હું શ્વાન એટલે કે કૂતરો છું તે મને યાદ છે’ સારમેયે જવાબ આપ્યો.

‘તને રખડુને મારે શું કહેવું? ઠીક છે. જે થયું તે. હવે ગુરુજીને પૂછીને તારા પ્રાયશ્ચિત માંટે કંઈક

કરવું પડશે.'

'પ્રાયશ્ચિત કરવું મને જરૂરી નથી લાગતું.' સારમેયે કહ્યું.

સાધક કૌલેયક આ ભ્રષ્ટ ભાઈને અને નવાગંતુકોને આશ્રમમાં લેવા કે નહીં તે વિચારમાં પડી ગયો. અંતે તેણે વચલો માર્ગ કાઢ્યો, 'તમે અહીં રોકાઈ શકો છો; પણ તને મારી સાથે અંદરના ભાગે રાખવાની ઈચ્છા અધૂરી રહેશે. ગુરુજી બહાર ગયા છે. આજ-કાલમાં આવી જશે, તેમની સાથે વાત કરીને તમારે ક્યાં રહેવું તે હું કહીશ.'

'સાંભળો, આ ગલૂડિયાં કંઈ મામદુને ત્યાં રહ્યાં નથી. નથી તેમણે હજી માંસભક્ષણ કર્યું. તમે તેમને આશ્રમમાં ભણાવવા રાખી શકો તો સારું.' સરમાએ સાધકને કહ્યું.

'હા, એમને હું લઈ જઉં છું. કદાચ સારમેય પણ મારો ભાઈ છે તેથી રહી શકે; પણ તને અહીં રહેવાની રજા મળશે કે કેમ તે શંકા છે. ગલૂડિયાં માટે મારા શિષ્યને કહીને આવું.' કહીને સાધક કૌલેયક અંદર ચાલ્યો.

જતાં જતાં કૌલેયકે સારમેયનાં ગલૂડિયાંને સૂચના આપી, 'હવે તમારે અહીં રહેવાનું છે. ખૂબ ભણવાનું. જુઓ, પેલાં બધાં કેવાં હરોળમાં બેઠા છે! એમ સમયસર નહાઈધોઈને પાઠ કરવા બેસવાનું અને તોફાન નહીં કરવાનાં.'

સાધકની વાત સાંભળી સરમાને આનંદ થતો હોવો જોઈતો હતો, પણ તેમ ન થયું. તેને ઊંડે ઊંડે લાગ્યું કે આ બે વાક્યોથી તેના ત્રણે સંતાનોનું કશુંક છીનવાઈ ગયું છે. શું તે તેને ન સમજાયું.

સરમાનાં ગલૂડિયાંને આશ્રમમાં પાઠ કરતાં ગલૂડિયાં તરફ ધ્યાન આપ્યું.

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव|

શબ્દો કાને પડતાં જ સૌથી નાની ગલૂડીએ સારમેયના કાનમાં પૂછ્યું, 'સવાલ કેમ મોઢે કરે છે?'

સારમેયે થોડી પળો નાનકડી ગલૂડીની આંખમાં જોયા કર્યું. પછી તેને થાબડીને બોલ્યો, 'સવાલ અને સવાલ કરનારનું ધ્યેય સમજાય તે માટે.'

ગલૂડિયાં અંદર ગયાં પછી સારમેયે કહ્યું, 'સરમા, મને લાગે છે કે આપણે અહીંથી અત્યારે જ ચાલ્યાં જવું જોઈએ.'

'આ તારો ભાઈ પ્રયત્ન કરે છે પછી આમ કોઈને કહ્યા વગર ચાલ્યા જઈએ તે કંઈ સારું કહેવાય?' સરમાએ પૂછ્યું.

'કંઈ પણ કરવું સારું છે કે ખરાબ તે હું નથી જાણતો. સરમા, મને ક્યારેય, કોઈ દિવસ હું સાચું કરું છું કે ખોટું તેવો વિચાર નથી આવ્યો. નાનો હતો ત્યારે માલિકનો માળી મારો પાક્કો દોસ્ત હતો. તે ઘણી વાર મને કહેતો કે કરવા જેવું કશું હું કરતો જ નથી, પરંતુ જ્યારે હું પૂછું કે, 'ન કરવા જેવું મેં શું કર્યું છે?' ત્યારે જવાબ આપવાને બદલે તે તૂટેલાં કૂંડાં સરખાં કરતાં-કરતાં મને ગાળો આપતો. પછી હું આખો દિવસ વિચારતો રહેતો કે હું શું કરું તો સારું ગણાય!

રાત પડ્યે માળી ભજન ગાતો હોય અને હું તેને ફરી પૂછું ત્યારે તે કહેતો, 'અલ્યા સારમેય, ભૂલી જા મારી વાત. ગાળો પણ તને મારો ગણીને આપી છે, તે ભૂલી જજે. બાકી શું કરવા જેવું? શું ન કરવા જેવું? આ બધા ભરમ છે. એમાં પડીશ નહીં, ભૂલી જા.' અને હું વિચારવું છોડી દેતો.'

'કદાચ માળીની વાત સાચી હોય.' સરમાએ કહ્યું, 'પણ ગલૂડિયાંને મૂકીને, ગુરુજીને મળ્યા વગર ચાલતાં થઈ જઈએ તે સારું તો ન જ કહેવાય. તારા સાધક ભાઈને આવું ન ગમે.'

'તું ખોટી ચિંતા કરે છે. ગલૂડિયાંને આપણે ક્યારેક તો એકલાં મૂકવાનાં જ છે. તેં સાંભળ્યું નહીં સાધકે આપણને કહ્યું કે, મને અહીં રોકાવાની રજા કદાચ જ મળે તેમ છે - એ પણ એટલે કે હું સાધકનો ભાઈ છું. અને તારા માટે તો કંઈ નક્કી જ નથી.'

‘એ જે હોય તે,’ સરમાએ ચર્ચા કરવાનું ટાળ્યું અને કહ્યું, ‘હું તો હજી રોકાઈશ. આ લોકો કેવું ભણાવે છે, શું શીખવે છે? - જરા જોઈ સમજી લઉં. તું તારે જા જ્યાં જવું હોય ત્યાં. ગુરુજી મને નહીં રાખે તો હું ચાલી જઈશ.’

‘ભલે, તને ગમે તે થાઓ.’ સારમેયે હસીને કહ્યું અને ચાલી નીકળ્યો.

બીજે જ દિવસે ગુરુજી આવી ગયા. તેમણે દરવાજે રોકાયેલી સરમાને અંદર ચોગાનમાં લીમડા પાસે બોલાવી, પ્રેમથી સામે બેસારી અને કહ્યું, ‘સાધકે મને તારી વાત કરી છે. તારાં ગલૂડિયાંને મેં જોયા છે. મજાનાં છે. તારે અહીં રહેવું હોય તો ખેતરમાં કામ છે. ત્યાં રહે.’

ગુરુના વર્તનથી સરમાને રાહત થઈ. ગુરુએ સારમેય વિશે કે તે મળ્યા વગર ચાલ્યો ગયો તે વિશે એક શબ્દ પણ ન પૂછ્યો તેની નવાઈ પણ લાગી. થોડો સંકોચ પણ થયો. સારમેયના વર્તન બદલ પોતે માફી માગતી હોય તેમ તે બોલી, ‘હું અહીં રહીશ. સારમેય તમને મળવા રોકાયા વગર રાત્રે...’

‘મને ખબર છે. હું સારમેયને તેના બાળપણથી ઓળખું છું. તે અહીં રોકાયો હોત તો ઘણું સારું હતું. હજી પણ આવે તો મને ગમે. તેને મારી પાસે રહેવાની જરૂર નહીં લાગતી હોય, પણ મને આશ્રમમાં તેની જરૂર સમજાય છે.’ ગુરુજીએ કહ્યું અને સાધક કૌલેયકને સૂચના આપી કે સરમાને ખેતરમાં જવાનો રસ્તો બતાવી આવે.

સાધક સરમાને ખેતર તરફ દોરી ગયો. રસ્તે ચાલતાં તેણે કહ્યું, ‘સારમેય હાથથી ગયેલો તો હતો જ. તેમાં વળી તારો સંગ મળ્યો પછી શું પૂછવું! જોયુંને, કાલે કોઈને કશું કહ્યા વિના જતાં રહેવામાં પણ તેને સંકોચ ન થયો. આમ કરવું તે ગુરુજીનું અપમાન કર્યું કહેવાય એટલું પણ તે જાણતો ન હોય તો પછી તારે તેને સમજાવવો જોઈએ.’

સરમાને થયું કે સારમેયને રોકવા પોતે કોશિશ કરી હતી તે કૌલેયકને કહે, પરંતુ કૌલેયક તેને પાંગળા

બચાવથી વિશેષ કોઈ મહત્ત્વ નહીં આપે તેવું લાગતાં તે કંઈ બોલ્યા વગર ચાલતી રહી.

‘કોઈનો ગુણ કે ઉપકાર તેને દેખાતો નથી.’ સાધક કૌલેયક બોલતો રહ્યો. સરમા મૌન રહી સાંભળતી ચાલી. વાંસના ઝૂંડ પાસે જગ્યા બતાવતાં કૌલેયકે કહ્યું, ‘અહીં તારે રહેવાનું છે. ગલૂડિયાંને બોલાવીશ નહીં. તારા સંસ્કાર એનામાં ઊતરે તે માટે તારે હવે તેમની સાથે બહુ સંબંધ ન રાખવો.’

‘હું અહીં રહીશ.’ સરમા માત્ર એટલું જ બોલી.

|| 9 ||

શાંત સમુદ્ર, ઓટમાં પણ મોજાં ઉછાળવાનો સ્વભાવ છોડી શક્યો ન હતો. પૃથ્વીથી કરોડો પ્રકાશવર્ષ દૂર બ્રહ્માંડના ગર્ભમાંથી ઊઠતાં અજાણ લયબદ્ધ સ્પંદનોને જવાબ આપવો હોય તેમ, તે એક પછી એક નાના-નાના તરંગો ઉઠાવીને રેતાળ કિનારા પર મંદ, તાલબદ્ધ ધ્વનિ કરતો રેલાઈને, સફેદ રેતી પર પડતા સવારના કુમળા તડકાને ભીંજવતો હતો.

વિરાટ અર્ધચંદ્રાકારે ફેલાઈને પડેલા કિનારાના ઉત્તર છેડે આવેલા ખડકો પરથી સાગરપંખી કલબલાટ કરતાં ઊડ્યાં. એકાદ પથ્થર દદડ્યો અને વળતી પળે દૂધિયા રંગનો, લાંબા ફરફરતાં રૂંછડાંવાળો, તરવરિયો સારમેય ખડકને મથાળે આવીને, જાણે આ આખાય દૃશ્યમાં અવિભાજ્ય હોય તેમ સ્થિર ઊભો.

થોડી પળો પછી સારમેયે શરીર ધ્રુજાવીને રાતની ભરતીના પવનથી રૂંછડાંમાં ભરાઈ ગયેલી રેતી ખંખેરી. પછી આસપાસ જોયું. હવાને સૂંઘી અને ખડક પરથી ઊતરીને અર્ધચંદ્રાકારના દક્ષિણ છેડા તરફ ચાલતો થયો.

તેના એક પછી એક મંડાતાં પગલાંનાં થડકાર સાથે તેની ગોળાકાર વળેલી ટટ્ટાર પૂંછડી પરના વાળ, તેનું પેટ, લાંબા લટકતાં કાન, તીક્ષ્ણ દાંતો વચ્ચેથી લાંબી લટકતી જીભ અને ભીની રેતમાં ઊપસતી આવતી તેનાં પગલાંની છાપ જાણે કોઈ અજબ લયગતિ સર્જતાં હતાં.

સારમેય સામા છેડે પહોંચ્યો જ હતો કે પાતળો, ઊંચો, હિંસક દેખાવનો, કપાયેલી પૂંછડીવાળો પીળચટ્ટા દીપડા જેવો લાગતો શ્વાન ઘુરકિયાં કરતો તેની સામે આવીને ઊભો. 'એય કોણ છે તું?' તેણે સારમેયનો રસ્તો રોક્યો.

સારમેય ઊભો રહ્યો. પૂંછડી વધારે ટટ્ટાર કરી, પાછલા પગે થોડી રેતી ઉડાવીને નિર્ભય સ્વરે

ઉત્તર આપ્યો, 'હું સારમેય છું. તું કોણ છે?'

આવું બનવું તે પેલા પીળચટ્ટા કૂતરા માટે રોજિંદા બનાવોથી જુદું હતું. તે થોડો મૂંઝાયો; પણ તેનો હિંસક સ્વભાવ તેને ડરવા દે તેમ ન હતું. 'મારું નામ નથી જાણતો? હું વિશ્વકદ્રુ છું.'

'સરસ નામ છે.' સારમેયે કહ્યું, 'પણ બોલવામાં જરા અઘરું પડે તેવું છે. ખાસ કરીને મારા જેવા અભણ કૂતરાને.

'હવે અઘરાવાળી અહીંથી ચાલતી પકડ, પાછો તારા ઈલાકામાં જતો રહે, નહીંતર આ દાંત જોયાં છે?' વિશ્વકદ્રુએ ધમકી આપી.

'મુશ્કેલી એ છે કે મારે, મારો કોઈ ઈલાકો જ નથી. હું જ્યાં હોઉં છું ત્યાં જ રહું છું. એટલે કે હું અત્યારે અહીં જ છું.'

વિશ્વકદ્રુને લાગ્યું કે આ કંઈક સાવ નવું બને છે. આની સાથે લડવું કે તેને જવા દેવો એવો વિચાર પણ તેણે કરી જોયો. એટલામાં તેને કોઈએ બોલાવ્યો, 'વિશ્વકદ્રુ ચાલો પાછા, હજી શિકારે જવાનું છે.'

આ અવાજ આસપાસમાં રહેલા પોતાના માલિકનો છે તેમ સમજાતાં જ વિશ્વકદ્રુનો મૂળ સ્વભાવ ઊછળી આવ્યો. કંઈ પણ વિચાર કર્યા વગર તે પંજા ઉઠાવી, જડબાં ખોલીને સારમેય પર કૂદ્યો.

ભરવાડોના કૂતરાઓ સાથે બનતું એવું બનવાની આશંકા તો સારમેયને હતી જ. તે જરા કૂદીને બાજુ પર ખસી ગયો અને તરત જ નીચે પડેલા વિશ્વકદ્રુ પર ચડી બેઠો. અને દૃઢ, પરંતુ શાંત સ્વરે કહ્યું. 'હવે તને ગળા સુધી રેતીમાં દટાઈને દરિયા તરફ જોઈ રહેવું ગમતું હોય તો તેવું કરી આપું.'

'એ રીતે દરિયો જોવો મને નથી ગમતો.' વિશ્વકદ્રુએ કહ્યું, 'અને મારા માલિક મને આ સ્થિતિમાં જુએ તે તો જરા પણ નહીં ગમે.'

'ઊભો થા.' સારમેયે દૂર હટતાં કહ્યું, 'હજી પણ તું મને દોસ્ત માની શકે છે. હું પણ તને મિત્ર તરીકે જ જોઉં છું.'

'તું ક્યાં રહે છે? ખરેખર તારે કોઈ ઈલાકો નથી!' વિશ્વકદ્રુએ ઊભા થઈને શરીર પરની રેતી ખંખેરતાં પૂછ્યું.

'મને લાગે છે કે આ પહેલાં પણ મેં તને આમ જ કહ્યું હતું.'

'એમ વિચિત્ર ભાષા ન વાપર, સીધું કહે કે રખડું કૂતરો છું. એમ કર, મારા માલિકના દૂરના એક કાકા સાવ એકલા જ રહે છે. તેમને એક સાથીની જરૂર છે. તારા જેવો જોરાવર છતાં અહિંસક કૂતરો તેમને સારો પડશે.' વિશ્વકદ્રુએ ગંભીરતાપૂર્વક કહ્યું.

'મને વાંધો નથી; પણ મારે તેમની સાથે વાત કરવી પડે. માણસો બહુ શરતો મૂકે છે અને મને શરતો બહુ માફક નથી આવતી.'

બન્ને મિત્રો વાતો કરતા હતા ત્યાં વિશ્વકદ્રુનો માલિક આવ્યો. વિશ્વકદ્રુએ માલિક સાથે સારમેયની ઓળખાણ કરાવી અને કાકા માટે તેને સાથે લઈ જવાનું સૂચન કર્યું.

ત્રણે જણા ખુલ્લી જીપમાં ચડ્યા અને એક વિશાળ ભવન પર પહોંચ્યાં. બન્ને કૂતરાઓને બહાર રાહ જોવાનું કહી માલિક અંદર ગયો. થોડી વારે સારમેયની માના માલિક જેવાં કીમતી કપડાં પહેરેલાં, હજી ઘરડા ન કહેવાય, તેવા માણસ સાથે તે બહાર આવ્યો.

'કાકા, આ સારમેય, તમે વાત કરી લો. હું જઉં છું.' કહીને વિશ્વકદ્રુનો માલિક તેને સાથે લઈ જીપમાં ચાલ્યો ગયો.

સારમેય કંઈ બોલ્યા વગર ઊભો રહ્યો. કાકાએ તેની સામે જોતાં કહ્યું, ‘મારો ભત્રીજો કહેતો હતો કે તું સારો કૂતરો લાગે છે. મારે માણસ ન હોય તેવો એક સારો દોસ્ત જોઈએ છે. તને ફાવે તો રહે. આપણે સાથે ફરવા જઈશું, ક્યારેક થોડું રમીશું. અને હા, મને મોટેથી બોલીને વાંચવાનો ખૂબ શોખ છે. તને કંટાળો નહીં આવેને?’

‘એવું થશે એમ મને નથી લાગતું, કંટાળો આવશે તો હું ચાલ્યો જઈ શકું છું. તમે મને તે સમયે રોકી નહીં શકો.’

‘જો મને ન ગમે તેવું કંઈ કરીશ, તો હું તને અહીં રહેવા નહીં દઉં.’

‘સ્વાભાવિક છે.’ સારમેયે કહ્યું, ‘તમારો અધિકાર પહેલો રહેશે.’

‘બહુ ડાહી વાતો કરે છે ને કાંઇ! કેટલું ભણ્યો છું?’

‘હું નિશાળે કે શિક્ષક પાસે જઈને ભણ્યો નથી.’

‘ભલું થયું ભાંગી જંજાળ,’ કાકાએ કહ્યું, ‘હવે ભણવાનું મન છે?’

‘મન થશે તો કહીશ.’

‘સારું, જા હવે. દરવાજા પાસે કમ્પાઉન્ડની દીવાલે તારું રહેઠાણ છે. રોજ સવારે પાંચ વાગ્યે ફરવા જતાં અહીં હું તારી રાહ જોઈશ. પછી ફરવા જવાનું. પાછા આવીને નાસ્તો કરવાનો. પછી ખેતરો તરફ જઈ ખેતીની તપાસ કરવાની. બાર વાગ્યે જમવાનું.’

ઘરડા માણસે કહ્યું, ‘મને દિવસે બહુ ઊંઘવું ગમતું નથી, પણ તું ખાઈ લીધા પછી શું કરે છે તે મને ખબર નથી. સાંજના પાંચ વાગતાં સુધી હું ઘરમાં જ હોઉં છું. તું ઇચ્છે તો મારી પાસે આવી શકે છે. તને ચેસ રમાતી જોવાની મજા ન પડતી હોય અને તારે ન આવવું હોય તો ન આવતો. અરે, હા, તમે કૂતરાઓ રાતે બરાબર ઊંઘતા નથી હોતાં, પણ અમે તો રાત્રે નિરાંતે ઊંઘતા હોઈએ

છીએ, એ યાદ રાખજે અને રાતના અમસ્તું ભસ્યા ન કરતો. સવાર-સાંજ રસોઈ કરવા માટે મહારાજ આવશે. બપોરે બીજા સાફસફાઈના કામો ઉકેલવા માણસ આવે છે. તે સિવાય અહીં કોઈ આવતું નથી. અને સાંભળ, સાંજે પાછા દરિયે બેસવા જવાની મને ટેવ છે. સંધ્યાકાળ સુધી દરિયે બેસું, પછી પાછો આવું. નવ-દશ વાગતામાં તો હું સૂઈ જઉં છું.'

આટલી બધી વાતો પોતે યાદ રાખી શકે કે કેમ તે વિચારતાં સારમેયે કહ્યું, 'તમે વાંચવાની વાત કરતા હતા.'

'મને તું દોસ્તાર કહીશ તો પણ ચાલશે. હું એ નામથી જ અહીં ઓળખાઉં છું, હં... તો સાંભળ હું બપોરે એક-બે-ક્લાક વાંચું છું. દરિયે જઉં ત્યારે પણ ક્યારેક ચોપડી સાથે લઈ જઉં છું. ત્યાં બેસીને મોટે અવાજે વાંચીએ તોયે કોઈને અડચણ ન પડે.

સારમેયે માળી, શકુ અને કથાકાર સિવાય કોઈને આટલું લાંબું બોલતાં સાંભળ્યા ન હતા. તેને દોસ્તારનુ વર્તન થોડું નવું લાગ્યું, પણ તેણે દર્શાવેલી મિત્રતા તેને સ્પર્શી ગઈ. તેને લાગ્યું કે આ માણસ ઈચ્છત તો પોતાની શરતો ગણાવી શક્યો હોત; પણ તેણે પોતાની ટેવોનું વર્ણન કરવા સિવાય કંઈ પણ કર્યું ન હતું. સારમેયે નક્કી કર્યું કે પોતે અહીં રહી શકશે. ક્યાં સુધી રહેવું તે સમય પર છોડવું જ યોગ્ય હતું.

સવારે વિશ્વકદ્રુ સારમેયને મળવા આવ્યો. બન્ને વાતો કરતા હતા અને દોસ્તાર આવી ચડ્યો. તેણે સારમેયને કશું ન કહ્યું, પણ વિશ્વકદ્રુને જરા કઠોર ભાષામાં 'શિકારી કૂતરો' કહ્યો.

પોતાના ભત્રીજા માટે પણ દોસ્તારે બહુ સારું ન કહ્યું અને કામ સિવાય વારે વારે તેઓ આ તરફ ન આવે તો સારું, તેમ પણ કહ્યું અને વિશ્વકદ્રુને ચાલ્યા જવાનું કહ્યું.

'માણસો વિશે ક્યારેય પૂર્વધારણા બાંધવી નહીં.' કહીને વિશ્વકદ્રુ ચાલ્યો ગયો. સારમેયને લાગ્યું કે વિશ્વકદ્રુએ પોતાના માલિકના કાકાનું માન જાળવ્યું છે. જો તેણે ધાર્યું હોત તો તે આવા

અપમાનનો બદલો લઈ શકત.

આ માણસ થોડો વિચિત્ર તો છે જ, તેવું લાગવાં છતાં ધીમે ધીમે સારમેયને પોતાના એકલવાયા દોસ્તાર સાથે ફાવી ગયું. બેઉ રોજ ફરવા જતાં, વાતો કરતાં, દોસ્તાર આદત મુજબ મોટે અવાજે વાંચતો તે સારમેય સાંભળતો.

આમ તો બધું ઠીકઠાક લાગતું, પરંતુ સારમેયને લાગ્યા કરતું કે તેનો દોસ્તાર આનંદમાં નથી રહેતો. ક્યારેક વાતો કરતાં કરતાં અટકી જઈ ઊંડા વિચારમાં ડૂબી જાય છે. ભલા આવી સરસ જગ્યાએ, આવી શાંતિમાં કોઈએ ઉદાસ શા માટે રહેવું જોઈએ?

એક બપોરે સારમેય દોસ્તારના કમરામાં ગયો તો તેણે જોયું કે દોસ્તાર પલંગ પર બેસીને સામે નાના પાટિયા પર દોરેલા સફેદ-કાળા ખાનાઓમાં જુદા જુદા આકારના રમકડાં ગોઠવે છે.

‘આવ’ દોસ્તારે કહ્યું અને એક સ્ટૂલ પલંગ પાસે ખેસવીને સારમેયને તેના પર બેસવા ઈશારો કર્યો. પછી પાટિયા પર ગોઠવેલા આકારોનાં નામ કહ્યાં, ‘હાથી, તેની સીધી ચાલ, ઊંટ, તેની ત્રાંસી ચાલ, ઘોડો તેની કૂદતી ચાલ, પ્યાદાં, વજીર, રાજા. આખું લશ્કર આટલામાં આવી ગયું.’ કહી દોસ્તાર હસ્યો અને ઉમેર્યું, ‘આમાં કૂતરો કેમ નહીં રાખ્યો હોય?’

‘કૂતરાઓ જીવ પર આવીને લડી શકે. ચાલ ચલવાનું તેમને માટે જરા અઘરું ગણાય’ સારમેયે કહ્યું.

‘એમ જ હોવું જોઈએ. કદાચ એટલે જ મને તારી સાથે મજા આવે છે. નહીંતર મારે તો સગો દીકરો છે, પણ અહીં રહેતો નથી. શહેરમાં કારખાનું કર્યું છે. અને અહીં આ ખેતરો કાઢીને હોલીડે રિસોર્ટ કરવા માટે મને પજવ્યા કરે છે. તું જ કહે રિસોર્ટનો ધંધો તે કંઈ સારી વાત છે?’

‘વેપાર-ધંધામાં કૂતરાઓને સમજ નથી પડતી’ સારમેયે કહ્યું.

‘છોડ વાત. જો હવે હું રમવા માંડું છું.’ દોસ્તારે કહ્યું, કોઈ દિવસ કોઈને શતરંજ રમતા જોયા છે?’

‘હા, મારી માનાં માલિક તેમના મિત્રો સાથે આવું કંઈક રમતાં. અહીં તો તમારે એકલા જ રમવું પડશે. મને આમાં સમજ નહીં પડે.’

‘તો એવી રમત શોધી કાઢ જે આપણે બેઉ રમી શકીએ અને જેમાં માત્ર કૂતરાં જ જીતી શકે તેવું ન હોય.’

‘સારું, સાંજે દરિયે જઈએ ત્યાં બેસીને સાથે વિચારીશું’ સારમેયે કહ્યું અને બહાર ગયો.

સાંજે બેઉ મિત્રો દરિયે ગયા. દોસ્તાર એક પુસ્તક કાઢીને મોટેથી વાંચવા માંડ્યો, ‘આત્મતત્ત્વના અનુભવ માટે આપણે જ્યાં હોઈએ ત્યાંથી શરૂ કરવું. દરેક તબક્કે ઊર્ધ્વમુખ થતાં રહેવું અને અંતે શુદ્ધ સ્વરૂપ...’

સારમેય ઊભો ઊભો સાંભળતો હતો. તેને લાગ્યું કે આ બધું સમજવું પોતાને તો અઘરું લાગે જ છે, પણ દોસ્તારનેય આમાં ખાસ કંઈ સમજાતું નથી અને મજા પણ નથી પડતી. તેણે દોસ્તાર તરફ જોઈને કહ્યું, ‘વાંચવું છોડીને આપણે થોડીવાર માટે રેતીમાં રમીએ તો?’

‘એમાં મને બહુ મજા નહીં પડે. મને વાંચવા દે. તું રમ.’

‘આપણે સાથે રમાય તેવી રમતો રમવાનું નક્કી કર્યું છે અને હવે એકલો રમું? એના કરતાં તમે તમારે વાંચો. હું સાંભળું છું.’ સારમેય બેઠો.

દોસ્તારે આગળ વાંચવાનું શરૂ કર્યું. ‘સ્વનું શુદ્ધ સ્વરૂપ તે જ જો પરમતત્ત્વ છે, તો પરમને પામવા સ્વને પામવું પૂરતું ગણાય? તેવો પ્રશ્ન જિજ્ઞાસુને થાય છે. આવા ઉત્તરમાં મારું પ્રવચન...’

વાંચતાં વાંચતાં દોસ્તારની નજર સારમેય તરફ ગઈ તો તે સમુદ્ર પરથી વહી આવતી ઠંડી લહેર

અને શાંત વાતાવરણના પ્રભાવ હેઠળ ઊંઘતો હતો. દોસ્તારે પુસ્તક બાજુ પર મૂકીને સારમેયને જોયા કર્યો. પછી કાંકરી મારીને તેને જગાડ્યો.

સારમેય ઝબકીને જાગ્યો.પછી છોભીલા પડીને તેણે કહ્યું, 'હું જરા ઊંઘી ગયો હતો.' અને સ્વસ્થ થવા પગ લંબાવી આળસ મરડ્યું.

'સરસ ઊંઘે છે તું. હું તો હમણાં હમણાં બરાબર ઊંઘી નથી શકતો.'

'કેમ!' સારમેયે પૂછ્યું.

'બસ, મને ગમતું નથી. વિચારો આવ્યા કરે છે. આ મિલ્કતોનું શું થશે, અહીં કોણ રહેશે, મને કોણ સાચવશે, મારી પાછળ શું થશે? જાતજાતના વિચારો આવ્યા કરે છે.'

'તમારે મિલ્કતો શા માટે હોય છે? અમારે તો એવું કંઈ હોતું નથી. સિવાય કે કેટલાક કૂતરાઓને પોતાનો ઈલાકો હોય છે.'

'તને એ નહીં સમજાય. સમજવાની કોશિશ પણ ન કરતો. નહીંતર મારી જેમ તારી પણ ઊંઘ ઊડી જશે.'

'મને તો સરસ ઊંઘ આવે છે. ક્યારેક સપનાં પણ આવે છે.' સારમેયે કહ્યું. પછી તે હસી પડ્યો. હસતો રહ્યો.

'કેમ એકલો એકલો હસે છે?'

'સપનામાં હું મને જોઉં. હું જે કરું છું, તમે જે કરો છો તે બધું, જેવું અત્યારે છે, તેવું જ સપનામાં પણ દેખાય. હું ક્યારેક જંગલોમાં, પહાડો પર કે ક્યારેક તો બીજા ગ્રહોમાં પણ જતો રહ્યો હોઉં તેવું દેખાય. પછી જાગું ત્યારે છેક ખબર પડે એ તો સપનું હતું; ને હું તો અહીં પૃથ્વી પર જ છું.'

એમાં હસવા જેવું શું?'

'એ જ કહું છું, સાંભળો તો ખરા. હમણાં જાગ્યા પછી મને વિચાર આવ્યો કે અત્યારે હું જોઉં છું તે સપનું હોય તો? હું તો ક્યાંક દૂર સૂતો હોઈશ, કદાચ કોઈ અજાણ્યા ગ્રહમાં કોઈ બીજા દરિયા કાંઠે, જ્યાં મારી મૂળ જગ્યા હશે.'

કહીને   સારમેય ફરી હસવા માંડ્યો. પછી અચાનક અટક્યો અને દોસ્તાર સામે એકીટસે જોઈ રહ્યો અને આનંદથી બૂમ પાડીને બોલ્યો, 'મળી ગઈ નવી રમત. આપણે સપનું સપનું રમીએ.'

'હા, સારમેય ચાલ, સપનું સપનું જ રમીએ, કદાચ તે જ સાચી રમત થશે' દોસ્તારે આનંદથી કહ્યું.

સારમેય પણ દોસ્તારને આનંદમાં જોઈને ખુશ થયો. તે ઉત્સાહમાં આવીને કિનારાની રેતીમાં ગોળાકારે દોડીને પાછો આવ્યો.

દોસ્તારે પૂછ્યું, 'બોલ હવે રમતનાં નિયમો કેવા રાખીશું?'

'કશા જ નહીં. બસ, એક જ નિયમ. આપણે એમ જ માનવાનું કે આ સપનું ચાલે છે. બધું જ સપનામાં કરવાનું, સપનામાં સૂવાનું, જાગવાનું, જમવાનું, રમવાનું, ફરવા જવાનું, ને જાત મૂકી આવવાની બીજા પ્રદેશમાં.'

'ક્યા પ્રદેશમાં?'

'આજે રાત્રે આકાશમાં તારા ઊગે એટલે અહીં આવીશું. સૌથી રૂપાળું તારામંડળ શોધીને ત્યાંના એકાદ તારાના ગ્રહ પર રહેવા જતા રહીશું.'

'પણ મારી મિલ્કતો?'

‘એ તો રહેશે. પણ સપનામાં. હો...હો...હો...’ સારમેયના આનંદની કોઈ સીમા ન હોય તેમ તે નાચ્યો, કૂદ્યો.

દોસ્તાર પણ હસ્યો, નાચ્યો, તેણે જોરજોરથી ગાયું, અને પોતાનાં કીમતી કપડાંની ચિંતા કર્યા વગર મુઠ્ઠીઓ ભરીને રેતી ઉડાડી.

સારમેય ક્યારેય નહોતો દોડ્યો એટલું ઝડપથી દોડ્યો, ગોળ ગોળ ચક્કરો માર્યાં, પાણીમાં તર્યો, રેતીમાં મોં ખોસ્યું.

પાછા ઘરે જતાં બન્ને ભેગાં મળીને જોરથી બૂમો પાડી, ‘ઓ દરિયા, અમે રાત્રે પાછા આવશું ત્યાં સુધી તને સલામ.’ પછી બન્ને ગાતાં ગાતાં ઘર તરફ ચાલી નીકળ્યા.

રાત્રે બેઉ જણાં પાછા દરિયે આવ્યા. ‘તને નક્ષત્રો, તારાઓમાં કંઈ સમજણ પડે છે?’ દોસ્તારે પૂછ્યું.

‘ઝાઝી નહીં, શકુને ભણવામાં આવતી એટલી વાતોની ખબર છે. આપણે સૌથી રૂપાળું તારામંડળ શોધવાનું છે; પણ કયું તારામંડળ રૂપાળું ગણાય તે મને સમજ નહીં પડે. મને તો આખું આકાશ રૂપાળું લાગે છે.’

‘તો પછી આપણા માટે સાચું નવું રહેઠાણ હું જ શોધી નાખું. કહે, આકાશમાં સૌથી તેજસ્વી તારો કયો હોય છે?’

‘સૂર્ય.’ સારમેય જે જાણતો હતો તે બોલ્યો. ‘અને તેના એક ગ્રહ પર તો આપણે સપનામાં આવી જ ગયાં છીએ.’

‘તો હવે બીજા ગ્રહ શુક્ર પર જઈને બળી મરવું છે?’ દોસ્તારે હસી પડતાં કહ્યું, ‘જો મને તો યયાતિ, મૃગશીર્ષ, વીણા, હંસ, ખગાશ્વ અને ધનુની આકાશગંગા એટલાં ગમે છે. એમાંથી એક મંડળ

પસંદ કરીએ.'

એટલે કે તમે સપનામાં માત્ર થોડાક જ તારાઓ જોયાં છે. બંધબારણે, કમરામાં સૂવાની ટેવ ન હોત તો આખી રાતમાં કેટલાંય તારામંડળ જોવા મળત.' સારમેયે કહ્યું.

'ગાંડા, હું કંઈ કૂતરો છું કે રાતભર જાગીને આકાશ જોયા કરું! આ તો નવરાત્રિ કે દિવાળીની રાતોએ બહાર બેસવાની મજા આવે ત્યારે જોઉં.'

'જે હોય તે. હવે જગ્યા પસંદ કરી લો. પછી સાચામાં ત્યાં રહેવા જ ચાલ્યા જઈએ, અને સપનામાં અહીં રહીએ. સારમેયે કહ્યું.'

'ચાલ ધનુની આકાશગંગામાં જ ચાલ્યા જઈએ. ત્યાં કેવો ઝળહળ ઝળહળ પ્રકાશ છે!' દોસ્તારે કહ્યું.

'જવાય. પણ મુશ્કેલી એ છે કે આપણે રહેવા માટે એકાદો તારાનો ગ્રહ પસંદ કરવાનો છે. એકસાથે ઘણા બધા તારા નહીં.'

હવે બેઉ મિત્રો ઊંડા વિચારમાં પડી ગયાં. આટલા બધા તારાઓમાંથી કયા તારાને ગ્રહ હશે તે બેમાંથી કોઈને ખબર ન હતી. વળી હવે તો સપનું સપનુંની રમત શરૂ થઈ જ ગઈ છે એટલે પૃથ્વી પર તો સપનામાં જ રહી શકાય. સાચેસાચ રહેવા માટે તો ક્યાંક બીજે જવું જ પડે!

અંતે તેમણે મળીને નક્કી કર્યું કે હાલ પૂરતું તો ત્રિશંકુની જેમ અંતરિક્ષમાં જ રોકાવું અને પોતાના સાચા સ્થાનની શોધ ચાલુ રાખવી.

દરિયેથી પાછા ફરતાં દોસ્તારે સારમેયને કહ્યું, 'મને સૂઝે છે કે હું પ્રશાંતને અહીં બોલાવીને બધું સોંપી દઉં. ભલે તે હોલીડે રિસોર્ટ બનાવે. તારું શું કહેવું છે? હું બરાબર કરું છું ને!'

સારમેય થોડી પળો મૌન સેવી રહ્યો. તેને થયું કે તે કહે કે દોસ્તાર અને તેનો પૂત્ર એકલા આવો

કોઈ નિર્ણય લઈ શકે નહીં, તેમણે ખેતરો, વાડીઓ અને દરિયાને પણ પૂછવું જોઈએ, પણ તેને લાગ્યું કે દોસ્તાર તેનું કહ્યું સમજશે નહીં તો અર્થ નહીં સરે.

થોડું વિચારીને સારમેયે જવાબ આપ્યો, 'તમે બરાબર કરો છો કે નહીં તે હું એકલો ન કહી શકું. વળી, સપનામાં બરાબર, ન બરાબર જેવું નક્કી કરી પણ કેમ શકાય? એમાં તો જે થતું હોય તે જોયા સિવાય આપણે કંઈ કરવાનું હોતું જ નથી - કરી શકીએ પણ નહીં.'

'એટલે તું એમ કહે છે કે સપનાની રમતમાં હોઈએ ત્યારે આપણે કંઈ કરવું નહીં અને મેં પ્રશાંતને બોલાવ્યો છે તેવું મારે નહોતું કરવાનું?'

'મારું કહેવું એમ નથી. હું ફક્ત એટલું જ કહું છું કે તમે પ્રશાંતને બોલાવ્યો તે અને ન બોલાવ્યો હોય તે, બન્ને ઘટના એક જ છે. રિસોર્ટ થાય કે ન થાય તે પણ સરખું જ છે. તમે તો તમને સપનામાં સૂઝ્યું તે કરો છો. હા, જો તમારે સંતોષ મેળવવો છે માટે અથવા પ્રશાંતની લાગણી જીતવા કે એવા કોઈ વ્યર્થ કારણે આ વિચાર્યું હોય તો તમારા સપનામાં ખલેલ પડશે. રમતનો આનંદ ગુમાવીને તમે પાછા હતા તેવા થઈ જશો. સપનામાં તમે કશું કરતા નથી હોતા એ ભૂલી જવાય નહીં. રમતની ખરી મજા આ છે.'

'તારી વાત થોડી સમજાય છે.' દોસ્તારે કહ્યું અને સારમેયને દરવાજા પાસે છોડીને તે હવેલીમાં ગયો.

સાંજે દોસ્તારે ભત્રીજાને અને વિશ્વકદ્રુને પોતાને ત્યાં નિમંત્ર્યા. તેમની સાથે હસી હસીને વાતો કરી અને જમ્યા પછી રાત રોકાઈ જવાનો આગ્રહ પણ કર્યો. વિશ્વકદ્રુને થોડી નવાઈ લાગી. જતાં જતાં તેણે સારમેયને કહ્યું, 'હું સાચું જ કહેતો હતો. માણસ વિશે પૂર્વધારણા બાંધી શકાતી નથી.'

બધા ગયા પછી દોસ્તારે સારમેયને કહ્યું, 'મને લાગે છે કે હું મજામાં છું. પ્રશાંત અને એનાં બાળકો

આવશે એટલે મજા આવશે.'

જવાબમાં સારમેય કંઈક બોલવા ગયો. પછી અટકીને માત્ર હસ્યો અને દરવાજા તરફ ચાલી ગયો.

|| 10 ||

પ્રશાંત એકલો જ આવ્યો. 'તમે લખ્યું એટલે આવ્યો. શા માટે બોલાવ્યો છે તે પણ લખ્યું હોત તો ઠીક થાત. ખેર, મારે ઘણું કામ હોય છે. હું લાંબુ રોકાઈ નહીં શકું. ચારેક દિવસમાં પાછા જવું પડશે.' તેણે આવતાં જ કહ્યું.

'તને મારે રોકવો પણ નથી. બેએક વાત કરવાની છે તે નિરાંતે કરી લઉં પછી તારે જે કરવું હોય તે કરજે.' દોસ્તારે શાંતિથી જવાબ આપ્યો.

સારમેયને હતું કે પ્રશાંતને એકલો આવેલો જોઈને અને તેની આવી વાત સાંભળીને દોસ્તાર થોડો નિરાશ થશે. પણ તેવું ખાસ કંઈ થયું નહીં.

પછી બે દિવસ સુધી બાપદીકરો એકલા જ બધા બાગ-ખેતરોમાં ફર્યા. બહારથી એક-બે માણસો આવ્યા તેમની સાથે મસલતો કરી. પ્રશાંત ખાસ જરૂરી હોય તો જ બોલતો.

સારમેય પ્રશાંતને મળી શક્યો ન હતો. સવારે પ્રશાંત વહેલો જમી લેતો અને સાંજે સારમેય અંધારા પહેલાં ખાઈને દરવાજે ચાલ્યો જતો એટલે જમવાના સમયે પણ પ્રશાંત સાથે વાત કરવાનું બનતું નહીં.

દોસ્તાર અને પ્રશાંત કામમાં હોય એટલે સારમેય એકલો રખડવા નીકળી પડતો. એક દિવસ તો વિશ્વકદ્રુને ત્યાં પણ જઈ આવ્યો. દોસ્તારના ભત્રીજા સાથે આખો દીવસ રખડપટ્ટી કરવાની તેને મજા પડી. આવો સરસ માણસ પોતાનો ભત્રીજો હોવા છતાં દોસ્તારને તે ગમતો શા માટે નહીં હોય એ સારમેયને સમજાયું નહીં.

પ્રશાંતને પાછા શહેર જવાની ઉતાવળ હતી; પરંતુ જ્યારે દોસ્તારે તેને અહીં જે કરવું હોય તે કરવાની છૂટ આપવાની વાત કરી ત્યારે તેને થોડી નવાઈ લાગી. પ્રશાંતે પિતાનું મન જાણવા થોડું

વધું રોકાવાનું નક્કી કર્યું.

દોસ્તારને સાથે રાખીને તે બગીચાઓમાં ફર્યો. પોતે અહીં શું કરવા માગે છે તેની વાત ફરી ફરીને દૃઢસ્વરે, વિસ્તારપૂર્વક કહી જેથી ભવિષ્યમાં દોસ્તાર બીજી કોઈ મુશ્કેલી ઊભી ન કરે.

સારમેય પિતા-પુત્રની વાતમાં વચ્ચે ન પડતો. તે પોતાની રીતે ફરતો રહેતો. એક વહેલી સવારે તે આંબા-લીંબુના બગીચા સામે બેઠો હતો. અચાનક તેને આભાસ થયો કે આખુંય વાતાવરણ ઉદાસ છે.

રોજ પાછલા પરોઢે ઝાકળ પડવાનું શરૂ થાય કે આ બાગનો પ્રાકૃતિક આનંદ, ફૂલોની સુગંધ અને પાંદડાંના સળવળાટરૂપે પ્રગટી ઊઠતો. આજે ઝાકળ તો ક્યારનીએ પડવા માંડી છે, પણ બાગ મહેકતો નથી તે સારમેય સ્પષ્ટ નોંધી શક્યો.

સારમેયે ફરી વાતાવરણ સૂંઘી જોયું. આગલા પગ લંબાવીને સ્થિર, ધ્યાનપૂર્વક કાન માંડીને બેઠો. થોડી વારે તેને પેલો પરિચિત સ્વર સંભળાતો હોય તેવું લાગ્યું. સૂક્ષ્મ સ્વર જાણે કંઈક ઉદાસ હતો.

'....'

સારમેયને તે સ્વરને જવાબ આપવાનું મન થયું, પરંતુ પ્રયાસ કરવા છતાં તે જવાબ આપી ન શક્યો. એટલામાં તેને લાગ્યું કે પાછળની કેડી પર કોઈ ચાલી રહ્યું છે. તે એકદમ સચેત થઈને ઊભો થઈ પાછળ ફર્યો.

'એમ ચમકી પડવાની જરૂર નથી. હું જ છું.' પ્રશાંત નજીક આવ્યો.

'સવચેત રહેવું તે કૂતરાઓ માટે અગત્યનું ગણાય.' સારમેયે સ્વાભાવિક રહીને જવાબ આપ્યો.

'કૂતરાઓ માટે દરવાજે બેસીને ચોકી કરવાનું પણ અગત્યનું જ ગણાય. તું તારું કામ છોડીને અહીં કેમ રખડે છે?' પ્રશાંતે કહ્યું, 'જે કામ માટે તને રખાયો છે તે તારે ઈમાનદારીથી કરવું

જોઈએ.'

'હું અહીં રહું છું માટે હું અહીં છું; મને કોઈ કામ માટે રખાયો નથી. આમ છતાં પોતે જ્યાં રહેતો હોય ત્યાં કંઈ ખોટું ન થાય તેનું ધ્યાન રાખવાનું તો કૂતરાના સ્વભાવમાં છે અને તે જ હું અત્યારે કરી રહ્યો છું.' સારમેયે સ્વસ્થ રહીને જવાબ આપ્યો.

'અહીં છેક બેસીને શાનું ધ્યાન રાખે છે? દરવાજો સચવાય તો અહીં પછી કોણ આવી શકવાનું? પ્રશાતે પૂછ્યું.

'દરવાજાની અંદર રહીએ છીએ તે બધાં.' સારમેયે જવાબ આપ્યો, 'હું અહીં બેઠો ન હોત તો મને ખબર ન પડત કે આ બધા ઝાડવાને કોઈથી ભય ઊભો થયો છે - શાનાથી તે મને ખબર નથી, પણ હું ધ્યાનથી તેમને સાંભળીશ તો મને આખી વાત કદાચ સમજાશે.'

'તેમને સાંભળીશ એટલે કોને? પ્રશાંતે નવાઈથી પૂછ્યું.

'આ ઝાડવાંને' સારમેયે સહજ રહીને જવાબ આપ્યો.

'ઝાડવા બોલી શકે અને તું તેમને સાંભળી પણ શકે! વાહ, તને તો મારે શહેરમાં લઈ જવો જોઈએ. જાદુઈ કૂતરો જોઈને લોકો ગાંડા થઈ જાય!' પ્રશાંતે વ્યંગમાં કહ્યું અને સારમેય સામે એક પથ્થર પર બેઠો.

'ઝાડવા બોલી ન શકે છતાં તેઓ સમજાવી શકે. હું તેમને સ્પષ્ટ સાંભળી ન શકું છતાં અનુભવી શકું. આ રીતે મેં ઘણાં સાથે વાતો કરી છે.' સારમેયે ઉત્તર આપ્યો.

'ઓહ!' પ્રશાંતે કહ્યું, 'આ વળી નવતર વાત. તો હવે તમે મને એ કહો હે શ્વાન મહાશય કે તમે અત્યારે શું સમજી શકો છો?'

'આપણે પ્રયત્ન કરીએ' કહીને સારમેય પાછો સ્થિર-મૂક બેઠો. પ્રશાંત તેને જોઈ રહ્યો. થોડી વારે

સારમેયે માથું ઊંચું કરીને પ્રશાંત તરફ જોઈને કહ્યું, 'થોડા સમય અગાઉ કોઈએ, કદાચ તમે અને દોસ્તારે, આ સ્થળે ઊભા રહીને આ બગીચો કાઢી નાખવાની વાતો કરી લાગે છે.'

પ્રશાંતના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે સહસા બોલી પડ્યો, 'અરે હા, રિસોર્ટની મુખ્ય ઓફિસ કરવા આ ઝાડવાં કાઢી નાખવાનું અમે કાલે જ વિચારેલું. અહીં જ ઊભા રહીને, પણ અમે તો અંગ્રેજીમાં બોલતા હતા!'

સારમેય હસી પડ્યો અને બોલ્યો, 'ઝાડવાં કોઈ ભાષા જાણતાં હશે તેવું તમને લાગે છે? એમને બોલાયેલી ભાષા સાથે કંઈ લેવાદેવા નથી. હું આજ સુધીમાં જે સમજ્યો છું તે પરથી મને લાગે છે કે તમારો વિચાર ભાષા કે બોલી રૂપે પ્રગટે તે પહેલાં તે તેના ઉદ્‌ગમના પ્રદેશમાંથી વહીને સીધો જ પ્રકૃતિને પહોંચી જતો હોય છે.

'પ્રકૃતિ તમારા મનને પામી જાય છે. પછી તમે કદાચ કશું બોલો નહીં તો પણ તમે જે બોલવાના હતા તેનાથી પ્રકૃતિ અજાણ રહેતી નથી. આ જ રીતે પ્રકૃતિ પોતાની વાત પણ તમને કહી શકે છે. પ્રેરણા, ભાવના કે વિચારની અભિવ્યક્તિ માટે ભાષાની જરૂર સચરાચરમાં કોઈનેય પડતી નથી.'

'તું શું કહેવા માગે છે તે મને પૂરું તો નહીં, પણ થોડું ઘણું સમજાય છે. તું ભાષાને એક વધારાની સગવડ ગણે છે.' પ્રશાંતે ઉત્તેજનાથી કહ્યું, 'અમારી ક્લબમાં એક બહેન કંઈક આવી જ વાતનું પ્રવચન કરવા આવેલાં. મને રસ પડેલો. થોડો પ્રયત્ન પણ મેં કરેલો, પણ કંઈ આવડ્યું નહીં. નિષ્ફળ ગયો એટલે શ્રદ્‌ધા ન રહી. પછી છોડી દીધું.'

'એ કોઈ કામ કે કળા નથી કે તેને આવી ઢબે શીખી શકાય. માત્ર રસ પડે તે પૂરતું નથી. જેમ તમે બોલ્યા વિના પણ તમને, તમારી જાતને સાંભળો છો તેમ જ તમને આ બધાને સાંભળતાં આવડી જાય તો તમે આ રીતે વાતો કરી જ શકો. તમારે આ બધાને એ રીતે સ્વીકારવા જોઈએ જે રીતે તમે તમારી જાતને સ્વીકારો છો.' સારમેયે કહ્યું.

'તો પણ તેમની ભાષાને સમજી શકવા જેટલું તો કંઈક શીખવું પડે ને?' પ્રશાંતે શંકા વ્યક્ત કરી. 'થોડી તાલીમ પણ લેવી પડતી હશે.'

'ભાષા તો વચ્ચે ક્યાંય છે જ નહીં. કોઈ શબ્દોચ્ચાર પણ નથી. બધી જ ખબર આપોઆપ પડતી રહે છે.' સારમેયે કહ્યું અને સમજાવતો હોય તેમ ઉમેર્યું, 'તમે બોલી ન શકો તેવડા બાળક હો ત્યારે પણ તમારી પ્રકૃતિ સ્વસ્થ ન હોય તેની ખબર માતાને પડી જતી હોય છે. તમારું પ્રિયજન ઉદાસ હોય તો તમે પામી જતાં હો છો. આને મળતું જ આ છે.'

વાત પૂરી કરીને સારમેયે માળી કેટલી સરળતાથી ફૂલછોડ સાથે વાતો કરતો તે પ્રશાંતને કહી સંભળાવ્યું. 'એક વાર તે માળીએ મને આ બધું કહ્યું. મેં તેની વાત સમજવા પ્રયત્ન કર્યો. મારી જાતે ચકાસી જોયું. બસ પછી થઈ શક્યું.'

પ્રશાંતે કંઈ બોલ્યા વગર વિચાર્યા કર્યું. પછી સારમેયને કહ્યું, 'બાપુ તારી રાહ જોતા હશે આજે તમને ફરવા જવાનો સમય મળ્યો છે.'

સારમેય ઊભો થયો, પ્રશાંત પણ ઊઠ્યો અને બેઉ જણ ચૂપ રહી દરવાજા તરફ જતી પગદંડી પર સાથે ચાલ્યા.

દરવાજે દોસ્તાર ઊભો હતો. સારમેય અને દોસ્તાર બહારના માર્ગે ચાલ્યા. પ્રશાંત ત્યાં જ રોકાઈને બેઉ મિત્રોને ટેકરી તરફ જતા જોતો રહ્યો. બેઉ દેખાતા બંધ થયા પછી પ્રશાંત ધીમે પગલે પાછો બાગ તરફ ચાલ્યો.

બપોરે દોસ્તાર જમવાના ટેબલ પર આવ્યો ત્યારે જોયું કે પ્રશાંત તેની રાહ જોતો બેઠો છે. 'તારે કંઈ કામ છે? દોસ્તારે પૂછ્યું.

'હું તમારી સાથે જમીશ' પ્રશાંતે ઉત્તર આપ્યો અને ઉમેર્યું, 'મને લાગે છે કે પેલા વકીલને

બોલાવીને તમે લખાણ કરાવી લો પછી જ હું જઉં.'

'કેમ, તને એવું લાગે છે કે હું મારો વિચાર બદલી નાખીશ?' જમતાં જમતાં વાત આગળ ચાલી.

'તમે નહીં, હું.' પ્રશાંતે કહ્યું, 'લખાણ થઈ ગયા પછી પણ તમારો વિચાર બદલાય તો તમે તેને નવેસરથી લખાવી શકો. મારો વિચાર ગમે તેટલો બદલાય તો પણ હું તમારું લખાણ કંઈ બદલી શકવાનો નહીં. હું તો મને બાંધું છું.' પ્રશાંતે કહ્યું અને બેઉ હસ્યા. સારમેય પોતાની વાનગી ચાંટતો બેઉની વાત સાંભળતો હતો.

સાંજે ચાર વાગ્યે વકીલ આવ્યો. સારમેય તેને દીવાનખંડમાં લઈ આવ્યો. પ્રશાંત આવ્યો એટલે દોસ્તારે કહ્યું, 'હવે તારે જે લખાણ કરાવવું હોય તે કહે એટલે કાગળો તૈયાર કરાવી લાવે.'

'તમારા વિલનું લખાણ તમારે જ કરાવવું જોઈએ' વકીલે કહ્યું.

'હું જ કરાવું છું. હું જ તેમાં સહી કરીશ.' દોસ્તારે કહ્યું. વકીલે નોંધ કરવા કાગળો કાઢ્યા અને પ્રશાંતને કહ્યું, 'બોલો.'

'અહીં જે મિલકત છે તેમાં ખુલ્લી જમીન સિવાયના ભાગમાં કોઈ ફેરફાર ન કરાવવાની શરત જેને માન્ય હોય તેને આ મિલકત મળે. આપમેળે ન સુકાય ત્યાં સુધી અહીંનું કોઈ વૃક્ષ કાપવું નહીં તે શરત જેને માન્ય હોય તેને આ મિલકત મળે તેવું લખાણ કરવાનું છે.' પ્રશાંતે કહ્યું અને ઊભો થતાં બોલ્યો, 'કાલ બપોરે હું નીકળું છું.

રાતના ત્રણેક વાગ્યે કોઈ બાગ તરફ ગયું છે તેવું લાગતાં સારમેય પાછળ ગયો. તેણે જોયું કે પ્રશાંત બરાબર બાગના છેડે, વૃક્ષો તરફ મોં રાખીને, જમીન પર પલાંઠી વાળીને શાંત બેસી રહ્યો છે. કશો જ અવાજ કર્યા વગર સારમેય પ્રશાંતથી થોડે દૂર ઘાસમાં બેસી ગયો. સરતા જતા સમયનું ભાન બેમાંથી કોઈનેય ન હતું.

કેટલીય વારે રોજના જેવી સુગંધ ફેલાઈ. નાના છોડથી માંડીને મોટાં વૃક્ષો વાતાવરણને ભરી દેતાં ઝૂમી ઊઠ્યાં. પ્રશાંત ઊભો થયો. એક મોટા વૃક્ષ પાસે જઈને તેણે નમેલી ડાળ પર હાથ ફેરવ્યો. પાછા ફરતાં તેણે જોયું કે સારમેય પાછળ ઘાસમાં ઊભો રહીને તેને જોઈ રહ્યો છે.

ઝાંખા પ્રકાશમાં તે સારમેય તરફ ચાલ્યો અને બોલ્યો, 'હું શીખ્યો નથી. મેં જાણ્યું છે. શીખવા કરતાં જાણવું વધુ યોગ્ય છે તે હું સ્વીકારું છું.'

સારમેય અને પ્રશાંત બેઉ થોડી પળો મૌન રહ્યા. પછી ઝાકળભીનાં ઘાસથી છવાયેલા કેડા પર તે બેઉ મિત્રો ચાલતા થયા.

દિવસ આખો પ્રશાંત પોતાના કામમાં રહ્યો. સાંજે વિદાય લેતાં તેણે પિતાને કહ્યું, 'તમે એકલા રહો છો તે કરતાં ભાઈને અહીં રહેવા બોલાવી લો ને! એ પણ કાકાને ખેતર એકલો જ રહે છે.'

'એ આવે તો ભલે રહે.' દોસ્તારે કહ્યું.

સારમેયની વિદાય લેતાં પ્રશાંતે કહ્યું, 'મેં મારી વાત તેમને કહી છે. મને લાગે છે કે તેઓ મને સમજ્યા પણ છે; પરંતુ પ્રયત્ન છતાં તેમના તરફથી મને કંઈ સંભળાયું નથી. ઊંડે ઊંડે મને એવું લાગેલું કે ક્યાંકથી કોઈક કંઈક પ્રતિભાવ આપવાની કોશિશ કરે છે. હું ક્યારેક તેમને પણ સાંભળી શકીશ.'

સારમેયે હસીને વિદાય આપતાં કહ્યું, 'પરસ્પરને સાંભળવાનો આનંદ તમને પ્રાપ્ત થાઓ તેવી શુભેચ્છા.'

|| 11 ||

વર્ષાઋતુની જાજરમાન શરૂઆત વા-વંટોળ, વીજળીના ચમકાર અને ગગનભેદી કડાકાઓ સાથે થઈ. બપોર હજી ઢળી રહે ત્યાં તો ઈશાનમાં આકાશને છાઈ દેતું ધૂળનું, રક્ત-ભૂખરા વર્ણનું વાદળ ઊઠ્યું અને પળ વારમાં તો છેક હવેલીના આંગણાંમાં આવી બારી-બારણાં પછાડતું આગળ ચાલ્યું. બાગનાં વૃક્ષો જાણે ઊલટપૂલટ થઈ જવાનાં હોય તેમ નમી જવા માંડ્યાં. કેટલીય ડાળો અને એકાદ વૃદ્ધ વૃક્ષ તૂટીને નીચે ઢળી પડ્યાં.

દરિયે ફરવા જવા તૈયાર રહી દરવાજા વચ્ચે ઊભેલો સારમેય સ્થિર ઊભો ન રહી શક્યો. તેની આંખોમાં અને વાળમાં ધૂળ ભરાઈ. માથું હલાવીને, કાન પટપટાવી, પૂંછડીને સ્થિર રાખવા પ્રયત્ન કરતો તે પોતાના   નિવાસ તરફ ભાગવા ગયો તો તેના પગ પણ સ્થિર નહોતા પડતા.

થોડી પળોમાં વરસાદ તૂટી પડ્યો. ભીંજાઈને બેસી ગયેલી ધૂળની લાલ-ભૂખરી ડમરીનો પડદો સરી જતાંવેંત પાછળ વરસાદી વાદળોથી છવાતો જતો આકાશનો રૌદ્ર છતાં સદા ભવ્ય રૂપરાશિ પ્રગટ થતો. એકાદ ક્લાક વરસીને વરસાદ અટક્યો.

સારમેય દરવાજા બહાર નીકળીને એક ઊંચા ખડકના મથાળે જઈ વાતાવરણની તાજગીને માણતો ઊભો રહ્યો. તે જ ક્ષણે પ્રકૃતિ પોતાની કોઈ પરમમોહિની કલ્પના સાકાર કરવા માંગતી હોય તેમ પશ્ચિમાકાશનાં વાદળોમાંથી સૂર્ય ડોકાયો. પૂર્વમાં કાળાં વાદળો પર મેઘધનુષ અંકાયું. વળતી પળે જ દરિયા તરફથી સાગરપંખી ઊડ્યાં.

ઘનઘોર વાદળોની પૃષ્ઠભૂમિમાં, મેઘધનુષ નીચે ઊડ્યે જતી શુદ્ધશ્વેત સાગરપંખીઓની પંક્તિ, ભીની ધરા, ભૂખરા ખડકો, તેના પર ઊભેલો દૂધિયો, દમામદાર, સારમેય. આ બધાંએ મળીને ક્યારેક જ જોવા મળે તેવું એક અપ્રતિમ દૃશ્યજગત રચ્યું.

દોસ્તાર ઘરમાંથી બહાર આવ્યો અને થોડી પળો પોતાના સ્વપ્નઘર સમી પૃથ્વી પર પ્રકૃતિએ વિખરેલું સૌંદર્ય અવાક્ બની માણતો રહ્યો. પછી બૂમ પાડીને કહ્યું, 'સારમેય, ઠંડી લાગે છે. આજે આપણે ફરવા નહીં જઈ શકીએ. મને તાવ જેવું લાગે છે.'

રાત્રે ફરી વરસાદ શરૂ થયો. થોડી વાર ઝરમર વરસીને જરા વારમાં તો વીજળીના ચમકારા, કડાકા સાથે જાણે ક્યારેય અટકવાનો ન હોય તેમ, ધોધમાર પડવા માંડ્યો.

મધરાતે મેઘતાંડવને જોતો સારમેય હવેલીના પૉર્ચ તળે જાગતો બેઠો હતો. કોઈકનાં પગલાંનો અવાજ સાંભળ્યો, ગંધ પરખાઈ અને વીજળીના ચમકારામાં વિશ્વકદ્રુ આવતો દેખાયો. આટલાં વરસાદમાં તેને અહીં જોઈ સારમેયને નવાઈ લાગી, 'કેમ અત્યારે?'

'મારા માલિક કહે છે કે ઉપરના તળાવનો પાળો તૂટે તેમ છે. જો નીચે વાસનાં ખેતરોમાં પાણી ભરાઈ જશે તો બહુ જીવો મરી જશે. મારા માલિક બધાને ત્યાંથી બહાર લઈ આવવા જાય છે. તારે સાથે આવવું છે?'

'હા, હું આવું છું. આપણે દોસ્તારને પણ કહીએ. તું જરા વાર ઊભો રહે.' કહીને સારમેય ઘરમાં ગયો.

દોસ્તાર પથારીમાં ઓઢીને જાગતો પડ્યો પડ્યો બારીના કાચ પારનું તોફાન જોતો હતો. સારમેયે તેને વિશ્વકદ્રુએ કહેલી વાત કરી કહ્યું, 'હું તેઓ સાથે જઉં છું.'

'મને બોલાવવા આવ્યો હો તો તું નિરાશ થઈશ. આવા વરસાદમાં હું બહાર નહીં નીકળું. મને તાવ છે.' દોસ્તારે સારમેય તરફ જોયા વગર કહ્યું.

'તે સાથે આવો છો કે નહીં તેમ મેં પૂછ્યું નથી. હું તો માત્ર તમને કહેવા આવ્યો છું કે હું વિશ્વકદ્રુ સાથે જઉં છું.'

‘આવામાં તું પણ ન જાય તો સારું. એક જીપમાં તમે કેટલાને લાવી શકશો. વળી, આવા વરસાદમાં કોઈ પોતાનું ઘર છોડવા તૈયાર નહીં થાય.’

‘જેટલાને લઈ આવી શકીશું એટલા તો બચી શકશે.’ સારમેયે જવાબ આપ્યો. ‘બધાં કદાચ જીપમાં ન આવી શકે; પરંતુ સમયસર માહિતી પહોંચાડીએ તો પગે દોડીને તો ચાલ્યા જઈ શકે.’

‘સપનામાં વળી બચવું શું ને મરવું છું?’ દોસ્તારે પડખું ફરતાં કહ્યું.

આ સાંભળીને સારમેયે શરીર ટટ્ટાર કર્યું, તેની આંખો પહોળી થઈ. કાન સીધા ઊભા કરીને તેણે કહ્યું, ‘સપનાવાળી રમતનો તમે આવો અર્થ કરશો તે મને ખબર ન હતી. તમે શાસ્ત્રો વાંચ્યાં છે. તમને ગીતાના પાઠ કરતા મેં સાંભળ્યાં છે. કંઈ નહીં જવા દો, પણ અત્યારે મને એવી લાગણી થાય છે કે સપનાની રમતમાં સ્વપ્ને પણ કોઈને આ રીતે ભાગી શકવાની છૂટ ન હોવી જોઈએ. તમે માંદા છો તો ભલે ન આવો, હું તો સાજોસમો છું. મારાથી છટકી શકાય નહીં. હું જરૂર ત્યાં જવાનો. ભલે ગમે તે થાય.’

દોસ્તાર જવાબ આપ્યા વગર સારમેય સામે જોઈ રહ્યો. સારમેય ત્યાંથી બહાર જતાં બારણા વચ્ચે રોકાયો પાછળ ફરીને તેણે દોસ્તારને કહ્યું, ‘કદાચ એમ પણ બને કે આપણે છેલ્લી વખત એકબીજાને મળ્યા.’

‘હું માનતો નથી. આપણે હજી મળીશું.’ દોસ્તારે જવાબ આપ્યો.

સારમેયે બહાર નીકળી વિશ્વકદ્રુ સાથે દોટ મૂકી. ભત્રીજો બેઉની રાહ જોતો જીપમાં બેઠો હતો. સારમેય અને વિશ્વકદ્રુ જીપમાં ચડ્યા કે તેણે જીપ ચલાવી મૂકતાં કહ્યું, ‘હું રસ્તાના છેવાડે જીપ મૂકીને તરત રસ્તા પાસેનાં ખેતરોમાં જઈશ. તમે બેઉ ઝડપી દોડી શકો છો એટલે પાછળનાં ખેતરોમાં વહેલા પહોંચી શકશો. ત્યાં પહોંચીને માણસોને તરત ભાગવાનું કહેજો. જે ન ભાગે તેની પાછળ પડીને પરાણે ભગાડજો.’

ઢોળાવના છેડે જ રસ્તો પૂરો થઈ જતો હતો. તળાવ તૂટ્યું ન હતું તોયે ચારે તરફ વરસાદના પાણી ભરાઈ ગયાં હતાં. ખેતરોમાં જતી કેડીઓ ક્યાં હશે તે કોઈ જાણી શકે તેમ ન હતું. ફરી અહીં મળવાનું નક્કી કરીને ત્રણેય છૂટા પડ્યા. સારમેય અને વિશ્વકદ્રુ દૂરનાં ખેતરોમાં જવા દોડી ગયા.

મોટાભાગના ખેડૂતોએ ભારે વરસાદ ઘણી વાર જોયો હતો. હા, તળાવ ફાટી જાય એટલું ભરાઈ ગયું છે તે વાતની કોઈને ખબર ન હતી. વળી આજ સુધીમાં તો તળાવ ક્યારેય ફાટ્યું ન હતું. એથી ઘર છોડીને જવાની વાત તેમને ગળે ઉતારવી કઠિન હતી.

માંડમાંડ કેટલાક જણ નીકળ્યા. વિશ્વકદ્રુ અને સારમેય તેમને જીપ સુધી દોરી લાવ્યા. ભત્રીજો પણ કેટલાંક સ્ત્રી-બાળકોને લઈને ત્યાં ઊભો હતો.

‘આટલાં જણાંને તું જીપમાં કેમ કરીને લઈ જવાનો?’ એક ખેડૂતે ભત્રીજાને પૂછ્યું.

‘આપણે ફેરા કરીશું.’ ભત્રીજાએ કહ્યું, ‘જે ચાલી શકે તેમ હોય તે ચાલવા માંડો’ અને થોડા માણસો જીપમાં બેસારીને ગયો.

સારમેય અને વિશ્વકદ્રુ બીજા લોકોને બોલાવવા ખેતરો તરફ જતા હતા ત્યાં તેમની નજર સામેના ઢોળાવ પર આવતા કોઈ મોટા વાહનના પ્રકાશ તરફ ગઈ. સામેની ટેકરીને છેડે આવીને એક ટ્રક અટકી હોય તેમ લાગ્યું. ટ્રકની બત્તી ચાલું રહી, તેમાંથી ઊતરીને એક માણસ ઉતાવળે પેલી તરફનાં ખેતરોમાં ગયો તેવું દેખાયું.

‘ચાલો. પેલી તરફ બીજી મદદ પણ આવી ગઈ. હવે ઝડપથી કામ થશે.’ સારમેયે કહ્યું, ‘આપણે આ તરફના માણસોને બોલાવી લાવીએ.’

એકાદ કલાકમાં તો બધાં જ ખેતરોમાંથી માણસો ઢોળાવ પર આવી ગયા. વરસાદ અટકવાનું

નામ લેતો ન હતો. જીપ અને ટ્રક સામસામે છેડેથી માણસોને ઉપર તરફ લઈ જવા માંડ્યા. ચારેક ફેરા થયા હતા. હજી એકાદ ફેરા જેટલા માણસોને લઈ જવા બાકી હતા અને પાણી ઝડપથી વધવા માંડ્યું. અંધારામાં નાસભાગ મચી ગઈ. કાદવમાં દોડવા જતાં લોકો લપસી પડ્યા. જીપ આવી એટલે ધક્કામુક્કી થઈ.

વિશ્વકદ્રુનો પિત્તો ગયો. તે ખૂબ જ ગુસ્સે થઈને બૂમાબૂમ કરવા માંડ્યો. સારમેયને થયું કે ક્રોધમાં આવીને તે કોઈને કરડી ન બેસે તો સારું. તેણે વિશ્વકદ્રુને શાંત પાડતાં કહ્યું. 'આપણા માટે ગમે તેવા પૂરમાં તરવું રમત વાત છે. આ લોકો તો ડૂબી મરવાની બીકે આવું કરે છે. તું શાંત રહે તો સારું.'

સામેના ઢોળાવ પરના લોકો દૂરના અંતરે હતા એટલે કંઈ સ્પષ્ટ દેખાતું ન હતું, પણ ઘોંઘાટ અને ચીસાચીસી પરથી લાગતું હતું કે ત્યાં પણ આ તરફ જેવી છે તેવી જ દશા થઈ હશે. ટ્રકે ઉપર તરફ જવા માટે વળાંક લીધો ત્યારે અવાજો બંધ થયા.

'બધાં જતાં રહ્યા લાગે છે. આપણે જઈએ' સારમેયે કહ્યું. ત્યાં સામી બાજુએ ગયેલી ટ્રક રોકાઈને પાછી આવતી લાગી. આ તરફથી જીપ પણ આવી. 'કોઈ બાકી નથી રહેતું ને?' ભત્રીજાએ જીપને પાછી વાળતાં કહ્યું, 'જરા બરાબર નજર કરી લો કોઈ રહી ન જાય.'

'અહીં તો કોઈ નથી' સારમેયે કહ્યું. 'સામી બાજુએ ટ્રક પાછી શા માટે લાવ્યા તે ખબર નથી પડતી. અમે ત્યાં જઈએ?'

'ન જશો, પાણી એકદમ વધે છે એટલે લાગે છે કે તળાવ છલકાયું છે. માટીનો પાળો ફાટી પડતાં વાર નહીં લાગે' ભત્રીજાએ કહ્યું. અને જીપને ટેકરો ચડાવી દઈ ત્યાં રહી બૂમ પાડી 'હવે જલદી આવી જાઓ બેઉ.'

વિશ્વકદ્રુ ઉપર તરફ ચાલ્યો. સારમેયનું ધ્યાન હજી સામા કિનારા પર હતું. તેણે ટ્રકને ઢોળાવના

છેડે આવીને અટકતી જોઈ. વળતી જ પળે તળાવની દિશામાંથી પાણીનું મહાકાય મોજું આવ્યું અને સારમેયના માથા પરથી પસાર થઈ ગયું. માંડ માંડ જોર કરીને તે ઉપર આવ્યો. જાતને સંભાળીને જોરપૂર્વક ટેકરી તરફ તરી ગયો. બહાર નીકળતાં જ તેણે સામી બાજુ ટ્રક તરફ જોયું. ડહોળા પાણીમાં પ્રકાશનું બિંબ ચળકતું હતું.

'અરે હેય! પેલી ટ્રક ડૂબી ગઈ!' ભત્રીજાએ પણ ત્યારે જ બૂમ પાડી.

'તમે જાવ. ઉપરના રસ્તે થઈ ત્યાં પહોંચો. અમે તરીને જઈએ છીએ.' સારમેય અને વિશ્વકદ્રુ લગભગ સાથે જ બોલ્યા અને સામી તરફ જવા ઝંપલાવ્યું.

સારમેય અને વિશ્વકદ્રુ તરીને સામે પહોંચ્યા ત્યાં સુધીમાં બત્તીનો પ્રકાશ બંધ પડી ગયો હતો. હિલોળા લેતા પાણીમાં માંડમાંડ તરીને બેઉ ટ્રક પાસે ગયા. ઢોળાવ પર ઊભેલી ટ્રકનો આગળનો ભાગ પાણીમાં ડૂબેલો હતો. ટ્રકના છાપરા ઉપર બે જણ બેઠા હોય તેવું લાગ્યું.

'સારમેય, આ તરફ.' ટ્રકના છાપરે બેઠેલા બે જણમાંથી એકે બૂમ પાડી. દોસ્તારનો અવાજ ઓળખીને સારમેય અને વિશ્વકદ્રુ ઝડપથી તરીને તે તરફ ગયાં અને પ્રયત્નપૂર્વક છાપરે ચડ્યા.

અરે! તમારું આખું શરીર ધ્રૂજે છે.' દોસ્તારને જોતાં જ સારમેયે કહ્યું.

'હા, મને તાવ હતો.' માંડ બોલીને દોસ્તાર થોડું હસ્યો.

જીપ આવી. ભત્રીજાએ અને ટ્રકચાલકે દોસ્તારને ઉપાડી જીપમાં સુવરાવ્યા. દોસ્તારનું શરીર સતત ધ્રૂજતું હતું.

'તમે લોકો તો જતા રહ્યા હતા અને પાછા કેમ આવ્યા?' ભત્રીજાએ જીપમાં આગળ બેસવા જતાં જરા ચિંતાભરી ચીડથી પૂછ્યું.

'અમે ટેકરી પર પહોંચ્યા પછી કોઈએ કહ્યું કે એક મૂંગો-બહેરો જણ નીચે રહી ગયો છે.' ટ્રક

ડ્રાઈવરે જવાબ આપ્યો.

ચાલતી જીપને કારણે વરસાદ, પવન બેઉનું જોર વધારે લાગ્યું. દોસ્તારને ઓઢાડી શકાય તેવું પણ કંઈ હતું નહીં. ભત્રીજાએ પોતાનો નીતરતો રેઈનકોટ દોસ્તાર પર ઢાંક્યો. ઠંડી અને સખત તાવથી ધ્રૂજતા દોસ્તારે આંખો ખોલી, સારમેય સામે જોઈને, ક્ષીણ ધ્રૂજતા સ્વરે કહ્યું, 'સારમેય, હવે કદાચ આપણે છેલ્લી વખત મળીએ છીએ.'

સારમેયે કંઈ જવાબ ન આપ્યો. તે પોતાની જગ્યાએથી ખસીને દોસ્તારની બાજુમાં જ તેને અડીને બેઠો. થોડી વારે દોસ્તાર બબડ્યો, 'કોણ રહી ગયું હશે! સારમેય, હું તેને બચાવી ન શક્યો

સારમેયે ગંભીર સ્વરે કહ્યું, 'તમે પ્રયત્ન કરેલો, તે બચ્યો નહીં તેનો અફસોસ ન કરો.' પછી વધુ સ્પષ્ટ રીતે શબ્દો છૂટા પાડીને દૃઢતાપૂર્વક કહ્યું, 'સપનામાં વળી બચવું શું ને મરવું શું!'

આ વાતનો કોઈ જવાબ દોસ્તારે ન આપ્યો. સારમેય ચિંતાથી પોતાનું શરીર દોસ્તારના શરીર સાથે ઘસ્યું. તેને હૂંફનો અનુભવ ન થયો. આકાશમાં વીજળી ઝબકી. ક્ષણના પ્રકાશમાં સારમેય દોસ્તારના મુખ પર છવાયેલું સ્મિત જોઈ શક્યો. વરસાદ ધીમે ધીમે મંદ પડીને અટકી ગયો.

|| 12 ||

દરવાજે કોઈ છે તેવું લાગતાં જ વિશ્વકદ્રુ સતેજ થઈને તે તરફ દોડ્યો. જાળીમાંથી તેણે બહાર ઊભેલી સરમાને જોઈ. સરમાને શાંત સ્વસ્થ અને નિર્ભય જોઈને તેણે ભસવાનું માંડી વાળી પૂછ્યું, 'કોનું કામ છે?'

'સારમેયનું. ગુરુજી તેને બોલાવે છે' સરમાએ કહ્યું.

'તે અહીં નથી. ગઈ કાલે નાસી ગયો.'

'સારમેય ક્યારેય નાસી ન જાય' સરમાએ કહ્યું, અને દરવાજા તળેથી સરકીને અંદર આવી, 'તે કહ્યા વગર ચાલ્યો ગયો હોય તેવું બને, પણ નાસી જવું તેના સ્વભાવમાં નથી.'

'કાં તો તું મને સમજાય એવું બોલ અથવા બોલી લે પછી મને સમજાવ કે તું શું કહે છે' વિશ્વકદ્રુએ કહ્યું.

'હું બોલું તે તને નહીં સમજાય તો કંઈ આભ તૂટી પડવાનું નથી' સરમા હસીને બોલી, 'મને માત્ર એ કહે કે સારમેયની વાતો પરથી તે ક્યાં ગયો હોય તેવું લાગે છે?'

'સારમેય જે બોલે તેમાંથી અડધું-પડધું જ મને સમજાય છે. તોયે તેણે જે વાતો કરેલી તેમાંથી હું એટલું સમજી શક્યો છું કે પોતાનું મૂળ સ્થાન શોધવાની રમત વિશે તે કંઈક કહેતો હતો.'

સરમા મૌન રહી. મૂળ સ્થાન શોધવાની સારમેયની રમત શી હશે તે તેને સમજાયું નહીં. થોડી વાર વિચારી તેણે પૂછ્યું, 'દોસ્તાર છે? તેની પાસે કદાચ કંઈક વધુ માહિતી હોય.'

'તો તું દોસ્તારને પણ ઓળખે છે? પણ એ તો હવે નથી. એમને તો ક્યારનાય બાળી મૂક્યા.'

'ગુરુજીના એક શિષ્યની દીકરીએ અમને કહ્યું કે સારમેય અહીં રહે છે. અને દોસ્તાર વિશે પણ

તેણે જ કહ્યું.' સરમા બોલી, 'એ બધું હવે અર્થ વગરનું. સારમેય તો ચાલ્યો ગયો છે. તે ક્યારે ગયો?'

'ગઈ કાલે બપોર પછી તે દેખાયો નથી.' વિશ્વકદ્રુએ કહ્યું.

'ઓહ! તો-તો કદાચ હું તેને પકડી પાડીશ. મારે જલદી જવું જોઈએ.' કહીને સરમા ચાલતી થઈ.

પોતે આવી તે માર્ગે સારમેયના કોઈ સગડ કે ગંધ હતાં નહીં તેથી તે આશ્રમના માર્ગે તો નથી જ ગયો તેમ સરમાએ નક્કી કર્યું. આસપાસ થોડા વિસ્તારમાં ફરીને તેણે ગંધ પારખીને સારમેયનો પીછો કર્યો. સારમેયનો અણસાર જ્યાં મળ્યો તે રસ્તો ક્યાં જાય છે તેની સરમાને ખબર ન હતી. તે બસ એટલું જ જાણતી હતી કે આ માર્ગ તેને સારમેય તરફ લઈ જાય છે. તેણે તે માર્ગે ચાલવા માંડ્યું.

સરમા સગડ પકડીને એકધારું ચાલ્યે જતી હતી છતાં સારમેય મળ્યો નહીં. એક સ્થળે કેટલીક સ્ત્રીઓ કૂવે પાણી ભરતી હતી. એકે સરમાને જોઈને તેને બુચકારીને બોલાવી. પાણી પાયું. બીજી એક સ્ત્રીએ પેલી સ્ત્રીની મજાક કરતાં કહ્યું, 'તને તો બાઈ, રોજ પુણ્ય કરવાનું મળી રહે છે વળી, બે દિવસથી તો અજાણ્યા કૂતરા જ મળ્યા છે. કંઈ છે કે શું?'

'મારે કાંઈ પુણ્ય નથી જોઈતું. જતાં આવતાં જાનવરને નીરીએ એ તો ધરમ થયો. એમાં પુણ્ય ક્યાં વચ્ચે આવ્યું?' પેલી સ્ત્રીએ હસીને જવાબ આપ્યો. 'કાલવાળો ધોળો કૂતરો રાખી લેવાનું મન તો તને થયેલું.'

'તમે સારમેયને જોયો છે?' સરમાએ પૂછ્યું. 'દૂધિયા રંગનો....'

'કાલે લગભગ આ સમયે જ તું કહે છે તેવો કૂતરો આવેલો. આ બાઈએ તેને પાણી પાયું ને પછી આ બાઈએ ઘરેથી લાવીને રોટલો પણ નીર્યો.' પેલી સ્ત્રીએ જવાબ આપ્યો.

'તે કઈ તરફ ગયો?' સરમાએ ફરી સવાલ કર્યો.

‘ભગવાન જાણે. અલી શું કહેતો હતો? ઘર ગોતી કાઢ્યું છે કે ગોતવાનું છે એવી કંઈક વાતો કરતો હતો.’

‘મૂરખ છે એ.’ સરમાએ કહ્યું, ‘જાણે છે કે પોતાને કોઈ ઘર નથી તોયે ગાંડા જેવી વાતો કરે છે. હા, પણ તે ગયો કઈ તરફ?’

‘આ સામે રસ્તે. નદી પાર.’

સારમેય નદી વટાવીને ગયો છે તે જાણીને સરમાને લાગ્યું કે હવે તેના સગડ મળવા મુશ્કેલ છે. છતાં તે નદીમાં ઊતરી. તરીને પાર પહોંચી. સારમેયના સગડ શોધવા કિનારાના વિસ્તારને સૂંઘતી ચાલી.

સાંજ સુધીમાં સરમાને કોઈ માર્ગ ન મળ્યો. તે થાકી ગઈ હતી. ઘડીભર તેને થયું કે પોતે પાછી જઈને ગુરુજીને કહેવું કે સારમેય ન મળ્યો; પણ હારી જવું તે ચપળ અને બહાદુર સરમાના સ્વભાવમાં ન હતું.

સરમાએ રાત વિતાવવા પૂરતી જગ્યા શોધીને સવારે આગળ તપાસ કરવાનું નક્કી કર્યું. થોડે આગળ જતાં સરમાએ ઝૂંપડી જોઈ. સરમા ત્યાં ગઈ. એક સ્ત્રી બહાર બેસીને તાપણું સળગાવતી હતી.

‘આવ, અહીં આવ.’ સરમાને જોઈને તે સ્ત્રીએ તેને બોલાવી. ‘બેસ અહીં મારી સામે.’

અજાણ્યા કૂતરાને પણ તે સ્ત્રીના સરળ આવકારથી સરમાને થોડી નવાઈ લાગી. તે સાવચેતીથી સામે જઈને બેઠી અને બોલી, ‘મેં ભરવાડો અને વણજારાઓની સ્ત્રીઓ જોઈ છે. તમારો વેશ બેઉને મળતો આવે છે. જોકે તમે બાંધ્યું છે તેવું કાળું કપડું એ લોકોના માથે નથી હોતું. હું તમારું નામ જાણું તો ખબર પડે કે તમે કેવા છો!’

પેલી સ્ત્રી સરમા સામે જોઈને હસી પડી. પછી કહ્યું, 'જેવી છું તેવી છું. તને જે ગમે તે કહેજે ભરવાડ કહીશ તો પણ અને વણજારણ કહીશ તો પણ ચાલશે. તું તારું નામ તો મને કહે!'

'સરમા'

'વાહ સરસ નામ પાડ્યું છે ને તેં તો! પણ સાંભળ, આ નામનું વળગણ ન રાખવું, આ પહેલાં પણ તારાં બીજાં કેટલાંય નામ હતાં.'

'તમે પણ ખરાં છો!' સરમા હસી પડી. 'અહીં જંગલમાં એકલાં રહો છો અને વિચિત્ર વાતો કરો છો.'

'બધાં એકલાં હોય છે, તે તો તું પણ જાણે જ છે, પછી આવું કેમ બોલી.' સ્ત્રીએ કહ્યું. 'બોલ, તું કેમ એકલી નીકળી છે?'

'હું તો ગુરુજીના કહેવાથી સારમેય નામના એક કૂતરાને શોધીને બોલાવી જવા નીકળી છું.' સરમાએ જવાબ આપ્યો. 'ક્યારની ફરું છું, પણ કોણ જાણે કયે દી મળશે!'

'જે દી' તું ભૂલી જઈશ કે તું ગુરુજીના કહેવાથી શોધે છે તે દી.' સ્ત્રીએ હસીને જવાબ આપ્યો.

સ્ત્રીનું આ વાક્ય સાંભળતાં જ સરમા ઘડીભર અવાક્ બનીને તેને જોઈ રહી. તેને કંઈક જુદી જ અનુભૂતિ થઈ. તેણે પેલી સ્ત્રી તરફ શંકાની નજરે જોયું. થોડી વારે ઊઠીને આસપાસની જગ્યાઓ સૂંઘી. પછી બોલી, 'હું પેલા ઝાડ તળે રાત રહીશ. વહેલી સવારે મારા કામે ચાલી જઈશ.'

'ભલે.' પેલી સ્ત્રીએ કહ્યું અને પોતાને કામે વળગી. સરમા તેને જોતી રહી. તે સ્ત્રીની કામ કરવાની, ઊઠવા-બેસવાની, વાત કરવાની રીત બધું જ ધ્યાનથી જોતી રહી.

આજ સુધી પોતે જોયેલી તેમ જ સારમેયે તેને જે જે સ્ત્રીઓની વાત કરેલી તે દરેકની પોતાના

મનમાં પડેલી છાપ સાથે તે આ સ્ત્રીના ચહેરાને સરખાવતી રહી. એમાંનો એક પણ ચહેરો આ સ્ત્રીને મળતો ન લાગ્યો.

સ્ત્રીએ ધ્યાન કર્યું. તે સૂવાની તૈયારીમાં હતી. ખાટલો પાથરતાં તેણે સરમાને કહ્યું, 'તું ક્યારની મને જોયા કરે છે; પણ સાંભળ, તું   માનતી હો કે હું શકું છું તો કહી દઉં કે હું શકું નથી.'

સરમા સ્તબ્ધ થઈ ગઈ. 'તમે શકુ હોઈ શકો એવું મને લાગેલું. તમને તે કેવી રીતે ખબર પડી તે હું પૂછતી નથી, પણ મને એવું લાગ્યા કરે છે કે મેં તમને ક્યાંક જોયાં છે. મારા મનમાં તમારું ચિત્ર હોય તેમ લાગે છે.

'મળ્યા તો હશું કોક ફેરે. ઓળખાણ પણ હશે. તે વગર તો તું અહીં આવી ન હોય!' સ્ત્રીએ કહ્યું.

આગળ કંઈ વાત થાય તે પહેલાં રસ્તા પર કોઈ વાહન આવીને અટક્યું. સરમા ચપળતાથી ઊભી થઈ ગઈ અને તે તરફ દોડવા જતી હતી ત્યાં પેલી સ્ત્રીએ તેને શાંત બેસી રહેવા ઈશારો કર્યો. સરમા સ્વભાવ વિરુદ્ધ, ભસ્યા વિના બેસી રહી. થોડી વારે એક ધોતી, ઝભ્ભો અને ટોપી પહેરેલો માણસ આવ્યો અને પેલી સ્ત્રીને હાથ જોડ્યા.

'આવો' સ્ત્રીએ આવકાર આપ્યો. 'પેલો ખાટલો લઈને બેસો. કેમ રાતવરત નીકળવું પડ્યું?'

'બાઈ, પેલા કલકત્તાથી કાગળ લખતાં તે ભાઈ આવી ગયા છે. કાલ સવારે તમારા દર્શને આવશે.'

'કોણ, પેલા લખવાવાળા?'

આવનાર માણસે કહ્યું, 'હા. આપણે તો એને ચોખ્ખી ના લખેલી કે બાઈ કોઈને લખવાની રજા નહીં આપે, પણ માનતા નથી. કહે છે કે હું ત્રાગું કરીશ બાઈ સામે.' આવનાર માણસે કહ્યું. સરમા રસપૂર્વક બેઉની વાતો સાંભળતી હતી.

બાઈએ કહ્યું, 'અરેરે! ભાઈ, ક્યા દુઃખે કોઈએ ત્રાગાં કરવા પડે! જાવ એને કહેજો કે હું લખવા

દઈશ, પણ એક શરતે કે એક જ વાર લખે અને એ પણ હું કહું ત્યાં લખે.'

'હા, મા. તમે આટલી રજા આપો એ પણ ઘણું છે. બિચારા ઠેઠ કલકત્તાથી આવ્યા છે.'

'કોણ ક્યાંથી આવ્યું છે તે કોણ જાણે છે!' બાઈએ કહ્યું અને સરમા તેના મુખ સામે તાકી રહી હતી.

મહેમાન થોડી વાતો કરીને પાછા ગયા. પછી સરમા ઊભી થઈને બાઈના ખાટલાની પાંગત પાસે બેઠી. તેની ચપળ ઈન્દ્રિયોએ વાતાવરણમાં કંઈક અલગ હોવાપણું અનુભવ્યું. તે શું હતું તે સમજવા સરમા કોશિશ કરતી રહી. અહીંનું સમગ્ર તેને એટલું પરિચિત લાગ્યું કે સવારે અહીંથી નીકળી જવાને બદલે પેલા લોકો આવી જાય પછી જવાનું નક્કી કર્યું.

વહેલી સવારે ગઈ રાતવાળા સજ્જન ત્રણેક જણાને સાથે લઈને આવ્યા. તેમાંની એક સ્ત્રી હતી તે ખોળો પાથરીને બાઈને નમવા ગઈ.

'એ રહેવા દે. શાંતિથી બેસ અને માથું ઊંચું રાખતાં શીખ.' બાઈએ તેને રોકી અને બાકીનાને કહ્યું, 'આવો.'

થોડી વાતો કર્યા પછી બાઈએ પેલા કલકત્તાવાળા ભાઈને ઉદ્દેશતાં કહ્યું, 'તમે તો ભારે કરી. હવે બોલો, શું લખવું છે તમારે?'

'આપના વિશે મેં જે જાણ્યું છે તે અને આજે આપણે જે વાતો થાય તે પરથી લખીશ. ફક્ત એક જ વાર અને તમે કહો ત્યાં.' કહીને સરમા તરફ જોતાં ઊમેર્યું, 'આ કૂતરી તમારી છે?'

'જેટલાં તમે મારા એટલી એ પણ મારી.' બાઈએ કહ્યું. પછી સરમાને બોલાવીને ઝાડ પાછળ મૂકેલી સાવરણી લાવવાનું કહ્યું.

સરમા સાવરણી લાવી એટલે બાઈ પેલા ભાઈના હાથમાં સાવરણી પકડાવતાં બોલ્યાં, 'લ્યો, કરો

ચોખ્ખું, ને લખવા માંડો આખા ચોકમાં. તમે જે જાણ્યું છે તે અને આપણે મળ્યાં તે.'

'અહીં, જમીન પર, ધૂળમાં લખું?'

'તો વળી બીજે ક્યાં લખશો! બાઈએ કહ્યું, અને હસતાં હસતાં ઊમેર્યું, 'હું તો મારા ભાઈ, એક અક્ષરેય ભણી નથી. મેં અને મારા જેવાં બીજાં કેટલાંયે તો આ ધૂળમાં છે તે જ વાંચ્યું, સાંભળ્યું છે. અમને ન તો કાગળમાં લખતા આવડે અને ન તો કાગળનું લખેલું વાંચતાં આવડે.'

સરમા આ કથનને સમજવા પ્રયત્ન કરતી હતી ત્યાં જ બાઈ આગળ બોલી, 'હા ને બીજી વાત, માટીમાં લખવા જેવું કાંઈ કહેતાં કાંઈ તમને અહીં જડે એમ છે? એવું જડે તો જ લખજો.'

સરમા સહિત હાજર હતા તે બધા સ્તબ્ધ થઈ ગયાં, પેલા ભાઈએ સાવરણી એક તરફ મૂકીને હાથ જોડીને કહ્યું, 'હા કે ના બોલતાં પહેલાં મારે ધૂળમાં લખતાં શીખી લેવું પડે. ત્યારે પહેલાં હું જે કાંઈ જવાબ આપું તે ખોટો જ પડવાનો છે. માટીમાં ટકે એવું લખી શકું ત્યાં સુધી લખીશ નહીં.'

'આવ્યા છો તો રોટલો ખાઈને જજો. આપણે વાતો કરતાં કરતાં હમણાં બનાવી નાખશું.' બાઈએ કહ્યું. સરમા ચૂલા પર શેકાતા રોટલાની સુગંધ માણતી બાઈની વાત પર વિચાર કરતી રહી.

મહેમાનો જવા તૈયાર થયા. તેમની સાથે આવેલી સ્ત્રીએ બાઈ સાથે કશીક વાત કરી. સરમાનું ધ્યાન તે તરફ મોડું ગયું. તેણે માત્ર બાઈનો ઉત્તર સાંભળ્યો, 'તને છે એ જ દુ:ખ મને છે. મારેય સંતાન નથી. બોલ શું કરું? દુનિયામાં દુ:ખ વિના બીજું કાંઈ નથી. બધું મિથ્યા છે. માટે જ સંસારમાં મન ન રાખવું. આત્માનું જ વિચારવું. ધ્યાન કરવું.'

બાઈની આ 'દુ:ખ વિના બીજું કંઈ નથી'ની વાત સાંભળીને સરમાને યાદ આવ્યું કે મામદુને ત્યાં

અને ગલૂડિયાં સાથે વનોમાં રહેતાં ત્યારે સારમેય કેટલીએ વાર કહેતો. 'આનંદ સિવાય બીજું છે શું?'

સારમેય મળે ત્યારે તેને બાઈની વાત કરવાનું નક્કી કરીને સરમા સારમેયની શોધમાં નીકળી. રાત્રે એક નાના ગામ પાસે વૃક્ષ તળે ગોળ વળીને સૂતેલા સારમેયને તેણે જોયો. તેની પાસે જઈને સરમા બોલી, 'ક્યારની શોધું છું તને. કેટલા વખતથી તેં કોઈની ખબર પણ ન લીધી!'

'કેમ? બધાને પોતપોતાની ખબર નથી હોતી?' સારમેય શાંતિથી બોલ્યો.

'કૌલેયકે કહાવ્યું છે કે આ જન્મ મળ્યો છે તો કંઈક તો એવું કર જેથી આવતા જન્મે આવું દુ:ખ વેઠવું ન પડે.' સરમાએ ચિડાઈને કહ્યું.

'મને તો આવી વાતોમાં ક્યારેય સમજ નથી પડતી. મને દુ:ખ-સુખ જેવું પણ કંઈ લાગતું નથી. તું જ કહે મારે શું કરવું આનું?'

'સવારે તું મારી સાથે ચાલજે. અહીં નજીકમાં જ એક બાઈ રહે છે. સંસાર છોડીને અત્માનું કલ્યાણ કરવાનો રસ્તો એ આપણને બતાવશે.'

સારમેયે કંઈ જવાબ ન આપ્યો. સવારે બેઉ જણાં પાછા બાઈને ત્યાં પહોંચ્યાં. 'બાઈ, હું સારમેયની વાત કરતી હતી તે આ રહ્યો. એણે રખડ્યા જ કર્યું છે. કંઈ ભણ્યો નથી. ન કશાયમાં મન પરોવ્યું, ન પાઠપૂજા કર્યાં. તમે પેલાં બહેનને કહેતાં હતાં કે સંસાર મિથ્યા છે તે આને પણ સમજાવો.'

બાઈએ સારમેયને જોયો. પળ-બે પળ સ્થિર નજરે તાકી રહ્યાં. પછી બોલ્યાં, 'સંસાર છોડવાનું એને કહેવાય, જે સંસારમાં હોય. આને હું શું કહેવાની? એનું મન કશાયમાં નથી એમ તો તું જ કહે છે.'

'તમે પણ ન સમજાય એવી વાતો કરવા માંડ્યાં. આ સારમેય જેવી જ. મને તો હતું કે તમે અમને જ્ઞાન આપશો. મને ગુરુજીએ કહેલું કે કોઈ જ્ઞાની પાસે જઈએ તો તેને પૂછીને જાણવું.'

'તે તું મને જ્ઞાની માની બેઠી છે એમ? શું કહેલું તારા ગુરુજીએ-જંગલમાં કોઈ બાઈ મળશે તે જ્ઞાન આપશે તેમ?' કહેતાં બાઈ હસી પડી.

'ના એમ તો નહીં. પણ એક વાર એમ કહેલું કે, હું જેટલું જાણું છું તેટલું મેં તને કહ્યું, હવે કોઈકને શોધી કાઢ, જે તને આગળનું સમજાવે'

'એટલે તેં મને શોધી કાઢી.'

'ના. તમે તો અચાનક મળી ગયાં. થયું કે તમે મને કંઈક શીખવશો.'

'હું શીખી લઈશ તો પછી જરૂર શીખવીશ. અત્યારે તો હું કરું છું એટલું તને કહું કે ધ્યાન કર અને નામજપ કર્યા કર. સંસારની કોઈ બાબત મનમાં લાવવી નહીં. મનને ભટકવા દેવું નહીં. આગળનો રસ્તો એની મેળે સૂઝશે.'

સારમેય તારે કંઈ પૂછવું નથી?' અત્યાર સુધી મૌન ઊભેલા સારમેય તરફ જોઈને સરમા બોલી.

સારમેયે બાઈ સામે જોયું અને બોલ્યો, 'તમારી પાસે આટલું છે...'

'તું સુધરવાનો નહીં.' સરમા વચ્ચે જ સારમેયને ટોકતી બોલી, કૌલેયક જેવી વિવેકવાળી ભાષા તને નહીં આવડવાની. આવડાં મોટાં બાઈને 'તમારી પાસે છે' તેમ ન કહેવાય 'તમારામાં છે' તેમ બોલ.'

સારમેયે પોતાના શબ્દો પકડી રાખીને ફરીથી એ જ પ્રશ્ન કર્યો. 'તમારી પાસે આટલું બધું છે છતાં તમે સંસાર શા માટે છોડ્યો?'

'મારી પાસે જે છે તે મારામાં લાવવાની કોશિશ કરું છું. પાસે છે તે અંદર આવશે પછી ગામ વચ્ચે જઈને પણ રહીશ. અત્યારે તો મારે સંસાર છે એટલે છોડવો પડ્યો છે.' બાઈએ કહ્યું અને સરમા તરફ જોઈને આગળ બોલ્યાં. 'સરમા, તારે કંઈ કરવાની જરૂર નથી. સારમેયને લઈને જા તારા ગુરુના આશ્રમે અને તેની સાથે ત્યાં રહે એટલું તો ઘણું થશે.'

|| 13 ||

'ગુરુજી, મને તો હતું કે તમે મારું સાધક નામ બદલી ને મુમુક્ષુ રાખશો, પણ તમે તો મારું જૂનું નામ જ મને પાછું આપ્યું.' કૌલેયકે એકાંત જોઈને ગુરુજીને ફરિયાદ કરી. 'મને કૌલેયક કહીને બોલાવવા માંડ્યા!'

'તું પોતે વિચાર, કે એવું મેં શા માટે કર્યું હશે! પછી ન સમજે તો મને પૂછજે, હું કારણ બતાવીશ.' ગુરુજીએ કહ્યું.

કૌલેયક થોડો દુ:ખી થયો, પણ તેણે ગુરુની વાત પર ઊંડો વિચાર કર્યો. કૂતરાઓની બાબતમાં આવું જ બનતું હોવું જોઈએ. - તેણે વિચાર્યું તે સાથે જ તેને યાદ આવ્યું કે સારમેય પણ એક વાર સ્વામી હતો, હવે પાછો સારમેય કહેવાય છે. આવા વિચારો પછી તેની ફરિયાદ શમી ગઈ; પરંતુ મનમાંથી વિચાર ખસ્યો નહીં.

સવારનું ધ્યાન પતાવીને કૌલેયક ઊઠ્યો ત્યારે તેને ખબર મળી કે સરમા સારમેયને બોલાવી લાવી છે અને તે ગુરુજી પાસે છે. કૌલેયક તરત જ ગુરુજી પાસે જવા નીકળ્યો. પોતે અહીં છે તે કારણે પોતાના રખડેલ ભાઈને ગુરુજી સાથે વાત કરવાનો અવસર મળ્યો તેનો આનંદ તેના મનમાં છવાયો.

કૌલેયક પહોંચ્યો ત્યારે ગુરુ અને સારમેય પીપળાના વૃક્ષ તળે ઊભા રહીને વાતો કરતા હતા. સારમેયનું વાક્ય કૌલેયકના કાને પડ્યું, 'હું તો કદાચ ખિસકોલી, સસલાં પકડતાં શીખવી શકું. એથી વિશેષ ભણાવવા-ગણાવવાનું મને આવડશે નહીં. અને તમારા આશ્રમના ખેતરમાં તેતર સસલા પકડવાનું...'

'सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ગુરુજી હસતાં હસતાં બોલ્યા, 'જે તમારો પ્રકૃતિદત્ત

સ્વભાવ છે તેને તો હું બદલી શકવાનો નહીં. તું અહીં રોકાતો હોય તો તને, ગલૂડિયાંને અને આશ્રમને પરસ્પર ઉપયોગી કામ થશે. કૌલેયકને પણ થોડી મદદ મળશે.'

કૌલેયકે ગુરુજીની વાતનો જોરદાર વિરોધ કર્યો. તેણે કહ્યું, ગલૂડિયાંને નિરામિષ રહેતાં શીખવી શીખવીને મારે નાકે દમ આવી ગયો છે. તેઓ સંસ્કારી બને, ઉર્ધ્વમુખ થાય, પરમાત્માના પ્રિય બને એ માટે મેં મારી અડધી જિંદગી ખર્ચી નાખી છે. તેમની સામે કોઈ શિકાર કરવા વિશે બોલે તે હું કોઈ કાળે ચલાવી ન લઉં.'

'હું એમ નહીં કરું ભાઈ, અંતે તો એ તારાં પ્રિય શિષ્યો છે, જેમાં તેમનું હિત હોય તે જ તું કરતો હોઈશ.' સારમેયે જવાબ આપ્યો.

'હાસ્તો, તેઓ મને પ્રિય છે જ. મને અધિક પ્રિય હોય તેવાં ગલૂડિયાં માટે તો હું કેટલું કરી છૂટું છું. આ પેલા જિજ્ઞાસુની જ વાત લો, પહેલાં મેં તેને મોનિટર બનાવેલો અને હવે શિક્ષક છે. તેમની પાછળ હું કેટકેટલી મહેનત કરું છું!'

'કૌલેયક, તારે મહેનત ઓછી કરવી હોય તો તું તારી પાસેનાં બધાં ગલૂડિયાંને તેમની ખૂબીઓ અને ખામીઓની પાર જઈને એકસરખો પ્રેમ કર. તું કોઈને કંઈ બનાવવાનું છોડી દે. મોનિટર વગેરે બનવાનું તેમના પર છોડ. પછી જો. પછી કદાચ તારે આ કેટ-કેટલા જેવું કંઈ કરવું પણ નહીં પડે. બધુ આપોઆપ થશે.'

માફ કરજો ગુરુજી, પણ ક્યારેક તમે તમારા જ ઉપદેશથી જુદી વાત કરતા હો તેવો ભાસ મને થાય છે **नही सुप्तस्य सिंहस्य** વાળો શ્લોક તમે જ કેટલી વાર અમને સંભળાવ્યો છે.'

ગુરુજીએ કૌલેયકની વાતનો કોઈ જવાબ ન આપ્યો. સારમેય તરફ જોઈને બોલ્યા, 'આજે તું અહીં રોકાઈ જા, કૌલેયક કે સરમા તને આખો આશ્રમ બતાવશે. પછી તું નક્કી કરે તે મને કહેજે.'

‘ભલે,’ સારમેયે ટૂંકો ઉત્તર આપ્યો અને કૌલેયક સાથે ગયો.

‘હું તને આશ્રમનો મુખ્ય ભાગ બતાવીશ. ખેતરો તરફ તું સરમા સાથે જજે. સાંજે મારા વર્ગમાં પણ આવજે. ગલૂડિયાં સાથે થોડી સારી વાતો કરજે.’ સારમેયને આશ્રમના ધ્યાનખંડ તરફ દોરી જતાં કૌલેયકે કહ્યું.

‘બહુ મોટો વિસ્તાર છે. સાધકો પણ ઘણા રહેતા લાગે છે. એકાદ સાધકને મળીએ.’ સારમેયે ચારે તરફ નજર કરીને કહ્યું.

‘વિસ્તાર તો મોટો છે જ. સાધકો પણ ઘણા. દરેક પોતપોતાની રીતે સાધના કરે છે. સવારસાંજ ગુરુજીનાં પ્રવચનો હોય છે. સાંભળવાં ફરજિયાત નહીં, પણ મોટાભાગના સાધકો નિયમિત સાંભળે અને કામની વાતો નોંધે. ગુરુજી ક્યારે શું કહે તે કંઈ ધાર્યું નહીં. જોને કાલે જ તેમણે જાહેર કર્યું કે આશ્રમમાં કેટલા પરમહંસ છે તેનું લિસ્ટ તેમણે બનાવ્યું છે. આજે જાહેર કરવાના છે. કદાચ અત્યારે જ પ્રવચનમાં કહેશે. એટલે આજે કોઈ સાધક પોતાના નિવાસ પર કે રસ્તા પર જોવા નહીં મળે.’

‘પરમહંસ એટલે વળી શું?’

‘સાધનામાં આવતી એક અવસ્થા.’

સારમેયે માથું ધુણાવ્યું. તેને કંઈ સમજ પડી નથી એવું લાગતાં કૌલેયકે કહ્યું, ‘તું અહીં રહે તો તને બધી જ ખબર પડવા માંડશે. તારે સાધના કરવી હોય તો હું તને શીખવીશ પણ ખરો.’

‘મને એ જરૂરી નથી લાગતું’ સારમેયે જવાબ આપ્યો.

બંને જતા હતા ત્યાં દૂર વડલા તળે પ્રવચન આપતા ગુરુજી અને શ્રોતાઓ દેખાયા. ‘આપણે ત્યાં જઈ શકીએ? સારમેયે પૂછ્યું.

‘પહેલેથી જઈને બેઠા હોઈએ તો સારું. પ્રવચન ચાલતું હોય ત્યારે આપણું વચ્ચે જવું કેટલાક સાધકોને નહીં ગમે. આપણે થોડા નજીક જઈને પેલા આંબા તળે બેસીએ તો સાંભળી શકાશે.’

‘થોડું સાંભળીએ’ સારમેયે કહ્યું.

બેઉ આંબા તળે પહોંચ્યા, ત્યાં ગુરુજીનો સ્વર સંભળાયો. ‘મેં ગઈ કાલે સવારના પ્રવચનમાં જે લિસ્ટની વાત કહી હતી તે લિસ્ટ હવે વંચાવું છું. મીરાં, તું ઊભી થા અને વાંચ.’

‘આ મીરાંનું નામ તો લિસ્ટમાં પહેલું હશે. એ તો ગજબની સાધના કરે છે. મોટી - અંદરથી ઠંડી રહે તેવી ગાડી લઈને આશ્રમે આવે છે, પણ અહીં ઠામ-વાસણ ઊટકતાં કે સાવરણી લઈને વાળતાં પણ તેને નાનમ નહીં.’ મીરાંને ઊભી થતી જોઈ કૌલેયકે ઓળખ આપી.

મીરાંએ લિસ્ટ હાથમાં લીધું અને બોલી. ‘આશ્રમમાં કોણ કોણ પરમહંસની અવસ્થામાં છે તે જાણવા તમે સહુ આતુર હશો. હું નથી; કારણ કે ગુરુજીએ મારી પાસે જ આ નામો લખાવ્યાં છે. પહેલું નામ તો સરમાનું છે. ઘણાં તેને ઓળખતાં નહીં હોય; સરમા આશ્રમનાં ખેતરો સાચવતી શુનીનું નામ છે.’

મીરાં અટકી. સાધકોમાં સોપો પડી ગયો. કૌલેયકનો ચહેરો તમતમી ગયો. સારમેય શાંતિથી વાર્તા સાંભળતો હોય તેમ સાંભળતો રહ્યો.

મીરાં આગળ બોલી, ‘બાંકે. તેને તો તમે બધાં ઓળખો છો; આશ્રમમાં રસોઈ કરે છે. સુરદાસ. આપણા આ અંધ મિત્ર રોજ ફૂલો આપવા આવે છે. ચોથી વ્યક્તિ ભવાનભાઈ, જેને કોઈએ અહીં જોયા નથી. તે ક્યારેય અહીં આવતા નથી. ઘરડા છે અને નાળિયેરીની ખેતીમાં રહે છે.’ મીરાં અટકી અને પૂછ્યું, ‘આગળ વાંચું?’

ગુરુજીએ તેને અટકવાનો ઈશારો કર્યો. લિસ્ટ એક તરફ મૂકીને મીરાં બેસી ગઈ. પછી ગુરુજીએ

કહ્યું. અંતરયાત્રામાં જે સમજવાનું છે તેમાં આજના આ પાઠનું પણ ઘણું મહત્ત્વ છે. આજે હવે કોઈ વાત નહીં કરીએ.'

ધીમે ધીમે બધા વીખરાયા. કૌલેયક બબડ્યો: 'મેં તને કહેલું ને, કે ગુરુજી ક્યારેક ન સમજી શકાય તેવું વર્તન કરે છે. આ એનો નમૂનો. આહ! સરમા પરમહંસ! મારે તેને વધાઈ આપવી પડશે.'

સારમેયને આશ્રમ બતાવવાનું પડતું મૂકીને કૌલેયક ખેતરો તરફ ચાલ્યો. સરમા છીંડાં વાટે પેસી ગયેલાં ભૂંડને નુકસાન ન કરવા સમજાવતી હતી. 'અરે ઓ પરમહંસી! આવ તને એક શુભ સમાચાર આપું.'

સરમા આવીને આદરપૂર્વક ઊભી. 'આજથી તારું નામ પરમહંસોમાં આવી ગયું.' કૌલેયકે ઠાલો રાજીપો બતાવતાં કહ્યું.

સરમા સમજી ન હોય તેમ તેને જોઈ રહી. પછી પૂછ્યું, 'કૂતરી હંસ કેવી રીતે બની શકે?'

કૌલેયકે તેને સવારના પ્રવચનમાં થયેલી વાત વિગતે કહી. અને કહ્યું, 'ગુરુજી ક્યારેક આવી ગમ્મત કરતા રહે છે. સાધક કે મુમુક્ષુ તો ઠીક, પણ જેને જિજ્ઞાસુ અવસ્થાની ખબર ન હોય તેને પરમહંસ નામ આપી દે. આ તો મજાક જ છે ને?'

સરમાએ કોઈ પ્રતિભાવ ન આપ્યો અને પોતાના કામે ચાલી ગઈ. કૌલેયક અને સારમેય આગળ વધ્યા.

'આ ગુરુ-મંદિર છે' એક ગોળાકાર કમરા તરફ સારમેયને દોરી જતાં કૌલેયકે કહ્યું, 'અમારા ગુરુજી જે પંથના છે તે પંથના આદિગુરુના પાર્થિવ અંશો અહીં પૂજામાં રખાયા છે.'

સારમેયે પૂછ્યું, 'એટલે? તારે જરા વિસ્તારથી કહેવું પડશે. પાર્થિવ અંશો જેવા શબ્દોનો અર્થ સમજાવવો પડશે.'

'પાર્થિવ એટલે પૃથ્વી પરનું. અંશ એટલે અંશ. આદિ ગુરુજી જ્યારે જીવતા હતા તે સમયે તેઓ વાપરતા તે વસ્તુઓ અને તેમના દેહ સાથે સંકળાયેલા હતા તેવા કેટલાક અંશો, વાળ, નખ કે આવું બધું છે. અમે માનીએ છીએ કે મોટા ગુરુજી આ અંશોમાં આજે પણ સૂક્ષ્મ રૂપે વિદ્યામાન છે.'

સારમેય વિચારમાં પડી ગયો. તે કંઈ બોલ્યો નહીં. બંને આગળ ચાલ્યા. રસોડાની, વાચનાલયની, બાગ-બગીચાની બધી જ વ્યવસ્થા જોઈને સારમેયને મજા પડી, તે વાચનાલયમાં રોકાઈ ગયો.

કૌલેયકે પોતાના કામે જતાં કહ્યું, 'સાંજે દરવાજા પાસેના મેદાનમાં આવજે, ગલૂડિયાંને વિધિ જ્ઞાનની તાલીમ અપાતી જોવાનું ગમશે.'

જ્ઞાનની તાલીમ કેવી રીતે આપી શકાય તે વિશે સાશંક બનીને સારમેય વાચનાલયમાંથી નીકળીને ખેતરો તરફ ગયો. ત્યાં ગુરુજી સરમા સાથે કંઈક વાત કરતા હતા. સારમેયને જોઈને ગુરુજીએ તેને કહ્યુ, 'ચાલ મારી સાથે. થોડું ફરીએ.'

સારમેય ગુરુજીની સાથે ચાલતો રહ્યો. બન્ને મૌન રહી આખા વિસ્તારમાં ફર્યા. દરવાજા પાસે પહોંચ્યા ત્યાં કૌલેયક ગલૂડિયાંને ભેગા કરીને તેમની પરીક્ષા લેતો હોય તેવું લાગ્યું. ગુરુજી અને સારમેય ત્યાં ગયા.

ગુરુજીને જોઈને કૌલેયક અને તેના શિષ્યો અસ્વસ્થપણે સ્વસ્થતા જાળવવામાં પડ્યા.

'શું ચાલે છે કૌલેયક?' ગુરુજીએ પૂછ્યું.

'સંખ્યા વધી એટલે એકાદ નવા શિક્ષકની જરૂર પડી છે. આમાંથી જ કોઈને પસંદ કરીને આગળ લઈ લેવા વિચારું છું.' કૌલેયકે નમ્રતાથી જવાબ આપ્યો અને પૂછ્યું, 'તમે કંઈ સૂચન કરો.'

'આ સારમેયને કહે કે તે અહીં જ રહી જાય અથવા તો પછી તને બીજો સારો શિક્ષક શોધી આપે.'

ગુરુજીએ કહ્યું.

‘હું?’ સારમેયે ક્ષોભ પામતાં કહ્યું. ‘તમે જાણો છો કે હું તો...’

‘હું જાણું છું, પણ તું પ્રયત્ન તો કર. તારે ન રોકાવું હોય તો આ ગલૂડિયામાંથી કોને શિક્ષક બનાવ શકાય તેમ છે તે કહે. તારે તો માત્ર સૂચવવાનું જ છે. નિર્ણય તો કૌલેયક જ લેશે.’

‘હા, તું સૂચવી શકે તો તો સારું.’ કૌલેયકે કહ્યું.

‘ભલે.’ કહીને સારમેય ગલૂડિયાંના ટોળા પાસે ગયો. પછી બોલ્યો, ‘આવતી કાલે મારી સાથે ટેકરી પર ફરવા કોને કોને આવવું છે? જેને આવવું હોય તે મોં ઊંચું કરે’

‘ભણવાનાં વંતાં જોડે લેવાનાં છે?’ ગલૂડિયાંએ મહત્ત્વનો પ્રશ્ન કર્યો.

‘ના, કશું જ સાથે લેવાનું નથી. ખાવાનું પણ ત્યાં મળશે. માત્ર પગ, કાન, આંખ અને મન. આ સિવાય કંઈ લાવવાનું નથી.’ સારમેય હસીને જવાબ આપ્યો.

થોડી પળો વીતી. દરેક ગલૂડિયાનાં મુખભાવો બદલાતા રહ્યા. પછી એક સાથે બધાંના કાન સરવા થયા, પગો પ્રમાણસર ગોઠવાયા, મુખો આકાશ તરફ થયાં અને અસીમ શૂન્ય પારથી કોઈકને બોલાવતાં હોય તેમ બધાં ગલૂડિયાં એકસાથે પ્રલંબ સ્વરે બોલ્યાં, ‘ચા...લો..ઓ...ઓ..’

‘બસ, બસ, બસ.’ સારમેયે કહ્યું, ‘કાલે સૂરજ ઊગે તે સમયે અહીં આવી જજો. હું આવું એટલે સાથે નીકળીશું.’

સવારે ફરવા જવાનું ગોઠવીને સારમેય ગુરુજી સાથે આગળ ચાલ્યો. બેઉ એક મેદાનમાં પ્રવેશ્યા. કેટલાંક બાળકો ત્યાં રમતાં હતાં. ગુરુજીએ બાળકો સાથે થોડી ગમ્મતભરી વાતો કરી. પછી પોતાના નિવાસ તરફ ચાલ્યા ગયા. સારમેય ત્યાં જ રોકાઈને બાળકોને રમતાં જોતો રહ્યો. ઘડીભર તેને પણ ટોળીમાં ભળી જવાનું મન થઈ આવ્યું.

સારમેય પોતાને જોઈ રહ્યો છે તે ખ્યાલ આવતાં બાળકો ટોળે મળીને તેની પાસે આવ્યાં. એક બાળકીએ રોફથી પૂછ્યું, 'એય કૂતરા, અમે રમીએ છીએ ત્યાં તું શું કામે આવ્યો છે?'

'તમે બધાં અહીં છો માટે.'

'એટલે? તું અમારી પાછળ પાછળ બધે જ આવવાનો એવું?' પેલીએ ફરી દમામદાર સ્વરે પૂછ્યું.

બીજા એક ટેણિયાએ તે બાળકીની વાતને અનુમોદન આપતા કહ્યું, 'એમ જ હશે. કૂતરા તો પાછળ જ પડે. પાળેલા હોય તોય તેઓ માલિકની પાછળ પાછળ જ ફરતા હોય છે.'

આ સાંભળીને ત્રીજાને કંઈક યાદ આવી ગયું. તેણે ઊછળીને તાળીઓ પાડી અને બોલ્યો, 'આપણા રસ્તા પર પેલો લાલ કૂતરો બધી ગાડીઓ પાછળ અને સાઈકલો પાછળ કેવો દોડે છે, કાં?'

'કોઈની પણ પાછળ જવું મને ગમતું નથી.' સારમેયે કહ્યું, 'મને સાથે ચાલવું અને સાથે રમવું ગમે.'

સારમેયની વાત કરવાની રીતથી બાળકોને મજા પડી. એક, જરા શ્યામ, તંદુરસ્ત છોકરો મૂંગો ઊભો રહીને સારમેય સામે ટાકી રહ્યો હતો. સારમેયે તેના તરફ ધ્યાનથી જોયું. તે છોકરો ધીમે ધીમે સારમેયની પાસે આવ્યો. તેના શરીર પર હાથ ફેરવીને બે પળ મૌન સેવી રહ્યો. પછી અચકાતાં અચકાતાં પૂછ્યું, 'તું હાડકાં ખાય કે?'

'હું બધું ખાઉં છું.'

'સર્વભક્ષી.' એક, જરા મોટા છોકરાએ તાજો શીખેલો શબ્દ વાપર્યો. બધાં હસ્યાં.

પેલો શ્યામ છોકરો જરા વધુ ઝંખવાયો. પછી કોઈ ખાનગી વાત કહેવી હોય તેમ સારમેયના કાન પાસે મોં લાવીને ધીમેથી કહ્યું, 'સાંભળ, હાડકાં ન ખવાય, કોક દી એમાં ભૂત રહેતું હશે ત્યારે તને

બરાબરની ખબર પડી જવાની છે. હવે ન ખાતો હો ને!'

હસી પડીને કંઈ ઉત્તર આપ્યા વગર સારમેય તે બાળક સામે જોઈ રહ્યો. પોતે કહેલી વાત પર સારમેયને વિશ્વાસ નથી બેઠો તેવું લાગતાં બાળકે પૂછ્યું, 'તું ભૂતમાં નથી માનતો ને?'

'તું પણ ક્યાં માને છે?' સારમેયે કહ્યું.

બાળક નિર્દોષ ભાવે હસ્યો. કંઈક વિચારમાં પડી ગયો પછી પૂછ્યું, તું મારો દોસ્ત બનીશ?'

'ચોક્કસ બનીશ. મને સારમેય કહે છે. તું કોણ છે?'

'મારા ઘણાં નામ છે. સાચું નામ અજન્મ્ય, લાડનું લાલો કે બન્ટી, મામા-મામીએ પાડેલું ભાણો, નિશાળની હાજરીમાં નંબર થર્ટિન, એવાં. પણ તું ગમે તે નામે મને બોલાવ તો વાંધો નથી.' શ્યામ છોકરાએ કહ્યું.

'ભલે, તો પછી આપણી દોસ્તી પાકી.' સારમેયે કહ્યું. 'જ્યાં સુધી હું અહીં રોકાઈશ ત્યાં સુધી તને મળતો રહીશ.'

'કૂતરો મારો ભાઈબંધ થાય તો મને બહુ ગમે. ક્યારેક હું તને મારે ઘેર લઈ જઈશ. મારી માને પણ ગમશે. એ નાની હતી ત્યારે તેને ત્યાં પણ એક કૂતરો એનો ભાઈબંધ થઈને રહેલો. સ્વામી.'

સારમેય ચમક્યો, હસ્યો અને તેણે પ્રેમથી પૂંછડી હલાવી.

થોડી વાર ત્યાં રોકાઈને સારમેય ખેતરો તરફ ગયો અને સરમા સાથે રહ્યો.

|| 14 ||

ઢોળાવ પર સવારનો સોનેરી તડકો પથરાયો હતો. દૂરથી જોતાં ગોઠણભેર ઊંચા ઘાસમાં નીચે મોંએ ચરતા ઘેટાં-બકરાં દેખાતાં નહીં. માત્ર તેમની પીઠ પર બેઠેલાં કાળા કોશી કે કાગડાઓ જાણે ઘાસ પર સરકતાં હોય તેવું લાગતું હતું. કોઈ કોઈ વાર માથું ઊંચું કરી લેતાં બકરાંઓના શિંગડાં અને ચમકતી આંખો પર તડકો ઝળહળી જતો.

તળેટીમાં એક સ્થળે લહેરાતા ઘાસમાં ગલૂડિયાંએ મચાવેલી હલચલ સ્પષ્ટ દેખાતી હતી. ઘાસની બહાર ડોકાતી સારમેયની રૂંછાંદાર પૂંછડી દર્શાવતી હતી કે તે ગલૂડિયાંને દોરતો તે શાંત, સ્થિર પગલે ટેકરીના મથાળે પહોંચવા ચાલ્યો જતો હતો.

શાંત વાતાવરણમાં ઘાસને ડોલાવતી હવાનું સંગીત, એકાદ ભરવાડનું ગાયન કે ડચકારો, ઘેટાં-બકરાનું બોલવું, પક્ષીઓનો કલબલાટ અને ઘાસમાં અટવાઈને મૂંઝાઈ જતાં કે ગબડી પડતાં ગલૂડિયાંના ઊ'કાર સિવાય ચોતરફ શાંતિ પ્રસરેલી હતી.

અર્ધે રસ્તે રોકાઈને સારમેયે બધાને સૂચના આપી, 'હવે પોતપોતાની રીતે ઉપર પહોંચવાનું છે. ભૂલા પડી જવાય તો ઉપર જે કાળો ખડક દેખાય છે ત્યાં પહોંચીને રાહ જોવાની.'

આ સાથે જ કેટલાંક ગલૂડિયાં જુદા માર્ગે ફંટાયા. કેટલાંકે કોણ પહેલા ટોચ પર ચડી જાય તેની હોડ લગાવી.

સારમેય થોડો ઉતાવળે આગળ જઈને ભરવાડના કૂતરાઓ સાથે કંઈક વાત કરીને આગળ ચાલ્યો. તે ઉપર પહોંચ્યો ત્યારે થોડાં ગલૂડિયાં હાંફતાં બેસીને બાકીનાંની રાહ જોતાં હતાં.

એક પછી એક બધા આવી ગયાં પછી સારમેયે કહ્યું, 'ઝરણામાંથી પાણી પી લો, પછી અહીં આવીને થોડી વાર અવાજ કર્યા વગર આંખો મીંચીને બેસવાનું છે. પછી આપણે વાતો કરીશું.'

'એટલે ભગવાનનું ધ્યાન કરવાનું ને - આશ્રમમાં કૌલેયક ગુરુજી શીખવાડે તેમ?' એક કાબરચીતરી ગલૂડી બોલી.

'સારમેયે કહ્યું, 'ના. માત્ર આંખો બંધ રાખીને મૂંગા બેસવાનું.'

બધાએ પાણી પીવા દોટમદોટ કરી મૂકી. કેટલીક બિનજરૂરી ધમાલ પણ થઈ. કોઈ કોઈને ધમકાવતું હતું, કોઈ પાણીમાં રમત કરવા માંડ્યાં, બે-એક જણાં બાખડી પડ્યાં.

એક ટીલાંવાળું ગલૂડિયું ધ્યાનથી આ બધું જોતું હતું. તેણે એકાદ પડી ગયેલા ગલૂડિયાને ઊભું કર્યું, બીજાને થોડું ઓછું તોફાન કરવા સૂચના આપી, શાંતિ રાખવા કહ્યું અને કેટલાંકને ઝરણું ક્યાંથી નીકળે છે તે બતાવ્યું, કોઈએ કંઈ પૂછ્યું તો તેને તેનો જવાબ આપ્યો.

સારમેયે તેને પાસે બોલાવીને તેનું નામ પૂછ્યું. બધાં પાછાં આવ્યાં. જમીન પર લંબાઈને આંખો મીંચીને મૌન બેઠાં. કોઈ આંખો ઝીણી કરીને જોતું હતું, કેટલાંકને હસવું આવતું હતું, પણ ધીમે ધીમે બધું શાંત થઈ ગયું.

'હવે સાંભળો,' થોડી વારે મૌન તોડતાં સારમેય બોલ્યો, 'ઉપર આવવાનો સૌથી અઘરો રસ્તો કયો છે તે કોણ કહેશે?'

મોટા ભાગનાંએ પોતે જે માર્ગે આવ્યાં હતાં તેને જ અઘરામાં અઘરો કહ્યો. પેલા ટીલિયાએ મોં ઊંચું કરીને કહ્યું, 'હું આવ્યો તે રસ્તામાં ખાડા ટેકરા ઘણા હતા, મેં સાપ પણ જોયો, હું અહીં પહેલી જ વાર આવ્યો છું.'

'ગાંડિયા, અઘરા રસ્તાનું પૂછે છે. તેં શું જોયું, ને તું કેટલામી વાર આવ્યો એવું તો નથી પૂછતાં.' બાજુમાં બેઠેલા એક ગલૂડિયાએ ધીમેથી ઠોંસો મારીને ટીલિયાને કહ્યું.

'મને ખબર છે. પણ મારે જે કહેવું હતું તે મેં કહ્યું, જવાબ મળ્યો.

‘હમણાં તમે બધાં બંધ આંખે શાંત બેઠાં ત્યારે તમને શું દેખાયું?’ સારમેયે બીજો પ્રશ્ન કર્યો. કંઈ જવાબ ન મળ્યો એટલે તેણે પ્રશ્ન દોહરાવ્યો.

‘પણ આંખો તો બંધ કરાવેલી પછી અમને કશું દેખાય ક્યાંથી?’ એકે કહ્યું. ટોળામાં ધીમું હાસ્ય પ્રસર્યું.

‘બોલ, તોયે મને દેખાતું હતું. ખિસકોલી.’ બીજાએ કહ્યું.

‘રોટલી’ ત્રીજો બોલ્યો.

‘ઘાસમાં ફસાઈ ગયેલો લાલિયો.’ બાજુમાં બેઠેલા લાલિયા તરફ તીરછી નજરે જોતાં ચટ્ટાળાએ કહ્યું.

લાલિયાને ક્યારનું કંઈક કહેવું હતું, પણ તે આ બધા શોરબકોરમાં ક્યારે બોલવું તેની રાહ જોતો હતો. પોતાના નામનું ઉચ્ચારણ સાંભળતાં જ તે બોલી પડ્યો, ‘ગાડીની બારીમાંથી બહાર નીકળેલું ડોકું.’

‘તને?’ એક નિષ્ક્રિયને ઉદ્દેશીને સારમેયે પૂછ્યું.

પોતે ઊંઘતો ઝડપાયો છે તેવું લાગતાં તેણે થોડી મૂંઝવણ અનુભવી. પછી ઉતાવળે બોલી નાખ્યું. ‘ભગવાન.’

બધા ખડખડાટ હસી પડ્યા. માત્ર ટીલિયો ન હસ્યો. તેણે બધાને ઉદ્દેશીને પૂછ્યું, ‘કેમ ભગવાન ન દેખાય?’

‘ના’ એક સાથે બધાનો જવાબ આવ્યો.

પછી વધુ જવાબો આવ્યા તેમાં આવું બધું હતું.‘આશ્રમમાં કોઈક કહે છે કે દેખાય - એક પગે

ઊભા રહીને, ખાધા પીધા વગર ધ્યાન ધરીએ, તપ કરીએ તો દેખાય - અમે એક વરસથી રોજ ધ્યાન કરીએ છીએ તોય દેખાતા નથી - ગુરુજીને દેખાય છે - અમે તોફાની છીએ એટલે અમને ન દેખાય. - ભગવાન તો આપણે મરી જવાના હોઈએ ત્યારે જ દેખાય - મારા દાદાને દેખાયેલાં.'

સારમેય ઘડીભર ગૂંચવાઈ ગયો. ત્યાં પેલા નિષ્ક્રિયે ગુસ્સાથી કહ્યું, 'સાચું કહું છું. મને દેખાયા હતા તે મેં કહી દીધું બસ!'

'તો લે, બોલ કેવા હતા?' ચટ્ટાળાએ એ જ તોરમાં પૂછ્યું.

'શણગારેલાં.' જવાબ મળ્યો.

વાતાવરણ શાંત અને થોડું ગંભીર થઈ ગયું. સારમેય બધાંના ચહેરા જોતો હતો. થોડી વારે તેણે કહ્યું, 'સરસ, ચાલો હવે એ કહો, ટેકરી ચડતાં હતાં ત્યારે રસ્તામાં કોઈને ભરવાડના કૂતરા મળેલા?'

'મને.' એક ટેણકૂડિયાએ ઉત્તેજનાથી ઉતાવળે જવાબ આપ્યો.

'પછી શું થયું તે કહે.' સારમેયે સૂચવ્યું.

ટેણિયો જવાબ આપે ત્યાર પહેલાં ચટ્ટાળો બોલી પડ્યો, 'મને ખબર છે, જમીન પર પડીને પગ ઊંચા કરીને પછી કાંઉં કાંઉં કરીને રડવાનું એટલે આપણને એમ ને એમ જવા દે.'

'તેં એવું કરેલું?' ટીલિયાએ ચટ્ટાળાને સામું પૂછ્યું.

'આપણને તો ભરવાડિયા મળ્યા જ નથી. ટેણકૂડિયું કહે છે કે તેને મળેલા.' ચટ્ટાળાએ જવાબ આપ્યો અને લુચ્ચું હસ્યો.

'તો પછી જેને મળ્યા છે એની વાત સાંભળ પછી તારે કંઈ કહેવું હોય તો કહેજે.' કહીને ટીલિયાએ ટેણકૂડિયાને બોલવાનો ઈશારો કર્યો.

હવે વધુ વિગતે બોલવું પડશે તે જાણીને ટેણકૂડિયું જરા અચકાયું. બધા પર નજર નાખી પછી ટીલિયા સામે જોયું અને સારમેય તરફ ફરીને જવાબ આપ્યો, 'હું ડરી ગયેલો, પણ મેં તો પરાણે પૂંછડી ઊંચી રાખી મૂકી. બસ, પછી મેં તેમને કહ્યું. કે હું કંઈ ઘેટાં-બકરાંને પજવવા નથી આવ્યો. અમે તો ફરવા આવ્યા છીએ. મારે લડવું નથી એવું પણ કહ્યું.'

'પછી?' સારમેયે પૂછ્યું

'એમણે કંઈ ન કર્યું, સહેજ ઘુરકિયાં કર્યાં અને ચાલી ગયાં. ટેણકૂડિયું એકશ્વાસે બોલી ગયું.

'ગપ્પીદાસ' એકાદ બૂમ પડી. આમ જ બન્યું હશે તેમ માનવા ઘણાં તૈયાર ન હતાં. થોડો ગણગણાટ થયો. ટેણિયાએ ટીલિયા સામે જોયું. ટીલિયાએ તેની સામે માયાળું સ્મિત કર્યું. ટેણિયાને લાગ્યું કે પોતે જે કંઈ કહ્યું છે તેમાં ટીલિયાને વિશ્વાસ બેઠો છે. સારમેય મૌન રહીને બધું જોતો હતો.

'હવે આપણે રમીશું, ફરીશું, જમીશું, મજા કરીશું, ઝઘડો કોઈએ કરવાનો નથી. રાતે પાછાં જઈશું. કાલ સવારે આશ્રમમાં ભેગાં થઈએ ત્યારે આજની બધી વાતો બધાએ કહેવાની છે.' સારમેયે કહ્યું.

રાત્રે બધાં પાછાં આવ્યાં ત્યારે કૌલેયકે આટલું મોડું કરવા બદલ સારમેયને ઠપકો આપ્યો. જવાબમાં સારમેયે દિલગીરી વ્યક્ત કરીને કહ્યું, 'ચાંદનીમાં ટેકરી ઊતરવાની બધાને બહુ મજા પડી.'

'સારું. હવે સાંભળ, ગુરુજીએ કહેરાવી મૂક્યું છે કે સારમેય આવે પછી મળે.' કૌલેયકે કહ્યું.

સારમેય ગુરુનિવાસ તરફ ચાલ્યો. નિવાસની બહાર રેતી બિછાવેલા ફળિયામાં હિંડોળા પર ગુરુજી બેઠા હતા. સારમેયને જોઈને તેમણે કહ્યું, 'તેં અહીં રોકાવા વિશે શું નક્કી કર્યું?'

સારમેયે ગુરુજીની વાતનો જવાબ આપવાને બદલે પોતાની વાત કહી. 'તમે સોંપેલું કામ મેં કર્યું છે. કાલ સવારે ભેગાં થવાનાં છીએ.'

'ભેગા થઈને શું કરશો?'

'હું ગલૂડિયાંને ચાર પ્રશ્નો પૂછવાનો છું- તેઓએ શું સાંભળ્યું, તેઓ શું બોલ્યાં, તેમણે શું જોયું, અને તેમણે શું જાણ્યું.'

'સારું છે' ગુરુજીએ કહ્યું, 'તું તો ઘણું ફર્યો છે. ઘણાંને મળ્યો છે, હવે તેં ગલૂડિયાંને પૂછવા ધારેલા છે તે જ પ્રશ્નો હું તને પૂછું. કહે જોઉં, તારો શો જવાબ છે?'

પળભર વિચાર્યા વગર સારમેયે કહ્યું, 'ઘણા અવાજોમાંથી જે સાંભળવા યોગ્ય લાગ્યું તે મેં સાંભળ્યું છે, હું હંમેશાં જે કહેવા ઈચ્છતો હતો તે જ બોલ્યો છું, દૃષ્ટિ સામે આવેલું તમામ મેં ધ્યાનપૂર્વક જોયું છે અને અંતે મેં જાણ્યું છે કે હું જાણતો નથી.'

'સારમેય, તેં રોકાવાનું નક્કી કર્યું કે જવાનું તે પ્રશ્નનો ઉત્તર હજી તેં આપ્યો નથી. હવે હું સૂચવું છું કે તું અહીં રોકાઈ જા' ગુરુજીએ કહ્યું.

'તે પહેલાં મારે તમને બે સમાધાન પૂછવાં છે' સારમેયે આ વખતે પણ રોકાવા અંગેની વાતનો જવાબ ટાળ્યો.

'પૂછ, પણ તને સમાધાન મળશે કે કેમ તેનો આધાર તો તારા પર છે. હું તને કશું આપવા બંધાતો નથી.'

'પ્રથમ તો મારે જાણવું છે કે પેલા ગુરુ મંદિરમાં મોટા ગુરુજીના પાર્થિવ અંશો રખાયા છે તેમાં

તેઓ છે?’

‘તેઓ જીવતા હતા ત્યારે પણ તેઓ તેમાં નથી તેવું મને ઘણી વાર લાગતું.’ ગુરુજીએ ઉત્તર આપ્યો.

‘જો તમે સ્પષ્ટ ના કહી હોત તો મારે ફરી પૂછવું પડત; પરંતુ હવે એમ નથી પૂછતો.’ સારમેયે કહ્યું.

ગુરુજી માત્ર હસ્યા અને બોલ્યા, ‘હા, તું માને છે તે સાચું છે.’

‘હવે બીજું આટલે સુધી પહોંચ્યાં પછી પણ તમારે આશ્રમ, શિષ્યો આ બધું શા માટે હોવું જોઈએ?’

‘એ બધું મારે છે એવું તું માને છે?’ ગુરુજીએ સામો પ્રશ્ન કર્યો.

સારમેયે કંઈ ઉત્તર ન આપ્યો. તે પોતાના નિવાસ પર ગયો તો કૌલેયકે તેને કહ્યું. ‘ગુરુજી કહેતા હતા કે મારે તને અહીં રોકવો. સારમેય, રહી જા. આમેય તેં ઘણી જિંદગી રખડવામાં વિતાવી દીધી છે. હવે બાકીના દિવસોમાં થોડી સાધના કર તો સારું.’

‘એમ કરવું મને જરૂરી નથી લાગતું. સારમેયે ઉત્તર આપ્યો.

કૌલેયક તેની સામે જોઈ રહ્યો. પછી બોલ્યો. ‘તેં પહેલેથી આમ જ કર્યું છે. હવે એ તો કહે કે આજે શિક્ષકપદ માટે કોની પસંદગી કરી છે?’

‘સવારે હું ગલૂડિયાંને પ્રશ્નો કરીશ. ગલૂડિયાં જે જવાબ આપે તે ગુરુજીને પહોંચાડીશું અને તેઓ કહે તેને તું શિક્ષક બનાવજે.’

‘કેમ? તને બોલવામાં શું જોર આવે છે! તને જે યોગ્ય લાગ્યો હોય તેને તું જ શિક્ષક બનાવી દે.

મારે એટલી માથાકૂટ ઓછી.'

'કોઈને કશું બનાવવું મને ગમતું નથી.' સારમેયે ઉત્તર આપ્યો.

'તેઓ આગળ વધે તે તને પસંદ નથી?'

'કંઈક બનીને આગળ વધે તેના કરતાં તેઓનો વિકાસ થાય તેવું હું કરું.'

'બનવું, આગળ વધવું અને વિકસવું એક જ થયુંને!' કૌલેયકે કહ્યું.

'ના. એ જુદું જ છે. સાવ જુદું. હું ભાષા જાણ્યો હોત તો તને તે શબ્દોના અર્થ અને પ્રમાણ સાથે સમજાવી શકત.' સારમેયે કહ્યું.

'સરમા પણ તારા વિશે પૂછતી હતી. તું રોકાવાનો ન હો તો ક્યાં જવાનો છે તે તેને કહીને જજે. પાછો ક્યારેક તને શોધવો પડે.'

'સારું. જતાં પહેલાં હું તેને મળી લઈશ.' સારમેયે કહ્યું.

સવારે બધાં એકઠાં થયાં. સારમેયે પોતાના પ્રશ્નો પૂછ્યા. 'કાલે તમે શું જોયું, શું બોલ્યાં, શું સાંભળ્યું તે કહો.'

ગલૂડિયાંએ પોતપોતાના જવાબો આપ્યા. મોટાભાગનાંએ પોતે ગઈ કાલે સાંભળેલી વાતો, બોલેલા શબ્દો, જોયેલાં સ્થળો અને નવી જાણેલી વાતો અંગે યાદ કરી કરીને વાર્તા કહેતા હોય તે રીતે વાત કરી.

ટીલિયાનો વારો આવ્યો ત્યારે તેણે બધાં સાંભળે તે રીતે કહ્યું 'પવનનો અવાજ, ઝરણાંનો ખળખળાટ, તમારા બધાની વાતો અને બીજું ઘણું મેં સાંભળ્યું. મેં તમને પૂછ્યું, તમને જવાબો આપ્યા, એકલાં એકલાં વાતો કરી આવું બધું હું બોલ્યો, ટેકરી પર મને એવું કેટલુંય જોવા મળ્યું

જે મેં આજ સુધી જોયું ન હતું. અને મેં એક નવી વાત જાણી કે કોઈ શિખવાડતું ન હોય ત્યારે પણ આપણે શીખતાં હોઈએ છીએ.'

કૌલેયક અને સારમેય ગુરુજી પાસે ગયા. આખી વાત સાંભળીને ગુરુજીએ કહ્યું, 'કૌલેયક, તું નચિંતપણે તારું કામ ટીલિયાને સોંપી શકે. તેણે કેમ કામ કરવું તે તેના પર છોડજે. તે પૂછે ત્યારે રસ્તો બતાવજે.' પછી સારમેય તરફ જોઈને બોલ્યા, 'તો તું રોકાતો નથી. જાય છે. ભલે, જા.'

જતાં જતાં પણ સારમેય ગુરુજીને પગે ન પડ્યો તે કૌલેયકને ન ગમ્યું. 'વિદાય સમયે ગુરુજીએ તને આશીર્વચન પણ ન કહ્યાં તેનો તારા અવિવેકનું પરિણામ સમજ્જે. તારે હવે મનમાં ભક્તિભાવ કેળવવો જોઈએ.'

કૌલેયકે વિદાય વચનો કહીને સારમેયને વળાવ્યો પછી સારમેય ખેતરો તરફથી ચાલ્યો. સરમા ભીના ક્યારામાં સૂઈને આરામ કરતી હતી. સારમેયને જોઈને તેણે કહ્યું, 'જાય છે? હવે ક્યાં જવાનો?'

જવાબમાં સારમેયે કહ્યું, 'અત્યારે તો શકુના ઘરે જવું છે. પછી ખબર નહીં ક્યાં. સરમા, દોસ્તાર સાથે મેં એક રમત માંડેલી સપનું સપનું રમવાની, દોસ્તાર તો તેના મૂળ સ્થાને જાગી ગયો હશે. મારે ઘર શોધવાનું છે. હું ક્યાં સૂતો રહીને સપુનું જોઉં છું તે પ્રશ્ન મારા મનમાંથી ખસતો નથી.'

સરમા બોલી, 'સારમેય, તું ઘર શોધવા નીકળ્યો તે જાણ્યું ત્યારે પણ મારે તને કહેવું હતું કે હું તારી જેમ સપનું સપનું નથી રમતી એટલે હું અહીં જ છું. જ્યાં છું ત્યાં જ. મારામાંથી હું ક્યાંય જતી નથી એટલે બધું મારી પાસે આવે છે. જેને તું મૂળ ઘર કહે છે તેણે પણ મને શોધી કાઢી છે. તારે દોસ્તાર સાથે સપનું સપનું રમવાનું હતું ત્યાં સુધી તે બરાબર હતું, પણ હવે તું જાગ અને સપનું ત્યાગી દે. સારમેય, તું જાણ કે કૂતરાઓ માટે તો ઊંઘમાં પણ જાગવું સાવ સરળ વાત છે. તું સપનું પૂરું કરીને જાગશે ત્યાં જોઈશ કે તું જ્યાં છે તે જ તારું ઘર છે.'

સારમેયે સરમાની વાત શાંતિથી સાંભળી. પછી પૂછ્યું, ‘સરમા, આ વાત તને જાતે સમજાઈ કે કોઈએ તને સમજાવી?’

‘મેં મામદુને આવા અર્થવાળાં ગીતો ગાતા સાંભળ્યો છે. એ પોલીસ સાથે ગયો તે વખતે મેં તેને ક્યાં જાય છે તેવું પૂછેલું તો તેણે કહેલું, ‘अरे, हम कहीं नहीं जा रहे| हम तो अपनेमें ही हैं|’

સારમેય કંઈ બોલ્યો નહીં. અને ચાલ્યો. બહાર નીકળીને તે ઊભો રહ્યો. શકુને ઘરે જવું હોય તો પહેલાં અજન્મ્યને શોધવો પડશે તેવું વિચારીને તે શાળા તરફ ગયો. છોકરાંઓ છૂટી ગયાં હતાં, પણ હજી શાળા છોડીને ગયાં ન હતાં. સારમેય દરવાજા પાસે ઊભો રહ્યો. કેટલાંકે તેને ઓળખ્યો, પણ બધાં ઘરે જ જવાની ઉતાવળમાં હતાં. છેવટે અજન્મ્ય આવતો દેખાયો. તેણે સારમેયને જોઈને પૂછ્યું. ‘તું મને મળવા આવ્યો છું કે સાથે ઘરે આવવા?’

‘બેમાંથી તને જે ગમે તેમ કરવા’ સારમેયે જવાબ આપ્યો.

‘તું ઘરે આવ તો વધુ ગમે.’

‘ચાલો.’ સારમેય બોલ્યો અને અજન્મ્ય સાથે ચાલ્યો.

‘મારું નામ અજન્મ્ય કેમ રાખ્યું હશે તેવો વિચાર તને નથી આવતો?’ અજન્મ્યે પૂછ્યું.

‘ના’ સારમેયે ચાલતાં ચાલતાં ઉત્તર આપ્યો, ‘તને આવો વિચાર શા માટે આવ્યો?’

‘અમારા શિક્ષક કહેતા હતા કે અજન્મ્ય એટલે જન્મે નહીં તે. અને હું તો જન્મ્યો છું એટલે.’

‘આપણે શકુને પૂછીશું. એ જાણતી હશે. ખૂબ ભણી છે.’

‘અરે ઓય! તું વળી મારી માને ઓળખે છે?’ અજન્મ્યે પૂછ્યું અને તરત જ થોડી ઉત્તેજનાથી બોલ્યો, ‘સ્વામી?’

‘હા, સ્વામી જ. તે દિવસે તેં કહેલું ને, કે એક કૂતરો તારી માનો દોસ્ત હતો. હું તે જ કૂતરો છું.’ સારમેયે કહ્યું.

અજન્મય આનંદમાં આવી ગયો.

શહેરની મધ્યમમાં આવેલાં સુંદર તળાવ ફરતે બાંધેલાં ફૂટપાથ પર બેઉ મિત્રો વાતો કરતાં જતાં હતાં. ‘જો, પેલો થાંભલો દેખાય છે ને? એને ટ્રાફિક સિગ્નલ કહેવાય. ત્યાં પહોંચશુ એટલે રસ્તા પર સફેદ રંગના પટ્ટા દોરેલા દેખાશે. આપણે ત્યાં ઊભા રહીને સામેના થાંભલાની લાઈટ જોવાની. એમાં લાલ-લીલાં બાબલા હોય. લાલ બાબલો દેખાય તો રસ્તા પર જવાય નહીં. લીલો બાબલો દેખાય એટલે જ જવાય. નહીંતર કચરાઈ મરીએ.’ અજન્મ્ય શ્વાસભેર બોલ્યો.

‘સારું. આપણે એમ કરીશું. શહેરમાં હોઈએ ત્યારે આવા ઘણા નિયમો પાળવા પડે છે.’ સારમેયે જવાબ આપ્યો.

‘આમ તો તને બધી ખબર પડતી લાગે છે. તો પછી તું પછી કોઈનો પાળીતો કેમ નથી થઈ જતો. અજન્મ્યે પૂછ્યું.

આ પ્રશ્નનો જવાબ આપે તે પહેલાં સારમેયને પાછળના મણકા તૂટી જતા હોય તેવી વેદના થઈ આવી. કોઈએ તેને પાછળથી સાણસામાં ભીડ્યો છે તેવું લાગતાં જ તે લાગલો બચાવ કરવા વળ્યો. તે પળે જ તેનું શરીર ઊંચકાયું.

અજન્મ્યે પાછળ જોયું અને ચીસ પાડી, ‘ઓય! ઓય! મારો કૂતરો છે. અમારો પાળીતો છે.’

‘તો એને પટ્ટો પહેરાવીને કેમ નથી રાખતા?’ પેલા સાણસાવાળાએ કહ્યું. ‘કૂતરાં હડકાયા થઈને ફરે છે. એટલે પટ્ટા વગરના બધા કૂતરાઓ પકડી જવાની ઝુંબેશ ચાલે છે.’

‘પટ્ટો છે. અમારે ઘરે જ એનો પટ્ટો છે. માએ કબાટમાં જ મૂકી રાખ્યો છે. તમે એને છોડી દો

એટલે પહેરાવી...' અજન્મ્ય આગળ બોલી ન શક્યો.

પેલા સાણસાવાળો તો ચાલવા માંડ્યો. અજન્મ્ય તેની પાછળ ચાલતો રડતાં રડતાં કહેતો રહ્યો, 'એને છોડી મૂકો, એને છોડી મૂકો...'

તે કે કંઈ કરે, કહે તે પહેલાં તો અચાનક ફુટપાથ પાસે આવીને ઊભી રહેલી ટ્રક પર ગોઠવેલાં પાંજરાંમાંથી એકમાં જઈ પડ્યો.

'અમારાથી ન છોડાય. કાલે ડબ્બે આવીને છોડાવી જજે.' સાણસાવાળાએ કહ્યું અને ટ્રકનું બારણું ખોલીને અંદર ચઢ્યો.

પોતે કશું કરી ન શક્યાની નિરાશાથી જન્મેલા ક્રોધથી અજન્મ્ય ધાંધો થઈ ગયો. એકાદ પથ્થર માટે તેણે આસપાસ જોઈ જોયું, પણ શહેરના તળાવને કાંઠે તેને પથ્થર પણ ન મળ્યો. ટ્રક ચાલુ થઈ એટલે અજન્મ્ય તેની પાછળ દોડ્યો. તેણે બૂમ પાડીને કહ્યું, 'સ્વામી, કાલે અમે તને છોડાવી જઈશું. હું કાલે આવીશ આઈ પ્રૉમિસ...'

'અજન્મ્ય વચન ન આપ, દુ:ખી પણ ન થા.' સારમેયે બૂમ પાડી અને ઉમેર્યું, 'તું શા માટે પુરાય છે?'

અજન્મ્યે આ સાંભળ્યું, પણ સમજ્યો નહીં. તે રડતો રડતો થોડે સુધી દોડતો રહ્યો. પેલા થાંભલા પાસે પહોંચ્યો ત્યાં સુધીમાં ટ્રક વાહનોની ભીડમાં ખોવાઈ ગઈ. અજન્મ્ય થાંભલાને અઢેલીને બેઠો બેઠો રડતો રહ્યો. થાંભલા પર લાલ-લીલા રંગનાં બાબલાં વારાફરતી ઝબકતાં રહ્યાં.

|| 15 ||

ખાવું એ કૂતરા માટે શ્વાસ લેવા જેવી જ જરૂરિયાત છે, તે વાતે કૌલેયક બહુ સ્પષ્ટ હતો; પરંતુ આજે નવા આવેલા એક સાધકે તેને ખોરાક વિશે જે વાંચી સંભળાવ્યું તે કૌલેયકે પહેલી વાર જાણ્યું. 'સ્થૂળ શરીર જે ખાય છે તે ખોરાકમાંથી ઊર્જા પ્રગટે છે. સ્થૂળ શરીરને પોતાની ક્રિયાઓ ચલાવવા ઊર્જાની જરૂર પડે. તે જ રીતે સૂક્ષ્મ શરીરને પણ ઊર્જાની જરૂર પડે છે...'

કૌલેયક પછીનો આખો વખત પેલા સાધકે વાંચી સંભળાવેલો ઉપદેશ યાદ કરતો બેઠો. પોતાના એકાદ પ્રવચન દ્વારા આ જ્ઞાન ગલૂડિયાંનાં મગજમાં ઉતારવાની ઈચ્છાવશ તે લગભગ ગોખવા માંડ્યો. બીજે દિવસે જ તેણે જિજ્ઞાસુને બોલાવીને ટીલિયાના એકાદ તાલીમવર્ગ વચ્ચે પોતાનું પ્રવચન ગોઠવવાની સૂચના આપી.

આ સંદેશો વર્ગમાં પહોંચાડતાં સાથે જિજ્ઞાસુ જાણી શક્યો કે ટીલિયાને કે તાલીમ લેતાં ગલૂડિયાંને કોઈને પણ આ નવો કાર્યક્રમ બહુ અનુકૂળ નથી લાગ્યો; પરંતુ પોતાના ગુરુને આવી ક્ષુલ્લક વાત કહેવાનું તેણે ટાળ્યું. 'આપનું પ્રવચન ગોઠવાયું છે' એટલું જ તેણે કહ્યું.

બધાં ગલૂડિયાંને હરોળબદ્ધ, પૂંછડી વ્યવસ્થિત રાખીને બેસાડાયાં પછી કૌલેયકને બોલાવાયો. સાધકે વાંચી સંભળાવેલું તે યાદ કરીને કૌલેયકે બોલવાનું શરૂ કર્યું. 'ખોરાકથી જે ઉર્જા પ્રગટે છે તે પૂરતી નથી અને તે અશુદ્ધ હોય છે. રોજ રોજના પ્રશ્નો ઉકેલવામાં આપણી ઊર્જાનો વપરાશ ખૂબ રહે છે. આથી દેહમાં ઊર્જાની ખેંચ રહે છે.'

'એટલે આપણે બીમાર પડીએ કેમ?' ચાલુ પ્રવચનમાં વચ્ચે ન બોલાય તેની ચટ્ટાળાને ક્યારેય ખબર ન પડતી.

'ના. આવી સ્થિતિમાં આપણે અંદરની યાત્રા ન કરી શકીએ.' કૌલેયકે કહ્યું અને પોતાના

જવાબની અસર જોવા થંભ્યો.

ચટ્ટાળા સહિત દરેક ગલૂડિયાને એ સમજતાં સહેજેય વાર લાગી નહીં કે ગુરુ કૌલેયક કોઈક એવા પ્રદેશની યાત્રા વિશે બોલી રહ્યા છે, જેના વિશે આ પૃથ્વી પર કોઈ કશું જ જાણતું નથી.

એકાદ કલાકમાં જ્ઞાનયાત્રાની વાત સમાપ્ત થઈ. પ્રવચન કરતી વેળાએ કૌલેયકને પોતાના મનમાં જ કેટલીક શંકાઓ ઉદ્ભવી હતી. કેટલીક જિજ્ઞાસુએ પણ ઊભી કરી આપી.

'રાત્રે સમય મળે તો ફરી પેલા સાધક સાથે બેસીને તેની ચોપડીમાંથી સાંભળીશું. તું પણ આવજે. મજા આવશે. બહુ ઊંચી વાતો છે...' જેવાં વાક્યો બોલીને કૌલેયક જિજ્ઞાસુથી છૂટો પડ્યો.

ગુરુજીએ કૌલેયકને જતો જોયો. તે ક્યાંથી આવે છે તે સમજવા માટે તેની ચાલવાની છટા અને મુખભાવોને ઝીણવટથી જોયા સિવાય ગુરુજીએ ખાસ કંઈ કરવું ન પડ્યું. તેમણે કૌલેયકને બોલાવ્યો અને કહ્યું, 'તને મેં કહેલું કે ટીલિયાને તેનું કામ તેની રીતે જ કરવા દેજે. જાતિભાઈઓને ભણાવવાના તારા ઉદ્દેશની પૂર્તિ માટે એને પોતાની રીતે કામ કરવા દેવું જરૂરી છે.'

'આપનું સૂચન મને યાદ છે. હું ટીલિયાના કામને તેની રીતે જ ચાલવા દઉં છું. હા ક્યારેક જરૂરી લાગે તો....'

'પ્રવચન આપી આવું છું.' ગુરૂજી હસ્યા અને બોલ્યા, 'આજે શું જ્ઞાનકથા કહી આવ્યો છે?'

'બસ ખાસ કંઈ નહીં. ગલૂડિયાંની ઊર્જા વેડફાતી રહે છે, અશુદ્ધ રહે છે, અપૂરતી રહે છે. તેને કારણે...'

ગુરુ દયા ખાતા હોય તેવી દૃષ્ટિથી કૌલેયકને જોઈ રહ્યા. બે પળ પછી કંઈ બોલ્યા વગર તેને એકલો મૂકીને ચાલી નીકળ્યા. કૌલેયકને ગુરુના આવા પ્રતિભાવોની નવાઈ ન હતી. તે હતાશ થઈને પોતાના રહેઠાણે ચાલ્યો.

કૌલેયકને ઘણા સમયથી લાગતું હતું કે આશ્રમમાં રહીને વધુ વિકાસ સાધવાનું તેને માટે શક્ય નથી. ગુરુજી આજે જે રીતે તેની સામેથી ચાલ્યા ગયા તેનાથી તેને અપમાન લાગ્યું. તેનું મન ભરાઈ આવ્યું. પોતે કૂતરો ન હોત તો જુદો આશ્રમ સ્થાપવાનું તેણે વિચાર્યું હોત. નિવાસસ્થાને પહોંચતાં જ તે હતાશાજન્ય અશાંતિમાંથી બહાર આવવા ધ્યાનમાં બેસી ગયો. જાગ્યો ત્યારે તેને દરેક વખતે ધ્યાન પછી થતો તેવો થોડી રાહતનો અનુભવ થયો.

સાંજે જિજ્ઞાસુએ તેને પેલા સાધકને વાત પૂછવાની છે તે યાદ અપાવ્યું. ગુરુ-શિષ્ય તેને મળવા ચાલ્યા. સાધક પાઠ વાંચતો હતો. બેઉ કૂતારોઓને તેણે આવકાર્યા, બેસાર્યા, અને મોટેથી વાંચવાનું શરૂ કર્યું.

‘દિવ્ય એવા અંદરના જગતમાં જવા અતિસૂક્ષ્મ ઊર્જા, જેને પ્રાણ કહે છે તેની જરૂર પડે.’ વાંચીને સાધકે પૂછ્યું, ‘પ્રાણ તો હોવો જોઈએ ને?’

બંને શ્રોતાઓએ ડોકાં હલાવીને ‘હા’ કહ્યું.

‘પ્રાણ શુદ્ધ થાય તો ઊર્ધ્વમુખી બની શકાય. આને ઊર્ધ્વરેતસ્ કહે. જીવ નીચલા સ્તરને છોડીને ઉપરના સ્તર તરફ ગતિ કરે.’ સાધક હવે વાંચવું બંધ કરીને પોતે પ્રવચન આપવા પર ઊતરી આવ્યો.

આ આખીયે વાતમાંથી કૌલેયકને બે શબ્દો બહુ ગમ્યા. ‘પ્રાણ’ અને બીજો ‘ઊર્ધ્વમુખ.’

પોતે પ્રાણવાન હોવા વિશે તેને શંકા ન હતી. હવે તેણે માત્ર ઊર્ધ્વમુખ થવું જ બાકી રહે છે. આ કલ્પનાએ તેને આનંદ પ્રેર્યો. જોકે ચોપડીમાંથી આગળ એવું વંચાયું કે ‘પ્રાણ ઉપર ચડે તો ચિત્ત અંદર જાય’ એ કેવી રીતે બને તેની તેને સહેજ પણ સમજ ન પડી.

સાધક કૌલેયકે વિચાર્યું કે અભ્યાસથી જ આવું બધું શક્ય બનતું હશે. તેથી તેણે વધુ સમય ધ્યાનનો

અભ્યાસ કરવાનું નક્કી કર્યું. સતત બે દિવસ ધ્યાન અને વિચારમાં બેસી રહ્યો તે પછી પણ તેને આ રહસ્ય સમજાયું નહીં. એટલે તે ગુરુજી પાસે ગયો અને પોતાની શંકા રજૂ કરીને પૂછ્યું, 'આમાં કોઈ રહસ્ય હોય તો તમે મને સમજાવો.'

'તું આવું બધું નહીં જાણે તો પણ તને કંઈ નુકસાન નથી થવાનું.' ગુરુજીએ કહ્યું, 'હું તો કહું છું કે આ બધી બાબતોમાં તું ન પડે તો વધુ સારું.'

આમ છતાં કૌલેયકે પોતાનો જાણવાનો અધિકાર જતો ન કર્યો. એટલે ગુરુજીએ કહ્યું, 'આપણે સંસારના વહેવારમાં, કલેશમાં, દ્વેષમાં અને નકામા વિચારોમાં રહ્યા કરીએ એટલે આપણો પ્રાણ અશુદ્ધ રહે. એમાં રાગદ્વેષ, મૂંઝવણ, દુ:ખ પણ રહે.

જે બધા ભેગા મળીને તારું આ જીવંત શરીર બન્યું છે તેનો એક ભાગ તે તારું ભાવશરીર પણ છે. આ ભાશરીર સ્વસ્થ ન હોય તો એને શુદ્ધ કરીએ. આમ કરી શકાય તો ઊર્ધ્વમુખ થવાય. હૃદયમાં પ્રેમ, દયા, બીજાનો વિચાર, કરુણા પ્રગટે. હવે તને સમજાય છે?'

'હા, હું સાંભળું છું.' કૌલેયકે જવાબ આપ્યો.

'તારા આ ભાવદેહને સ્વસ્થ વાતાવરણ મળે તેવું કર. આમ કરવાથી નિરામય, સ્તબ્ધતા, જ્ઞાન, અને દર્શનનો તને અનુભવ થશે. તારી સામે આવડું મોટું જગત છે. તેને જો. પ્રકૃતિ નિ:સ્વાર્થ છે. તેને મળ. તેનું દર્શન કર, તેને અનુભવતાં શીખ એટલે તને તારી અંદરથી જ જવાબ મળશે. બસ આટલું સમજી લે અને પ્રયત્ન કર. હવે તું જા.'

કૌલેયકને લાગ્યું કે ગુરુજીનું સૂચન સ્વીકારવું જોઈએ. પોતાના પ્રાણ ઊર્ધ્વમુખ બને તો પોતે કેટકેટલા શ્વાનબંધુઓને પણ તારી શકે! જગત પર કોઈ પણ ઉપકાર કર્યા વગર તેને છોડી જનારામાં પોતાનું નામ ન હોય તેવી તીવ્ર ઈચ્છાવશ તેણે નક્કી કર્યું કે પોતે ફરવા જશે, પ્રકૃતિને જોશે, સમજવા, અનુભવવા પ્રયત્ન કરશે, અને એ રીતે પ્રાણને શુદ્ધ કરશે. પ્રાણ શુદ્ધ બનશે

તો સૂક્ષ્મ બનશે અને ઊર્ધ્વમુખ બનશે. ઊંચા ને ઊંચા પ્રદેશ તરફ ગતિ થશે. જેમ જેમ આવું થશે તેમ તેમ ચિત્ત ભીતર જશે. વાહ! કેવી સુંદર કલ્પના!

આ બધું કેવી રીતે થશે, ક્યારે થશે અને થશે ત્યારે ખબર શી રીતે પડશે તે વિશે ગુરુને ફરી ક્યારેક પૂછવાનું વિચારીને કૌલેયક પોતાના નિવાસસ્થાને આવ્યો તો ટીલિયો તેની રાહ જોઈને બેઠો હતો. કૌલેયકે તેને આવકાર્યો અને પૂછ્યું, ‘બોલ, શું છે?’

‘એક માહિતી આપવા આવ્યો છું. અમે એક ધોધ જોવા જવાના છીએ. એક દિવસમાં જઈને આવી શકાય એટલે દૂર છે.’

‘હા ભલે, પણ ધ્યાન રાખવું પડશે. નદીમાં નહાવાનું ન કરશો.’

‘ત્યાં ગયા પછી નહાવાનું મન દરેકને થશે જ. ન નહાઈએ તો પછી ધોધ સુધી જવાનો અર્થ પણ નહીં રહે.’

‘એટલો નિગ્રહ નહી થાય? નહાવામાં જોખમ નથી લાગતું?’

‘પાણીમાં તરવું તો આપણે જન્મથી જ જાણતા હોઈએ છીએ. હા, પ્રવાહમાં ખેંચાઈ ન જવાય એટલું સંભાળવું પડે. તેનું હું ધ્યાન રાખીશ.’

કૌલેયકે થોડો વિચાર કર્યો. પછી પૂછ્યું, ‘હું તમારી સાથે આવું કે?’

‘હા, પણ આપને ફાવશે?’ ટીલિયાએ કહ્યું. તેના મુખ પર વિરોધનો કોઈ ભાવ કૌલેયકને ન દેખાયો.

‘સારું. કહે, પ્રકૃતિ દર્શને ક્યારે જવાનાં છો?’ કૌલેયકે પ્રવાસનું સરસ નામ પણ પાડ્યું.

‘બધાને કહી દઈએ. એકાદ બે દિવસમાં ગોઠવી શકાશે. નક્કી થાય એટલે જણાવીશ.’ ટીલિયો

ગયો.

કૌલેયકને પહેલી વાર અચાનક આનંદનો અનુભવ થયો. પોતે પણ સારમેયની જેમ જ ગલૂડિયાં સાથે ફરવા જવાનો છે તે વિચારે તેને કંઈક જુદી લાગણી પણ થઈ. પહેલી જ વાર તેણે પોતાની, ટીલિયાની, ગુરુની કે કોઈની વાતનું અર્થઘટન કરવાનું ટાળ્યું.

પેલા પુસ્તક વાચનવાળા સાધકને કૌલેયકે પોતાના આ અનુભવની વાત કહી ત્યારે જવાબ મળ્યો: 'ભાવદેહમાં જ્યારે કોઈપણ જાતના વિકારો ન હોય ત્યારે આપણે ભીતર અલૌકિક શાંતિ અનુભવીએ છીએ. બીજી રીતે જોઈએ તો જ્યારે આવી શાંત અને સહજ અવસ્થામાં વધુ ને વધુ જિવાય છે ત્યારે બધા વિકારો સહજ શાંત થઈ જાય છે! માટે આવી અવસ્થા ટકાવી રાખવાનો પ્રયત્ન હંમેશાં કરતાં જ રહેવું.'

કૌલેયક આ વચનો સાંભળીને બોલ્યો, 'બંધુ, એ માટે તો હું પ્રકૃતિ દર્શને જવાનો છું.' પછી મનોમન હરખાતો ત્યાંથી ચાલ્યો ગયો.

|| 16 ||

સારમેયને લઈ જતી ટ્રક શહેરથી બહાર દૂરના ખંડેર જેવી દીવાલથી ઘેરાયેલા વાડા પાસે પહોંચીને અટકી. એક જાળીવાળા મોટા વાડા પાસે ગોઠવાઈ. તેમાંથી એક એક કરીને નાનાં પાંજરાં વાડાના દરવાજા પાસે મૂકીને ખોલાતાં ગયાં. નાની જગ્યામાં પુરાયેલાં, ગભરાટથી ધ્રૂજતાં, નીચી પૂંછડીવાળાં કૂતરાં ક્યાં જવાય છે તે જોયાં જાણ્યાં વગર વાડામાં કૂદી જવા માંડ્યા. ડર અને આશંકાઓથી ઘેરાયેલા, અચાનક પોતાનો ઈલાકો ખોઈ બેઠેલાં તેઓ એકબીજાને ભસવાનું પણ ભૂલી ગયાં હતાં.

'આને બહાર બાંધજે. કદાચ એને છોડાવવા આવશે. પેલો છોકરો કહેતો હતો કે આ તેનો કૂતરો છે.' સાણસાવાળાએ કહ્યું.

સારમેયનું પાંજરું બહાર થોડે દૂર મુકાયું અને તે ખુલ્લામાં બાંધવામાં આવ્યો. બાજુમાં બીજા એક કૂતરાને પણ બાંધ્યો હતો. તેણે દીનભાવે સારમેય સામે દૃષ્ટિ કરી અને સારમેયને પૂછ્યું, 'એય, તું મારા માટે પ્રાર્થના કરી શકે?'

'મને પ્રાર્થના કરતાં આવડતું નથી.' સારમેયે કહ્યું. ત્યાં તેની નજર પેલા કૂતરાના ગળામાં પટ્ટા પર જતાં તેણે પૂછ્યું 'અરે! તારે તો પટ્ટો છે. વળી પટ્ટો છે એટલે નામ પણ હશે. તો પછી તને અહીં કેમ લઈ આવ્યા?'

'મારું નામ અલર્ક છે. મારા શેઠ કહે છે કે હું હડકાયો થઈ જવાનો છું. અમારા ડોક્ટરે પણ એમ જ કહ્યું.' કહેતાં અલર્ક ઢીલો થઈ ગયો અને આંખમાં આસું સાથે બોલ્યો, 'તું જ કહે, તને લાગે છે કે મારા જેવા ખાનદાની કૂતરાને હડકાયા થવું ગમે? શેઠને મેં ખૂબ કહ્યું કે હું હડકાયો નથી થવાનો. હા, કદાચ હડકવા મને થાય. એમાં તો હું શું કરી શકું? પણ શેઠે સાંભળ્યું જ નહીં. ઉપરથી એમ કહ્યું કે 'એ બધું એકનું એક જ ગણાય.' તું જ કહે ભાઈ, આ કંઈ એકનું એક કહેવાય?'

'ના ન કહેવાય. તું હડકાયો થા અને હડકવા તને થાય તે બંને જુદી જ વાત છે, પણ આવું સમજવું માણસો માટે અઘરું ગણાય. તું અફસોસ ન કર. કદાચ તું સાજો પણ થઈ જાય.'

અલર્ક કારુણ્યસભર હસ્યો અને બોલ્યો, 'હડકવા કોઈને સાજો થવા દે ખરો! તું કશું જાણતો નથી કે કદાચ ભણ્યો નહીં હો.'

'એય, તું એની સાથે વાત બંધ કર. એ હડકાયો થયો છે.' કહેતા સાણસાવાળાએ અકારણ સારમેયને લાઠી ફટકારી. સારમેયની પીઠે ભયાનક વેદના અનુભળી, પણ તે ઊંકારો કર્યા વિના સ્થિર બેસી રહ્યો. પેલા સાણસાવાળાને નવાઈ લાગી. થોડી પળો ઊભા રહીને તેણે સારમેય તરફ જોયા કર્યું. પછી ચાલી ગયો.

'ભાઈ,' અલર્કે ધીમા અવાજે કહ્યું. 'દુનિયામાં તું એક જ એવો છે જેણે માન્યું કે હું હડકાયો થયો નથી, પણ સાંભળ, હું મરવાનો તો છું જ. હું મરતો હોઉં ત્યારે તું મારી પાસે રહેજે. એટલું તો તારાથી થશે જ.'

'અહીં મને ક્યાં સુધી રહેવા દેશે તે મને ખબર નથી.' સારમેયે જવાબ આપ્યો. 'પણ જો હું અહીં હોઈશ તો ક્યાંય ગયો નહીં હોઉં.'

'ડૉક્ટર મારા માલિકને હડકવાનું વર્ણન કરતા હતા તે સાચું હોય તો હવે ધીમે ધીમે હું ભાન ગુમાવવા માંડીશ. સવારે સૂર્ય ઊગતાંવેંત મને ભયંકર તરસ લાગશે, પણ હું પાણી પી નહીં શકું. પછી મને ઘૂરી ચડશે. હું ભાન ગુમાવીને બધાને કરડી ખાવા દોડીશ. કદાચ તને પણ' અલર્કે દુ:ખી થઈને કહ્યું. 'જો એમ થાય તો તું મને દોષ ન દેતો. એવું બધું કંઈ હું જાણી જોઈને નહીં કરતો હોઉં. તું અજાણ્યો છે છતાં મને લાગે છે કે તું સારો કૂતરો હોવો જોઈએ. તને કરડવું મને ક્યારેય નહીં ગમે, પણ જેને હડકવા થયો હોય તેણે કદાચ કરડવું જ પડતું હશે.'

સારમેયે જીવનમાં પ્રથમ વખત ઇચ્છા કરી, 'હું ઇચ્છું છું કે તને હડકવા થાય તો પણ આ વર્ણન

જેવું કશું જ તને ન થાઓ. એવું તને થાય જ નહીં.'

'ઇચ્છું છું' બોલતાં તેના સ્વરમાં કોઈ જુદી જ દૃઢતા રણકી. પોતાના સ્વરમાં આવા અજાણ્યા રણકાની તેને પોતાને પણ નવાઈ લાગી.

'તું ઈચ્છે તે થાય તે-તો ઘણું સારું. પણ લોકો કહે છે કે આ રોગમાં તો મેં વર્ણવ્યું છે તેવું જ થાય છે.'

'હું કહું છું, નહીં થાય.' સારમેયે કહ્યું, 'બધાને એકસરખું થાય તેવું ન પણ હોય.' કહીને અને ઉમેર્યું, 'હવે તું ઊંઘી જા. આરામ કરીશ તો તને સારું લાગશે અને ખોટા વિચારો પણ નહીં આવે.'

અલર્ક અર્ધભાનમાં સૂતો. સારમેય રાતભર બેસી રહ્યો. સારમેયના મનમાં પોતે અલર્ક માટે પ્રાર્થના કરવાની ના શા માટે કહી; તે વિચાર વારંવાર આવ્યા કર્યો. તેને લાગ્યું કે જન્મથી માંડીને આજ સુધી કોઈ અજાણી પ્રેરણા જ તેને દોરી રહી છે. એ પ્રેરણાવશ તે કોઈ સાથે જોડાઈ શકતો નથી. તો શું સારમેયનું પોતાનું કોઈ અસ્તિત્વ જ નથી?

બચપણથી યાદ હતી તે ઘટનાઓમાં પોતે ક્યાં હતો તે વિચારી જવા સારમેય આંખો બંધ કરી. તેની અંદરથી કોઈ બોલતું હોય તેમ સારમેય પોતાનો જ અવાજ સાંભળ્યો. 'મારું મન દરેક છાપને ગ્રહણ કરે છે. આંખથી દૃશ્યો દેખાય. કાનથી સાંભળી શકાય છે, નાકથી હું શ્રેષ્ઠ રીતે સૂંઘી શકું છું. હા, સ્વાદમાં મને બહુ ખબર પડતી નથી. પણ મને કોઈ અડે તો આંખ બંધ રાખીને પણ હું તેને ઓળખી લઉં છું. હું છું, હું અહીં જ છું.'

અચાનક સારમેયની આંખ ખૂલી ગઈ. તે વિચારશૂન્ય બની બેસી રહ્યો. કંઈ કેટલીય વારે સુદૂર અવકાશમાંથી આવતો હોય તેવો પેલો અશ્રાવ્ય સ્વર સારમેયના કાને સાંભળ્યો. પોતાને વર્ષોથી સંભળાતો આ સ્વર શું કહે છે તે સાંભળવા સારમેયે કાન સતેજ કર્યા, પણ કંઈ સ્પષ્ટ સંભળાયું નહીં.

સવાર થવા છતાં અલર્ક જાગ્યો નહીં એટલે સારમેયે તેની પાસે જઈને તેને સૂંઘી જોયો. સારમેયને ફાળ પડી. તે કંઈ વિચારે કે કોઈને કંઈ કહે તે પહેલાં તેને શકુના શબ્દો સંભળાયા. ‘સ્વામી આટલાં વર્ષે ફરી તને પટ્ટો પહેરાવવો પડશે, તો જ હું તને લઈ જઈ શકીશ.’ સારમેયે પાછળ ઊભેલી શકુ સામે જોયું. શકુની આંખોમાં આનંદ અને શોક એકસાથે ઊભરાતા હતા.

સારમેય પાછળ ફરવા ગયો તો સરળતાથી ફરી ન શક્યો. કમરેથી લબડી પડ્યો. ‘ઓ મા રે! શી હાલત કરી છે આ લોકોએ તારી! શકુ ચીસ પાડીને બોલી. ‘લોકો આવું શા માટે કરતા હશે?’

‘જનસમાજે તમને જે કરવાનું સૂચવ્યું તે તેમણે કર્યું છે. શકુ, ઊભી થા અને એક કામ કર. તને આવડતી હોય તેવી પ્રાર્થના બોલ. અલર્ક મરી રહ્યો છે. તેણે પોતાને માટે પ્રાર્થના કરવાનું કહેલું.’ સારમેયે જવાબ આપ્યો.

‘એ બધું હું કરીશ. પહેલાં તું આ પટ્ટો પહેર એટલે તને અહીંથી લઈ જઉં.’ શકુ બોલી અને સારમેય પાસે બેસી, તેને લગભગ વળગીને ધીમેથી વર્ષો પહેલાં પોતે ઉતારી લીધો હતો તે પટ્ટો તેના ગળામાં પહેરાવ્યો.

‘જરૂર પહેરીશ અને તારી સાથે આવીશ પણ ખરો; પરંતુ હમણાં નહીં. અલર્કની એવી ઇચ્છા હતી કે તેના આવા સમયે હું તેની પાસે રહું.’

‘ભલે,’ શકુ બોલી. અલર્કના પાંજરા પાસે બેસીને પ્રાર્થના કરવા માંડી.

રાતવાળો ચોકીદાર ફરી આવી ગયો હતો. તેણે પોતાના સાથીદારને કહ્યું, ‘જીવદયાવાળી લાગે છે. એનાથી સંભાળજે.’

શકુની પ્રાર્થના પૂરી થઈ. અલર્કે તે સાંભળી હોય તો સારું તેવો વિચાર સારમેયના મનમાં આવ્યો અને શમી ગયો. થોડી ક્ષણોમાં અલર્ક આ જગતમાં બોલાયેલું કંઈ પણ ન સંભળાય એટલે દૂર

પહોંચી ગયો હતો.

સારમેયને છોડાવવાની વિધિ પૂરી કરીને શકુ ફરી તેની પાસે આવી અને બોલી, 'તને પહેલાં તો દવાખાને અને પછી અરણ્યવ્રતમાં મૂકી આવવાનું મેં વિચાર્યું છે. ત્યાં તને ફાવશે.'

'મને તો અહીં પણ ફાવશે.' સારમેયે જવાબ આપ્યો.

'અહીં! આ મોતવાડામાં પણ તને ફાવે છે, કેમ? ઠીક છે, પણ તું અરણ્યવ્રતમાં રહીશ તો મને ફાવશે, બસ? તેનો સંચાલક સંજય મારી સાથે કૉલેજમાં ભણતો. હવે સેવાનાં કામો કરે છે.'

|| 17 ||

પૂર્વ તરફની ખીણમાં અનેક પુષ્પો અને વનસ્પતિની દૃશ્યલીલા વચ્ચે થઈને વહી રહેલી નદી, તેની પાર ક્ષિતિજે નજર પહોંચે ત્યાં સુધી અફાટ પથરાયેલી ગિરિશૃંખલા, દૂરના બરફાચ્છાદિત શિખરો પર બેઠેલાં વાદળો અને રંગો બદલતો જતો સાંજનો ડૂબતો જતો પ્રકાશ.

શકુ અને સારમેય ટેકરીની ધાર પર બાંધેલી કાંટાળા તારની વાડ પાસે બેઠાં હતાં. ‘સારમેય, સામે દૂર જો. આ પહાડોમાં ઢળતી સાંજની ઝડપથી બદલાતી જતી રંગછટાઓ જોવા જ હું અહીં આવું છું. તું અહીં રોકાઈશ એટલે ખબર પડશે કે અહીંનું વાતાવરણ કેવું આહ્લાદક હોય છે.’

‘રંગો વિશેની કૂતરાઓની સમજ એક કે બે રંગો જોઈને ભડકવાથી વિશેષ નથી હોતી. વળી દૂર જોવાનું અમારા માટે શક્ય નથી હોતું, પણ તું મૂંઝાઈશ નહીં મને સ્થળની સુંદરતાનો આગ્રહ નથી. હું કોઈ પણ સ્થળે સારી રીતે રહી શકીશ, જેટલી સારી રીતે અન્યત્ર રહ્યો છું.’

બેઉ વાતો કરતાં હતાં ત્યાં સંજય આવ્યો. ‘હું હમણાં જ આવ્યો અને જાણ્યું કે તમે સવારથી આવી ગયાં છો. કેમ છો બધાં? અજન્મ્ય કેમ છે?’

‘અમે મજામાં. અજન્મ્યનું અહીં આવવાનું તો બાકી જ રહેશે. તેને હમણાં તો પરીક્ષાઓ છે. રજાઓમાં તેને મોકલીશ.’

કહીને શકુએ સારમેય તરફ સંજયનું ધ્યાન દોરતા તેની ઈજાઓ વિશે ટૂંકમાં કહી ઉમેર્યું, ‘તું તેને અહીં સાચવે તો તે જલદી સાજો થઈ જાય એમ લાગ્યું એટલે લાવી છું. મ્યુનિસિપાલિટીવાળાઓએ તેને લગભગ મારી જ નાખ્યો છે.’

‘ભલે, તેને ગમે ત્યાં સુધી રહે.’ કહીને તેણે સારમેયને તપાસ્યો. અને પૂછ્યું, ‘તારાથી ઊભું રહી શકાય છે?’

‘ઊભો તો થઈ શકીશ, પણ બિચારી પીઠને સહન કરવું પડશે.’

પીઠને વેદનાનો જવાબ સાંભળીને સંજય પળ બે પળ સારમેયને જોઈ રહ્યો. પછી શકુ તરફ જોયું અને કહ્યું, ‘તને ક્યાંથી મળ્યો?’

‘મારો બાળપણનો મિત્ર છે.’ જવાબમાં શકુએ કહ્યું.

સંજયે એક મોટા વૃક્ષ તળે ઘાસની બિછાત કરાવીને સારમેયને ત્યાં સૂતા રહેવાની સૂચના આપી. ‘તને ખાવાનું અહીં જ આપી જશે. હું ન કહું ત્યાં સુધી તારે ઊભા થવાનું નથી.’

સવારે શકુ આવી. તેણે કહ્યું, ‘આજે બપોરે હું જઉં છું. સંજય કહે તેમ કરીશ તો જલદી સાજો થઈશ. અજન્મ્ય પૂછતો કે સારમેયે પટ્ટો કેમ કઢાવી નાખેલો? જો તેણે પટ્ટો કઢાવ્યો ન હોત તો એ લોકો પકડત નહીં.’

‘અજન્મ્યની સાથે મારે રહેવું હતું એટલા માટે તો અમે તારે ત્યાં આવતાં હતાં. ત્યાં વળી હું પકડાયો’ સારમેયે કહ્યું અને ઉમેર્યું, ‘તે મને પૂછતો હતો કે તેનું નામ અજન્મ્ય શા માટે પાડ્યું છે.’

‘અજન્મ્યનું નામ મેં નથી પાડ્યું, તે મને મળ્યો ત્યારે નાનકડી ચિઠ્ઠીમાં કોઈએ પાડેલાં નામ સહિત મળ્યો છે.’

સારમેય મૌન સેવી રહ્યો. થોડી પળો મૌનમાં વીતી પછી શકુએ બીજી વાત કાઢતાં કહ્યું, ‘મને તારી ચિંતા થાય છે. તું બરાબર ચાલતો થઈ જાય એટલે મને ખબર મોકલાવજે.’

શકુએ જતાં પહેલાં સારમેયની પીઠ પર હાથ ફેરવ્યો. સ્પર્શમાં માત્ર અસ્તિત્વ ઉપરાંત ચિંતાનો પણ અનુભવ થતાં સારમેયે કહ્યું, ‘શકુ, મારી ચિંતા કરીને તું મને બાંધે છે અને તું પણ બંધાય છે. આપણે વાડીમાં રહેતાં હતાં તેવી જ રીતે હંમેશા ન રહી શકીએ?’

‘કદાચ માણસો માટે એ એટલું બધું સહેલું નથી હોતું. સમય વીતતો જાય તે સાથે ઘણી બધી છાપ

છોડી જતો હોય છે.' શકુએ જવાબ આપ્યો.

વૃક્ષ તળે બેઠેલો સારમેય અજન્મ્યના પ્રશ્ન વિશે વિચારતો રહ્યો. પોતે પટ્ટો ન પહેરવા છતાં મુક્ત રહી શકતો નથી તેવું લાગતાં તેની મૂંઝવણ વધી. અજન્મ્ય પણ તેને બાંધી ગયો. તે વગર એ નાનકડો બાળક ટ્રકની પાછળ દોડતો રડતો શા માટે રહેત?

સારમેયને લાગ્યું કે હવે શકુને પણ પોતાની ચિંતા રહે છે. પોતે શકુને મળવા શા કારણે જતો હતો? પોતે ક્યાંક ને ક્યાંક બંધાયો છે તેવી લાગણી તેને થઈ. તેણે વિચાર્યા કર્યું. અંતે નક્કી કર્યું કે આજ સુધી પોતે પોતાના મનમાં જે આવ્યું તે કર્યું છે. હવે એક પ્રયોગ ખાતર પણ બીજાની વાત સ્વીકારીને અને બીજાને અનુકૂળ આચરણ તેણે કરી જોવું જોઈએ.

સારમેય વિચારતો જ રહેત ત્યાં સંજય આવ્યો. તેણે સારમેય સામે ભજન મૂક્યું અને એક પથ્થર પર જઈ બેઠો અને બોલ્યો, 'સારમેય, અમે અરણ્યવ્રત નામે સંસ્થા ચલાવીએ છીએ. ગિરિજનોની સેવાનાં કામ કરીએ છીએ એટલે મારાથી તને રોજેરોજ નહીં મળાય.'

'એની જરૂર પણ નથી.' સારમેયે કહ્યું. 'મારી પીઠ બરાબર કામ કરતી થઈ જાય તો હું પણ તમારા કામમાં જોડાઈ શકું. અહીં શું શું કામ હોય છે?'

'સંસ્થાની ચીજો સાચવવાની, ગૌશાળા સાચવવાની, મહેમાનો સાચવવાના, આધ્યાત્મિક વાતાવરણ જાળવવાનું, હિસાબો રાખવાના અને સંસ્થાના શુભેચ્છકો-મિત્રો જે ભેટ મોકલે તે ગિરિજનોમાં વહેંચવી - આવી ઘણા પ્રકારની સેવાનાં કામ.'

'આમાં કેટલાં કામ સેવાનાં ગણી શકાય તે હું કહી શકું તેમ નથી. હા, એક વાત કહી શકું કે તમે જેમને સંસ્થાના શુભેચ્છકો કહો છે તેમને ગિરિજનોના શુભેચ્છકો કહેવા જોઈએ.' સારમેયે વિચારપૂર્વક કહ્યું, 'માણસ દરેક ઘટના કે વર્તનનું પોતાને ગમે તેવું જ અર્થઘટન કરવાનું કેમ શીખતો હશે તે મને ખબર નથી પડતી. અમે કૂતરાં એવું નથી કરતાં. મને લાગે છે કે ગિરિજનો

માટે જે લોકો કંઈક મોકલે છે, તેમને તું તારી સંસ્થાના શુભેચ્છકો ગણે તે તારો ભ્રમ છે. ખરેખર એ લોકો વસ્તુઓ તને માત્ર એ કારણે મોકલે છે કે તેઓ ઘરેઘરે આવી શકતાં નથી.'

'એ અર્ધસત્ય જેવું લાગે છે.' સંજયે જવાબ આપ્યો, 'કેટલાકને તો એ પણ ખબર નથી કે અમે ક્યાં અને કેવી રીતે, શું કામ કરીએ છીએ. એ લોકો તો "સંજય કરે છે માટે સારું કામ જ હશે." એટલા વિચારે-અનુભવે મોકલે છે. આ કારણે હું તેમને સંસ્થાના શુભેચ્છકો ગણું તે અયોગ્ય નથી.'

'તું આવું સ્વીકારે છે તે ક્ષણે જ તું બંધાય છે. એટલું જ નહીં, મોકલનારને અને મેળવનારને પણ તું બાંધે છે. આપનાર અને લેનાર વચ્ચે તારે શા માટે આવવું જોઈએ એ મને સમજાવીશ? સંજય, હું તારી સાથે જોડાઉં તો બંધાવાનું પસંદ ન કરું. તું પણ તેવી રીતે કામ કરી શકે તેમ છે. તારાથી એ થઈ શકશે એટલું મને સમજાય છે.' સારમેયે કહ્યું અને સંજયના મુખભાવોને તાકી રહ્યો.

સંજય કંઈ બોલ્યો નહીં. તેણે પળભર વિચાર કર્યો. પછી ઊભા થતાં કહ્યું, 'મને લાગે છે કે મારે તને અહીં રોકવો પડશે. તને ગમે કે ન ગમે.'

'ભલે, હું રોકાવા સંમત છું, પણ તારી દરેક વાતમાં દરેક વખતે હું સમંત જ થઈશ તેવું ન માનીશ.'

'તું બરાબર સાજો થઈ જા. પછી વધુ વાત કરીશું' કહી સંજય ગયો.

સારમેયને સાજા થતાં પંદરેક દિવસ લાગ્યા. તેની પીઠની પીડા શમી, પરંતુ તેના સીધા ચાલવાનું કે દોડવાનું થંભી ગયું. ઉતાવળે ઊભો થાય કે ઓચિંતો દોડે તો તેના પાછલા પગ ફસડાઈ પડતા.

સંજયે સારમેયને જ્યારે જણાવ્યું કે તે હવે પહેલાંની જેમ દોડી નહીં શકે અને તેણે ડગલાં માંડીને ચાલવું પડશે ત્યારે તેણે જવાબ આપ્યો, 'કંઈ વાંધો નહીં. આજ સુધી પગ મને બધે લઈ જતા, હવે હું પગને લઈ જઈશ.'

અરણ્યવ્રતમાં કામ કરવાની સારમેયને મજા પડતી. સેવાનાં કામ કે દાક્તરી તપાસના કેમ્પ, ધ્યાન-ભજન જેવા કાર્યક્રમો મોટેભાગે સંસ્થામાં જ ગોઠવાતાં. આથી સંસ્થામાંથી બહાર જઈને લોકોને મળવાનું કે બીજાં સ્થળોએ જઈને કામ કરવાનું સારમેયને બહુ બનતું નહીં.

માત્ર કોઈ વાર સારમેય નવરો હોય ત્યારે બીજી આસપાસની નાની નાની સેવાસમિતિઓના કાર્યકરો સાથે જતો. આ સંસ્થાઓ પણ ગિરિજનોનાં બાળકોને ભણાવવાનાં, ખેતીનાં કામોમાં સહાય કરવી, અછતના સમયે અનાજ વહેંચવું, ઘર બાંધવામાં મદદ કરવી, પાણીનો સંગ્રહ કે ખેતર-ક્યારી સરખાં કરવાનું કામ કરે તેમને પ્રોત્સાહનફાળો આપવો, સરકારી મદદ પહોંચાડવી અને એવાં અનેક કામોમાં રોકાયેલી રહેતી.

સારમેય જેમ જેમ આ બધાથી પરિચિત થતો ગયો તેમ તેમ તેને આવાં સ્થળોએ રહીને ગિરિજનો માટે કામ કરનારા માણસો સાથે કામ કરવું ગમતું ગયું. ધીમે ધીમે સારું થતું ગયું. પછી સ્વયંસેવકો સુદૂર ડુંગરાળ અરણ્યોમાં જતા ત્યારે સારમેય ખોડંગાતો ખોડંગાતો સાથે જતો.

ખેતરોમાં વવાયેલાં વૃક્ષો કે ગામમાં થયેલાં બાંધકામો તપાસતા, તેનું માપ લઈને સહાય પૂરી પાડતાં સ્વયંસેવકો સાથે હવે સારમેય પણ અરણ્યોમાં જાણીતો થવા માંડ્યો.

ભાંગેલા પગે આટલું ચાલવા વિશે કોઈ પૂછતું તો કહેતો, ‘આ પહેલાં માણસ સાથે ચાલવું પડે ત્યારે મારે ધીમે ચાલવા પ્રયત્નો કરવો પડતો. હવે એવું કરવું પડતું નથી.’

એક સાંજે શકુ એક ખટારો ભરીને બાળકોને ભેટ આપવાની ચીજો લઈ અરણ્યવ્રતમાં આવી. સંજય સંસ્થામાં હાજર ન હતો. વ્યવસ્થાપકે બધી વસ્તુઓ ઉતારી, ત્યાં સુધી ઊભા રહીને સારમેયે ધ્યાન રાખ્યું.

શકુ પાછી ગઈ એટલે વ્યવસ્થાપકે સારમેયને કહ્યું, ‘હવે જુદું પાડીને આપણે ગોઠવવાનું. એની જગ્યા પણ કરવી પડશે.’

‘કપડાં માટે શ્રેષ્ઠ જગ્યા તો શરીર છે. અને બીજું પણ ગોઠવવાની જરૂર શી છે? કાલે સવારે આસપાસની નિશાળોમાં કહેવરાવી દઈએ તો બાળકો આવીને પોતાની જરૂરનું લઈ જશે.’

‘એટલે અહીં ટોળું ભેગું કરવાનું એમ ને?’

એવું ન પણ થાય. જેને જરૂર ન હોય તેઓ લેવા ન આવે. કેટલીક સંસ્થાઓમાંથી અમે અનાજ આપવા જઈએ છીએ. ત્યાં જરૂર ન હોય તેવા લોકો લઈ જતા નથી. અને કોઈ બીજી વખત લેવા પણ નથી આવતું.’

‘તેઓ એમ કરતા હશે. મારાથી ન થાય. હું જવાબદાર વ્યક્તિ છું. તું જ કહે, આવી સરસ વસ્તુઓ કોઈને એમ મફતમાં થોડી આપી દેવાય?

‘તમે મને પૂછો છો માટે કહું છું કે હા, એમ જ આવ્યું છે તે એમ જ આપવાનું.’ સારમેયે કહ્યું અને ફરી પૂછ્યું, ‘નહીં તો વળી કેમ આપશો?’

સંસ્થાનું થોડું કામ કરે એ માણસોને કે છોકરા-છોકરીને તેમનું કામ જોઈને તેના પ્રમાણમાં આપવાનું. જેનું જેવું કામ અને જેની સંસ્થા તરફ જેવી લાગણી તેવું તેને આપવાનું.’

સારમેય ઘડીભર કંઈ બોલ્યો નહીં. પછી તેણે પૂછ્યું, ‘આવો નિયમ સંજયે બનાવ્યો છે?’

‘ના, મેં. સંસ્થા સારી રીતે ચાલે તે જોવાની જવાબદારી સંસ્થાના કર્મચારી તરીકે મારી પણ બને છે.’ વ્યવસ્થાપકે કહ્યું.

‘મને લાગે છે કે આ નિયમ બાબત તમારે સંજયને જણાવવું તો જોઈએ જ.’ સારમેયે કહ્યું.

વ્યવસ્થાપકે તે સ્વીકાર્યું પણ ખરું અને બીજે દિવસે પ્રાર્થના પૂરી થયા પછી તેણે સંજયને શકુએ મોકલેલી વસ્તુઓ અંગે અને પોતે વિતરણ માટે ગોઠવેલી વ્યવસ્થા વિશે વાત પણ કરી.

‘આવાં નાનાં કામો માટે મને પરેશાન કરવાની જરૂર નથી.’ સંજયે કહ્યું. ‘મારે નેત્રચિકિત્સા શિબિર કરવાનો છે. તે માટે ઘણાંને મળવાનું છે. તમને ગમે તેમ ગોઠવો.’

સારમેય સામે બેસીને તેમની વાત સાંભળતો હતો. તેણે કહ્યું, ‘સંજય આ નાની વાત નથી. સંસ્થામાં કામ કરાવીને બદલો વાળવાનો અર્થ શો થાય તે તમને નહીં સમજાય. હું કૂતરો છું એટલે જાણું છું કે માલિક રોટલી બતાવે ત્યારે પૂંછડી સ્થિર રાખવી તે જગતનું સર્વાધિક કઠિન કાર્ય છે. મને સ્પષ્ટ સમજાય છે કે ભેટ આવેલી ચીજો આ રીતે સંસ્થામાં કામ કરાવીને આપવાની વ્યવસ્થા મુક્ત વનવાસીઓનાં મનમાં કદી ન પ્રગટેલા ભાવો જગાડશે. હું માનું છું કે તેઓએ વનોમાં, પોતાનાં ગામોમાં, ખેતરોમાં સમષ્ટિલક્ષી કામ કર્યું હોય તો તે પૂરતું ગણાવું જોઈએ - એમાંનું કોઈ આ સંસ્થામાં કામ કરે કે ન કરે.’

‘એટલે તારું કહેવું એમ છે કે તેમને મફત મેળવવાની ટેવ પાડવી?’

‘મેં એવું કહ્યું નથી. હું તો માત્ર એ જ કહેવા માગું છું કે કોઈ પણ દાતાએ આપેલી ચિજ પર આપણો કોઈ અધિકાર નથી. શી રીતે આપવું તે નક્કી કરવા જેટલો પણ નહીં. આપણે તો માત્ર સાધન બનીને કરવાનું રહે તે શ્રેષ્ઠ રીત ગણાય.’ સારમેયે કહ્યું.

સંજયે બે પળ વિચાર કર્યો અને કહ્યું, ‘જે લોકો અનાજ અને દવાઓ આપે છે તેમને જ આ વસ્તુઓ મોકલાવી દો. તેઓ દવા સાથે આની પણ વહેંચણી કરી દેશે. સારમેય, તારે જવું હોય તો તું સાથે જજે.’

થોડા વખતે શકુ ફરીથી આવી ત્યારે વ્યવસ્થાપકે તેને બધી વાત કરી અને કહ્યું, ‘લો, હવે અમારા સંજયભાઈ કૂતરાઓની સલાહ માનવા માંડ્યા છે. આવું તો જોયું ન હતું.

‘સલાહ, પછી તે કૂતરાએ આપી હોય તો પણ સાંભળી-સમજીને માનીએ તો ખોટું શું’ શકુએ હસીને કહ્યું, ‘રામ રીંછ-વાનરોની સલાહ લેતા એવું સાંભળ્યું છે.’

‘સારમેયની સલાહમાં કંઈ દમ હોય તેવું હું માનતો નથી. વળી, તે ન માનીએ તો બહુબહુ તો રિસાઈને ચાલી જવાથી વધુ શું કરી લે?’

‘શકુ હસીને બોલી, ‘તમે સારમેયને ઓળખતા નથી. તે વનોમાં જાય. પછી વનવાસીઓને કહે કે કામ કરવાથી તમને માત્ર એકાદ વસ્તુ મળશે. લૂંટ કે ચોરી કરશો તો આખું પોટલું પડાવી શકશો.’

‘તો સારમેય એવો પાપી પણ છે એમ!’ વ્યવસ્થાપકે નવાઈ પામતી આંખો વિસ્તારીને કહ્યું, ‘અને તોયે તે તમારો દોસ્ત છે!’

‘તે ન પાપી છે, ન તો પૂણ્યાત્મા. તે નખશિખ માત્ર કૂતરો છે. પાપ અને પુણ્ય તો માણસે પોતાને માટે ઊભી કરેલી ભ્રમણાઓ છે. પ્રાણીઓ તે કેમ કરીને સ્વીકારે? અને સંજયે જાહેર કામને બદલે સંસ્થાનું કામ કરાવીને મદદ આપવી હોય તો તે વ્યવસ્થા પણ મદદ મોકલનારને મંજૂર હોવી જોઈએ.’ શકુએ કહ્યું અને પૂછ્યું, ‘અત્યારે સારમેય ક્યાં છે?’

‘તે નીચે ખીણમાં ગયો છે. પેલી સમિતિવાળા સાથે વહેંચણીમાં. હવે બે-ત્રણ દિવસે પાછો આવશે.’

‘આવે તો કહેજો કે હું તેને લેવા આવી હતી. અજન્મ્ય ખૂબ જ માંદો છે અને સારમેયને યાદ કરે છે.’ કહીને શકુ ગઈ.

|| 18 ||

'ગુરુજી, અહીં અંધકાર છે. દૂર ચમકતા તારાઓ અને સૂર્યનાં બિંબ સિવાય બાકીનો અવકાશ કાળો, અંધારઘેરો છે. ગુરુજી, સારમેય મળે તો કહેજો કે સરમાએ જાણ્યું છે કે અંધકાર જ શાશ્વત છે. પ્રકાશ કરવો પડે, અંધકાર કરવો પડતો નથી. તે તો હોય જ છે.'

તાવથી ધીખતી સરમા બબડતી હતી. 'તમે બધાં કહો છો કે મારી આંખો ગઈ છે; પણ હું તો આ બધું જ ભાળું છું. હજારો, અબજો વર્ષ પહેલાં જેવું જોયું હતું તેવું જ આજે પણ છે. અરણ્યો, ગિરિશૃંગો, અભ્રાચ્છાદિત આકાશની પેલે પાર, ચંદ્ર, સૂર્ય, ગ્રહો, નક્ષત્રો અને અસંખ્ય દૂધગંગા... આ બધાથી સુદૂર ઘન અંધકાર - મને હું જ ઊભેલી દેખાઉં છું. અહીં હું જ સરમા છું, હું જ કૌલેયક છું, સારમેય છું, ગુરુજી છું. ઓહોહો... તે હું જ છું અને આ હું અદૃશ્ય થઈ.' બોલતાં થાકી હોય તેમ સરમા બોલતી અટકી ગઈ અને માથું ઢાળી ગઈ.

'मया ततमिदमं सर्व जगदव्यत्त्कमूर्तिना...' ગુરુજીએ તેના કાનમાં કહ્યું અને સરમાનો દેહ સ્થિર થઈ ગયો.

'કૌલેયક, સારમેય ક્યાં છે તને ખબર છે?' ગુરુજીએ પૂછ્યું અને ઊમેર્યું, 'તપાસ કર અને સરમાનો છેલ્લો સંદેશો તેને કહેરાવી દે.'

'જી' કૌલેયકે ઉત્તર આપ્યો; પરંતુ તેનું મન ગુરુજીએ સરમાના સન્નિપાત જેવા બબડાટને સંદેશા જેટલું મહત્ત્વ આપવું યોગ્ય કેમ ગણ્યું હશે તે શંકાનું નિવારણ શોધતું રહ્યું.

સારમેય પણ આવો બબડાટ સાંભળીને હસી કાઢશે તેની ખાતરી સાથે તે સારમેયને શોધવા નીકળ્યો. સારમેયને ઘણે વખતે મળાશે અને વચ્ચેના સમયમાં પોતે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે પણ સારમેય સામે દર્શાવી શકાશે તે વિચાર પણ તેના મનમાં રમી રહ્યો.

આશ્રમ અને નગર છોડીને આગળ જતાં જ નાનાં નાનાં ગામોમાં સાવ અજાણ્યાંઓ કૌલેયકને સારમેય માની બેસતા, તેની ખબર પૂછતા અને હવે તે બરોબર ચાલી શકે છે તેનો આનંદ વ્યક્ત કરતા.

કૌલેયકના અચરજનો પાર ન રહેતો. પોતે સારમેય નથી તેમ કહેતાં સાથે તે અભણ અને અજ્ઞાની સારમેય આટલો પ્રસિદ્ધ કેમ કરીને થઈ ગયો તેવો પ્રશ્ન પણ કરતો.

‘એ તો અમારો દોસ્ત છે; કેટલીય વાર આવે છે, સમિતિના માણસો સાથે ફરે છે.’ આવું બધું સાંભળતાં કૌલેયકને લાગતું કે પોતે પણ હવે આશ્રમે બેસવાનું છોડીને જગતના કલ્યાણ અર્થે બહાર, લોકો વચ્ચે જઈને કામ કરવાનો સમય પાકી ગયો છે.

ગાઢ અરણ્યમાં પહોંચીને કૌલેયક એક ઝરણા પાસે પીપળાના વૃક્ષ તળે આરામ કરતા સારમેયને મળ્યો અને સરમાનો છેલ્લો સંદેશો કહી સંભળાવ્યો. સારમેયે કોઈ ઉત્તર ન આપ્યો.

વાત ચાલુ રાખવા કૌલેયકે કહ્યું, ‘આમ તો છેલ્લી ઘડીએ તેને તાવ ધીખતો હતો તેનો સન્નિપાત. બીજું શું! પણ ગુરુજીએ આજ્ઞાપૂર્વક કહ્યું એટલે તને આ સંદેશો પહોંચાડવા આવ્યો છું. એ બહાને તને મળી પણ લેવાય.’

આ વાતને પણ કોઈ ઉત્તર આપવાનું સારમેયને યોગ્ય ન લાગ્યું. તે મૌન સેવી વહેતા ઝરણાને જોઈ રહ્યો. થોડી વારે ઘસડાતો ઊભો થયો અને ઝરણા વચ્ચે જઈને આકાશ સામે જોતો મૌન ઊભો રહ્યો. પછી પાછો ફર્યો.

‘સરમા ખરેખર સારી હતી. મેં તેના આત્માની મુક્તિ માટે પ્રાર્થના કરી છે, તારે પણ પ્રાર્થના કરવી જોઈએ.’ કૌલેયકે કહ્યું.

‘એમ કરવું મને જરૂરી નથી લાગતું.’સારમેયે શાંત દૃઢ સ્વરે કહ્યું.

'અહીં આવતાં માર્ગમાં તારા વિશે સાંભળતો ત્યારે મને લાગતું કે તું હવે સુધરી ગયો છે, પણ હજીય તારો વિચાર-વિવેકહીન વર્તાવ તો એવો ને એવો ભાળું છું એનું દુઃખ છે.' કૌલેયકે કહ્યું, 'આશ્રમમાં રહી જ્ઞાન મેળવતા હું ક્યાંનો ક્યાં પહોંચી ગયો તે તને કહીશ તો આત્મવંચના થશે પણ સાંભળ, જેમણે શ્રીપ્રભુનો સાક્ષાત્કાર કર્યો હોય એવાનાં નામો મારા અંગત મિત્રોમાં છે. હું સ્વયં હવે શિષ્યોને દીક્ષા આપવા, જ્ઞાનબોધ કરવા અને મુક્તિનો માર્ગ બતાવતા સમર્થ છું.' કૌલેયકે કહ્યું.

'આવો મહાન ભાઈ મને મળ્યાનો મને આનંદ છે.' સારમેયે સ્મિત આપ્યું અને નિર્લેપભાવે કહ્યું.

'માત્ર આનંદ વ્યકત કરવાથી શું? તું મારી સાથે ચાલ, હું તને દીક્ષા આપીશ. તું પણ સમર્થ બન. બેઉ સાથે મળીને શ્વાનવંશને કલ્યાણના માર્ગે લઈ ચાલીએ. આપણા હાથે કેટલાય આત્માઓનું કલ્યાણ થઈ શકે તેમ હોય ત્યારે બેસી રહેવું તે ઈશ્વર આપણને સોંપેલી ફરજની અવગણના છે.'

'આત્મા વિશે હું કંઈ જ જાણતો નથી. એવું જ તેના કલ્યાણ બાબતે પણ માનવું.' સારમેયે જવાબ આપ્યો.

કૌલેયક કંઈક નિર્ણય કરતો હોય તેમ બોલ્યો, 'તું સાથે આવે કે ન આવે, પરંતુ જે શ્વાનો આત્મકલ્યાણના કે મોક્ષના માર્ગે જવા ઈચ્છે તેમને મારી દીક્ષિત કરવા જોઈએ - માર્ગદર્શન આપવું જોઈએ. જ્ઞાની તરીકે એ મારું કર્તવ્ય છે. હું હવે ગુરુજીની આજ્ઞા લઈને આશ્રમ છોડવા માગું છું.'

'કંઈ પણ છોડવા કે નવું કરવા માટે અન્યની આજ્ઞા શા માટે લેવી પડે?' સારમેયે પ્રશ્ન કર્યો.

'તને નહીં સમજાય. ખેતરો અને ગાડર-બકરાંમાં રખડ...' કૌલેયકે વાક્ય અધૂરું છોડ્યું અને જવા ઊભો થયો.

સારમેય થોડે સુધી તેની સાથે ગયો. છૂટા પડતી વખતે કૌલેયકે સારમેયની ભાંગેલી પીઠ વિશે દુ:ખ દર્શાવ્યું તેનો પણ સારમેયે કંઈ જવાબ ન આપ્યો.

આશ્રમે પાછા ફરીને કૌલેયકે ગુરુજીને પોતના નવા વિચારની જાણ કરી અને આશ્રમ છોડવા આજ્ઞા માંગી.

ગુરુજી પળભર મૌન સેવીને બોલ્યા, 'મને ન પૂછ તો સારું. તારે શું કરવું જોઈએ તે તારા સિવાય કોઈ નક્કી ન કરે તે જ સારું છે. આપણે આટલું સાથે રહ્યા પછી મને સમજાય છે કે તને કંઈ પણ કરવા, ન કરવા અંગે સલાહ આપી શકું પરંતુ આજ્ઞા આપવા હું સમર્થ નથી.'

કૌલેયકના આનંદનો પાર ન રહ્યો. એક તો ગુરુએ તેના આશ્રમ છોડી જવા અંગે કોઈ વિપત્તિ ઊભી ન કરી અને ખાસ તો પોતાને એવો સમર્થ શિષ્ય ગણ્યો, જેને કોઈ આજ્ઞા આપવામાં સ્વયં ગુરુએ પણ અસમર્થતા અનુભવી. પોતે ગુરુને ધન્ય કર્યા છે તેમ માનતો તે કામે લાગ્યો.

સાંજે જ કૌલેયકે પોતાના પ્રિય શિષ્ય જિજ્ઞાસુંને દીક્ષિત કર્યો. થોડાં ગલૂડિયાંના વાલીઓ પણ તેના અનુયાયી બનવા પ્રેરાયાં.

ટીલિયો પણ પોતાના શ્વાનગુરુનો અનુયાયી બને તેવો પ્રયત્ન જિજ્ઞાસુએ કર્યો, પણ વેદિયો હોય તેમ તેણે વિચિત્ર લાગે તેવો ઉત્તર આપ્યો. 'હું તો શિક્ષક છું. મારે તો સદા મુક્ત, સતત વિદ્યાર્થી થઈને રહેવું પડે. મારાથી કોઈ દીક્ષા લેવાય નહીં.'

સાંજે આશ્રમ ત્યજીને નિજ પંથે જવા નીકળતાં પહેલાં કૌલેયક ગુરુજી પાસે વિદાય લેવા ગયો. તેણે કહ્યું, 'પ્રભુ મને રજા આપો. હું ભટકી ન જઉં અને યોગભ્રષ્ટ ન થઉં તેવી આશિષ અને શક્તિ મને આપો.'

ગુરુજીએ તેને માથે હાથ મૂકીને કહ્યું, 'તું તારી મતિ અને ગતિ અનુસારના સુખોને તું પામ.'

પોતાનો એક વખતનો પાળેલો કૂતરો સન્માર્ગે સંચર્યો છે તથા અનેક જીવોને ઉદ્ધારે તેવાં કામો તરફ વળ્યો છે, તે જાણી માલિકના આનંદનો પાર ન રહ્યો. તેમણે તરત જ કહેણ મોકલીને કૌલેયકને પોતાને ત્યાં પધારવા નિમંત્રણ મોકલ્યું. એક વખતના માલિકનું કહેણ કૌલેયક ટાળી ન શક્યો. તે પોતાના શિષ્યવૃંદ સહિત માલિકને ત્યાં ગયો.

પોતાને બેસવાના સ્થાન પાસે સદ્ભાવિનીનો માલિક સાથે પડાવેલો મોટો ફોટો જોઈને કૌલેયક ગદ્ગદિત થઈ ગયો. તેણે મસ્તક નમાવીને, પૂંછડી સીધી ઢાળીને મનોમન કહ્યું, 'મા, મેં તારા કહેવા પ્રમાણે પટ્ટાની લાજ રાખી છે, તારું નામ ઉજાળ્યું છે, સદ્ભાવિનીનું મોટું ગલૂડિયું આજે ગુરુપદે પહોંચી શક્યું તેમાં તારા આશિષ જ કારણભૂત છે, મા!'-

ગુરુ કૌલેયકની પાછળ જ તેના દરેક શિષ્યે હરોળબદ્ધ આવીને, એક પછી એક માના અને માલિકના ફોટો સમક્ષ પળ-બે-પળ રોકાઈને પગ લાંબા કરી મસ્તક નમાવીને ભાવના દર્શાવી. પછી બધાં બેઠાં.

કેટલાક મહેમાનો અને નવું જોણું જોવા આવેલા મનુષ્યોની હાજરીમાં માલિકે કૌલેયકના વિચારો, તેની ગુરુનિષ્ઠા, માલિકનિષ્ઠા વગેરે બાબતોનાં થોડાં વખાણ કર્યાં અને ઉમેર્યું. 'હું માનું છું કે કૌલેયક કંઈક પરિણામગામી કરવા નીકળ્યો છે. એવું કામ કંઈ બહાર ફરતા રહીને તો ન થઈ શકે. આ માટે તેને કોઈ નિશ્ચિત સ્થાન જોઈશે. જો કૌલેયકને ગમે તો આપણા ફાર્મ પર જ એક સીમાએ તેની વ્યવસ્થા થઈ શકશે. નિષ્કામ જીવને માટે વધુ સગવડો તો નહીં જોઈએ. તારની વાડ મુકાવી દઈએ.'

કોઈની સંમતિ-અસંમતિનો તો સવાલ જ ન હતો. પંદર-વીસ મિનિટમાં તો કૌલેયક તથા શિષ્યો તે સ્થાને જવા નીકળી ગયાં. દરવાજા પાસે વિદાય આપતાં પૃથાએ તેને વિદાય વચન કહેવાને બદલે પૂછ્યું, 'કૌલેયક, સારમેય ક્યાં છે. તને ખબર છે?'

‘હા, તમારે કંઈ કામ છે?’

‘હા, મારી પાસે તેને માટે કંઈક છે.’ પૃથાએ કહ્યું.

‘તમે ઈચ્છો તો હું તેને પહોંચાડાવી દઈશ. અથવા તમે તેને બોલાવરાવો તો તે આવશે. તે અરણ્યવ્રતમાં રહે છે.’ કૌલેયકે કહ્યું, ‘પણ શું છે, કંઈ ખાસ?’

માલિકણે તેના સૂચનનો કે પ્રશ્નનો પ્રતિભાવ ન આપ્યો. કૌલેયકે જતાં જતાં પોતાના શિષ્યોને ઉપદેશાત્મક સ્વરે કહ્યું, ‘મનુષ્યોનો સ્વભાવ છે. જે સામે છે તેની કોઈ કિંમત નથી હોતી. જે નથી તેને મેળવવા હવાતિયાં!’

ગુરુની વાત સાંભળવા સિવાય કંઈ કરવું શિષ્યને પણ યોગ્ય ન લાગ્યું. તેમણે મૌન ધારણ કરી ચાલ્યા કર્યું.

ઊંચા વૃક્ષોથી ઘેરાયેલા મેદનામાં, પશ્ચિમને છેડે, ટેકરીની તળેટીમાં આવેલા ખુલ્લા ખેતરમાં, એક સુંદર તળાવડી પાસે નાનકડી જગ્યાની સફાઈ થઈ. તારની વાડ બંધાઈ અને ઘાસનાં નાનાં નાનાં શ્વાનઘરોથી સ્થળ ઓપી ઊઠ્યું. માલિક આવીને સ્થળ જોઈ ગયા અને સંતોષ વ્યક્ત કર્યો.

એક વખત માલિકણ આવ્યાં, તેમણે કૌલેયકને બે વાતો કહી. પ્રથમ તો કૌલેયકે પોતાને સ્થળે મળ્યાનો આનંદ વ્યક્ત કર્યો ત્યારે માલિકણે કહ્યું, ‘હા, પણ કૌલેયક, કશુંક મેળવવા કશુંક ગુમાવવું પડે છે - ક્યારેક ઘણું.’ આ શબ્દોનો અર્થ કૌલેયક જાણતો હતો, સમજતો ન હતો.

બીજી વાત માલિકણે ઘરે જતાં પહેલાં કરી, ‘બને તો એક વાર તારા ગુરુને, નહીં તો પછી સારમેયને આ જગ્યા પર થોડો સમય રહેવા બોલાવી શકાય તેવો પ્રયત્ન કર.’

ગુરુજીને અહીં લઈ આવવાની ઈચ્છા તો કૌલેયકને પણ હતી, પરંતુ તેઓ ન આવે તો સારમેયને

અહીં લઈ આવવાનું માલિકણનું સૂચન કૌલેયકને યોગ્ય ન લાગ્યું. તેણે પોતાના માલિક વિચારતા તેમ જ વિચાર્યું, 'એ બિચારીને સમજ ઓછી છે.'

પૃથાએ જતાં જતાં ફરી પૂછ્યું, 'સારમેય હજી અરણ્યવ્રતમાં જ છે ને, એટલે કે આપણા સંજયને ત્યાં?'

'મને માહિતી છે ત્યાં સુધી તો તે ત્યાં છે જ. એ કમ્મરેથી ભાંગી ગયો છે. બીજે ક્યાંય જવું હોય તો વેદના વેઠી લેવી પડે અને બીજી પણ તકલીફો. એટલે ક્યાંય જતો પણ નહીં હોય.' કૌલેયકે કહ્યું.

'ઓ મા રે!. એને વળી શું થયું?' પૃથાએ ચિંતાથી પૂછ્યું.

કૌલેયકે પોતે જે જાણતો હતો તે વાત કરી અને ઉમેર્યું, 'પેલી શકુ, જેના ખેતરે સારમેય ચોકીદાર હતો તે તેને સંજય પાસે મૂકી ગઈ છે.'

પૃથા વધુ રોકાયા વિના ચાલી ગઈ.

|| 19 ||

બે વ્યક્તિઓની પરિચિત ગંધને ઓળખતાં વાર સારમેયની આંખો ચમકી. તેણે ડોક ઊંચી કરી. એક ગંધ સાથે રામજીનું કે હનુમાનજીનું નામ અને બીજી સાથે ઝાંઝરનો રણકાર સાંભળવા સારમેયે કાન સરવા કર્યા અને આગળ પગ પર ઊંચો થઈને દરવાજા તરફ આવતા માર્ગને જોઈ રહ્યો.

પોતે માલિકને ત્યાં રહેતો હતો ત્યારે મોટે ભાગે હવેલીના અંદરના ભાગે રહેતી, બહાર ભાગ્યે જ નીકળતી, કોઈક જ વાર પોતાને રમાડતી કે ખાવાનું આપતી તે સ્ત્રીને આવતી જોઈને સારમેયને થોડી નવાઈ લાગી.

માળી તે સ્ત્રીની પાછળ હોય તેવું પણ તેને ન લાગ્યું. ઝાંઝર ન પહેર્યાં હોવા છતાં તે સ્ત્રીના દરેક પગલે જાણે હમણાં રણકાર ઊઠશે તેવું લાગતું. વર્ષો વીત્યા છતાં પણ નાનપણે રોજ જોયેલો ભાવવાહી ચહેરો, હેત-નીતરતી આંખો, ભાગ્યે જ ખૂલતા હોઠ અને શાંતિ પમાડતું હોય તેવું સ્મિત હજી પણ એવું ને એવું છે તે જોતા સારમેય ફરી પગ લંબાવી ને શાંત બેસી ગયો.

તે સ્ત્રી સારમેય પાસે પહોંચે ત્યાર પહેલાં તો પાછળથી સંજય આવ્યો. 'પૃથાફોઈ, તમે!' સંજયે તેના હાથમાંથી ભરત ભરેલી લાલ થેલી લઈ લેવા પ્રયત્ન કરતાં પૂછ્યું.

'થેલી મારી પાસે જ રહેવા દે. બાકીનો સામાન ગાડીમાં છે તે ડ્રાઈવર ઊતરાવી લેશે. મારે સારમેયનું કામ છે.' પૃથાએ કહ્યું.

'સારમેયનું? એને તમે વળી કેવી રીતે ઓળખો?' સંજયે આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું.

'તેનો જન્મ જ આપણે ઘરે, ભાઈ! નાનપણે તું નીતાનાં લગ્નમાં અમારે ત્યાં આવેલો ત્યારે સદ્ભાવિનીનાં બે ગલૂડિયાં હતાં તેમાનો નાનો તે સારમેય. તું જેને સાથે લઈ જવા માંગતો હતો

તે.' પૃથાએ જવાબ આપીને સારમેયને કહ્યું, 'તેં હજી તારી ઓળખાણ સંજયને આપી નથી?'

'તેમ કરવું મને જરૂરી લાગ્યું નહીં.' સારમેય બોલ્યો

'ઓહ!' સંજયે કહ્યું અને ફરિયાદના સ્વરે ઉમર્યું, 'એ તો જવા દો. પણ ફોઈ, તમે એને મળવા આવ્યાં તેમ સંજયને મળવા પણ અવાય. આટલા વખતમાં તમે મને મળવા તો ક્યારેય નથી આવ્યાં!'

'કોઈ કામ વિના નીકળવું ગમે નહીં. બેટા, અત્યારે મારે સારમેયનું કામ છે માટે આવી. એમ તારું કામ પડ્યું હોત તો પણ આવત.'

'તમને નહીં પહોંચાય, પણ હવે તમને અહીં રોકી પાડવાનો છું.'

'કોઈનું કહ્યું કોઈ રોકાયું છે?' પૃથા બોલી.

માળી આટલામાં જ હોય તેવું લાગે છે છતાં દેખાતો નથી તેની મૂંઝવણમાં સારમેય ચારે તરફ જોતો હતો.

પૃથાએ સારમેય પાસે બેસીને તેના શરીર પર હાથ ફેરવતાં કહ્યું, 'એને શોધ નહીં. ભાઈ, હવે એ નહીં આવે.' પછી થેલીમાંથી માળીના કપડાં અને ત્રાંબાનો રેણ કરેલો કળશ સારમેય સામે મૂકીને આગળ બોલી, 'તેના વિશે તું ઘણું જાણે છે એટલે કંઈ કહેતી નથી; પરંતુ છેલ્લે છેલ્લે તે તને બહુ યાદ કરતો. છેવટની રાતે પણ મને કહેલું કે સારમેય મળ્યો હોત તો ઠીક થાત.'

સારમેયની નજર સ્થિર થઈ. તે મૌન સેવીને શૂન્યમાં તાકી રહ્યો. પૃથાએ આગળ કહ્યું, 'પોતાની પાછળ કંઈ કરવાની મને ના કહેતો ગયો છે, પણ મારો જીવ નથી રહેતો. મારાં સાસુ તેને ગંગાકિનારેથી લઈ આવેલાં. હું તેને ત્યાં પાછો મૂકવા જઉં છું. ખબર પડી કે તું અરણ્યવ્રતમાં છે એટલે વિચાર આવ્યો કે આ કામ તારી પાસે જ કરાવું. તું સાથે આવીશ?'

સારમેય કંઈ બોલ્યો નહીં. તેણે માત્ર પૃથા સામે જોયા કર્યું.

પૃથાએ ફરી કહ્યું, 'આમ કરવાનો કશો અર્થ નથી તે હું જાણું છું. એમ તો કશાનો પણ ક્યાં કંઈ અર્થ હોય છે? વળી, માળીએ પોતે તો ક્યારેય મને કહ્યું નથી કે તે મરી જાય તો મારે તેને ગંગા સુધી પહોંચાડવો. એ તો જ્યાં રહેતો ત્યાં જ રહેતો. પણ મેં મારા સંતોષ ખાતર ગંગામાં વિસર્જિત કરવા માટે એનું બધું સાચવી રાખ્યું છે. બોલ, તું સાથે આવે છે?'

ના પડવા જતાં સારમેય અચાનક અટકી ગયો. તને માળી, માળી સાથે ગાળેલો સમય, પોતાનાં તોફાનો બધું યાદ આવવા માંડ્યું. બાંધી શકાય તેવા પ્રસંગોએ પણ માળીને તેને સદા મુક્ત રાખ્યો હતો.

પોતે સારમેયને અપાર હેત કરતો હોવા છતાં ક્યારેય પોતાના પ્રેમનો બોજ સારમેય માથે ન નાખનાર માળીએ તેને અશ્રાવ્ય સ્વરો સાંભળવા, ઓળખવા પ્રેર્યો હતો.

આ વિચાર સાથે જ સારમેયને ગુરુજી પણ યાદ આવ્યા. તેમણે ધાર્યું હોત તો કંઈ પણ કામ સોંપીને તેને આશ્રમમાં રોકી શક્યા હોત, પણ તેમણે તેમ ન કરતાં તેને મુક્ત રાખ્યો હતો.

હવે સારમેયની સ્મૃતિ જાગી ઊઠી. પોતે પ્રથમ વખત બહાર નીકળ્યો ત્યારે ઓટલા પર બેસીને ખવડાવનારી સ્ત્રી યાદ આવી. તેણે સારમેયની ચિંતા કરી હતી, પણ તેને પાળવાની ઈચ્છા કરી ન હતી. તેના ગળા પર બંધ બેસી ગયેલો પટ્ટો તેણે ઢીલો કરીને તેને જવા દીધો.

પછી શકુએ બાળસહજ અધિકારભાવે સારમેયને સાથે રાખ્યો, પણ છેવટે તમામ અધિકારો ત્યજીને, તેનો પટ્ટો કાઢી લઈ તેને મુક્ત કર્યો હતો.

આજે આ પૃથા. હા, આજે. પોતાના જન્મ સમયે પોતાની અને માની સંભાળ લેનાર સ્ત્રી પૃથા હતી તેવું તો છેક આજે સંજય સાથેની તેની વાતથી સારમેયને યાદ આવ્યું.

તેને આવ્યું કે માલિકના આખા ઘરમાં દરેક જણ તેને કંઈ ને કંઈ શીખવવા ઈચ્છતું હતું. સારમેયની ફરિયાદ આવે કે તેને સજા કરવા, સલાહ આપવાનો અધિકાર દર્શાવવા દરેક જણ તત્પર બનતું. આ એક જ સ્ત્રી એવી હતી જે સારમેય સામેની ગમે તેટલી મોટી ફરિયાદ સાંભળીને પણ માત્ર સ્મિત કરતી.

એ એક જ વ્યક્ત હતી, જેણે પોતાને કદી પણ, કંઈ પણ કરવા કે ન કરવાની સલાહ આપ્યાનું સારમેયને યાદ ન હતું. અને એ એકમાત્ર એવી હતી, જેની સાથે એક જ ઘરમાં રહ્યાં છતાં તેના 'સાંભળો છો?, ફોઈ, મા, ભાભી, વહુ, મામી, કાકી...' જેવા અનેક નામોમાંથી સાચું નામ શું છે તે પોતે નક્કી કરી શક્યો નહોતો.

અનેક ઓળખાણે ઓળખાતી, અનેક સંબંધોએ બંધાયેલી, પોતાનું મૂળ નામ ત્યજીને સંબોધનો અને સંજ્ઞાઓમાં ભળી ગયેલી પૃથા. તેણે પોતે પણ કદાચ વર્ષો પછી પોતાનું મૂળ નામ સાંભળ્યું હશે, સંજય પાસેથી. તે પણ પૃથા ફોઈ. સંબંધવાચક.

અનેક બંધનોમાં બંધાયેલી છતાં સદામુક્ત પૃથાને સારમેય જોઈ રહ્યો.

અચાનક સારમેયને લાગ્યું કે ક્યાંકથી કોઈક અદૃશ્ય દોર આવીને પોતાને વીંટળાયો છે. તે છતાં તે દોર તેને ક્યાંય બાંધતો ન હતો. પોતાના જન્મ પછી ઉછેર, વિકાસ પાછળ કેટલકેટલાંનો સહયોગ છે! તેમાં આવા બંધનનો અસ્વીકાર કદાચ સમાવિષ્ટ નથી.

પૃથાએ સારમેયની વિચારમગ્ન મુખમુદ્રા જોઈ. તેના ઊંચા સતર્ક કાન પર હાથ ફેરવીને તેને થાબડ્યો અને આગળ કંઈ પણ કહ્યા વગર ઊભા થતાં સંજયને ઉદ્દેશીને કહ્યું, 'ચાલ ભાઈ, તને ઈચ્છા હતી કે હું તારું અરણ્યવ્રત એક વાર જોઈ જઉં. ચાલ. બતાવ મને.'

|| 20 ||

સાંજના ઢળતા તડકામાં ચાલીને નદી તરફ જતાં માર્ગ પર પૃથાએ સંજયને કહ્યું, 'કાલે તારી સાથે વાત કરવાની હતી તે રહી ગઈ. તારા ફુઆ તારા લગ્ન વિશે પૂછતા હતા. તુ અને મલ્લિકા તો ઘણા સમયથી એકબીજાને ઓળખો છો. પછી મોડું શા માટે કરો છો?'

સારમેય પણ સાથે ફરવા નીકળ્યો હતો તે આ બેઉની વાતો ધ્યાનપૂર્વક સાંભળતો જતો હતો.

'મલ્લિકા! સંજયે ઊંડો શ્વાસ લઈને કહ્યું, 'ફુઆની વાત હું સમજું છું. પણ હું રહું છું તેટલી સગવડોમાં મલ્લિકા રહી શકે તેવું મને નથી લાગતું.'

'તારે ત્યાં શી સગવડો નથી?' પૃથાએ સહાસ્ય પૂછ્યું.

'જે છે તે સગવડો મહેમાનો માટે, બીજા સભ્યો માટે છે. મારી માન્યતાઓ જુદી છે. જીવવા માટે જરૂરી હોય તેથી વધું કંઈ પણ મારે ન ખપે.' નદીતટે પહોંચીને સંજયે કહ્યું. અને ત્રણે જણાં રેતીમાં બેઠાં.

પૃથા બોલી, 'સંજય, તું આ વાત સારમેય સામે બોલે છે એટલું યાદ રાખ. એ હમણાં કહેશે કે જીવનજરૂરિયાતમાં હવા, પાણી, અને ખોરાક સિવાય કંઈ આવતું નથી. હા, તારે ને મારે વધારામાં વસ્ત્રો જાઈએ; પરંતુ આપણી પાસે તો એ સિવાયનુંયે ઘણું બધું છે.'

પૃથા સહેજ અટકીને નદી તરફ મુખ કરીને આગળ બોલી, 'તને કહેવાનો મને અધિકાર છે, કે જાતને છેતરવી નહીં. તું જેવો છે તેવો જ રહે તો મલ્લિકાને તો શું, કોઈને પણ તારી સાથે રહેવામાં અગવડ નહીં લાગે. ઉપરથી આનંદ અને કદાચ ગર્વ થશે. સંજય ઝાડ તળે રહે કે મહેલમાં તેનું મહત્ત્વ નથી. સંજય રહે છે તે મહત્ત્વનું છે.' પૃથાએ સંજય સામે જોયું.

સંજય પણ પૃથાના ચહેરાને જોઈ વિચારતો હોય તેમ મૌન બેસી રહ્યો. પૃથા સહેજ હસી.

સારમેયે વારાફરતી બન્નેની આંખોમાં જોયું. તેને લાગ્યું કે પૃથાની આંખો પારદર્શક છે. સામે વહી જતી નદીનાં પારદર્શક જળ કરતા પણ વધુ નિર્મળ, જેની આરપાર મનને પણ વાંચી શકાય તેવી. સંજયની આંખોમાં જિજ્ઞાસા, ઇચ્છા, કરુણા અને બુદ્ધિનું દર્શન થતું હતું, જેમાં કોઈ સતત શોધ હોય તેવું પણ સારમેયને લાગ્યું.

'કદાચ તમે કહો છો તેમ, ફોઈ.' સંજયે વિચારીને જવાબ આપ્યો. 'અત્યારે હું મને પૂરેપૂરો વફાદાર ન હોઉં તે શક્ય છે, પણ તમે કહો છો તેવો હું બનુ તો પણ મલ્લિકાને અહીં સાચવી શકીશ એવું મને લાગતું નથી. મને બહુ મૂંઝવણ થાય છે. અમારા વિચારોમાં મોટો ભેદ પડી ગયો છે. સાથે ભણતાં ત્યારે અમારા વચ્ચે પ્રેમ હતો. હવે કદાચ નથી.'

આ સાંભળીને પૃથા ગંભીર બની. તેણે સંજયની પીઠ પર હાથ મૂક્યો અને કહ્યું, 'તમારા બે જણની વાત કર ત્યારે પ્રેમની વાત ન કર. તમારી વચ્ચે પ્રવર્તતી સમજણ વિશે જ બોલ તો મૂંઝવણ ટળી જશે.'

કહીને પૃથા થોભી. સંજયને વિચારવા દીધું. સંજય નદી તરફ જોતા વિચારમાં ડૂબ્યો. સારમેયે આગળના પગ લંબાવ્યા અને તેના પર મોં લંબાવીને આંખો મીંચી.

થોડી વારે રેતીમાંથી કાંકરા લેતાં પૃથા આગળ બોલી. 'તું અહીં, વનોમાં કોઈ ધ્યેય લઈને કામ કરવા બેઠો છે અને મલ્લિકા પણ જીવનને સમજવા પ્રયત્ન કરે છે માટે કહું છું કે તું પ્રેમ શબ્દ તમારા બેના જે સંદર્ભે ન વાપર.

જગસમસ્તના સંદર્ભે તું પ્રેમની વાત કરીશ તો તરત સમજાશે કે તે તો સદા હોય જ છે. આકાશની જેમ તે સર્વવ્યાપી છે. વાદળથી ઢંકાયેલું હોય, રાતના અંધકારમાં છુપાયેલું હોય કે બંધ ઓરડામાંથી ન દેખાતું હોય; તો પણ, આકાશ ક્યારેય ન હોય તેવું બને છે? પ્રેમ હોય છે, તે કરી શકાય અને મટાડી શકાય નહીં. બીજી રીતે કહું તો અપેક્ષા, દ્વેષ, ભય, ક્રોધ, વેર બધું જ નાશ

પામે ત્યારે જે શેષ રહે છે તેને પામવા પ્રયત્ન કરીએ.'

સારમેય શાંતિથી વાત સાંભળતો હતો. પૃથા બોલ્યે જતી હતી. 'કોઈ પણ વ્યક્તિ કે સમાજ આપણી સાથે સહમત થાય, આપણું સારું ઇચ્છે કે કરે તેના તરફ થાય અને તેથી વિરુદ્ધનું કરે તેના તરફ ન થાય તે લાગણીને બીજું ગમે તે કહી શકાય, પણ પ્રેમ નહીં.'

'ફોઈ, તમે બોલો છો તેવા વિચારો મને એક વાર આવે છે, પણ હું છું કરું? એમ કરો તમે અહીં રોકાઈ જાઓ. તમે સામે અને સાથે હશો તો તમારું જ્ઞાન મને તમે કહો છો તેવી અવસ્થા સુધી દોરી જશે.'

'એક તો મને કંઈ જ્ઞાન નથી. વળી હોય તોયે સામે અને સાથે રહેવાથી કોઈને કંઈ આપી શકાય તે વાત હું નથી માનતી. પ્રકૃતિએ આપણને અલગ અસ્તિત્વ આપીને મોકલ્યાં છે. સમાન રીતે વર્તવું આપણા માટે શક્ય કેમ કરીને બને?' પૃથાએ સહજ હસીને કહ્યું. અને ઉમેર્યું, 'સારમેય તારી પાસે છે જ. એ કંઈ ઓછો જ્ઞાની છે?'

સારમેયે આંખો ખોલી. પછી ગંભીરતાથી બોલ્યો, 'પૃથા, મારા અજ્ઞાનને ઓળખવા જેટલું જ્ઞાન પણ મને નથી. અને હું પોતે જેના વિશે સાશંક હોઉં તેવી કોઈ વાત પર કંઈ બોલતો નથી. તું મને બાંધીશ નહીં.'

બાંધવાની વાત સાંભળીને પૃથાએ ક્રોધ કરી કહ્યું, 'સારમેય, નાનપણે મેં તને ક્યારેક રમાડ્યો છે.' એ બંધન તું કેવી રીતે ત્યાગી શકીશ?'

પૃથાનો સ્વર કડકાઈ ભર્યો થયો. 'તું સ્વામી થયો તે પછી અવારનવાર તારા ખબર મળતા રહ્યા છે. છાપામાં તારો ફોટો જોઈને સદ્ભાવિનીના કહેવાથી હું શકુને ત્યાં ગઈ હતી. ત્યારે શકુએ મને જે કહેલું તે મારે તને કહેવું કે નહીં તે નક્કી નહોતી કરી શકતી. આજે લાગે છે કે મારે કહેવું જ પડશે.' કહીને તે અટકી.

થોડી પળો પછી શબ્દેશબ્દ છૂટો પાડીને પૃથાએ કહ્યું, ‘તે વખતે શકુએ મને કહેલું “મારે ‘સ્વામી’ને જવા દેવો ન હતો, પણ મને લાગ્યું કે તેણે બંધનના ભયથી મુક્ત થવાનું બાકી છે. એટલે મેં તેને રોક્યો નહીં.”

સારમેયને આંચકો લાગ્યો. તે વિચારમાં પડી ગયો. તેને યાદ આવ્યું કે અજન્મ્યને ટ્રક પાછળ દોડતો જોઈને પોતે તેને ‘તું બંધાઈશ નહીં’ તેમ કહેલું. શકુએ કદાચ એ જાણીને જ અજન્મ્યને પોતાનાથી દૂર રાખ્યો હશે!

અરણ્યવ્રતમાં આવીને બીજા દિવસે પેલી ખીણની ધાર પર બેસીને પોતાની ચિંતા કરતી શકુને પોતે કહેલું તે પણ સારમેયને યાદ આવ્યું, ‘એમ કરીને મને બાંધીશ નહીં!’

આંખ કે ચહેરો જોઈને મનને જાણી શકવાની કૂતરાઓની શક્તિ વિશે સારમેયને શંકા ન હતી. તેને પૂરી ખાતરી હતી કે પોતાના એ શબ્દો સાંભળ્યા પછી પણ શકુના મનમાં કોઈ પ્રતિભાવ જાગ્યો ન હતો. સારમેય મૌન સેવી રહ્યો. શકુની વાત સમજવાની તેણે કોશિશ કરી, પણ તેને ક્ષોભ, દુ:ખ કે અન્ય કોઈ લાગણી થઈ નહીં.

સમય સરતો રહ્યો. કેટલીય વાર સુધી સારમેય, પૃથા અને સંજય ત્રણેમાંથી કોઈ કંઈ બોલ્યું નહીં. થોડી વારે પૃથાએ ઊભા થઈને નદીજળ વચ્ચે જઈ ખોબો ભરીને પાણી પીધું.

સાંજ ઢળી ગઈ. વનોમાં શીતળતા છવાઈ. પૃથા હજી પણ જળમાં ઊભી હતી. ચાંદની આવી. નદીનું જળ ચાંદનીના તેજે ઝગમગી ઊઠ્યું. તે પછી ધીમે પગલે તે પાછી ફરી.

સંજય અને સારમેય પણ ઊભાં થયાં. વૃક્ષો પાર ગળાઈને આવતી ચાંદનીનાં ચાંદરણાં પર પગલાં માંડતાં ત્રણે જણાં અરણ્યવ્રત તરફ ચાલ્યાં.

દરવાજે પહોંચતાંમાં વ્યવસ્થાપકે ત્રણે જણને જોયાં. સારમેય પર નજર પડતાં જ તેણે બૂમ

પાડીને તેને બોલાવ્યો. પૃથા અને સંજયથી છૂટો પડીને સારમેય વ્સવસ્થાપકની ઑફિસ પાસે ગયો.

ઓટલા પર ઊભી ને વ્યવસ્થાપકે કહ્યું, 'શકુબહેન આવ્યાં હતાં, તેમનો છોકરો બહુ માંદો છે. છેવટનો માંદો. તે તને યાદ કરે છે તેમ કહેવા અને તને બોલાવવા આવેલાં. ઉતાવળમાં હતાં એટલે રોકાયાં નહીં. બીજી જ બસમાં પાછાં ગયાં. મેં તને જોયો કે આ સંદેશો તને આપ્યો.'

'શકુ ક્યારે આવી હતી?'

આ બે દિવસ થયા. તું તો અહીં હતો નહીં. ક્યારે આવ્યો?'

આજે જ - આજે બપોરે.' સારમેય દરવાજા તરફ જતાં કહ્યું.

'ઓય! ઓય! તું ક્યાં જાય છે?' વ્યવસ્થાપકે પૂછ્યું. સારમેયે જવાબ આપવાનું જરૂરી ન માન્યું. પાછળ જોયા વગર તે ચાલી ગયો.

અરણ્યવ્રતના દરવાજેથી થોડે દૂર સુધી પહોંચીને આગળ કેમ જવું તે વિચારતો સારમેય થોડું અટક્યો. ત્યાં જ એક ઊંટગાડીવાળો સારમેયને જોઈ ગયો. ગાડી ઊભી રાખીને તેણે પૂછ્યું, 'અરે ઓ સારમેય, આમ અસુરી વેળાએ ક્યાં જવા નીકળ્યો?'

'શહેર જઉં છું. બને તો રાતે ને રાતે, નહીંતર સવાર સુધીમાં; પણ મારે જલદીમાં જલદી પહોંચવું છે.'

ગાડીવાળો હસી પડ્યો. 'ભાંગેલા પગે ચાલીને તો તું જલદી પહોંચી રહ્યો. ચાલ, ગાડીમાં ચડી જા. રોડ માથેથી તને કોઈ વાહનમાં ચડાવરાવી દઈશ તે વહેલું આવે શહેર.'

સારમેય ગાડીમાં બેઠો. ગાડીવાન તેની સાથે વાતો કરવા લાગ્યો. 'આ તમારે કૂતરાઓને નિરાંત. મન થાય કે ચાલી નીકળો. સાલું અમને એવી છૂટ નહીં. ખરું છે...' ગાડીવાળો બોલ્યે જતો હતો,

સારમેય સાંભળી રહ્યો. તેને ચૂપ રહેતાં જોઈને ગાડીવાને કહ્યું. 'કંઈક બોલ તો ખરો, રસ્તો ખૂટે.'

'બોલવાની જરૂર રસ્તો ખુટાડવા માટે જ હોય છે?' સારમેયે પૂછ્યું.

'તે એ સિવાય બોલવું શું કામ પડે? આ દુનિયા બધી બોલ બોલ કરે છે તે બીજા કોઈ કામનું બોલતી હોય એવું મેં તો ન ભાળ્યું. કોક રસ્તો ખુટાડવા વાતો કરે, કોક આયખું ખુટાડવા. બાકી કામનું હોય એવું બોલનારા તો ગયા પ્રભુને ધામ. મારા તારા જેવા રહ્યા...' ગાડીવાન જોરજોરથી હસી પડ્યો.

સારમેયે કંઈ જવાબ ન આપ્યો એટલે તેણે પોતાની વાત આગળ ચલાવી, 'ને પાછા વાતુંય ગજબની કરે. આપણને એક વાત કહે, પોતાને બીજી.' બોલીને ગાડીવાળો અટક્યો. વળી ઊંટને ઉદ્દેશીને કહેતો હોય તેવો લટકો કરીને કહે, 'કેમ ભાઈ, સાચી વાત છે ને? તેં એવો કોઈ ભાળ્યો છે જે પોતાને કહેતો હોય એ જ બીજાને કહે? ભાળ્યો હોય તો કહે. એને જઈને મળીએ તો ખરા.' જવાબ આપતો હોય તેમ ઊંટ ગાંગર્યો.

થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહીં. પછી ગાડીવાન ગંભીર થઈને સારમેય સામે ફર્યો અને આગળની વાતનું અનુસંધાન કરતાં કહ્યું, 'મને કહું તે તને ન કહું એવી વાતો તો મારગ ખુટાડવાની જ થઈને! એનો બીજો શો અરથ!'

સારમેય જવાબમાં માત્ર હસ્યો અને મુખ્ય રસ્તો આવી ગયો. સારમેયને ત્યાંથી બીજા વાહનમાં ચડાવવા સુધી ગાડીવાન રોકાયો. સારમેયને વાહનમાં ચડાવતાં ગાડીવાને કહ્યું, 'લે રામરામ. મારગમાં તું જે બોલ્યો નથી તે બધું મેં સાંભળ્યું છે. આમ ક્યારેક મળતો રહેજે.'

ઊંટગાડી અને સારમેયનું વાહન જુદી જુદી દિશાઓમાં ચાલ્યાં. થોડે સુધી ગાડું અને ગાડીવાન દેખાયા કર્યા. પછી અફાટ આકાશમાં ચમકતાં તારલા હેઠળ, સામાન પર બેઠેલો સારમેય અંધકારની પાર કશુંક શોધતો હોય તેમ જોતો રહ્યો.

શહેર આવ્યું ત્યારે સવારે થવામાં હતી. સારમેય અજન્મ્યની નિશાળ પાસે વાહનમાંથી ઊતરી ગયો. ત્યાંથી લંગડાતી ચાલે શકુના ઘર ભણી ચાલ્યો. તળાવની પાળે આવતાં તેને ટ્રક પાછળ દોડતો, રડતો બાળક અજન્મ્ય યાદ આવ્યો. પોતે એ જ બાળકની પોતાને મળવાની ઇચ્છા પૂરી કરવા જઈ રહ્યો છે. આમ જવું તેને માટે જરૂરી છે કે નહીં તે અને પોતે બરાબર કરે છે કે નહીં તે વિશે વિચારવું તેણે છોડી દીધું.

|| 21 ||

ગુરુજીના અવસાનના ખબર કૌલેયકને માથે જાણે આભ તૂટી પડ્યું હોય તેમ આવી પડ્યા. તેણે પ્રવચન કરવા જવાની તૈયારી પડતી મૂકીને તરત જ પ્રાર્થનાસભા બોલાવીને પોતાના ગુરુ માટે પ્રાર્થનાઓ કરી. પછી ગુરુધામે જવા નીકળી ગયો. જિજ્ઞાસુ અને બીજાં કેટલાંક તેની સાથે રહ્યાં. તે બધાં આશ્રમે પહોંચ્યાં ત્યારે ત્યાં હાજર હતા તે સાધકો તેમને ઘેરી વળ્યા.

બપોરે ગુરુને સમાધિ અપાયા બાદ મળેલી સભામાં પણ ધીમે અવાજે કૌલેયકનો ઉલ્લેખ થવા માંડ્યો. 'એ જીવ પણ ગુરુજીનો અંતેવાસી હતો. નિમ્ન કોટિનો જીવ પણ આપણા ગુરુજીની કૃપાથી ઊર્ધ્વમુખ થઈ આટલી કક્ષાએ પહોંચ્યો.' કોઈએ કોઈને કહ્યું.

'આટલી કક્ષા' એટલે કેટલી અને કઈ તેની કલ્પના સાંભળનારે કરી લેવાની હતી.

કૌલેયકની આંખો ભરાઈ આવી. તેને આકાશ તરફ મોં કરીને લાંબું રુદન કરવાનું મન થયું, પણ સ્થળકાળનું ભાન હતું તેથી ઈચ્છા દબાવીને સભામાં બેઠેલા સાધકોની પાછળ તે પોતાના મંડળ સાથે બેસી રહ્યો. સાધકોએ શ્રદ્ધાંજલિ આપી. ગુરુનાં ગુણગાન ગાયાં. કેટલાંકે ગુરુ માટે પોતે રચેલી કવિતાઓ પણ કહી.

સભાએ કેટલાક નિર્ણયો પણ કર્યા. તેમાના કેટલાક લેખિત સ્વરૂપે હતા. કેટલાક અલિખિત નિર્ણયો પૈકી ગુરુજીને સદા વિદ્યામાન ગણવા, મૃત સમજવા નહીં, તેઓનું સ્વત્વ, સત્ત્વ જે આ આશ્રમની ભૂમિ પર અને વાતાવરણમાં રહેલું છે તેને વિધિપૂર્વક અન્યત્ર ખસેડી કે અન્યત્ર પધરાવી શકાય છે. તેવું ઝનૂનપૂર્વક માનવું તથા શક્ય હોય ત્યાં તેને લઈ જઈ ગુરુ આશ્રમોની શૃંખલા ઊભી કરવી તેવા નિર્ણયો મુખ્ય હતા.

આવા નિર્ણયને કારણે જ કૌલેયકને ગુરુજી બાળપણમાં પહેરતા તે ઝભલું તેના શ્વાન-જ્ઞાન કેન્દ્ર

પર રાખવામાં અપાયું. ઝભલું લઈને કૌલેયક પાછો ફર્યો પછી જિજ્ઞાસુને સાથે લઈ પોતાના માલિક પાસે જઈને ઝભલાની પ્રતિષ્ઠા કરવાની ગોઠવણ કરી આપવા વિનંતી કરી. આખરે તો કૌલેયક જ્યાં પ્રવૃત્તિ કરતો હતો તે જમીન આ માણસની હતી.

'અરે વાહ, તેને ગુરુજીનું ઝભલું મળ્યું?' માલિકે ખુશી દર્શાવી અને પોતાની પાસેની ચાંદીની ડબ્બી બતાવતાં કહ્યું, 'જો મને તો ગુરુજી કાયમ સાથે રાખતા તે દાબડી મળી છે.'

બેઉ વાતો કરતાં હતાં અને પૃથા સફરમાંથી પાછી ફરી. ગુરુજીના અવસાનની ખબર સાંભળીને તેણે કહ્યું, 'મને ખબર છે.'

તો પછી તું સમાધિ-સેરેમનીમાં આવી કેમ નહીં?' પતિએ પૂછ્યું.

'હું ઉત્તરકાશી ગઈ હતી. ત્યાંથી પહોંચી શકું તેમ ન હતી. અને તમે હો પછી મારી શી જરૂર હતી?'

'પેલા માળીનાં ફૂલો પધરાવવા કેમ?' વ્યંગમાં બોલાયેલું હોય તેવું વાક્ય સંભળાયું.

પૃથાના ચહેરાની રેખા સહેજ પણ બદલાઈ નહીં. તેણે સ્વસ્થતાથી જવાબ આપ્યો. 'હા.'

કૌલેયકે વાર્તાલાપ સાંભળ્યો. તેને લાગ્યું કે ગુરુજીની સમાધિ-યાત્રામાં માલિકણે પહોંચવું જોઈતું હતું, પરંતુ પોતાની દેખતાં માલિકણને સાંભળવું પડ્યું તેનો સંકોચ પણ તેને થયો. તેણે જિજ્ઞાસુ સામે જોયું. તે પણ મૌન સેવીને આ બધી વાતો સાંભળતો હતો.

કૌલેયકે મૂંઝવણ અનુભવી અને તેમાંથી બહાર આવવા તેણે ઝભલું પૃથા તરફ લંબાવીને તેને સ્થાપવાના વિચારની વાત કરી. પછી ઉમેર્યું, 'તમે પહોંચી શક્યાં હોત તો એકાદ બહુમૂલ્ય સ્મૃતિચહ્ન તમને પણ આપવામાં આવત. માલિક ત્યાં હાજર હતા તેથી સ્મૃતિચિહ્ન તરીકે તેમને ભાગે ગુરુજીની ચાંદીની દાબડી આવી.'

પૃથાએ ઝભલું હાથમાં લઈને જોયું પછી પાછું આપતાં બોલી, 'મને કંઈ અપાયું હોત તો પણ તેને સાચવી રાખવા જેટલી ભક્તિ મારામાં પ્રગટે તેમ નથી. એટલે હું કંઈ લેત નહીં.'

સાંભળનારા પૃથાના કથનનો અર્થ વિચારે ત્યાર પહેલાં તે અંદર ચાલી ગઈ. જતાં જતાં તેણે પૂછી લીધું, 'ગુરુજીની વસ્તુઓ પામીને તમને સંતોષ તો થયો છે ને?'

પૃથાના સવાલથી જિજ્ઞાસુ સિવાયના બેઉ શ્રોતાના મનમાં તીવ્ર પ્રત્યાઘાત જાગ્યો; પણ બેઉ શાંત રહેવા કેળવાયેલાં હતાં.

જિજ્ઞાસુને લાગ્યું કે માણસો કૂતરાં કરતાં અઘરી ભાષા વાપરે છે. પૃથા બોલી તે જ વાત જો કોઈ અન્ય પ્રાણીએ બોલવાની થાત તો તે સીધું જ કહેત, 'ગુરુને ન પામી શકે તેમણે ગુરુનાં ઝભલાં-દાબડાથી સંતોષ માનવો રહ્યો.'

કૌલેયકની ઝભલા પ્રતિષ્ઠાની વાત સ્વીકારવી અઘરી તો હતી. માલિક માટે તો કૌલેયક પોતાનો હતો. પણ અન્ય ટ્રસ્ટીઓને ઝભલાની પવિત્રતા અખંડ રહી શકવા વિશે શંકા હતી. અંતે તેનું નિવારણ કરવા પૂજા વિધિ માટે કે અન્ય કોઈ કામે ઝભલા મંદિરના ક્ષેત્રમાં સ્નાનાદિથી પવિત્ર હોય તેવા જ જીવને પ્રવેશ આપવો તેવો નિયમ કરાયો.

ખેતરના પેલા રમ્ય ખૂણામાં ઘાસના નાનકડાં શ્વાનઘરો વચ્ચે એક જરા મોટી મંદિર આકારની રચના કરાઈ અને સન્માન સહિત ગુરુઝભલાને ત્યાં પધરાવવાની વિધિ સમયે હાજર રહેવા કોને કોને નિમંત્રણ આપવું તેનું લિસ્ટ તૈયાર થયું.

બધાં જ આમંત્રિતોનાં સરનામાં હતાં. માત્ર એક જીવ એવો હતો જેને કોઈ ઘર કે ઠેકાણું ન હતું. કૌલેયકે પૃથાને પૂછ્યું. 'તમે બહાર ગયાં હતાં. તમને ખબર છે સારમેય ક્યાં હશે?'

'તે અરણ્યવ્રત છોડી ગયો છે તે મને ખબર છે, પણ ક્યાં ગયો તે હું નથી જાણતી. છેલ્લે શકુ તેને

બોલાવવા આવી હતી. કદાચ તે તેને ત્યાં ગયો હોય. હું તપાસ કરાવું છું.' પૃથાએ કહ્યું.

સારમેય તે વખતે સરોવરને કિનારે પોતે જ્યાંથી ગાડીમાં પકડાયો હતો ત્યાં વિચારમગ્ન ચાલતો જતો હતો. થોડી વારે તે માર્ગ પરના ટ્રાફિક સિગ્નલ પાસે વળ્યો અને ઘર પૂછીને શકુને ત્યાં પહોંચ્યો.

ઘરમાં અજન્મ્ય, શકુ અને એક નર્સ એટલાં જ હતાં. અજન્મ્ય ક્ષીણ અવાજે બોલ્યો, 'મમ્મા, સ્વામી આવ્યો.'

શકુએ પાછળ ફરીને સારમેય સામે જોયું અને આવકારસૂચક માથું હલાવ્યું. સારમેય અજન્મ્યના ખાટલા પાસે ગયો. અને આગળના બે પગ ઊભા રાખીને બેઠો. અજન્મ્યે પડખું ફરીને સારમેય સામે જોયું અને બોલ્યો. 'સ્વામી, તે દિવસે તને પકડી ગયા ત્યારે મેં કહેલું કે હું તને લેવા આવીશ...'

'શકુ મને લેવા આવેલી. તારે તો તે વખતે પરીક્ષાઓ હતી.' સારમેયે વચ્ચે જ જવાબ આપ્યો.

'ના, પરીક્ષા તો પછી થઈ. પણ તેં મને તારી પાછળ આવવાની ના શા માટે કહેલી?'

'બસ અમસ્તી જ. મને થયું કે મારામાં મન રાખીને તું છેક ત્યાં સુધી આવીને હેરાન થાય, તે કંઈ બરાબર ન કહેવાય.' સારમેયે કહ્યું.

'હું આવ્યો ન હતો, પણ મારું મન તો તારામાં હતું જ. મને લાગતું હતું કે એ લોકો તને મારશે. મારેલો?' અજન્મ્યે પૂછ્યું.

'ના. બહુ નહીં.' સારમેયે કહ્યું, 'મારી પીઠને એકાદ વાર મારેલી'

'તો તો એ લોકો સારા ન કહેવાય. અમારા ટીચર કહેતા હતા કે...' કહેતાં અજન્મ્ય અટકી ગયો. અચાનક તેને તાણ આવતી હોય તેવું થયું. નર્સની આંખો ઝાંખી પડી ગઈ. તેણે શકુ તરફ જોયું.

પછી તરત જ અજન્મ્યને ઈન્જેક્શન આપીને દાક્તરને ફોન જોડવામાં પડી. શકુ કંઈ બોલ્યા વગર અજન્મ્યના ઓશીકે બેઠી. સારમેયે અજન્મ્ય સામે જોયા કર્યું.

નર્સ પાછી ફરી અને અજન્મ્ય તરફ જોઈને પળભર સ્થિર થઈ ગઈ, પછી તેણે શકુને પૂછ્યું, 'તમારે કોઈને કહેરાવવાનું છે?'

'એ આવ્યો ત્યારે કોઈને કહેવરાવેલું?' શકુએ પૂછ્યું.

'ના. તમે તો જાણો છો. એ સમયે હું જ હતી. એની મા, અને હું બે જ જણાં. થોડી વારે હું પણ જતી રહેલી.'

'બસ તો, આજે પણ હું છું અને તમે છો.' શકુએ સ્વાભાવિક સ્વરે કહ્યું અને કબાટ ખોલ્યું. કબાટમાંથી અજન્મ્યનાં કપડાં અને તેની બીજી વસ્તુઓ કાઢીને એક બૅગમાં ભરતી બોલી, 'ડૉક્ટરને ફરી ફોન કરી દો. તમે પણ હવે જાઓ. બે રાતથી ઊભે પગે છો. હું મૂંઝાઈશ નહીં. જરૂર લાગશે તો કોઈને પણ બોલાવી લઈશ. સારમેય પણ અહીં જ છે.'

નર્સે અચરજ પામીને જોતી હોય તેમ સારમેય સામે જોયું અને અજન્મ્યના શરીર પર કપડું ઓઢાડ્યું, માથું નમાવીને પ્રાર્થના કરી પછી શકુ સામે ફરીને બોલી, 'એની માને હું જાણું છું..'

'ના' શકુએ દૃઢતાપૂર્વક કહ્યું, 'જે અજન્મ્ય હતો તેને હવે અમર્ત્ય રહેવા દઈએ. તેની માને જે વાતની ખબર નથી તે હવે ન પડે તે જોજો.'

નર્સ બે પળ રોકાઈ અને ધીમે પગલે કમરો છોડી ગઈ. સારમેય ઊભો થયો અને બહાર જઈને ઊભો. પડોશમાંથી થોડા માણસો આવ્યા. આવે પ્રસંગે દરવાજે કૂતરાની હાજરી કેટલાકને ગમી નહીં.

શકુએ બધાના દેખતાં જ સારમેયને કહ્યું, 'સ્વામી, તું સાથે આવે છે.' આ સાંભળીને કેટલાકે મોં

બગાડ્યું. સારમેય પર તેની કશી અસર થઈ હોય તેવું ન લાગ્યું. બધાં નીકળ્યાં ત્યારે તે સાથે ને સાથે જ ચાલ્યો.

સારમેય અને શકુ પાછાં ફર્યાં ત્યારે ઘરને દરવાજે પૃથા તેમની રાહ જોતી હતી. શકુ તરફ જોઈને તે સહેજ હસી અને શકુની પીઠ પર હાથ મૂક્યો. બેઉ સ્ત્રીઓ સારમેયને આગલા કમરામાં એકલો મૂકીને અંદરના કમરામાં ગઈ. થોડી વારે પૃથા બહાર આવી, રસોઈઘરમાં ગઈ. કેટલીય વાર પછી ત્યાંથી બહાર આવીને તેણે શકુને જમવા બોલાવી. સારમેયને પણ ખવરાવ્યું.

સાંજ સુધી પૃથા શકુ પાસે રોકાઈ. તે જવા ઊઠી ત્યારે સારમેયને કહ્યું, કૌલેયકને ત્યાં પ્રસંગ છે. તને ત્યાં બોલાવી આવવા તેણે મને કહેલું એટલે હું આવી હતી. મને થાય છે કે તું અને શકુ બન્ને થોડા દિવસો મારી સાથે રહો પછી તું કૌલેયકને ત્યાં જજે.'

'પ્રસંગ ક્યારે છે?' સારમેયે પૂછ્યું.

'આવતા રવિવારે.' પૃથાએ કહ્યું અને પૂછ્યું, 'તમે બન્ને આવો છો?'

'હું નથી આવતી. સારમેય ભલે આવે.' શકુએ જવાબ આપ્યો.

'તને એકલું લાગશે. હું થોડો સમય તારી સાથે રહું તો તને સારું લાગશે એવું તને લાગતું હોય તો હું કૌલેયકને ત્યાં જવાનું માંડી વાળીશ' સારમેયે શકુ સામે જોઈને કહ્યું.

'એ રીતે મને એકલું લાગવાની વાત વિચારી હોત તો હું તને રોકવાનો વિચાર મને વર્ષો પહેલાં એક વખત આવેલો. તે સમયે હું તને જવા દેત નહીં. આજે તું રહે કે જાય, બન્ને વાતે સરખું જ છે.' શકુએ કહ્યું.

સારમેયના મનમાં કોઈ પ્રતિભાવ ન જાગ્યો. તે કંઈ જ બોલ્યા વગર પૃથાની સાથે નીકળ્યો. શકુએ અજન્મ્યનાં કપડાં અને રમકડાં ભરેલી બૅગ લીધી અને ત્રણેય છૂટાં પડ્યાં.

ગાડીમાં બેસતાં પૃથાએ સારમેયને પૂછ્યું, 'શકુને ત્યાં તું ઘણું રહેલો પછી કંઈક ઓચિંતો ચાલી ગયેલો ખરું?'

'હા, મને ઓચિંતું જ સમજાયેલું કે એનાં માબાપ અને ગામનાં બધાં મને તેમનો પાળીતો કૂતરો માનતાં હતાં.'

'તો તેમાં તને શું વાંધો? માણસો માટે તો એમ માનવું તે સ્વાભાવિક છે; પણ તુંય એવું માનવા માંડે તેની નવાઈ લાગે છે.' પૃથાએ ગાડી ચલાવતાં સારમેય સામે જોયા વગર કહ્યું.

'હું એમનો કૂતરો છું તેવું હું નહોતો માનતો. મેં શકુને પણ પૂછેલું કે તે મને પોતાનો કૂતરો ગણે છે કે નહીં, તો તેણે પણ ના કહેલી.' શકુને ત્યાં બનેલા પ્રસંગ યાદ કરતાં સારમેય બોલ્યો.

'તું ભલે ગમે તે કહે, મને તો લાગે છે કે તું પણ એવું માનવા માંડ્યો જ હતો. ઊંડેઊંડે ક્યાંક તને ખબર પડતી ગઈ હતી કે તું તેમનો કૂતરો છે. આ જ કારણે તારું સામૈયું નીકળે તેનાથી પણ તને ફરક પડવાનો હતો. માટે જ તું ચાલી ગયો.' પૃથાએ દૃઢ અવાજે કહ્યું.

સારમેય પળભર વિચારમાં પડી ગયો. તેને લાગ્યું કે પૃથા તેને વાંચી રહી છે. તેણે જવાબ આપ્યો. 'હા, મને ફરક પડવાનો હતો.'

'એને એ સમજીને શકુએ તને રોક્યો નહીં.' ગાડીને મુખ્ય માર્ગ પર લાવી મૂકતાં પૃથાએ કહ્યું અને ઝડપ વધારતાં આગળ બોલી, 'જો સામૈયાથી તને કોઈ ફરક પડવાનો ન હોત તો શકુએ તને રોકી લીધો હોત.'

પૃથાએ માર્ગ પરથી નજર હટાવીને જરા વાર માટે સારમેય તરફ જોઈ લેતાં વાત ચાલું રાખી, 'સારમેય, કોઈ પણ ઘટનાથી જીવને કોઈ ફરક પડે, ઘટના પ્રત્યે પ્રતિભાવ જાગે, પોતાની સ્થિતિ બદલાઈ છે તેમ તે અનુભવે તે ઘડીએ તે બંધાય છે. તે પહેલાં નહીં. સારમેય કે પટ્ટા વગર રહેવા

માટે પટ્ટો ત્યાગવો જરૂરી નથી એટલું તું સમજી લે. न कर्मे लिप्यते..'

પૃથાનું વાક્ય પૂરું ન થયું અને ગાડી દરવાજામાં પ્રવેશીને એ સ્થળે ઊભી રહી જ્યાં એક વખત સારમેયે પોર્ચ હેઠળ મૂકેલાં કૂંડાઓની સામે આખી રાત બેસીને અશ્રાવ્ય સ્વર સાંભળ્યો હતો. તેણે વાતાવરણ સૂંઘ્યું અને પૃથાને કહ્યું, 'અહીં રહું ત્યાં સુધી હું માળી રહેતો તે ખોલી પાસે રહીશ.'

સારમેય માલિકને ઘરે આવ્યો છે તે જાણીને કૌલેયક તેને મળવા આવ્યો.

'અહીં રહેવું તે કરતાં ચાલને મારે ત્યાં. આપણું પોતાનું સ્થાન તો ખરું.' પોતે રહે છે તે ખેતર માલિકનું છે તે ભૂલીને તેણે સારમેયને કહ્યું.

સારમેયે તેની ભૂલ તરફ ધ્યાન આપ્યું અને કહ્યું, 'સારું ચાલ, તારી સાથે રહું. તમારો પ્રસંગ પતે પછી હું પાછો અરણ્યવ્રત જઈશ.'

પોતે જાય છે તે પૃથાને કહેવું પણ સારમેયને જરૂરી ન લાગ્યું. કૌલેયકે તેને આ અસંસ્કાર બદલ ધમકાવ્યો... 'આટલો સમય નગરમાં રહ્યો, સંસ્કારી અને સભ્ય માણસો વચ્ચે રહ્યો તો પણ તું કંઈ શીખ્યો નહીં તે બરાબર નથી. તારે કારણે મારે ઘણી વાર શરમાવું પડે છે. ખેર, હવે સાંભળ, ઝભલા-પ્રતિષ્ઠા વેળાએ મારા ભાઈ તરીકે વર્તવું પડશે. મારા ઉપરાંત કદાચ તારું પણ સન્માન થાય તો તારે કંઈક બોલવું પણ પડશે. શક્ય હોય તો કોઈ સારા સાધક પાસે બેસી સાંભળીને તૈયાર કરી લેજે અથવા સાંભળ્યું હોય તે યાદ કરી લેજે.'

'હું સમજ્યો છું તે જ હું કહીશ.' પોતાને કારણે કૌલેયકને શરમાવું પડે છે તે વાતે જવાબ આપવાનું સારમેયે જરૂરી ન માન્યું.

બેઉ ભાઈઓ સાથે ચાલતાં નગર બહાર પહોંચ્યાં. નીરવ, નિઃશબ્દ સીમમાં તારાઓના ઝાંખા-

પાંખા ઉજાશે કૌલેયક અને સારમેય રાત્રીને પોતપોતાની રીતે માણતા ચાલ્યા જતા હતા. 'સારમેય, પણ આપણે જ્યાં કામ કરીએ છીએ તે શાળાનું હજી સુધી કોઈ નામ પાડ્યું નથી. તને કોઈ સારું નામ સૂઝતું હોય તો કહે.'

'કૌલયકનું તાલીમ કેન્દ્ર. કારણ કે તમે ત્યાં તાલીમ આપો છો.'

આવું સાવ સાદું નામ કૌલેયકને ગમ્યું નહીં. વળી આ નામથી તેનું પોતાનું નામ કાયમ માટે કૌલેયક જ રહે તેવો પૂરેપૂરો સંભવ પણ તેને દેખાયો. તેને લાગ્યું કે સારમેય અભણતો છે જ ઉપરાંત મૂર્ખ પણ છે.

દુનિયાદારીનું જેને ભાન ન હોય તેવા સાવ ભટકતા શ્વાન પાસે બુદ્ધિપૂર્વક શોધેલાં નામો મળવાની આશા રાખવી તે નકામું છે; તેમ વિચારીને તેણે આગળ વાત કરવાનું માંડી વાળતાં કહ્યું, 'ઠીક છે, પણ વધુ સારું નામ શોધીએ તો સારું.'

સારમેય મૌન સેવી રહ્યો.

બેઉ ભાઈઓ પ્રસંગને સ્થળે પહોંચ્યા. સાંજે યોગાભ્યાસ પત્યા બાદ ટૂંકા પ્રવચનમાં સારમેયની ઓળખ અપાઈ. તાલીમાર્થીઓમાંથી એક આગળ આવી, ઊભા રહીને, શ્વાનગુરુના ભાઈ પણ પધાર્યાં છે તે જાણીને બધા શ્વાનશિષ્યોને આનંદ થયો છે તેવી જાહેરાત કરી.

રાત્રે કૌલેયકે સારમેયને કહ્યું, 'કાલે ગુરુજીના કેટલાક શિષ્યો અહીં આવશે. મને લાગે છે કે આ તકનો લાભ તારે લેવો જોઈએ. તારે કંઈક બોલવું હોય તો તે ભક્તોમાંથી કોઈપણ કંઈ શીખવી શકશે અને તેમની સાથે વાતો કરવાથી તને આત્મજ્ઞાન અને સામાજિક સન્માન બેઉ લાધશે.'

'મને એ જરૂરી નથી લાગતું' સારમેયે નિર્વિકાર ભાવે ઉત્તર આપ્યો. કૌલેયકને આ જવાબ ગમ્યો નહીં. તેને સારમેયની દયા આવી.

કૌલેયક પોતાના કામમાં મશગૂલ રહેતો, સારમેય તાલીમાર્થીઓને મળતો, ક્યારેક સાથે ફરવા લઈ જતો.

બાજુના ખેતરમાં વાડ પાસે એક દૂબળું પાતળું રોગિષ્ઠ ગલૂડિયું પડ્યું રહેતું અને અહીં થઈ રહેલા ફેરફારોને અચરજથી જોયા કરતું. ફરતાં ફરતાં સારમેય ત્યાં ગયો.

'આ તરફ આવ, જો અહીં ઘણાં બધાં છે, તને મજા પડશે' સારમેયે વાડની આ તરફ આવવા કહ્યું.

'વાડમાંથી ગરકી જવું કે લાંબી વાડને ફરીને દોડતાં ત્યાં પહોંચી જવું એક ગલૂડિયા માટે કંઈ અઘરું ન કહેવાય; પણ અત્યારે તો હું બીમાર છું.'

સારમેય વાડની વધુ નજીક ગયો અને પૂછ્યું, 'તને શું થાય છે?'

'મારી મા મરી ગઈ છે. તેથી મને દૂધ પીવા મળતું નથી. ઉંદરો મને બટકાં ભરી જાય છે. મારી એક બહેન ભૂખે મરી ગઈ.' ગલૂડિયાંએ કહ્યું.

'તું રહે. હું હમણાં આવું છું' કહી સારમેય અંદર તરફ ચાલ્યો. રસોઈ થતી હતી ત્યાં જઈને તેણે કોઈને કહ્યું, 'એકાદ વાટકો દૂધ મળશે? પેલા નાના ગલૂડિયાંને હમણાં જ પાવું પડશે.'

વાત સાંભળનાર એ ટ્રસ્ટી હતા જેમણે ગુરુજીનું વસ્ત્ર કૂતરાઓની ભૂમિ પર રાખવા સામે વાંધો લીધેલો. તેણે બૂમ પાડીને કહ્યું, 'આ લંગડાને કાઢો અહીંથી.'

પછી સારમેયને તિરસ્કાર કરતાં તેને કહ્યું, 'તમે હવે મારા રસોડા સુધી આવી જવા માડ્યાં છો, પણ યાદ રાખજો, એકાદ જો મારી ઝપટે ચડશે તો તેની હાલત ખરાબ કરીશ. કેમ ઘૂસી આવ્યો છે?'

'આ રસોડું તમારું હોવાનો તમારો દાવો હું સ્વીકારતો નથી. બીજું કે તમે હાલત કરવાનું કહો છો તેવું કરવા તમે મુક્ત છો. ત્રીજું મારે થોડું દૂધ જોઈએ છે તે લેવા હું અહીં જાહેર માર્ગે આવ્યો છું.

ઘૂસી ગયો નથી. મારે દૂધ લઈ જવા સિવાય કોઈ કામ નથી.' સારમેય શાંત ચિત્તે જવાબ આપ્યો.

વાત વધે તે પહેલા એક સાધકનું ધ્યાન ખેંચાયું. સારમેયને ઓળખતાંવાર તેણે વચ્ચે પડીને કહ્યું, 'સારમેય, તું જા. દૂધ હું મોકલું છું, કોને જોઈએ છે?'

'પેલા તરફની વાડે એક ગલૂડિયું ભૂખ્યું અને માદું છે.'

'હા, હું મોકલી આપું છું. તું જા' પેલાએ કહ્યું અને ટ્રસ્ટી તરફ ફરતાં બોલ્યો, 'કૌલેયકનો નાનો ભાઈ છે.

'મને કશું સમજાતું નથી કે શું થવા બેઠું છે. ગુરુજીએ આશ્રમમાં પ્રવેશ આપ્યો એટલામાં તો રસોડે પહોંચતાં થયાં મારાં વાલાં!' ટ્રસ્ટીએ બબડાટ કર્યો.

સારમેય પ્રતિભાવ આપ્યા વિના ચાલ્યો. તે વાડ તરફ જતો હતો ત્યાં કોલેયકે રોક્યો, 'ક્યાં રખડે છે? ચાલ પ્રતિષ્ઠાનો સમય થઈ ગયો છે.'

પછીનો આખો દિવસ પૂજા-પાઠ, વિધિ-વિધાન અને પ્રસાદ ગ્રહણમાં ગયો. છેલ્લે કૌલેયકને સન્માન આપતી વિધિ થઈ. તેને માળા પહેરાવાઈ, કપાળમાં તિલક કરાયું. થોડાં પ્રવચનો થયાં. સારમેય પણ સન્માનાયો, પૂજાયો. અંતે સારમેયને કહેવામાં આવ્યું કે તે કંઈક કહે.

સારમેય ઊભો થયો અને કહ્યું, 'મારે શું કહેવાનું છે તે મને ખબર નથી પડતી.' પછી કંઈ બોલ્યા વિના ઊભો રહ્યો.

'કંઈક તો કહેવું પડે. છેવટે ઈશ્વરની કૃપા વિશે કંઈક કહો.'

'જો ઈશ્વર હોય તો તે કૃપા કે અવકૃપા કશું પણ કરી શકે નહીં.' સારમેયે એ વાક્ય કહ્યું અને ચૂપ રહ્યો.

સભામાં થોડો ગણગણાટ થયો. કૌલેયકના મુખ પર થોડો ક્રોધ ઝળક્યો. તે સારમેયને બેસી જવાનું કહેવા જતો હતો ત્યાં વળી એક સૂચન આવ્યું, 'તો પછી આત્માના કલ્યાણ વિશે કંઈક કહો.'

'જે વિશે હું જાણતો ન હોઉં કે સાશંક હોઉં તે વિશે કશું બોલવું હું યોગ્ય ગણતો નથી.' સારમેયે એજ દૃઢતાથી જવાબ આપ્યો. તે પછી કોઈએ જ્ઞાન વિશે બોલવા સૂચવ્યું ત્યારે સારમેયે કહ્યું

'ज्ञान एव बंघनम्'

બધાને ખાતરી થઈ ગઈ કે સારમેય કંઈ જ જાણતો નથી. કોઈએ ટીખળ કર્યું, 'એક તો તમે શું કરી શકો છો તે કહો, બીજું તમને શું આવડે છે તે અને ત્રીજું કે તમે અહીં રહી પડવા ઈચ્છતા હો તો તમે શ્વાન સાધકોને શું શીખવો? આટલું જણાવો પછી બેસી જાઓ. બાકીનું સમજી લઈશું.'

'એક તો હું વિચાર કરી શકું છું અને નૈસર્ગિક પ્રેરણાને તીવ્રતાથી અનુભવી શકું છું. બીજું મને અશ્રાવ્ય અવાજ સાંભળતાં આવડે છે. ત્રીજું કે હું અહીં રોકાઈ પડવાનો નથી. હું કશું શીખવાડી ન શકું. માત્ર જણાવી શકું.' જરા પણ અચકાયા વગર સારમેયે કહ્યું અને પોતાને માળા પહેરાવાઈ, સરઘસાકારે ફેરવાયો, સન્માનિત કરાયો તે કશાનો પ્રતિભાવ આપ્યા વગર કે તે વિશે એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર પાછો બેસી ગયો.

સભામાં અકળ શાંતિ પથરાઈ ગઈ. કૌલેયકને આઘાત લાગ્યો. એ જ સમયે તેને બીજો આઘાત આપતી એક જાહેરાત કરાઈ કે ગુરુવસ્ત્રની પૂજા, સાચવણી અને માલિકી માટે એક કૂતરાને બદલે એક માણસની નિમણૂંક કરાઈ છે.

કૌલેયકે આ વાત પણ સ્વીકારી લીધી અને આભારવિધિ પાર પાડી. બધાં વીખરાયાં.

તીવ્રતમ બનતી જતી શિયાળાની ઠંડીએ સૂર્યની ગેરહાજરીમાં કેર વર્તાવ્યો હોય તેવો સન્નાટો

છવાયો. આકાશમાં ઉત્તર-દક્ષિણ પથરાયેલી આકાશગંગા, કોઈ સદાસ્ત્રોતા મહાનદ જેવાં નક્ષત્રો, તારક ગુચ્છો અને વાયુવાદળો વચ્ચે નભપથે સરતી જતી હતી. એ અગણિત તારકરત્નોની સ્વામિની એક પછી એક રત્નોને આકાશમાં બિછાવતી જતી હતી.

કોઈ મહારાણી પોતાના રત્નભંડારનાં તમામ રહસ્યો ખોલી નાંખ્યાં પછી રત્નોની બિછાત વચ્ચે બેસીને ચહેરા પર રત્નોની આભા ઝીલતી હોય તેમ, દક્ષિણાકાશને ભરી દેતા વૃશ્ચિકની હેઠળ ધનુ નિહારિકાઓમાં મંદાકિની પરમ તેજે ઝળહળી ઊઠી.

સારમેય આ અબોલ પરિસરને સાંભળવા કાન સતેજ કરીને બેઠો હતો. તેને પેલો અશ્રાવ્ય અવાજ સંભળાય તે પહેલાં અચાનક પેલા માંદા ગલૂડિયાનો કણસાટ કાને પડ્યો. તે ચમકીને ઊભો થયો.

ઊભા થતાંવેંત સારમેય વાડ તરફ દોડ્યો. વાડની પાર નીકળવા તેણે જોરથી શરીર સરકાવ્યું. પેલી તરફ પહોંચતાં જ ઠંડીમાં ઠૂંઠવાતા ગલૂડિયા પાસે જઈને તેણે કહ્યું, 'બહુ ઠંડી છે. હું તને ઢાંકવાની કંઈક વ્યવસ્થા કરું છું. બપોરે રસોડામાંથી મોકલેલું દૂધ તો તેં પીધું હતું ને?'

'ક્યું દૂધ?

માંડ માંડ બોલાયેલા શબ્દો સાંભળતાં જ સારમેય ભાંગેલા પગે થઈ શકે તેટલી ઝડપે રસોડા તરફ દોડ્યો. સૂંઘીને ખૂણામાં મૂકેલી બરણી ઊઠાવી અને એ ઝડપે પાછો ગલૂડિયા પાસે પહોંચ્યો.

'લે, હું દૂધ લાવ્યો છું.' સારમેયે કહ્યું. ગલૂડિયાનું મોં જલાઈ ગયું હતું. તે કેમય કરીને ખૂલ્યું નહીં. સારમેયે ધક્કો મારીને બરણી ગલૂડિયાના મોં પર ઢોળી દીધી. દૂધના ઠંડાગાર ખાબોચિયામાં ગલૂડિયાનું મોં પલળતું રહ્યું. સારમેયે પાસે બેસીને તેને ગરમી આપવાનો પ્રયત્ન કરી જોયો.

વધતી જતી ઠંડીમાં આ ઉપાય પણ કારગત ન લાગતાં સારમેયે ગલૂડિયાને પોતાનાં દાંત વચ્ચે

હળવેકથી ઉઠાવ્યું. વાડના બાંકોરા પાર, ગુરુમઢી તરફ ચાલ્યો. ગુરુમંદિરનું બારણું હળવેથી ધકેલ્યું, અંદર જઈને બંધ કર્યું અને સ્થાપન પરથી ગુરુવસ્ત્ર ઉઠાવીને ગલૂડિયાને ઓઢાડી દીધું. તે પોતે પણ ત્યાં જ સૂતો.

|| 22 ||

‘આટલો માર, આટલું અપમાન કોઈ શી રીતે સહન કરી શકે એ મને સમજાતું નથી.’ જિજ્ઞાસુ કૌલેયકની સામે બેસીને ગંભીરતાથી વાત કરતો હતો, ‘કેટલીય વાર મને લાગ્યું કે સારમેય હમણાં સામો થશે; પરંતુ બધાને ફાડી ખાઈ શકે એવી એની શક્તિ કોણ જાણે ક્યાં ગાયબ થઈ ગઈ! એ તો સામે ઘૂરક્યો કે ભસ્યો પણ નહીં. ન એના મુખ પરનો કોઈ ભાવ બદલાયો.’

‘આ બધું ઊભું શામાંથી થયું?’ ગુરુ કૌલેયકે પૂછ્યું.

‘આપ હજી તો પ્રાત:ભ્રમણ અર્થે ગયા જ હશો ને પૂજારક્ષકે ગુરુદેરી ખોલી. અંદર પેલા સડેલા ગલૂડિયાંને સોડમાં લઈને સારમેય નિરાંતે સૂતેલો - ગુરુના વસ્ત્રાસનની પાસે જ’ જિજ્ઞાસુ સાંભળેલી વાત પણ એ રીતે કરતો હતો જાણે તે સ્વયં તે પળે ત્યાં હાજર હોય.

આગલા પંજાને મોં પર ફેરવીને જિજ્ઞાસુએ આગળ કહ્યું, ‘અધૂરામાં પૂરું ગુરુવસ્ત્ર પેલાં ગલૂડિયાને માથે ઢાંકેલું. ગુરુનું આવું અપમાન તો આપનાથી કે મારાથી પણ સહન ન થાય; પરંતુ એથી કરીને પૂછયા-ગાછ્યા વગર આવો માર તો આપણે ન મારીએ. એ તો ભલુ થજો પેલા ઊંટગાડીવાળાનુ કે રસ્તા પર ગાડી ઊભી રાખીને દોડતો આવ્યો ને સારમેયને બચાવ્યો.’

‘તમે કોઈ વચ્ચે ન પડ્યાં? ગુરુ કૌલેયકે પૂછ્યું.

‘ટ્રસ્ટીઓની બાબતમાં?’ જિજ્ઞાસુએ કૌલેયકને પરિસ્થિતિનું ભાન કરાવતો પ્રશ્ન કર્યો અને નીચે વદને ઉમેર્યું, ‘આપણામાં પણ કેટલાક જ્યારે માનતા હોય કે સારમેય પાપ કર્યું છે અને આપણા જ, એને હાર પહેરાવનારા જ જ્યારે તેને મારતા હોય ત્યારે હું બીજાં કોઈ શું બોલીએ?’

‘તારી વાત ખરી છે. પવિત્ર થયા વગર સારમેયનું ગુરુવસ્ત્ર વિભાગમાં જવું એ મોટું પાપ જ છે. તેમાંયે તેણે તો ગુરુવસ્ત્ર ગંધાતા ગલૂડિયાને ઓઢાડ્યું! એરે..રે...’ બોલતાં બોલતાં કૌલેયક

વિચારમગ્ન થઈ ગયો.

‘જો સારમેયે ગુનો કબૂલી લીધો હોત તો તે બચી પણ જાત; પણ એણે તો કહ્યા કહ્યું, ‘મને લાગે છે કે ન કરવા જેવું મેં કંઈ નથી કર્યું.’

‘એની મુશ્કેલી જ એ છે. પોતાને જે કરવા જેવું લાગે તે જ કરે.’

‘વળી કહે, ‘ગુરુજી હોત અને આ ગલૂડિયાને ઓઢાડવા કંઈ હાથ ન ચડત તો તેમણે પોતે પણ આ વસ્ત્ર જ ઓઢાડ્યું હોત.’

કહીને જિજ્ઞાસુ પોતાના ગુરુના મુખભાવો જોતો રહ્યો પછી હળવેથી બોલ્યો. ‘જોકે અમારા વતી પેલા ગાડાવાળો બહુ બોલ્યો. તેણે સારમેયને પણ ઉશ્કેર્યો કે આમ માર ખાય છે તે તારામાં તાકાત નથી? થા ઊભો, ને ફાડી ખા બધાને.’

‘કોઈ સહાયે આવે ત્યારે તો કૂતરાઓનું બળ અમાપ થઈ જતું હોય છે. તે છતાં સારમેયે કંઈ ન કર્યું?’ કૌલેયકનું મન ચચર્યું.

‘ના, એણે ગાડીવાળા સામે જોયું અને કહ્યું ‘ક્રોધ ન કર, તેઓ જે કહેવા માગે છે તે તેમને કહી લેવા દે.’

ગાડીવાળો સારમેયની વાત માન્યો નહીં ને લાકડી લઈને બધાને ડારતો ઊભો. પછી બધાને ગાળો દેતો, સારમેયને ઊંચકીને ચાલ્યો ગયો ત્યારે તે બચ્યો.’ જિજ્ઞાસુએ કહ્યું.

‘ગાડાવાળો તેને ક્યાં લઈ ગયો હશે? કૌલેયકે પૂછ્યું.

‘ગાડીવાન તેને કોઈ સંજય પાસે મૂકી આવવાની વાત કરતો હતો.’ જિજ્ઞાસુએ વાત પૂરી કરી.

‘એટલે અરણ્યવ્રત.’ કૌલેયક બોલ્યો અને મૌન સેવી બેસી રહ્યો. જિજ્ઞાસુ ત્યાંથી ચાલ્યો ગયો

પછી પણ તેણે ક્યાંય સુધી એકલા બેસીને ભાઈના અકળ વર્તન વિશે વિચાર્યા કર્યું. તેને કંઈ સમજાયું નહીં. અંતે સારમેયનું ભલુ ઇચ્છીને, ભવિષ્યમાં સમય મળ્યે તેની ખબર જોવા જવાનું નક્કી કરીને તેણે પ્રાર્થના કરી. પછી ધ્યાનમાં સરી ગયો.

|| 23 ||

ગાડીવાન ઉઠાવીને સારમેયને ગાડામાં લઈ આવ્યો ત્યારે તે લગભગ બેભાન જેવો હતો. ઘાસના પૂળા પર તેને મૂકતાં ગાડીવાને બબડાતાં બબડતાં કહ્યું પણ ખરું, ‘આના કરતાં તારા દાંત પડાવી નાખ અને નખ કપાવી નાખ તે જ સારું છે.’ પણ સારમેય તેની વાત સાંભળી શકે તેમ ન હતો.

ગાડાવાળો ઊંટ સાથે વાતોએ વળગ્યો, ‘હવે આ મૂરખની કંઈક દવા કરવી પડશે. નહીંતર મરવાનો થયો છે.’

ઊંટને કહેવાનું મન તો થયું કે, ઊંટ અને કૂતરાઓ જેવા બધાં વગર દવાએ સાજા થવાની કળા જાણતાં હોય છે; પણ તેનું ધ્યાન ગાડી તળે બાંધેલું ખોયું જંગલના કાચા રસ્તા વચ્ચે ઉપસેલા ટેકારાઓ અને ઝાંખરામાં ક્યાંય અથડાય નહીં તેમાં હતું. તે ખાડા ટેકરા અને પથ્થરો તારવીને ચાલતો હતો.

ઊંટની ચાલથી ગાડીવાનને નવાઈ લાગી. તેણે ગાડી રોકીને નીચે ઊતરીને જોયું ખોયામાં નજર કરી. પછી ઊંટ સામે જોયું. ઊંટને કંઈ પૂછવું હોય તેમ તેના મુખ તરફ ગયો, પરંતુ પછી પૂછવું માંડી વાળીને પાછો ગાડી ચલાવવા બેઠો.

કંઈ કેટલોય માર્ગ કપાયો પછી એક ઝરણાને કિનારે રોકાઈને ગાડીવાને ઊંટને છોડ્યો અને સારમેયને તપાસ્યો. ઝરણામાંથી પાણી લાવીને તેના પર છાંટ્યું. તે ભાનમાં આવ્યો એટલે લોટ અને પાણી ભેળવીને કરેલું રાબડું તેને પીવા આપ્યું.

‘પછી પેલાં માંદા ગલૂડિયાનું શું થયું?’ સારમેયે ગાડીવાનને પૂછ્યું.

‘એને વળગી ના રહીશ.’ ગાડીવાને જવાબ આપ્યો. ‘તેં તારું પૂરું કર્યું ને? પછી એનું જે થવું તે થયું હશે. દુનિયા બધીનો ભાર માથે ન લઈ લે. તારા સિવાય પણ એનું કોઈક તો હતું જ. સામે

જો. ગાડી તળે ખોયું બાંધ્યું છે. કોઈ એની અંદર તે ગલૂડિયાને મૂકી ગયું હશે. તે માંહી પડ્યું પડ્યું સૂતું છે. હવે એને કોણ મૂકી ગયું તે ઊંટ જાણે.'

કહીને ગાડીવાન જોરજોરથી હસ્યો. પછી ઊભો થઈને ખોયામાંથી ગલૂડિયાને લઈ આવ્યો. તેને પણ થોડું ખવરાવ્યું. પછી ઊંટ જોડીને ગાડા પર બેસતાં ગલૂડિયાને પોતાની સોડમાં બેસારી ને બોલ્યો, 'તારે હવે રોજ અહીં બેસવાનું. આ તારી જગ્યા.'

ગાડી ચાલી એટલે ગાડીવાને સારમેયને પૂછ્યું. 'પંગુભાઈ, તમારે ક્યાં જવું છે, સંજયને ત્યાં ઉતારી દઉં?'

'ના. હવે મારે કોઈને ત્યાં જવું નથી. તું મને કોઈ પણ જગ્યાએ પાણી પાસે ઉતારી દે, ત્યાં હું રહીશ.'

ગાડીવાને કંઈ જવાબ ન આપ્યો. પોતાના ગામ પાસે પહોંચીને નદીકાંઠે ભેખડ પર મોટાં પીપળાના વૃક્ષ તળે તેણે ગાડી ઊભી રાખીને સારમેયને ઉતાર્યો. પછી ગામમાં જઈને એક-બેજણને સારમેય સાજો ન થાય ત્યાં સુધી તેનું ધ્યાન રાખવાનું સોંપીને ત્યાંથી ચાલ્યો ગયો.

કૌલેયકે શિષ્યો સમેત ઉત્તરની યાત્રા કરવા વિચાર્યું ત્યારે તેણે 'અરણ્યવ્રત'માં તપાસ કરાવી તો સારમેય ત્યાં ન હતો. તેને લઈ ગયો હતો તે ગાડીવાન કોણ હતો તે કોઈને ખબર નહોતી. અંતે બધાંએ સારમેયને લીધા વિના યાત્રાએ નીકળવાની તૈયારી આદરી.

સમય જતાં સારમેયના ઘા રુંઝાવા માંડ્યાં. તે થોડું ઘણું ફરતો પણ થયો; પરંતુ ગામમાંથી નદીએ આવતા-જતાને લાગતું કે સારમેય નખાતો જાય છે. તેનો અવાજ બદલાતો જાય છે. ભરાવદાર શરીર રૂંછાદાર હોવા છતાં દૂબળું પાતળું દેખાવા માંડ્યું.

થોડા મહિના સુધી ગામવાસીઓએ સારમેયનું બરાબર ધ્યાન રાખ્યું; પરંતુ પોતાને મળવા

આવનાર સાથે બોલવાનું પણ તેણે છોડી દીધું એટલે ધીમે ધીમે બધાંએ આવવાનું બંધ કર્યું. સવાર-સાંજ નદીએ આવતાં લોકો નજર નાખી લેતાં કે સારમેય મૌન, શાંત બેસીને સામે વહેતી નદી જોઈ રહે છે.

એક સવારે સારમેયે કેટલાક માણસોને ઘરવખરી અને પોતાનાં પાળેલાં પશુઓ સાથે નદીપાર જતા જોયા. બીજે દિવસે પાસેના ગામમાંથી અને શહેર તરફથી પણ વાહનો અને પગે ચાલતાં ટોળાંઓ પસાર થયાં. આ પ્રવાસ સતત ચાલતો રહ્યો.

ત્રીજે દિવસે અરણ્યવ્રતના નિવાસીઓ જતા દેખાયાં. સંજયની નજર સારમેય પર પડી. પહેલાં તો તે સારમેયને ઓળખી ન શક્યો. પછી ઓળખતાંવાર સારમેય પાસે આવ્યો અને કહ્યું, ‘ભલા, તને કોઈએ કહ્યું નથી? આખા વિસ્તારમાં રેડિયો-એક્ટિવિટી ફેલાઈ છે અને ગામનાં ગામ ખાલી થઈ ગયાં છે તોયે તું કેમ અહીં પડી રહ્યો છે?’

અહીંથી ઘણા જીવોને જતા જોઉં છું, પણ તમે કહો છો તેવી કોઈ મહામારી વિશે મને કંઈ ખબર નથી.’

‘નદી પરના અણુવીજળી મથકમાં અકસ્માત્ આ બધું થયું છે. અહીં રહેવું સલામત નથી. તું પણ અમારી સાથે જ ચાલી નીકળ.’ સંજયે કહ્યું.

‘એમ કરવું મને જરૂરી લાગતું નથી.’ સારમેયે જવાબ આપ્યો, ‘પણ કૌલેયકને આ વાતની ખબર ન હોય તો તું જણાવ તેવું સૂચવું છું.’

‘એના તાલીમકેન્દ્ર પર કોઈ છે જ નહીં. તે બધાં તો ઉત્તર તરફ તીર્થાટને નીકળ્યાં છે. તેમને શોધીને પરત ન આવવા કહેવરાવીશ.’ સંજયે કહ્યું અને સારમેયને સમજાવા બેસવું તે વખત બરબાદ કર્યાથી વિશેષ કંઈ નથી તેવું લાગતાં તેને એકલો મૂકીને પોતાના માર્ગે ચાલતો થયો.

વધુ એક દિવસ વીત્યો. આજે કોઈ દેખાયું નહીં. ખાલી ગામડાંઓ અને શહેર તરફથી અરણ્યો પાર વહેતી હવા ઘર છોડીને ન નીકળી શકેલા જીવોની ગતિનો સંદેશ લઈ ચાલી. દિશાઓ ગૂંગળાતી હોય તેમ ચારે તરફ ઉકળાટભરી અજબ મૂંઝવણ ફેલાતી ગઈ.

અરણ્યોએ પણ વાતાવરણને જવાબ આપ્યો. વૃક્ષો પરથી રાતોરાત પાન ખરી પડ્યાં. એક જ દિવસમાં સારમેયની રહી-સહીં રૂંવાટી ખરી પડી. તે પાપણવિહીન આંખે અપર્ણ થઈ ગયેલાં વૃક્ષોને જોતો શાંતિથી પડ્યો પડ્યો આથમતા સૂર્યને જોઈ રહ્યો.

સવારે ભૂખ સંતોષવા બેઠેલો સારમેયે નદીકાંઠે શ્વાનનું ટોળું આવતું હોય તેવો અવાજ સાંભળીને નદી તરફ જોયું. કૌલેયક આવતો દેખાયો.

બરાબર તે જ સમયે કૌલેયકની નજર સારમેય પર પડી. એક વૃક્ષ તળે બેસીને સારમેય પોતાના પગ તળે મરેલી ખિસકોલીને દબાવીને તેને ખાવા જતો હતો. સારમેયનું વાળ વગરનું, રાખોડી-કથ્થાઈ રંગનું શરીર. રૂંછાં વગરની પૂંછડી અને ઘુરકાટ વગરનું મોં જોઈને કૌલેયકનું હૃદય ભરાઈ આવ્યું.

પોતે આ સ્થિતિમાં સારમેયને મળવું કે નહીં તે નક્કી કરતાં કૌલેયક થોડી વાર અસમંજસમાં પડી ગયો, પણ પછી તેને લાગ્યું કે આટલા વખતે અચાનક મળેલા નાનાભાઈને બોલાવવો તો જોઈએ જ. કદાચ આજે, હવે સારમેય તેની વાત માને, કદાચ તેની સાથે આવવા તૈયાર થાય.

કૌલેયક ચાલતાં અટકી ગયો. ગુરુ ફરતે વીંટળાયેલા ભક્ત સમુદાયને આવા અધવચ્ચે રોકાણ વિશે વિવિધ તર્કો કરવાનો સમય મળે તે પહેલાં તો કૌલેયકે શિષ્યવૃંદ વચ્ચેથી માર્ગ કરીને સારમેય તરફ ચાલવા માંડ્યું.

સારમેયે મોટા ભાઈને જોઈને ખિસકોલી બાજુ પર મૂકી, લાંબા થઈને પ્રણિપાત કર્યો. પોતાનો ક્ષીણ દેહ જમીન પર રગદોળ્યો. ભેટી પડવાની ઈચ્છા બન્નેએ દબાવી રાખી.

સારમેયે તેમને આ પ્રદેશમાં ઉદ્‌ભવેલી સ્થિતિની વાત કરી અહીંથી ચાલ્યા જવા કહ્યું.

‘અમે બીજે ચાલ્યા જવા માટે માર્ગ બદલ્યો છે. તું પણ સાથે ચાલ મારા ભાઈ, ઈશ્વરે મને તને લઈ જવા માટે અહીં મોકલ્યો છે તેમ સમજ.’ કૌલેયકે સમજાવટના સ્વરે કહ્યું, ‘તારી દશા હું જોઈ નથી શકતો. ક્યાં મારો ફૂંછાંદાર, ચૈતન્યથી ઊભરાતો સારમેય અને ક્યાં આજે આ અવદશા! આ ખુલ્લા નદીકાંઠે, વેરાનમાં વાળ વગરનો!...’ તે બોલી ન શક્યો

‘તું આટલો દુ:ખી ન થા. તું જે વર્ણવે છે તે મારા દેહની અવસ્થાઓથી વિશેષ કશું નથી. હું તો જેવો હતો તેવો જ છું.’

‘રે સારમેય, તું મારા ગુરુનું કહેવું માનીને આશ્રમે રોકાઈ ગયો હોત તો! જીવન શું છે, જીવ શું છે, આત્મા અને પરમાત્માનો સંબંધ શો છે. તને તો કલ્પના પણ ન આવે એટલું જ્ઞાન તને પ્રાપ્ત થાત. સારમેય, ગુરુના માનવા પ્રમાણે તો તું મારા કરતાં પણ તેજસ્વી હતો. તને તો પરમુક્તિપદની પ્રાપ્તિ હાથવેંતમાં જ થઈ હોત, પણ ન આવીને તેં ઘણું ગુમાવ્યું છે. મને કહે આજે આટલી ઉંમરે પણ તું કશું જાણે છે! જ્ઞાન શું છે એ પણ તને ખબર છે ખરી?’

સારમેય ઘડીભર કંઈ બોલ્યો નહિ. પોતે આજ સુધીમાં જ્ઞાન વિશે સાંભળેલા શબ્દો યાદ કર્યા અને મોટા ભાઈને આવો જવાબ અપાય કે નહીં તે વિશે અજ્ઞાન સારમેયે સહજભાવે કહ્યું. ‘ज्ञान एव बंघनम्|’

આ સાંભળીને કૌલેયકે નિરાશાથી ડોક હલાવી.

‘તું કંઈ પણ જાણતો નથી.’ કહીને કૌલેયકે સારમેયને થોડી ઉપદેશની વાતો કહી. પોતાના મોટા ભાઈને આવો મહાજ્ઞાની બની ગયેલો જોઈને સારમેયને આનંદ થવો જોઈતો હતો, પણ તેવું ન બન્યું. તેણે કરુણામય નજરે પોતાના મોટા ભાઈ તરફ જોયા કર્યું.

કૌલેયકે ફરી કહ્યું, 'તું કેમ ન આવ્યો આ માર્ગે? સારમેય, ગુરુજીએ પણ તને સમજાવેલો. તું કેમ ન આવ્યો?'

'એમ કરવું મને જરૂરી નહોતું લાગ્યું' સારમેયે સ્વસ્થ, શાંત સહજ ચિત્તે ઉત્તર આપ્યો.

'તો આજે તો ચાલ. દૂર પહાડોમાં આ પ્રદૂષણથી દૂર, પ્રકૃતિને ખોળે મારો નવો આશ્રમ બને છે, ત્યાં રહેજે. દૃશ્યજગતનાં રહસ્યો પારનું જ્ઞાન આપતી વાતો સાંભળજે. મારી પાસે મહાન ગુરુઓનાં પ્રવચનોનો સંગ્રહ છે. તું નિરાંતે એ સાંભળી શકીશ. હવે છેલ્લા દિવસોમાં તો આત્મોદ્ધાર માટે તું કંઈક કરે તો સારું.'

'એમ કરવું મને જરૂરી નથી લાગતું' સારમેયે ફરીથી એવા જ સ્વસ્થ, શાંત ચિત્તે ઉત્તર આપ્યો.

સારમેય નહીં જ માને તેવું લાગતાં કૌલેયક ખિન્ન હૃદયે પાછો જવા ઊભો થયો. ઊભા રહીને તેણે ફરી એક વાર આગ્રહ કરી જોયો. અંતે દુ:ખી થઈને તે બોલ્યો, 'ખેર, હજી પણ તું ઊર્ધ્વમુખ થવા ન માગતો હો તો તારી મરજી. હું તો તને બીજું શું કહું?'

'ઊર્ધ્વમુખ થવું મને કદી પણ ફાવ્યું નથી.' સારમેયે કહ્યું, 'હું તો હંમેશા ચાર પગે જ ચાલ્યો છું. ભૂમિને સમાંતર. વળી હું સમજ્યો છું કે પૃથ્વીથી થોડે ઊંચે જતાં જ ઊર્ધ્વ કે અધ: જેવું કશું હોતું નથી. બધું સામે રહે છે.'

એકાદ ડગલું ચાલી, રોકાઈને કૌલેયક પાછો વળીને બોલ્યો, 'મેં અનેક જીવોનું કલ્યાણ ઈચ્છીને ઈશ્વરને પ્રાર્થના કરી છે. તેમનું કલ્યાણ થયું પણ છે. એ તું મારી દીક્ષા તો ન સ્વીકારે તો કંઈ નહીં; પરંતુ તારામાં એટલો પણ વિવેક નથી કે મને કહે કે 'ભાઈ, મારા માટે ઈશ્વરને પ્રાર્થના કરજો.'

'એમ કરવું મને જરૂરી નથી લાગતું. તમે ઈચ્છો તો કરી શકો છો.' સારમેયે ફરીથી એ જ ઉત્તર આપ્યો.

નિરાશ કૌલેયક પાછો ફરી, પોતાના સંઘને દોરતો ચાલ્યો. તેનો ઈરાદો હિમાલયમાં સ્વદેહે સ્વર્ગે લઈ જતો જે માર્ગ છે તે માર્ગના પ્રવાસ કરવાનો હતો. એક વખત એક શ્વાન એ માર્ગે જ છેક સ્વર્ગ સુધી પહોંચી શક્યો હતો તે કૌલેયકને બરાબર યાદ હતું.

અંતે હિમાલયની તળેટી આવી. અહીં કૌલેયકે પોતાનું નવું સ્થાન બનાવવાનું નક્કી કરી જિજ્ઞાસુને સારી જગ્યા પસંદ કરવાનું સોંપ્યું. સ્થળ નક્કી થઈ ગયું તે જ દિવસે જિજ્ઞાસુએ ખબર આપ્યા, 'ગુરુજી, હું જગ્યાઓ જોવા નીકળ્યો ત્યારે નીચેના તીર્થ પર મને પૃથા માલિકણ મળ્યાં હતાં. સારમેય હવે આ જગતમાં નથી. તે બહુ પીડાઈને મૃત્યુ પામ્યો.'

'હશે, તેને માટે આવી ગતિ નિર્મિત હશે.' કૌલેયકે કહ્યું અને ભાઈના આત્માને શાંતિ મળે તે માટે સમૂહ પ્રાર્થના કરી.

નવું સ્થળ કેવું બનાવવું તે અંગેની ચર્ચામાં એકાદ દિવસ વીત્યો. પછી સંઘ સ્વર્ગોરાહણના માર્ગે પ્રવાસ ખેડી આવવા આગળ વધ્યો. કેટલાંકે પ્રવાસમાં જવાને બદલે નવા સ્થળે રોકાઈને વ્યવસ્થા ગોઠવવાનું પસંદ કર્યું.

અતિ કઠિન માર્ગો પર ચાલતાં એક રાત્રે તેઓ એક નિર્જન સ્થાને મોટી ગુફા શોધીને તેમાં રહ્યાં. હવે આગળ વધુ કઠિન માર્ગ આવવાનો છે તે વિશે થોડી ચર્ચાઓ થઈ. 'આપણે આગળ જવાને બદલે નીચે પાછા જવું જોઈએ. ત્યાં ઘણું કામ કરવાનું છે. એક વાર નવું કેન્દ્ર સ્થપાઈ જાય પછી વધુ સગવડો સાથે પ્રવાસ થઈ શકશે.' કોઈએ કહ્યું.

સવારે કૌલેયકે જોયું કે તેના સંઘમાંથી અડધોઅડધ સભ્યો ક્યાંક ચાલ્યા ગયાં છે. તેમનાં પદચિહ્નો જોતાં જ કૌલેયકને સમજાઈ ગયું કે તે બધા જુદે જુદે માર્ગે, પણ પાછા મેદાનો તરફ ઊતરી ગયા છે.

કૌલેયક નિરાશ ન થયો. કંઈ બધા જ પોતાના ધ્યેયને પહોંચી શકતા નથી તેવા આશ્વાસન સાથે

તે પોતાના રહ્યાસહ્યા સાથીઓ સાથે આગળ વધ્યો.

આખરે હજારો વર્ષ પછી બીજો એક શ્વાન સ્વર્ગારોહણ માર્ગે પ્રવાસ કરવાનો હતો. આ કંઈ નાનીસૂની કે છોડી દેવા જેવી વાત ન ગણાય. પોતે પ્રાણાંતે પણ તે માર્ગે જશે તેવા નિર્ધારથી ગુરુ કૌલેયક આગળ વધતો રહ્યો.

સંઘ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ તે સંઘના લક્ષણો ગુમાવતો ગયો. છેવટે જિજ્ઞાસુ પણ અટકી ગયો. કૌલેયક હજી થોડું આગળ વધવાનો મોહ ત્યજી ન શક્યો અને એકલો આગળ વધ્યો...

જિજ્ઞાસુએ આશ્રમે પહોંચીને ગુરુના પાછા ફરવાની ખૂબ રાહ જોઈ, પણ શ્વાનગુરુ કૌલેયક અફાટ વિસ્તરેલી બરફની ચાદર તળેથી જાગીને ફરી ક્યારેય તેને દર્શન આપી શકે તેમ ન હતું.

જિજ્ઞાસુએ ગુરુની રાહ જોવાનું માંડી વાળ્યું અને મૃત મહાપુરુષોએ માંડેલાં કાર્યોને આગળ ધપાવવા માટે આ સમજદાર દુનિયાના ડાહ્યા અને વિવેકશીલ ગણાતા જીવો જે કંઈ કરે છે તે બધું જ કરવાનું જિજ્ઞાસુએ નક્કી કરી નાખ્યું.

|| 24 ||

'પૃથ્વી પર તમે મહાન શ્વાન હતા. તમે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો વિચાર કર્યો હતો. ઘણાને સન્માર્ગે દોર્યા પણ છે. અહીં બધું જ લખેલું છે પણ એ બધાંનું પુણ્ય ભરપાઈ થવા સાથે જ તમારે ફરી જન્મ તો લેવો જ પડશે.' અદૃશ્ય દેવાત્માએ નવા આવેલાં કૌલેયક નામધારી જીવને કહ્યું.

ફરી જન્મ લેવાની વાતે જીવને નવાઈ લાગી. પળભર તે પૃથ્વી પર પોતે કરેલી સાધનામાં કોઈ ખામી હતી કે કેમ તે વિચાર્યું. કોઈ પણ ભૂલ ન જડી છતાં તેણે કોઈ દલીલ ન કરી. મૌન સેવીને ફેંસલો સ્વીકારી લીધો.

અચાનક કંઈ યાદ આવ્યું હોય તેમ તે જીવે અદૃશ્ય દેવાત્માને શોધવા વ્યર્થ પ્રયત્ન કરીને પૂછ્યું, 'મને થોડી પળો નર્કમાં જવાની રજા મળે?'

'પુણ્ય કમાયેલા કોઈ જીવો નર્કમાં જવાની ઈચ્છા નથી કરતાં હોતા. તમને આવી ઈચ્છા કેમ થઈ?' અદૃશ્ય દેવાત્માએ પૂછ્યું.

'પૃથ્વી પર મારો એક નાનો ભાઈ હતો. સારમેય. તેણે કોઈ પુણ્ય કર્યું નહોતું. કદાચ હવે એ નર્કમાં હોય તો મારે તેને મળવું છે.'

'નર્કમાં જવાની રજા તો તમને મળે; પરંતુ તમે જેને મળવા માંગો છો તે તમને ત્યાં નહીં મળે, પરંતુ તમે જેને મળવા માંગો છો તે તમને ત્યાં નહીં મળે. તે નર્કમાં નથી. હકિકતમાં તો તે ક્યાંય પણ નથી.'

અદૃશ્ય દેવાત્માના શબ્દો સંભળાયા. પછી ચારે તરફ શૂન્યતા વ્યાપી.

* * *

મારા કહેવાનો આ અર્થ નથી.[2]

2 મિખાઈલ નેઈમીનું વાક્ય.


CYGNET GROUP


indian-ebooks